

ડૉ. કે. વા. આપટે વિરચિત

# વિસ્તૃત અર્ધમાગધી વ્યાકરણ

(૨)

વિસ્તૃત

# અર્ધમાગધી વ્યાકરણ

(૨)

ડૉ. કે. વા. આપટે

શ્રુતભવન સંશોધન કેંદ્ર
પુણે

**શ્રુતદીપગ્રન્થશ્રેણિ: ૨૬**

**નામ** : અર્ધમાગધી વ્યાકરણ-૨
**કર્તા** : ડૉ. કે. વા. આપટે
**વિષય** : વ્યાકરણ/ભાષા
**ભાષા** : ગુજરાતી
**સંપાદક** : મુનિ વૈરાગ્યરતિવિજયગણિ
**અનુવાદ** : મુનિ વૈરાગ્યરતિવિજયગણિ, ભૂપત વંશ
**પ્રકાશક** : શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશન - શ્રુતભવન સંશોધન કેંદ્ર, પુણે
**પત્ર** : ૩૪ + ૩૩૪= ૩૬૮
**આવૃત્તિ** : પ્રથમ, વિ.સં. ૨૦૭૫, ઈ.સ. ૨૦૧૯
**મૂલ્ય** : ૨૫૦.૦૦ રૂ
ISBN : 978-81-941972-1-8

## પ્રાપ્તિસ્થળ

**પુણે** - **શ્રુતભવન સંશોધન કેંદ્ર**
૪૭/૪૮, અચલ ફાર્મ, સચ્ચાઈ માતા મંદિરની પાસે,
કાત્રજ-પુણે. મો.૦૭૭૪૪૦૦૫૭૨૮
ઇ-મેઈલ : shrutbhavan@gmail.com

**અમદાવાદ** - **શ્રી ઉમંગભાઈ શાહ**
બી/૪૨૪, તીર્થરાજ કોમ્પલેક્સ, વી. એસ. હોસ્પિટલ સામે,
અમદાબાદ- ૯ મો.૦૯૮૨૫૧૨૮૪૮૬

**મુંબઈ** - **શ્રી ગૌરવભાઈ શાહ**
સી/૧૧૧, જૈન એપાર્ટમેંટ, ૬૦ ફીટ રોડ, દેવચંદ નગર રોડ, ભાયંદર (વેસ્ટ) મુંબઈ-૧. મો.૦૯૮૩૩૧૩૯૮૮૩

**સુરત** - **શ્રી સેવંતીલાલભાઈ મેહતા**
ૐકારસૂરિ જ્ઞાનમંદિર, સુભાષ ચૌક,
ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૧ મો. ૯૮૨૪૧૫૨૭૨૭

મુદ્રણ : નૂતન આર્ટ, અમદાવાદ

## પ્રકાશકીય

'અર્ધમાગધી વ્યાકરણનો' ગુજરાતી અનુવાદ પ્રગટ કરતાં અમને ખૂબ આનંદ થાય છે. શ્રુતભવન સંશોધન કેંદ્રના સન્નિષ્ઠ સમર્પિત સહકારી ગણના કઠોર પરિશ્રમથી આ દુર્ગમ કાર્ય સંપન્ન થઇ રહ્યું છે.

આ પ્રસંગે શ્રુતભવન સંશોધન કેંદ્રના સંશોધન પ્રકલ્પ માટે દાન આપનાર દાતા માંગરોળ (ગુજરાત) નિવાસી **શ્રીમતી ચંદ્રકલાબેન સુંદરજી શેઠ પરિવારનું** તેમ જ શ્રુતભવન સંશોધન કેંદ્ર સાથે પ્રત્યક્ષ-અપ્રત્યક્ષરૂપે જોડાયેલા બધા મહાનુભાવોનું અમે હાર્દિક અભિનંદન કરીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનનો અલભ્ય લાભ પરમ પૂજ્ય ગોડવાડ ગૌરવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રત્નસેનસૂરિજી** મહારાજાની પાવન પ્રેરણાથી **શ્રી સીમંધર શાંતિસૂરિ જૈન ટ્રસ્ટ, બેંગલોરે** પ્રાપ્ત કર્યો છે. આપની અનુમોદનીય શ્રુતભક્તિ માટે અમે તેમના આભારી છીએ.

**- ડૉ. જિતેંદ્ર શાહ**
(માનદ વિશ્વસ્ત)

**સંપાદકમંડળ**

મુનિશ્રી વૈરાગ્યરતિવિજયગણી (અભિવીક્ષક)
ડૉ. વિનયા ક્ષીરસાગર (માર્ગદર્શિકા)
અમિત ઉપાધ્યે (વિભાગપ્રમુખ)
કૃષ્ણા માળી (સહાયક)
અતુલ મસ્કે (અનુવાદ સહાયક)
ભૂપત વંશ (અનુવાદ સહાયક)
વિનય ગાયકવાડ (સહાયક)
મંજુનાથ ભટ્ટ (સહાયક)
વર્ધમાનજિનરત્નકોશવિભાગ (સહાયક)

## **શ્રુતપ્રેમી**

પરમ ઉપકારી પરમ પૂજ્ય

આચાર્યદેવ શ્રીમદ્

**વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન

અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસપ્રવર

**શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરનાં**

ચરમ શિષ્યરત્ન

ગોડવાડ ગૌરવ, પ્રવચન પ્રભાવક,

બસ્સોથી વધુ હિંદી પુસ્તકોના લેખક

પરમ પૂજ્ય આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય રત્નસેનસૂરિજી મહારાજાની**

પાવન પ્રેરણાથી

**શ્રી સીમંધર શાંતિસૂરિ જૈન ટ્રસ્ટ**

વ્હી. વ્હી. પુરમ્, બેંગલોર.

(જ્ઞાનનિધિમાંથી)

## અનુક્રમ


**સંપાદકીય** - મુ.વૈરાગ્યરતિવિજયજી ગણી

**અર્ધમાગધી ભાષા : ઇતિહાસ અને વર્તમાન**

- પૂ.ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.

**અક્ષરશ્રુતની અવિરત આરાધના**

-પૂ.મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મ.

### ચોથો વિભાગ

**પ્રકરણ ૧૯ સમાસ વિચાર** ૩

(૨૮૮) અર્ધમાગધીમાં સમાસ વિચાર

(૨૮૯) સમાસ

(૨૯૦) સમાસના સામાન્ય વૈશિષ્ટ્યો

(૨૯૧) સમાસના પદો

(૨૯૨) સમાસનો વિગ્રહ

(૨૯૩) સમાસના પ્રકારો

(૨૯૪) દ્વંદ્વ

(૨૯૫) તત્પુરુષ

(૨૯૬) અવ્યયીભાવ

(૨૯૭) બહુવ્રીહિ

પુરવણી- મોટા સમાસના વિગ્રહો

### પાંચમો વિભાગ

**પ્રકરણ ૨૦ પ્રયોગ વિચાર** ૨૭

(૨૯૮) પ્રયોગ

(૨૯૯) કર્તરિ પ્રયોગ

(૩૦૦) કર્મણિ પ્રયોગ

(૩૦૧) ભાવે પ્રયોગ

(૩૦૨) પ્રયોગ બદલ

(૩૦૩) પ્રયોજક ધાતુના કર્તરિ અને કર્મણિ પ્રયોગો

(૩૦૪) પ્રયોજક ધાતુ-પ્રયોગ બદલ

**પ્રકરણ ૨૧ નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદનો ઉપયોગ** ૪૩
(૩૦૫) નામોનો ઉપયોગ
(૩૦૬) સર્વનામોનો ઉપયોગ
(૩૦૭) વિશેષણોનો ઉપયોગ
(૩૦૮) ક્રિયાપદોનો ઉપયોગ

**પ્રકરણ ૨૨ અવ્યયોનો ઉપયોગ** ૭૦
(૩૦૯) અવ્યયોનો ઉપયોગ
(૩૧૦) अइ
(૩૧૧) अंग
(૩૧૨) अदु, अदुव, अदुवा
(૩૧૩) अम्मो
(૩૧૪) अम्हो
(૩૧૫) अरे
(૩૧૬) अलं
(૩૧૭) अलाहि
(૩૧૮) अवि, वि, पि (अपि)
(૩૧૯) अव्वो
(૩૨૦) अह (अथ)
(૩૨૧) अहह
(૩૨૨) अहो
(૩૨૩) आ
(૩૨૪) आ (आः)
(૩૨૫) आमं
(૩૨૬) इइ, इ, इय, ति, त्ति (इति)
(૩૨૭) इव, पिव, मिव, विव, विय, व, व्व (इव)
(૩૨૮) उय (उत), उदाहु, उयाहु (उताहो)
(૩૨૯) उयरि, उवरि (उपरि)
(૩૩૦) एव
(૩૩૧) एवं
(૩૩૨) ओ

(३३३) कत्थ-कत्थ (कुत्र-कुत्र)
(३३४) कयं (कृतं)
(३३५) कह, कहं (कथं)
(३३६) कामं
(३३७) किं
(३३८) किणो, किह, कीस
(३३९) किर, किल
(३४०) केवलं
(३४१) खलु, खु, हु (खलु)
(३४२) च, य (च)
(३४३) चेव, च्चिय, चिय
(३४४) जं (यद्)
(३४५) जइ (यदि)
(३४६) जओ, जत्तो (यतः)
(३४७) जह, जहा (यथा)
(३४८) जह-तह, जहा-तहा (यथा-तथा)
(३४९) जा, जाव (यावत्)
(३५०) जा-ता, जाव-ताव (यावत्-तावत्)
(३५१) जे
(३५२) ठाणे (स्थाने)
(३५३) णवि (नवि)
(३५४) णं
(३५५) तं (तद्)
(३५६) तओ, तत्तो, तो (ततः)
(३५७) तह, तहा (तथा)
(३५८) ता, ताव (तावत्)
(३५९) तु, उ (तु)
(३६०) दर
(३६१) दिट्ठिया (दिष्ट्या)
(३६२) दे

(३६३) धिद्धी, धिरत्थु, धी, धीधी
(३६४) धुवं (ध्रुवम्)
(३६५) न
(३६६) णवरं (नवरं)
(३६७) णवरि (नवरि)
(३६८) णाइं, णाइ (नाइं)
(३६९) नाम, नामं (नाम)
(३७०) णु (नु) (नु)
(३७१) पाएण, पायं, पायसो (प्रायेण, प्रायः, प्रायशः)
(३७२) पुणो, पुण, उण (पुनः)
(३७३) पुणरुत्तं
(३७४) बाढं
(३७५) भो (भोः)
(३७६) मणे (मण्णे)
(३७७) मुहुं (मुहुः)
(३७८) माइ, माइं
(३७९) रे
(३८०) वरं
(३८१) वा, व (वा)
(३८२) सक्का
(३८३) सक्खं (साक्षात्)
(३८४) सव्वहा (सर्वथा)
(३८५) साहु (साधु)
(३८६) सिया
(३८७) हंजे
(३८८) हंत
(३८९) हंहो
(३९०) हंदि
(३९१) हंभो
(३९२) हद्धि, हद्धी

(૩૯૩) हरे
(૩૯૪) हला, हले
(૩૯૫) हा, हाहा
(૩૯૬) हि
(૩૯૭) ही, हीही
(૩૯૮) हुं
(૩૯૯) हे
(૪૦૦) हो
(૪૦૧) અન્ય કેટલાક અવ્યયોનો ઉપયોગ

**પ્રકરણ ૨૩ વચનોનો ઉપયોગ** ૧૨૫

(૪૦૨) વચનોનો ઉપયોગ
(૪૦૩) એકવચનનો ઉપયોગ
(૪૦૪) બહુવચનનો ઉપયોગ

**પ્રકરણ ૨૪ વિભક્તિઓનો ઉપયોગ** ૧૩૩

(૪૦૫) વિભક્તિનો ઉપયોગ
(૪૦૬) પ્રથમા વિભક્તિનો ઉપયોગ
(૪૦૭) દ્વિતીયા વિભક્તિનો ઉપયોગ
(૪૦૮) તૃતીયા વિભક્તિનો ઉપયોગ
(૪૦૯) ચતુર્થી વિભક્તિનો ઉપયોગ
(૪૧૦) પંચમી વિભક્તિનો ઉપયોગ
(૪૧૧) ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ
(૪૧૨) સપ્તમી વિભક્તિનો ઉપયોગ
(૪૧૩) સંબોધન વિભક્તિનો ઉપયોગ

**પ્રકરણ ૨૫ કાળ અને અર્થનો ઉપયોગ** ૨૦૨

(૪૧૪) વર્તમાનકાળનો ઉપયોગ
(૪૧૫) ભૂતકાળનો ઉપયોગ
(૪૧૬) ભવિષ્યકાળનો ઉપયોગ
(૪૧૭) આજ્ઞાર્થનો ઉપયોગ
(૪૧૮) વિધ્યર્થનો ઉપયોગ
(૪૧૯) સંકેતાર્થનો ઉપયોગ

**પ્રકરણ ૨૬ કેટલાક ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ** **૨૧૮**
(૪૨૦) પ્રારંભિક
(૪૨૧) કર્તરિ વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ
(૪૨૨) કર્મણિ વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ
(૪૨૩) કર્મણિ ભૂતકાળ ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ
(૪૨૪) કર્તરિ ભૂતકાળ ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ
(૪૨૫) વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ

**પ્રકરણ ૨૭ લ્યબંત અને તુમંતનો ઉપયોગ** **૨૩૧**
(૪૨૬) લ્યબંતનો ઉપયોગ
(૪૨૭) તુમંતનો ઉપયોગ

**પ્રકરણ ૨૮ સંવાદિત્વ** **૨૩૮**
(૪૨૮) સંવાદિત્વ
(૪૨૯) ઉદ્દેશ્ય-ક્રિયાપદ-સંવાદ
(૪૩૦) ઉદ્દેશ્ય-વિધિવિશેષણ-સંવાદ
(૪૩૧) ઉદ્દેશ્ય-વિધિનામ-સંવાદ
(૪૩૨) વિશેષણ-વિશેષ્ય-સંવાદ
(૪૩૩) નામ-સર્વનામ-સંવાદ

**પ્રકરણ ૨૯ વાક્યો જોડવાં** **૨૫૬**
(૪૩૪) વાક્યો જોડવાં
(૪૩૫) નામવાક્યો જોડવાં
(૪૩૬) વિશેષણવાક્યો જોડવાં
(૪૩૭) ક્રિયાવિશેષણવાક્યો જોડવાં
(૪૩૮) સમુચ્ચયદર્શક વાક્યો જોડવાં
(૪૩૯) વિકલ્પદર્શક વાક્યો જોડવાં
(૪૪૦) વિરોધદર્શક વાક્યો જોડવાં
(૪૪૧) કાર્ય-કારણદર્શક વાક્યો જોડવાં
(૪૪૨) એકત્ર રાખીને વાક્યો જોડવાં

**પ્રકરણ ૩૦ વાક્યોમાં શબ્દક્રમ અને વાક્યક્રમ** **૨૬૮**
(૪૪૩) વાક્યમાં શબ્દક્રમ
(૪૪૪) વાક્યક્રમ

**પ્રકરણ ૩૧ વિરામ ચિહ્નો અને લેખન વૈશિષ્ટ્યો** **૨૯૦**

(૪૪૫) વિરામ ચિહ્નો
(૪૪૬) લેખન વૈશિષ્ટ્યો

**પુરવણી-વિશિષ્ટ વાક્યપ્રયોગ, વાક્યો અને કેટલાક સુભાષિતો** **૨૯૫**

**પરિશિષ્ટ ૧ —** અન્ય પ્રાકૃતોનાં કેટલાંક વૈશિષ્ટ્યો **૩૦૭**
(૧) શૌરસેની
(૨) માગધી
(૩) પૈશાચી
(૪) અપભ્રંશ

**પરિશિષ્ટ-૨ —** સંક્ષેપ **૩૧૨**

**પરિશિષ્ટ-૩ —** અ) સંદર્ભ ગ્રંથ અને તેના સંક્ષેપ. **૩૧૩**
આ) અંગ્રેજી સંદર્ભ ગ્રંથ અને તેના સંક્ષેપ.

**પરિશિષ્ટ-૪ —** ઉદ્ધરણ ગ્રંથ નામો અને તેના સંક્ષેપ **૩૧૬**

**પરિશિષ્ટ-૫ —** અ) અર્ધમાગધી વ્યાકરણના વિશેષ નિયમો **૩૨૦**
- ડૉ. કે. આર. ચંદ્ર
આ) અર્ધમાગધી ભાષાની નવી વિશેષતાઓ
- ડૉ. કે. આર. ચંદ્ર

## સંપાદકીય

અર્ધમાગધી આગમોની ભાષા છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવે લોકભાષામાં દેશના આપી હતી એટલે અર્ધમાગધી તે સમયની લોકભાષા હતી. પાછળથી મરહટ્ઠી પ્રાકૃત પ્રસારમાં આવી. અર્ધમાગધીને આર્ષ પ્રાકૃત પણ કહેવામાં આવે છે. પૂ.આ.ભ.શ્રી હેમચંદ્રસૂ.મ.એ અન્ય પાંચ પ્રાકૃત ભાષાઓ સાથે આ ભાષાનું વ્યાકરણ ગુંથ્યું. તે સિવાય અર્ધમાગધી ભાષાનું સ્વતંત્ર વ્યાકરણ રચાયું નથી. વીસમી સદીમાં અનેક વિદ્વાનોએ આ માટે પ્રયાસ કર્યાં પણ શ્રી કે.વા.આપટે એ તેમના વિદ્યાવારિધિ (Ph.D) પદવી માટે શોધનિબંધ રૂપે અર્ધમાગધી ભાષાનું વ્યાકરણ વિસ્તારથી સ્પષ્ટ કર્યું. આ મૂળ શોધનિબંધ મરાઠી ભાષામાં હતો. તે અનેક રીતે લાભદાયી હોવાથી તેનો ગુજરાતી અનુવાદ પ્રસ્તુત સંપાદનમાં કર્યો છે.

આગમોની મૂળભાષાનું વ્યાકરણ વર્તમાન શ્રમણ સંસ્થાને જાણવા મળે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ભાષા કેવી રીતે શીખી શકાય તે જાણવા મળે અને ભાષાની અભિવ્યક્તિના વિવિધ આયામો જાણવા મળે એ આ સંપાદનનું પ્રયોજન છે.

### સંપાદન પદ્ધતિ

આ પુસ્તક શોધનિબંધ તરીકે રજુ થયું છે તેથી સારી રીતે સંપાદિત છે. થોડાં ઘણા ફેરફાર કર્યા છે તે નીચે જણાવ્યા છે.

(૧) મૂળ પુસ્તક મરાઠીમાં હતું. તેમાં મરાઠી ભાષાના તત્સમ શબ્દો દર્શાવવામાં આવ્યા હતા તે અહીં અપ્રસ્તુત જણાવાથી દૂર કર્યા છે.

(૨) આ શોધનિબંધ ૪૪૬ પરિચ્છેદોમાં વહેંચાયેલો છે તેના ઉપપરિચ્છેદ વિ.ની વ્યવસ્થા ઉપક્રમાંક આપીને યોજી છે. ઉદાહરણ - ૧૩.૯, ૧૫૭.૫.૧, ૧૬૧.૧.૧ ઇ.

(૩) પરિશિષ્ટ-૫ માં પ્રો.કે.આર. ચંદ્રના प्राकृत भाषाओं का तुलनात्मक व्याकरण આ પુસ્તકમાં સંક્ષેપમાં અર્ધમાગધી વ્યાકરણના વિશેષ નિયમો દર્શાવ્યા છે. તેનો ગુજરાતી અનુવાદ પ્રસ્તુત છે. આ જ પુસ્તકમાં નવમા પરિશિષ્ટમાં અર્ધમાગધી ભાષાની નવી વિશેષતાઓ દર્શાવી છે. તે પણ અહીં સમાવી છે.

(૪) અંતે ડૉ. કે. વા. આપટેનો પરિચય ઉમેર્યો છે.

(૫) અર્ધમાગધી વ્યાકરણ (મરાઠી) પુસ્તકનાં પ્રકાશન સમયનું મનોગત પ્રારંભમાં ઉમેર્યું છે.

આ પુસ્તકના પ્રકરણ ૨૦ થી ૩૧ દરેક ભાષાનો અભ્યાસ કરવા ચાહતા વ્યક્તિઓ માટે અવગાહવા જેવા છે. સંસ્કૃત ભાષાના વાક્યરચનાનું બંધારણ સ્પષ્ટ અને સરળ પદ્ધતિમાં અહીં વ્યક્ત થયું છે.

પૂ.આ.ભ.શ્રી **મુનિચંદ્રસૂ.**મ., પૂ.ઉપા.શ્રી **ભુવનચંદ્રજી** મ., પૂ.મુનિરાજશ્રી **પ્રશમરતિવિ.**મ., ડૉ. **કે. આર. ચંદ્ર**ની સામગ્રીનો અહીં ઉપયોગ કર્યો છે. તેમની પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

અનુવાદનાં આ કાર્યમાં **અમિત ઉપાધ્યે, ભૂપત વંશ, અતુલ મસ્કે, સિદ્ધનાથ ગાયકવાડે** સહકાર્ય કર્યું છે. તેમને ધન્યવાદ.

**કૃતજ્ઞતા**

મારા પરમ ઉપકારી ગુરુદેવ પરમ પૂજ્ય **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા,** પિતૃગુરુદેવ પરમ પૂજ્ય **મુનિપ્રવરશ્રી સંવેગરતિ વિજયજી મ.સા.**ની પાવન કૃપા, બંધુમુનિવરશ્રી **પ્રશમરતિવિજયજી મ.**નો સ્નેહભાવ તથા તેમ જ **મુનિવરશ્રી સંયમરતિ વિજયજી મ.,** પરમ પૂજ્ય **સાધ્વીજી શ્રીહર્ષરેખાશ્રીજીમ.**ના શિષ્યા સાધ્વીજી **શ્રીજિનરત્નાશ્રીજી મ.,** સા. શ્રી **મધુરહંસાશ્રીજી મ.,** સા. શ્રી **ધન્યહંસાશ્રીજી મ.**નો નિરપેક્ષ સહાયકભાવ મારી પ્રત્યેક પ્રવૃત્તિની આધારશિલા છે. તેમના ઉપકારોથી મુક્ત થવું સંભવ નથી.

સંપાદન કાર્યમાં શ્રુતભવન સંશોધન કેંદ્રના બધા સંશોધન સહકર્મિઓએ ભક્તિભાવથી સહકાર્ય કર્યું છે. તેથી તેઓ સાધુવાદને પાત્ર છે. આ ગ્રંથનું યથામતિ શુદ્ધ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં પણ પ્રમાદવશ કોઇ અશુદ્ધિઓ રહી ગઇ હોય તો વિદ્વાન પાઠકગણ સંપાદકના પ્રમાદને અને ભૂલને ક્ષમા પ્રદાન કરશે તેવી વિનમ્ર પ્રાર્થના છે.

**- વૈરાગ્યરતિવિજય**

શ્રુતભવન, પુણે

# અર્ધમાગધી ભાષા : ઇતિહાસ અને વર્તમાન

**- પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.**[1]

---

અર્ધમાગધી ભાષા જૈનો માટે પવિત્ર અને પૂજનીય ભાષા છે, કારણ કે પ્રભુ મહાવીરે આ ભાષામાં બોધ આપ્યો હતો. ભગવાને લોકોની ભાષામાં જ ઉપદેશ આપવાનો અભિગમ અપનાવ્યો અને તેઓ જ્યાં વિશેષ પ્રમાણમાં વિચર્યા તે પ્રદેશની ભાષા અર્ધમાગધી કહેવાતી હતી. ભાષાઓ કદી પણ એક જ રૂપમાં સ્થિર રહેતી નથી. અર્ધમાગધીએ ધીરે ધીરે પોતાનું સ્વરૂપ બદલ્યું અને તેના સંતાન સમી અપભ્રંશ ભાષાએ તે સ્થાન લીધું, જેમાંથી આગળ જતાં બંગાળી, મારવાડી, ગુજરાતી જેવી ભાષાઓનો આકાર ઘડાયો.

ભગવાન મહાવીરના સમયમાં અન્ય પ્રદેશોમાં પાલિ, માગધી, શૌરસેની, પૈશાચી વગેરે ભાષાઓ બોલાતી હતી. આ ભાષાઓને પ્રાકૃતભાષાઓ કહેવાય છે. વસ્તુતઃ એ ભાષાઓ સંસ્કૃતભાષાના અપભ્રંશ જેવી છે. એથી પણ પુરાતનકાળનો વિચાર કરીએ તો પ્રાકૃતભાષાઓ સંસ્કૃતની પહેલાં પણ હતી જ. ભારતના વિદ્વાનોએ બહુ જૂના સમયમાં પ્રાકૃતભાષાને સંસ્કારિત કરી નિયમબદ્ધ કરેલી, જે સંસ્કૃતભાષાના નામે ઓળખાઇ. સામાન્ય જનતાને આવી ઉચ્ચસ્તરીય નિયમબદ્ધ ભાષા બોલવાનું ફાવે નહિ, આથી સંસ્કૃતની સમાંતર લોકભાષાઓ પણ બોલાતી રહી, એટલું જ નહિ, પ્રદેશે-પ્રદેશે ઉચ્ચારભેદે સંસ્કૃત પર આધારિત નવી ભાષાઓએ પણ આકાર લીધો. શિક્ષિત વર્ગ સંસ્કૃતનો ઉપયોગ કરે અને બાળકો-સ્ત્રીઓ-અશિક્ષિતો પ્રાદેશિક લોકભાષાનો ઉપયોગ કરે એવી સ્થિતિ ભગવાન મહાવીરના સમયે પ્રવર્તતી હતી. ભગવાન પ્રજાના સર્વવર્ગોને ધર્મસંદેશ આપવા ઇચ્છતા હતા તેથી તેમણે લોકભાષાને જ મહત્ત્વ આપ્યું. એજ રીતે ભગવાન બુદ્ધે પણ લોકભાષા ‘પાલિ’માં બોધ આપ્યો. આમ, આ બંને મહાપુરુષો થકી પ્રાકૃતભાષાઓને આદરભર્યું સ્થાન મળ્યું.

---

1 સાહિત્ય ઝરણું/ (પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ. /સં. ડૉ. રમજાન હસાણિયા/ શ્રીપાર્શ્વચંદ્રસૂ. સાહિત્ય પ્રકાશન સમિતિ, નાની ખાખર, કચ્છ/ વિ. ૨૦૭૨)માંથી સાભાર ઉદ્ધૃત. મૂળ લેખ जिनवाणी (सं. धर्मचंद्रजी जैन जोधपुर)માં પ્રગટ થયો હતો.

ભારતમાં સંસ્કૃતના પ્રભુત્વનો સમયગાળો ઘણો લાંબો રહ્યો હશે એમાં શક નથી. વેદ, ઉપનિષદ, આરણ્યક વગેરે બ્રાહ્મણ પરંપરાનું પ્રાચીન સાહિત્ય સંસ્કૃતમાં રચાયું. શ્રમણ પરંપરામાં પણ સંસ્કૃતમાં ભ. મહાવીર પૂર્વે રચાયેલું સાહિત્ય હતું. 'ચૌદ પૂર્વ' નામે જાણીતું આ સાહિત્ય સંસ્કૃતમાં હતું એ જાણીતી વાત છે. 'પૂર્વ' શબ્દથી સૂચિત થાય છે તેમ, આ ગ્રંથો ભ. મહાવીરની પૂર્વે રચાયેલા હોવા જોઇએ એમ આ વિષયના સંશોધક વિદ્વાનોનું કહેવું છે.

પ્રાદેશિક ભાષાઓ બોલચાલ તથા લોકગીત-લોકકથામાં વપરાતી હશે, પણ ધાર્મિક તેમ જ શાસ્ત્રીય વિષયોમાં સંસ્કૃત જ માન્ય રહી. ભ. મહાવીર પછી આ સ્થિતિમાં પલટો આવ્યો. ભ. મહાવીરની વાણીના સંગ્રહરૂપે આગમસાહિત્ય અર્ધમાગધીમાં સર્જાયું. ભ. બુદ્ધના ઉપદેશો ત્રિપિટકોમાં સંગ્રહીત થયા અને જૈનોના દિગંબર સંપ્રદાયનું સાહિત્ય (ભલે થોડું પાછળથી) શૌરસેની ભાષામાં રચાયું. આ બધું સાહિત્ય વિપુલ પ્રમાણમાં આજે પણ સચવાઇ રહ્યું છે.

શ્વેતાંબર જૈનોએ પ્રાકૃત ભાષાને પ્રાધાન્ય આપ્યું તેથી ભ. મહાવીર પછી ઘણા લાંબા સમય સુધી વિદ્વાન મુનિઓ દ્વારા પ્રાકૃતમાં ગદ્ય-પદ્ય કૃતિઓ રચાતી હતી. આગમોત્તર કાળની આ રચનાઓ અર્ધમાગધીમાં નહિ, પણ મરહટ્ઠી પ્રાકૃતમાં છે. માગધી વગેરે પ્રાકૃતોનો પ્રયોગ પણ ઓછાવત્તા અંશે થયો. નાટક, ચંપૂ, કથાનક વગેરેમાં જે તે પાત્રના ચિત્રણને વાસ્તવિકતા આપવા આ ભાષાઓ સહાયક બનતી. સાહિત્યિક દષ્ટિએ ઉપયોગમાં આવતી આ ભાષાઓનાં વ્યાકરણો પણ અસ્તિત્વમાં આવ્યાં, પરંતુ અર્ધમાગધીનું વ્યાકરણ સ્વતંત્રરૂપે મળતું નથી. આમ બનવાનું એક કારણ એ હોઇ શકે કે અર્ધમાગધી આગમોનું અર્થઘટન ગુરુપરંપરા દ્વારા સુચારુ રૂપે થઇ જતું હતું, વ્યાકરણની જરૂર જણાતી ન હતી. બીજું કારણ એ પણ હોઇ શકે કે અર્ધમાગધી જૈનો પૂરતી મર્યાદિત હતી, અને તે ભાષામાં પ્રાચીન કે નૂતન અન્ય સાહિત્ય હતું નહિ, આથી વ્યાકરણની જરૂર ઊભી થતી ન હતી.

સમયના પ્રવાહ સાથે આગમો પર ચૂર્ણિ, ટીકા વગેરે રચાયા, અને તેમાં અર્ધમાગધીનાં પ્રાચીન રૂપો/શબ્દોના સ્પષ્ટીકરણ માટે પ્રયાસ થયેલો જોઇ શકાય છે. આગમોને જૈન શ્રમણોના બદલતા ઉચ્ચારોથી પ્રભાવિત થવું પડ્યું. વળી સામાન્ય પ્રાકૃત વ્યાકરણના પ્રભાવ હેઠળ જાણ્યે-અજાણ્યે અર્ધમાગધીના અસલ રૂપવાળા શબ્દોને મરહટ્ઠી પ્રાકૃતમાં ફેરવી નાખવાનું પણ થયું. જે કેટલાક આગમો

પાછળથી રચાયા તે તો મરહટ્ટી પ્રાકૃતમાં જ રચાયા. વલભી વાચનાના સમયે બધા જ આગમોનું સંકલન-સંપાદન થયું ત્યારે માહારાષ્ટ્રી પ્રાકૃતની અસર રીતસર પ્રવેશ પામી હશે.

આ જાતનું પરિવર્તન જાણી જોઇને કરવામાં આવ્યું હતું એમ માની લેવું જોઇએ નહિ. કંઠસ્થ રાખેલા આગમોનો પાઠ કરતી વખતે પોતાના પ્રદેશની ભાષાની અસર ઉચ્ચારોમાં આવે એ બિલકુલ સહજ ગણાય. પ્રાચીન તાડપત્રીય અને કાગળની પ્રતો અલગ-અલગ સમયે લખાઇ અને તેમાં ઉચ્ચારો/પાઠોમાં વૈવિધ્ય આ રીતે પ્રવેશ્યું. આગળ જતાં પ્રાકૃત વ્યાકરણના જ આધારે પ્રાચીન પાઠોને 'અશુદ્ધ' સમજીને માહારાષ્ટ્રી પ્રાકૃતમાં ફેરવી દેવાની ઘટનાઓ પણ બની. પરદેશી વિદ્વાનોના હાથે એમ બને તે તો સમજી શકાય, કિંતુ આગમોદ્ધારક પૂ. શ્રીસાગરાનંદસૂરિજી દ્વારા થયેલ સંપાદનોમાં પણ મરહટ્ટી પ્રાકૃતના નિયમો લાગુ કરી અસલ અર્ધમાગધી ભાષાના લક્ષણોને દૂર કરવામાં આવ્યાં. અર્ધમાગધીનાં લક્ષણો સમજાવનારું વ્યાકરણ ન હોવાના કારણે જ આ બધું બન્યું.

પ્રાકૃતભાષાનાં પ્રાચીન વ્યાકરણો મળે છે. તેમાં અર્ધમાગધીનું વર્ણન નથી. આ. શ્રી હેમચંદ્રસૂરિએ પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ રચ્યું તેમાં પણ અર્ધમાગધીને સ્વતંત્ર સ્થાન ન મળ્યું. જો કે જૈન આગમોની પ્રાકૃતનાં વિશિષ્ટ લક્ષણો તેમના ધ્યાનમાં આવ્યાં જ હતાં, આથી મરહટ્ટી કે માગધી જેવી પ્રાકૃત ભાષાઓથી ભિન્ન પ્રકારના શબ્દોને તેમણે 'આર્ષ' પ્રાકૃત કહીને જુદા તારવ્યા હતા. ડૉ. કે. આર. ચંદ્ર જેવા આધુનિક સંશોધકોએ શોધી કાઢ્યું છે કે આર્ષ તરીકે ઓળખાવાયેલા આ પ્રયોગો વસ્તુતઃ આ. શ્રી હેમચંદ્રસૂરિએ અર્ધમાગધીનું વ્યાકરણ સંકલિત ન કર્યું તેની પાછળ તેમનો એવો ખ્યાલ રહ્યો હશે કે આ પ્રયોગો હવે થતા નથી, માટે તેનું વ્યાકરણ બનાવવાની જરૂર નથી. એ જે હોય તે, પણ અર્ધમાગધીનું વ્યાકરણ આપણને ન મળ્યું અને અન્ય પ્રાકૃતોના વ્યાકરણનો જ આશ્રય લેવાનું ચાલું રહ્યું.

આધુનિક સંશોધન પદ્ધતિ અને પ્રાચીન સાહિત્યના પુષ્કળ પ્રકાશનના પરિણામે પ્રચુર માહિતી બહાર આવતી ગઇ અને ભારતની પ્રાચીન ભાષાઓ ઉપર પણ વધુ ને વધુ પ્રકાશ પડતો ગયો. જર્મન વિદ્વાન હર્મન જેકોબીએ અર્ધમાગધીની વિશેષતાઓ પારખી હતી. તે પછી આગમપ્રભાકર પૂ. પુણ્યવિજયજી મહારાજે જૈન આગમોને ભાષાદષ્ટિએ સંશોધિત કરવાની જરૂરત વિશે છેક ૧૯૫૨ માં નોંધ કરી

હતી, અને આગમોની સંશોધિત આવૃત્તિઓ તૈયાર કરવાનું કામ શરૂ કરી દીધેલું. મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇ દ્વારા આગમોના મૂળ પાઠની સંશોધિત ગ્રંથમાળા છાપવાનું શરૂ થયું, જે હજી પણ ચાલુ છે. શ્રુતસ્થવિર પૂ. મુનિપ્રવર શ્રીજંબૂવિજયજી મહારાજ આ વાચનાનું કામ આજે આગળ વધારી રહ્યા છે. સંખ્યાબંધ પ્રાચીન હસ્તપ્રતો તથા વિશાળ મુદ્રિત સાહિત્યના આધારે આગમોની સંશોધિત વાચના તૈયાર કરવાનું આ કામ ભારે જટિલ છે અને ઉચ્ચ પ્રકારની સજ્ઞતા માગી લે છે.

અમદાવાદમાં સ્થાયી થયેલા ડૉ. કે. આર. ચંદ્રનું અર્ધમાગધીના સંશોધન માટેનું કાર્ય પણ અતિ મૂલ્યવાન તથા ઐતિહાસિક બની રહે એવું છે. અનેક સ્રોતોમાંથી સૂક્ષ્મ નજરે તારવેલી ઢગલાબંધ વિગતોના વૈજ્ઞાનિક પૃથક્કરણ-પરીક્ષણ દ્વારા તેમણે અર્ધમાગધીનું પ્રાચીન સ્વરૂપ અનાવૃત કરવામાં સફળતા મેળવી છે. અન્ય પ્રાકૃતો કરતાં વ્યાકરણની દૃષ્ટિએ તથા ધ્વનિ શાસ્ત્રની દૃષ્ટિએ અર્ધમાગધીની ભિન્નતા કેવા પ્રકારની હતી તે તેમણે પ્રમાણો આપીને સિદ્ધ કર્યું છે. આગમોની જૂનામાં જૂની ઉપલબ્ધ પ્રતોની અંદર હજી પણ મૂળ અર્ધમાગધી અંશો છે, તે એકત્ર કરી તેના આધારે અર્ધમાગધીના લક્ષણો નક્કી કરી આપ્યાં છે અને માગધી વગેરે અન્ય પ્રાકૃતો સાથે તેની તુલના કરી દેખાડી છે. અર્ધમાગધીનું મૂળ સ્વરૂપ જે અન્ય ભાષાઓના પ્રભાવ હેઠળ છૂપાઇ રહ્યું હતું તે ડૉ. ચંદ્રના ભગીરથ પ્રયાસોથી પુનઃ પ્રકાશમાં આવ્યું છે. જૈન આગમોના અભ્યાસીઓ માટે આ એક ગૌરવ અને આનંદનો વિષય છે.

નૂતન સંશોધનોના પરિણામે બહાર આવેલ પરિણામોથી આપણા વિદ્વાન મુનિવર્ગે પરિચિત તો રહેવું જ જોઇએ, એટલું જ નહિ, પરિશ્રમથી પ્રાપ્ત નિષ્કર્ષોનો લાભ પણ લેવો જોઇએ. દા. ત. આપણે ત્યાં પ્રાકૃતભાષાના અભ્યાસ માટે જે જે પાઠ્યપુસ્તકો તૈયાર થયા છે તે બધાં જ મરહટ્ઠી પ્રાકૃતના જ નિયમો પર રચાયા છે. એનાથી અર્ધમાગધીનો સાચો ખ્યાલ આવતો નથી. આગમોત્તર કાળનું પ્રાકૃત જૈન સાહિત્ય મરહટ્ઠીમાં રચાયું છે, તે માટે હાલના પ્રાકૃત પાઠ્યપુસ્તકો બરાબર છે. પરંતુ આગમિક અર્ધમાગધી ભાષાના અભ્યાસ વિના આગમોની મૂળ ભાષાને જાણ્યે-અજાણ્યે હાનિ પહોંચવાનું ચાલુ રહેશે. આથી, હવે જ્યારે અર્ધમાગધીના મૂળ સ્વરૂપની પ્રમાણભૂત માહિતી ઉપલબ્ધ થઇ ચૂકી છે ત્યારે તેનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જ જોઇએ.

અર્ધમાગધી વિષયક ડૉ. ચંદ્રના સંશોધનોની બધી વિગતો અહીં આપવી શક્ય નથી. અર્ધમાગધી ઉચ્ચારણની દૃષ્ટિએ સંસ્કૃતની વધુ નજીક હતી, પાલિભાષા સાથે તેનું વધુ સામ્ય હતું. આચારાંગસૂત્ર, ઋષિભાષિતસૂત્ર વગેરેમાં મૂળ અર્ધમાગધીનાં રૂપો હજી પણ સચવાઇ રહ્યાં છે. અશોકના કેટલાક શિલાલેખોમાં પણ અર્ધમાગધી જોવા મળે છે. ડૉ. કે. આર. ચંદ્રે અથાગ પરિશ્રમ કરી આવી સામગ્રીમાંથી મેળવેલી પ્રમાણભૂત વિગતોના આધારે અર્ધમાગધીનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે. જેમને આ વિગતોમાં રસ હોય તેમણે ડૉ. ચંદ્રના આ વિષયના પુસ્તકોનું અવગાહન કરવું જોઇએ. તેમનાં પુસ્તકોનાં નામ—

૧. प्राचीन अर्धमागधी की खोज में

૨. In search of the Original Ardhamagadhi

૩. आचारांग-प्रथम श्रुतस्कंध, प्रथम अध्ययन

૪. 'इसिभासियाइं' का प्राकृत-संस्कृत शब्दकोश

૫. प्राकृत भाषाओं का तुलनात्मक व्याकरण

ડૉ. ચંદ્રનું અર્ધમાગધી વિષયક સંશોધન જૈન વિદ્યાના ક્ષેત્રે શકવર્તી ગણાશે. ડૉ. ચંદ્ર આ માટે આપણા સૌના ધન્યવાદના અધિકારી છે.

• • •

# અક્ષરશ્રુતની અવિરત આરાધના

- પૂ.મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મ.

(૧)

ભાષા અને લિપિ એ સંવાદના પ્રધાન સાધન છે. ભાષા ન હોય તો અંધારું છવાઇ જાય. લિપિ ન હોય તો ઘણાં ખરાં કામો અટકી પડે. પાંચ જ્ઞાનમાં બીજું જ્ઞાન છે-શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનનો સૌ પ્રથમ પ્રકાર છે-અક્ષર શ્રુત. અક્ષર એટલે ભાષામાં વપરાતા કક્કો અને બારાખડી. લિપિ એટલે અક્ષરોનું લિખિત રૂપ. શ્રી ભગવતી સૂત્ર ના પ્રારંભે બ્રાહ્મી લિપિને નમસ્કાર કરવામાં આવ્યા છે. પ્રાચીન ભાષા અને પ્રાચીન લિપિ સાથે આપણો સંબંધ ઘટી રહ્યો છે. છપાયેલું બધું તૈયાર મળે છે માટે લેખનવિધિ ગૌણ બની ગઇ છે તો દેવનાગરી લિપિમાં વાંચવાની આદત બની ગઇ છે માટે પુરાતન લિપિ યાદ જ આવતી નથી. પરંપરા સાથેનો સંબંધ જે ગુમાવે છે તેને પરંપરાના ઉચ્છેદનો દોષ લાગે છે, કેમ કે જો તેણે પરંપરા સાથે સંબંધ રાખ્યો હોત તો તેના થકી તે પરંપરા આગલી પેઢી સુધી પહોંચત. પોતે જ પરંપરા સાથે જોડાયો નહીં તો એ બીજાને પરંપરા સાથે કેવી રીતે જોડશે? દોષ આ છે.

પ્રાચીન ભાષા, પ્રાચીન લિપિ, પ્રાચીન ગ્રંથો અને પ્રાચીન ઇતિહાસ સાથે આપણો સંબંધ લાંબો અને મજબૂત હોવો જોઇએ. આપણને મળેલી પરંપરા એ પૂર્વજોનો ઉપકાર છે. એ પરંપરાનું જતન કરીએ અને સંવર્ધન કરીએ તે આપણું પુણ્ય કર્તવ્ય છે.

અક્ષરશ્રુત એ એવું બળ છે જે તીર્થંકર ભગવંતોના કેવળજ્ઞાનનો પડઘો ઝીલે છે અને એને સમ્યક્ શ્રુતની ગરિમા બક્ષે છે. પ્રાકૃત ભાષા અક્ષરશ્રુત છે. અને આપણા પ્રાકૃત ગ્રંથો તે સમ્યક્ શ્રુત છે. અક્ષરશ્રુતની અવિરત આરાધના વિના આપણે અધૂરા રહીશું.

## (૨)

## ॥ અભ્યાસપૂર્ણ વાંચનનો ઉપક્રમ ॥

સારું વાંચન એક એવી શક્તિ છે જે તમને જીવનનાં દરેક સ્તરે ઉપયોગી થાય છે. સારું વાંચન મનને સમજાવે છે અને બચાવે છે. સારું વાંચન પ્રેરણા આપે છે અને દિશા બતાવે છે. સારું વાંચન એટલે ઉપદેશાત્મક સાહિત્ય એવું આપણે માની લીધું છે. ઉપદેશનું વાંચન સરળ હોય છે. મનમાં ચાલતી રહેલી હજારો ચિંતાઓમાંથી એકાદ ચિંતાને સ્પર્શતો હોય છે ઉપદેશ. આને લીધે ઉપદેશની ઉપયોગિતા વધતી જ રહે છે. આમાં પછી અભ્યાસપૂર્ણ સાહિત્યનું વાંચન કરવાની આદત જરૂરી લાગતી નથી. જેટલી આવશ્યકતા ઉપદેશાત્મક સાહિત્યની છે તેટલી જ આવશ્યકતા અભ્યાસપૂર્ણ સાહિત્યની પણ છે. અભ્યાસપૂર્ણ સાહિત્ય એટલે એવું સાહિત્ય જેમાં કોઇ એક ચોક્કસ વિષયનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું હોય. તત્ત્વ અને તથ્યનાં વિવિધ પાસાને ઉજાગર કરે છે, અભ્યાસપૂર્ણ સાહિત્ય. અભ્યાસપૂર્ણ સાહિત્ય થોડુંક અઘરું હોય છે સમજવામાં. આને લીધે અભ્યાસપૂર્ણ સાહિત્યનું વાંચન કરનારો વર્ગ ઓછો હોય છે. પરિણામે અભ્યાસપૂર્ણ સાહિત્યને રજૂ કરનારા પણ ઓછા જ જોવા મળે છે. અધિકાંશ રજૂઆત ઉપદેશાત્મક સાહિત્યની જ દેખાય છે. આજકાલ ઉપદેશાત્મક સાહિત્ય જેટલું વધુ પ્રકટ થાય તેટલું થવું જોઇએ. સાથોસાથ, અભ્યાસપૂર્ણ સાહિત્ય વાંચનારા વધે તે રીતે, આ પ્રકારનું સાહિત્ય પણ રજૂ થતું રહેવું જોઇએ. અભ્યાસપૂર્ણ વાંચનને લીધે વિચારને પ્રશસ્ય સામગ્રી મળે છે. અભ્યાસપૂર્ણ વાંચન માટે ક્યારેક તો પૂર્વતૈયારી કરી લેવાની હોય છે જે એક સારી આદત પુરવાર થાય છે. અભ્યાસપૂર્ણ વાંચનમાં રસ પડે તો એક ઉંચી એકાગ્રતાનું નિર્માણ થાય છે.

ઉપદેશાત્મક સાહિત્યના વિશાળ વાચક વર્ગમાં અમુક લોકો તો એવા જોવા મળે છે જેમને ચાર પ્રશ્નો સદા સતાવતા હોય છે. કોણે શું કર્યું? કોણે શું ન કર્યું? કોણે શું કરવું જોઇએ? કોણે શું ન કરવું જોઇએ? આ લોકો પોતાના ચાર પ્રશ્નોની ચર્ચા ઠેરઠેર કરે છે. અને પોતાના પ્રશ્નો દ્વારા કેટલાય લોકોને સતાવતા રહે છે. જે ઉત્તમ વાતો થકી પોતાને સુધારવાની પ્રક્રિયા થતી હોય છે એ ઉત્તમ વાતોનો ઉપયોગ તેઓ ચોક્કસ પ્રકારની પ્રતિક્રિયા માટે કરે છે. જો અભ્યાસપૂર્ણ

વાંચનની આદત કેળવી હોય તો એક સત્ય હંમેશા યાદ રહે છે કે-'હું જેટલું જાણું છું તેથી વધારે ઘણું બધું જાણવાનું મારે બાકી છે. હું જેટલું સમજ્યો છું તેથી વધારે ઘણુંબધું સમજવાનું માટે બાકી છે. હું જેટલું શીખ્યો છું તેથી વધારે ઘણુંબધું શીખવાનું મારે બાકી છે'. આ સત્યની સમાનતા બહુ લાભકારી છે. પેલા ચાર પ્રશ્નોનું રૂપ બદલાઇ જાય છે. અભ્યાસશીલ વ્યક્તિને થનારા ચાર સવાલ આ છે - મેં શું કર્યું? મેં શું નથી કર્યું? મારે શું કરવું જોઇએ? મારે શું ન કરવું જોઇએ? આ ચાર સવાલો જેને સતાવે છે તે વ્યક્તિ, નિંદાઓ કરીકરીને અન્ય લોકોને ક્યારેય સતાવતો નથી. તમારી પાસે વિચારવા માટે સારી વાતો કરી શકતા નથી તેનો અર્થ એ છે કે તમારી પાસે વિચારવાના સારા મુદ્દા છે જ નહીં. અભ્યાસપૂર્ણ વાંચન તમને વિચારવા માટે સારા મુદ્દા આપે છે. એ મુદ્દાઓ તમને અનુચિત સંભાષણથી બચાવી લે છે. તાજેતરમાં પાલીતાણા મુકામે થયેલ શ્રીશ્રમણ સંમેલનમાં થયેલો એક ઠરાવ આ સંદર્ભમાં વહેવારુ જણાય છે.

**'..... દ્વેષબુદ્ધિથી કોઇના દોષો પ્રગટ કરવા નહિ. નિંદા કરવી નહિ... આવા અન્ય કોઇ કાર્યમાં સહાયતા પણ કરવી નહિ .......'** (ઠરાવ ૪૩)

તમે અભ્યાસપ્રેમી છો એટલે તમને નિંદા કરવામાં રસ નથી, નિંદા સાંભળવામાં રસ નથી અને કોઇએ પકડાવી દીધેલી નિંદાસામગ્રીનો પ્રચાર-પ્રસાર કરવામાં પણ તમને રસ નથી. અભ્યાસપૂર્ણ સાહિત્ય સાથે તંતુ જોડાયેલો રહેવો જોઇએ. એવા ઘણા બધા વિષયો છે જેની આપણી પાસે જાણકારી નથી. એ વિષયો શુભ વિચાર અને શુભ ભાવનાનું સર્જન કરવા માટે ઉપયોગી છે. એક નવા જ વિષયનો બોધ મેળવવો તેને अभिनव श्रुत કહે છે. મહામંગલકારી શ્રીવીશસ્થાનકનાં અઢારમાં પદ તરીકે अभिनव श्रुतને ગૌરવપૂર્ણ સ્થાન મળ્યું છે. તમે આજ સુધી જે સદ્ વિચાર મેળવ્યો તે નથી તેને મેળવવાની મહેનત કરો અને એને મેળવી લો. તમે આજ સુધી જે વિષયનો બોધ મેળવ્યો નથી તે વિષયનો બોધ મેળવવાનો પ્રયત્ન કરો અને બોધ મેળવતા રહો.

આજ સુધી જે જાણ્યું છે એમાં જ રમતા રહો આ એક રસ્તો છે. જે જાણવાનું બાકી છે તેની માટે પુષ્કળ પુરુષાર્થ કરતા જ રહો આ બીજો રસ્તો છે. પ્રથમ રસ્તો બીજા રસ્તા સાથે ભાગ્યે જ જોડાય છે. બીજો રસ્તો પ્રથમ રસ્તાને સદાય જોડાયેલો રાખે છે.

અભિનવ શ્રુતની આરાધના રૂપે અમે વિવિધ વિષયોની અભ્યાસપૂર્ણ પ્રસ્તુતિ માટે આપ સૌની સમક્ષ ઉપસ્થિત થઇ રહ્યા છીએ. દર બે મહિને એક નવો વિષય વિશ્લેષણપૂર્વક રજૂ થશે. આ અંકનો વિષય છે - પ્રાકૃતભાષા.

આપણે પ્રાકૃતભાષાને વધુ સારી રીતે સમજીએ અને સન્માનિત કરીએ કેમ કે પ્રાકૃતભાષા આપણી માતૃભાષા છે.

## (૩)

## પ્રાકૃત ભાષા, અન્ય ભાષા અને જૈન પરંપરા

### ૧. ગુજરાતી ભાષા

તમે આ લખાણ ગુજરાતી ભાષામાં વાંચી રહ્યા છો. આજની તારીખે પાંચ કરોડથી વધુ લોકો ગુજરાતી ભાષા જાણે છે, બોલે છે. ગુજરાતી ભાષાનો પદ્ધતિસર વિકાસ ત્રણ તબક્કામાં થયો છે. ઇ.સ.૧૪૫૦ પૂર્વેનો સમય તે પ્રારંભિક તબક્કો અને ઇ.સ.૧૮૫૦ પૂર્વેનો સમય તે મધ્યમ તબક્કો અને ઇ.સ.૧૮૫૦ પછીનો સમય તે વર્તમાન તબક્કો. આ કાળગણનાને લક્ષમાં રાખીને Indian Literature વેબસાઈટ જણાવે છે કે 'It is claimed that earliest writings in Gujrati were by Jaina authors. These were in the form of Rasas, Phagus and Vilasas. The rasas were long poems which were heroic, romantic or narrative of nature.' અર્થાત્ ગુજરાતી ભાષાનું પ્રારંભિક લેખન જૈનોના હાથે તૈયાર થયેલું છે. ત્રણ પ્રકાર હતા – રાસ, ફાગુ અને વિલાસ. ઇ.સ.૧૧૮૫માં ભરતેશ્વર-બાહુબલી રાસ લખાયો (કર્તા – શ્રી શાલિભદ્રસૂરિજી મ.) ઇ.સ.૧૨૩૫માં રેવંતગિરિરાસ લખાયો. (કર્તા – શ્રીવિજયસેનસૂરિજી મ.) આજે ઇ.સ.૨૦૧૬ ચાલે છે. ઇ.સ.૧૧૪૦માં એટલે કે આજથી ૮૭૬ વરસ પૂર્વે શ્રી નેમિનાથ ચતુષ્પદિકા રચના થઇ. (કર્તા – શ્રીવિનયચંદ્રસૂરિજી મ.) ઇ.સ.૧૦૮૮ માં એટલે કે આજથી ૯૨૮ વરસ પૂર્વે અપભ્રંશ વ્યાકરણની રચના થઇ. (કર્તા – શ્રી હેમચંદ્રસૂરિજી મ.) જેને ગુજરાતી ભાષાનું સૌ પ્રથમ વ્યાકરણ માનવામાં આવે છે.

આજે આપણે તૈયાર છપાયેલી ચોપડીઓમાં વાંચવા મળતી ગુજરાતી

ભાષાને આધાર બનાવીને અભિપ્રેત વિષયોની જાણકારી મેળવી લઇએ છીએ. આ ગુજરાતી ભાષાનો પ્રારંભિક કાળ ફક્ત અને ફક્ત જૈન પરંપરાના હાથે ઘડાયો છે તે નાની સૂની બાબત નથી. ગુજરાતી ભાષાના આદિકવિ ગણાતા નરસિંહ મહેતાનો સમય ઇ.સ.૧૪૧૪ થી ૧૪૮૧ સુધીનો છે. ઇ.સ. ૧૦૮૮થી પ્રારંભ પામેલી ગૂર્જર ધારાને જૈન પરંપરાએ પાળીપોષી છે. માટે જ ઉમાશંકર જોશીએ લખ્યું.

જે જન્મતાં આશિષ હેમચંદ્રની, પામી કૃપાળુ જિનસાધુઓ તણી.

એટલે કે ગુજરાતી ભાષાને જનમતાવેંત જૈન સાધુઓની કૃપા મળી છે.

ગુજરાતી પદ્યલેખનમાં જૈન પરંપરાનું યોગદાન જોવું હોય તો મોહનલાલ દલીચંદ દેસાઇએ લખેલા 'જૈન ગૂર્જર કવિઓ'ના દસ ભાગનું અવલોકન કરવું જોઇએ. આ દળદાર ઇતિહાસ ગ્રંથમાં ૧૪૦૦ જૈન કવિઓ દ્વારા રચાયેલ ૫૦૦૦ જેટલી રચનાઓ વિશેષ જાણકારી સંગ્રહીત છે. ૫૦૦૦ રચનાઓમાં ૫૦૦ તો કથાઓ છે. ૫૦૦૦ રચનાઓના પદ્યબંધ માટે વપરાયેલ દેશી રાગોની સંખ્યા ૩૦૦૦ જેટલી છે. ૧૪૦૦ જૈન ગૂર્જર કવિઓ સંબંધી ગચ્છ સંખ્યા ૨૦ જેટલી છે. આ ઇતિહાસ ગ્રંથ તૈયાર કરવા માટે કેટલા સંદર્ભગ્રંથો ઉપયોગમાં લેવાયા – એવો સવાલ પૂછશો જ નહીં. સંદર્ભ ગ્રંથોની સંખ્યા છે જ નહીં. આ ઇતિહાસ ગ્રંથને તૈયાર કરવા માટે ૪૦૦ લાઇબ્રેરીનો ઉપયોગ થયો છે. સંદર્ભગ્રંથો તો હજારોના હિસાબે વપરાયા છે. તમે વિચારો, ગુર્જર કવિઓની જૈન પરંપરાનું પ્રદાન કેટલું બધું મોટું છે કે એનો ઇતિહાસ લખવા માટે હજારો ગ્રંથો ઉપયોગમાં લેવા પડ્યા?

ઇ.સ.૧૩૫૫ માં લખાયેલ ષડાવશ્યક બાલાવબોધ (કર્તા – શ્રીતરૂણપ્રભાચાર્ય) એ ગુજરાતી સાહિત્યની સર્વપ્રથમ ગદ્યરચના ગણાય છે.

ગદ્ય અને પદ્ય સંબંધી નવીનતમ જાણકારીઓની ઉમેર્યા વિના પણ એટલું સ્પષ્ટ થાય છે કે આજની ગુજરાતી ભાષાના ઘડતરમાં પાયાનું કામ જૈન પરંપરાએ કર્યું છે.

આત્મચિંતન અને આત્મશુદ્ધિ એ ધર્મનું લક્ષ્ય છે. જૈન પરંપરાએ આ લક્ષ્ય માટે ગુજરાતી ભાષાને હાથમાં લીધી તેને લીધે ગુર્જરગિરાનો કિલ્લો મજબૂત રીતે ચણાઇ ગયો.

## ૨. હિંદી ભાષા

ભારતીય સંવિધાનનો ૩૪૩ ક્રમાંકિત આર્ટિકલ જણાવે છે કે હિંદી ભાષાએ ભારતદેશની રાષ્ટ્રભાષા છે. અડધું ભારત હિંદી ભાષામાં બોલે છે, શેષ ભારતમાં પ્રાદેશિક ભાષા વધુ ચાલે છે અને હિંદી ભાષા બીજા ક્રમાંકે છે. હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને હિમાચલ પ્રદેશમાં હિંદી ભાષા જ બોલાય છે. પ્રસાર માધ્યમોની મુખ્ય ભાષા હિંદી જ છે. ઇ.સ.૨૦૦૮ માં ૪૯૭ મિલિયન લોકો હિંદૂસ્તાની ભાષા બોલતા હતા એમ આધારસૂત્રો જણાવે છે. આશરે ૫૦ કરોડ લોકોની આ ભાષા છે એમ સમજો.

Languages of India – જણાવે છે કે – 'Adikal of Hindi starts from the middle of the 10th century to the beginning of the 14th century. During this period Jain poets like Swayambhu, Somdattsuri, Sharangdhar and Nalla Singh composed the Charit Kavyas which propagate moral tanets and portrayals of Nature.'

અર્થાત્ ઇસુના દસમા સૈકાથી ચૌદમા સૈકા દરમ્યાન હિંદી ભાષાનો પ્રારંભ થાય છે તે સમયે શ્રીસ્વયંભૂ, શ્રીસોમદત્તસૂરિ મ., શ્રી શારંગધર અને શ્રીનલ્લાસિંઘ જેવા રચનાકારોએ ચરિતકાવ્યોની રચના કરીને રાષ્ટ્રભાષાનો પાયો મજબૂત બનાવ્યો.

વિચારવાની વાત એ છે કે – હિંદી ભાષાના આદિકાળને જૈન રચનાકારોનો સ્પર્શ મળ્યો છે તેવું આ ભાષાના ઇતિહાસકારો સ્વયં કબૂલે છે.

ભાષા આદાન પ્રદાનનું માધ્યમ છે. ભાષા થકી વિનિયોગનું સર્જન થાય તે આપણા પૂર્વપુરુષોનું લક્ષ રહ્યું. ફાયદો હિંદી ભાષાને મળ્યો.

## ૩. કન્નડ ભાષા

ગુજરાતી વ્યક્તિને ભાગ્યે જ કન્નડ ભાષાનું કામ પડે. કર્ણાટકમાં વસતા જૈનો, જે મોટે ભાગે દિગંબરો છે – આ ભાષામાં બોલે છે. કુલ મળીને સાડાત્રણ કરોડ ભારતીય જનો કન્નડભાષી છે. અંદાજે ઇ.સ.૮૦૦માં કન્નડનો પ્રારંભ થયો હોવાનું મનાય છે. ઇ.સ.૮૪૦ની આસપાસ, શ્રી વિજય અને ગુણવર્મા

કન્નડમાં કાવ્યરચના કરે છે તેના લીધે એક દ્રવિડ કુળની ભાષા પર જૈન પરંપરાનો ઉપકાર પડે છે. પંપ, પોન્ના અને રન્ના આ ત્રિપુટી રચનાકારો, રામાયણ-મહાભારત અને જૈન મહાપુરૂષોની કથા કન્નડ ભાષામાં લખે અને તેનો ઉલ્લેખ Languages of India માં હોય તે નાનીસૂની બાબત ન જ ગણાય. કન્નડ ભાષાની બોલી અને લિપિ સાવ જ અલગ છે. ગુજરાતી, હિંદી કે મરાઠી સાથે ક્યાંય કશે સરખામણીમાં ન બેસે તેવી કન્નડભાષાને સમજાવતું વ્યાકરણ – કર્ણાટક શબ્દાનુશાસનમ્-શ્રી નાગવર્મા એ ઇસુની અગિયારમી શતાબ્દીમાં લખી દીધેલું એવી ઇતિહાસકાર નેમિચંદ્ર શાસ્ત્રીએ નોંધ કરી છે.

શું જૈન પરંપરાનો પ્રભાવ છે? ભારતના ખૂણે ખૂણે વસેલી પ્રજાની ભાષાને પ્રારંભથી જ જૈન પરંપરા અપનાવી લે છે અને તે તે ભાષામાં મુખ્યત્વે આત્મવિકાસ સંબંધી સાહિત્ય રચના કરે છે તેનો લાભ તે ભાષાને મળે છે. એક અણખેડાયેલી ભાષાને, વ્યાકરણ-કોશ અને કાવ્યપ્રકારો દ્વારા નવો ઉઘાડ સાંપડે છે.

ધર્મનું સાધ્ય આત્મશુદ્ધિ છે. ઇતિહાસ સ્વીકારે છે કે જૈન પરંપરાએ આધ્યાત્મિક ભૂમિકાએ જ સર્જન કર્યું છે. મુદ્દાની વાત એ કે જે જે લખાયું તેના થકી અજ્ઞાન અને અવિવેકનું નિવારણ આત્મબોધનાં સ્તરે પણ થયું અને ભાષા બોધનાં સ્તરે પણ થયું.

## ૪. સંસ્કૃતભાષા

પ્રભાવક ચરિતમાં લખ્યું છે તે મુજબ ચૌદપૂર્વની ભાષા હતી સંસ્કૃત. શ્રી ઉમાસ્વાતિજી મ.એ તત્ત્વાર્થસૂત્રની રચના કરી (અંદાજે પાંચમી શતાબ્દી) તે પૂર્વે આપણા ગ્રંથકાર ભગવંતોએ પ્રાકૃતભાષા પર જ પૂર્ણ લક્ષ્ય રાખ્યું હતું. પરિણામે, આગમસૂત્રો અને નિર્યુક્તિ અને ભાષ્ય અને ચૂર્ણિઓ પ્રાકૃતભાષામાં જ નિબદ્ધ થયા છે. શ્રી ઉમાસ્વાતિજી મ.એ સંસ્કૃત લેખન કર્યું. તે પછી આ ભાષામાં જે સર્જન ધારા ચાલી તે એટલી આગળ વધી ગઈ કે આજની તારીખે જૈન ગ્રંથકારોએ રચેલી સંસ્કૃત કૃતિઓ વધુ દેખાય છે અને સંસ્કૃતના મુકાબલે પ્રાકૃત કૃતિઓ સરેરાશ ઓછી દેખાય છે. જો કે, પ્રાકૃતમાં વિરચિત આગમસૂત્રો જેટલું માહાત્મ્ય અન્ય કોઈ ગ્રંથોનું બન્યું નહીં એ ચોક્કસ છે. સચ્ચાઈ એ પણ

છે કે જેટલું પ્રાકૃત ભાષામાં લખાયું છે, લખાતું રહ્યું છે તેનાથી વધારે, ઘણું વધારે સંસ્કૃતભાષામાં લખાતું રહ્યું છે. આજે પરિસ્થિતિ એવી છે કે સંસ્કૃતભાષા એ જૈન દર્શનને સમજવા માટેની ભાષા બની ગઇ છે. જૈન દાર્શનિક ગ્રંથો મુખ્યત્વે સંસ્કૃતમાં છે, જૈન તાત્ત્વિક ગ્રંથોની મૂળગાથાઓ પ્રાકૃતમાં છે અને વિસ્તૃત વિવરણ કરનારી ટીકાઓ સંસ્કૃતમાં છે. योगशास्त्र, लोकप्रकाश જેવાં ગ્રંથો કેવળ સંસ્કૃત ભાષામાં જ લખાયેલા છે. આગમસૂત્રોની ભાષા પ્રાકૃત (અર્ધમાગધી) ભાષા છે અને એ અર્થમાં પ્રાકૃત(અર્ધમાગધી) ભાષા એ જૈન પરંપરાની માતૃભાષા છે તેમ છતાં સમગ્ર ભારતની ધાર્મિક પરંપરાઓમાં પ્રચલિત એવી સંસ્કૃત ભાષામાં જૈન પરંપરાના ગ્રંથો વધુમાં વધુ લખાયા છે. સંસ્કૃતભાષાના, વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્યમાંથી જૈન સાહિત્યને બાદ કરી દો તો મોટો ખાડો સર્જાઈ જાય તે નક્કી છે. સંસ્કૃત ભાષાને સમૃદ્ધ બનાવવામાં જૈન પરંપરાનું યોગદાન અવર્ણનીય છે.

### ૫. પ્રાકૃત ભાષા

ભારતીય સાહિત્યમાં પ્રાકૃતભાષાનો દરજ્જો ઉંચો છે તેનો સંપૂર્ણ યશ જૈન પરંપરાને મળે છે. કેવળજ્ઞાન પ્રાપ્ય કર્યા બાદ તીર્થંકર ભગવંત સમક્ષ ગણધર દેવો ઉપસ્થિત થાય છે. તેઓ એક જ પ્રશ્ન ત્રણ વાર પૂછે છે – भयवं किं तत्तं? ભગવાન ત્રણ જવાબ આપે છે. उप्पनेइ वा, विगमेइ वा, धुवेइ वा આ પ્રશ્ન અને ઉત્તર બેય પ્રાકૃતભાષામાં હોય છે. આ પછી થનારી આગમ રચનાની પ્રમુખ ભાષા પ્રાકૃત જ રહી છે.

ભારત દેશમાં જ્યારે જે ભાષાનું ચલણ વધુ રહ્યું તે સમયે તે ભાષાને પ્રાધાન્ય આપવાનું વલણ જૈન પરંપરાએ અપનાવ્યું છે તેવું અનુમાન થાય છે. આ અનુમાન અનુચિત લાગે તો હાર્દિક ક્ષમાયાચન. આજે ચોતરફ જુઓ. ગુજરાતી અને હિંદીના ડંકા વાગે છે. સંસ્કૃતભાષા, ગુજરાતી અને હિંદી જેટલી પ્રચારમાં નથી. આ જ રીતે સંસ્કૃતભાષાનો પ્રચાર ખૂબ હતો ત્યારે પ્રાકૃત ભાષા પાછળ રહેવા લાગી. હવે આજે અંગ્રેજી ભાષાની સામે ગુજરાતી-હિંદી પણ પાછળ રહેવા લાગી છે તો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની શું વાત કરવી?

મુદ્દાની વાત એ છે કે પ્રાકૃતભાષાએ ભારતીય સાહિત્યને એક નવી ઉંચાઇ પર વિરાજમાન કર્યું છે. મુખ્યત્વે જૈન પરંપરા દ્વારા જ પ્રાકૃત ભાષા વિકસિત

થઇ છે. ગુજરાતી, હિંદી, કન્નડ અને સંસ્કૃત ભાષા કરતાંય જૂની ભાષા તરીકે પ્રાકૃત ભાષાનું સ્થાન ઘણું ઉંચું છે. આજની તારીખે જૈન તરીકે તમે આ પ્રાકૃત ભાષા સાથે કેટલા જોડાયેલા છો તે જોવું જરૂરી છે.

તમે નવકાર ગણો છો તે પ્રાકૃત ભાષામાં છે.

પંચિંદિય, ઇચ્છામિ ખમાસમણો, અબ્ભુટ્ઠિઓ, ઇરિયાવહિયં, લોગસ્સ, પુક્ખરવર, સિદ્ધાણં, વૈયાવચ્ચગરાણં, જગચિંતામણિ, નમુત્થુણં, ઉવસગ્ગહરં, જયવીયરાય, નાણમ્મિ, ઇચ્છામિ પડિક્કમિઉં, વંદિત્તુ, અડ્ઢાઇજ્જેસુ, ભરહેસર, અને કરેમિ ભંતે અને સમાઇયવય જુત્તો અને અન્ય ઘણાંય સૂત્રો પ્રાકૃતમાં છે. ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ પ્રાકૃતમાં છે.

પ્રતિક્રમણની ક્રિયામાં બોલાતાં સૂત્રોમાં અમુક પ્રાકૃત ભાષામાં છે, અમુક સંસ્કૃત ભાષામાં છે અને અમુક ગુજરાતી ભાષામાં છે તે ખરું. મૂળ સૂત્ર તરીકે જે આવશ્યક સૂત્રોનું સ્થાન છે તે પ્રાકૃત ભાષામાં છે.

૧. સામાયિક માટે करेमि भंते તે પ્રથમ આવશ્યક.

૨. ચતુર્વિંશતિ સ્તવ માટે लोगस्स તે બીજું આવશ્યક.

૩. વાંદણા માટે इच्छामि खमासमणो તે ત્રીજું આવશ્યક.

૪. પ્રતિક્રમણ માટે पगामसिज्जा કે वंदित्तु તે ચોથું આવશ્યક.

૫. કાઉસ્સગ્ગ માટે इच्छामि ठामि તે પાંચમું આવશ્યક.

૬. પચ્ચક્ખાણ માટે उग्गए सूरे આદિ તે છટ્ઠું આવશ્યક. આમ છ આવશ્યક સ્વરૂપ મૂળ વિધિનાં સૂત્રો જે એકથી વધારે છે તે પ્રાકૃત ભાષામાં છે.

સૂત્ર દ્વારા અર્થ સુધી પહોંચવું અને અર્થ દ્વારા તત્ત્વ=સારાંશ સુધી પહોંચવું તે પ્રક્રિયા અનિવાર્ય માનવામાં આવી છે. જો મૂળ સૂત્ર પ્રાકૃતમાં હોય તો એનો અર્થ સમજવા માટેની વ્યવસ્થા તે પ્રાકૃત સંબંધી વ્યાકરણ છે. વ્યાકરણમાં શબ્દપ્રયોગ અને વાક્યરચનાનાં મુખ્ય નિયમો સમજાવેલાં હોય છે.

આજની કરુણ સચ્ચાઈ એ છે કે દરેક દરેક જૈનને ધર્મક્રિયાનાં મૂળ સૂત્ર આવડતાં નથી અને જેને જેને સૂત્ર આવડે છે તેને સૂત્રના અર્થની સમજ નથી. પરિણામે ધર્મનાં ક્ષેત્રે આવનારો વર્ગ બે પ્રકારનો બની ગયો છે. એક એવો વર્ગ

જેને સૂત્રો આવડતા નથી. બીજો વર્ગ એવો છે સૂત્ર તો જાણે છે પરંતુ સૂત્રમાં અશુદ્ધિ બેશુમાર છે.

બાળપણથી ગુજરાતી, હિંદી કે અંગ્રેજી ભાષા સાથે જોડાયેલી વ્યક્તિને મોટા થયા બાદ તે તે ભાષા બોલાયેલું કે લખાયેલું બધું સમજાતું હોય છે તેમ બાળપણથી જ પ્રાકૃતભાષા અથવા સંસ્કૃતભાષા સાથે જોડાયેલી વ્યક્તિને આ ભાષાઓમાં બોલાયેલું અને લખાયેલું, મોટા ભાગે સમજાઇ જતું હોય છે. તકલીફ એ થઇ છે કે પ્રાકૃતભાષા કે સંસ્કૃત ભાષા શીખીને આપણું સાહિત્ય આપણે સમજીએ એવા અભિગમ રહ્યો નથી. ઉપરથી જે નથી સમજાતું તેને ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં બદલી નાંખો એવો આગ્રહ બની રહ્યો છે. શ્રી મહાવીર સ્વામી ભગવાન્ પ્રાકૃત ભાષામાં બોલતા હતા, ગણધરોએ ભગવાનના કથનના આધારે જે આગમસૂત્રોની રચના કરી તેની ભાષા પ્રાકૃત હતી. આજે પ્રાકૃતભાષા રૂપે આગમસૂત્રો ઉપરાંતનું અઢળક સાહિત્ય ઉપલબ્ધ છે.

ભારતીય ભાષાઓના ઇતિહાસમાં જ્યારે જ્યારે પ્રાકૃતભાષા વિશે લખાય છે ત્યારે ત્યારે તેને જૈન પરંપરા સાથે જોડી દેવામાં આવે છે. જૈન પરંપરાએ પ્રાકૃત ભાષાને ગરિમા બક્ષી છે તેમ ઇતિહાસ કહે છે અને વર્તમાન પરિસ્થિતિ એ છે કે જૈન પરંપરાના વારસદારોમાંનો મોટો ભાગ પ્રાકૃતભાષા સાથેનું જોડાણ ગુમાવી ચૂક્યો છે.

પ્રાકૃતભાષાના વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તરે ઘટી રહ્યા છે તેવો રિપોર્ટ માર્ચ-૨૦૧૬માં ટાઇમ્સ ઓફ ઇંડિયા દ્વારા પ્રકાશિત થયો હતો. ભારતમાં અને ભારતની બહાર પ્રાકૃતભાષાના અધ્યેતાઓ ઘટતા જાય છે તેને લીધે પ્રાકૃતભાષાને ડેડ લેંગ્વેજ તરીકે પણ જોવામાં આવી રહી છે. આવશ્યક સૂત્રોની આધારશિલા બનેલી પ્રાકૃતભાષાને આપણે વ્યાપક બનાવીએ એ આપણું કર્તવ્ય છે.

## (૪)

## ||પ્રાકૃત ભાષા સંબંધી ચાર ભ્રમણાઓ||

**ભ્રમણા - ૧**

પ્રાકૃત ભાષાનો જન્મ સંસ્કૃતભાષામાંથી થયો છે. પ્રાકૃત ભાષા એ મૌલિક ભાષા નથી.

**સ્પષ્ટતા—**

ત્રણ મત ચાલે છે.

૧. પ્રાકૃતભાષામાંથી સંસ્કૃતભાષાનું અવતરણ થયું.

૨. સંસ્કૃતભાષામાંથી પ્રાકૃત ભાષાનું અવતરણ થયું.

૩. કોઈ પુરાતન ભાષામાંથી આજની સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું અવતરણ થયું છે.

પ્રથમ મત કહે છે કે - સંસ્કૃત ભાષાનો સર્વપ્રથમ ગ્રંથ અને સંસ્કૃત ભાષાનું સર્વપ્રથમ વ્યાકરણ જ્યારે પણ લખાયા તે સમયની પૂર્વે પણ લોકોમાં ભાષાઓ હતી. તે ભાષાઓ બોલચાલ માટે વપરાતી. રાજ્ય બદલાય તેમ બોલી બદલાતી. આ સામાન્ય જન સમાજની ભાષા હતી. એ ભાષા સહજ હતી. સામાન્ય જનને પ્રકૃતિની ભાષા પૂર્વે હતી. તેમાંથી એક પ્રશિષ્ટ ભાષાનું વ્યાકરણ બન્યું. એ હતું સંસ્કૃતભાષાનું વ્યાકરણ. ઇસુની દસમી સદીમાં યાયાવર રાજશેખર કવિએ બાલમહાભારત લખ્યું તેમાં પ્રાકૃતભાષાને સંસ્કૃતભાષાની જન્મભૂમિ તરીકે ઓળખાવી છે. પં.બેચરદાસ દોશીએ જણાવ્યું છે કે 'સૌથી પ્રાચીન સંસ્કૃત ગ્રંથ છે, વેદ. તેમાં ઘણાબધા શબ્દપ્રયોગો એવા છે જેને સંસ્કૃત વ્યાકરણ મુજબ સિદ્ધ કરી શકતા નથી. એ શબ્દ પ્રયોગોને પ્રાકૃત વ્યાકરણ મુજબ સિદ્ધ કરી શકાય છે. સંસ્કૃત ભાષાના સર્વપ્રથમ ગ્રંથમાં ઘણાય શબ્દપ્રયોગ પ્રાકૃતભાષા મુજબના હોય તેનાથી પુરવાર એ થાય છે કે સંસ્કૃતના પ્રથમ ગ્રંથની રચના થઇ તે પૂર્વે પ્રાકૃતભાષા હતી.

ઓશો (રજનીશ) કહે છે કે - 'કૂવામાંથી નીકળેલ તેલને ક્રૂડ ઓઇલ કહેવાય છે. બજારમાં મળતા તેલને ફિલ્ટર ઓઇલ કહેવાય છે. આપણે જાણે ફિલ્ટર ઓઈલ જ વાપરતાં હોઇએ પરંતુ ફિલ્ટર ઓઇલની પૂર્વ અવસ્થા તે ક્રૂડ ઓઇલ છે. સંસ્કૃતભાષા એક સુશ્લિષ્ટ ભાષા છે - ફિલ્ટર ઓઇલ જેવી પરંતુ સંસ્કૃત ભાષાની પુરોગામી ભાષા પ્રાકૃતભાષા છે જે ક્રૂડ ઓઇલ જેવી છે. પહેલા ક્રૂડ ઓઇલ નીકળે છે પછી તે ફિલ્ટર થાય છે તેમ પૂર્વે प्राकृतिक भाषा હતી તે પછી संस्कारित भाषा આવી. प्राकृतिक તે પ્રાકૃત ભાષા સંસ્કારિત તે संस्कृतभाषा.

જો કે, વૈદિક દર્શનના અનુયાયીઓ આ મતને માનતા નથી.

બીજો મત કહે છે કે સૌ પ્રથમ વૈદિક સંસ્કૃત ભાષા હતી. તે પછી લૌકિક સંસ્કૃત ભાષાનું વ્યાકરણ બન્યું. આ લૌકિક સંસ્કૃતમાંથી જ પ્રાકૃત અને અન્ય તમામ ભાષાઓ નીકળી છે. જૈન દર્શનને ન માનનારા અધિકાંશ ઇતિહાસ લેખકોએ આ જ રજૂઆત કરી છે. અને આ માન્યતાને ખૂબ પ્રચાર મળ્યો છે. આ મંતવ્ય અનુસાર - પ્રશિષ્ટ સમાજમાં સંસ્કૃત ભાષાનું જ ચલણ હતું. સાધારણ સમાજને સંસ્કૃત ભાષા ફાવતી નહીં તેથી તેઓ સાધારણ કક્ષાની ભાષા વાપરતા તે પ્રાકૃત ભાષા. આ માન્યતા અનુસાર - સંસ્કૃત ભાષા ઉપર જ નિર્ભર છે, પ્રાકૃત ભાષા.

બીજા મતનો જવાબ પ્રથમ મતના વાંચનથી મળી રહે છે. ત્રીજો મત કહે છે કે - સંસ્કૃત ભાષા અને પ્રાકૃત ભાષા એક બીજાની પૂરક ભાષા છે. આજે સંસ્કૃત ભાષા અને પ્રાકૃત ભાષાનું પોતપોતાનું વ્યાકરણ છે, શબ્દકોશ છે અને વિશાળ સાહિત્ય છે. દ્વાદશાંગીની રચના થઇ તેમાં દૃષ્ટિવાદ (ચૌદપૂર્વ) સંસ્કૃતભાષામાં બન્યા અને શેષ અગિયાર અંગસૂત્રો પ્રાકૃત ભાષામાં બન્યા. પ્રાકૃત ભાષાનો પ્રચાર વધે તે જરૂરી છે પરંતુ પ્રાકૃત ભાષાનો પક્ષ લઇને સંસ્કૃત ભાષાના વિરોધમાં ઊભા રહેવાનું વલણ તદ્દન અનાવશ્યક છે. પ્રાકૃત ભાષા જૈન દર્શનની ભાષા છે. સંસ્કૃત ભાષા વૈદિકદર્શનની ભાષા છે. મુખ્ય વાત એ છે સંસ્કૃત ભાષા, પ્રાકૃત ભાષા અને પાલિ ભાષા એ ભારતદેશની પ્રાચ્ય ભાષાઓ છે.

**ભ્રમણા-૨**

प्राकृत भाषा એ એક જ ભાષા છે.

**સ્પષ્ટતા**

प्राकृत भाषा એ વસ્તુતઃ એકાધિક ભાષાઓનો સમૂહ છે.

- ગણધરપ્રણીત આગમસૂત્રોની પ્રાકૃતભાષાના અમુક પ્રયોગોને જોઇને આગમસૂત્રોની પ્રાકૃત ભાષાને अर्धमागधी પ્રાકૃત કહેવામાં આવે છે.
- શ્વેતાંબર પરંપરાના આગમેતર ગ્રંથોમાં પ્રયોજાયેલી प्राकृत भाषाને महाराष्ट्री प्राकृत કહેવામાં આવે છે.
- દિગંબર પરંપરાના પ્રાચીન ગ્રંથોમાં પ્રયોજાયેલી प्राकृत भाषाને शौरसेनी प्राकृत કહેવામાં આવે છે.

- પૈશાચી અને ચૂલિકા પૈશાચી આ બે પ્રકારો પણ પ્રાકૃત ભાષામાં ઉપલબ્ધ છે.
- સૌથી જૂની લોકભાષા રૂપે પ્રચલિત - अपभ्रंश ભાષા એ પણ प्राकृत भाषानो જ એક પ્રકાર છે.
- અર્ધમાગધી પ્રાકૃતભાષા એ તીર્થંકર ભગવંતોની દેશનાની ભાષા છે. અત્યાર સુધી એનું વ્યાકરણ ઉપલબ્ધ નહોતું. હવે अर्धमागधी વ્યાકરણ મળે છે.
- महाराष्ट्री प्राकृत અને शौरसेनी प्राकृत અને अपभ्रंश प्राकृतનાં સ્વતંત્ર વ્યાકરણ મળે છે.
- पैशाची અને चूलिका पैशाची આ બેય પ્રાકૃતના થોડાક નિયમો છે જે ઉપલબ્ધ છે.

આ છ પ્રકારની પ્રાકૃતભાષામાં થોડો થોડો ફરક છે, બાકી તે એકબીજાને મળતી આવે છે. આ છ સિવાય અન્ય પ્રકારની પ્રાકૃતભાષાઓનાં નામ પણ મળે છે. એમના વ્યાકરણ મળતાં નથી.

પ્રાકૃતભાષાના પ્રખર પંડિતો પ્રાકૃત ભાષા વિશે બોલે કે લખે ત્યારે Prakrit Languages, प्राकृत भाषाएं આ રીતે બહુવચનનો જ પ્રયોગ કરે છે.

**ભ્રમણા-૩**

સંસ્કૃત સાહિત્યમાં એવો નિયમ છે કે મહિલાપાત્રો માટે પ્રાકૃત ભાષા છે અને પ્રધાન પુરુષો માટે સંસ્કૃત ભાષા છે. આનો અર્થ એ છે કે પ્રાકૃત ભાષા કમજોર પાત્રો માટેની ભાષા છે.

**સ્પષ્ટતા**

સંસ્કૃત મહાકાવ્યો, ખંડકાવ્યો, ગીતિકાવ્યો, કથાઓ, પુરાણોમાં મહિલા પાત્રોનાં મુખેથી સંસ્કૃતભાષાના સંવાદ જ રજૂ થાય છે. આ સર્વવિદિત છે તેથી એમ કહેવું ઉચિત નથી કે મહિલાં પાત્રો માટે સંસ્કૃત ભાષા વર્જ્ય છે. સંસ્કૃત દશ્ય કાવ્યોમાં એટલે કે નાટકોમાં એવો નિયમ છે કે સંસ્કૃતભાષામાં નાયક બોલે

અને નાયિકા વિ.મહિલા પ્રાકૃતમાં બોલે. સંસ્કૃત નાટકમાં જેટલું નાયકનું મહત્ત્વ છે તેટલું જ નાયિકા અને વિદૂષકનું છે. આ ત્રણ ન હોય તો કથા આગળ જ ન વધે એટલે તુચ્છ પાત્ર પ્રાકૃતભાષા વાપરે છે તેવો મુદ્દો બનતો નથી. વળી દરેક સંસ્કૃત નાટકમાં પ્રાકૃત ભાષા સંવાદ અચૂક હોય છે. જો પ્રાકૃતભાષા તુચ્છ હોય તો સંસ્કૃત નાટકનું સ્તર પણ તુચ્છ ગણાઇ જાય. સંસ્કૃત નાટકની નાયિકાઓનાં નામ વાંચો. જાનકી, દ્રૌપદી, વાસવદત્તા, શકુંતલા. આ મહાન્ નારીઓને તુચ્છ પાત્ર માનવાનો અભિગમ કોઇ નાટ્યકાર ન રાખે. સંસ્કૃત નાટકના ઇતિહાસ લેખકોએ એક એવી પણ ધારણા રજૂ કરી છે કે - નાટકના દર્શકોમાં બધાને જ સંસ્કૃતભાષા આવડતી ન હોય માટે સંસ્કૃત સિવાયની ભાષાને નાટ્ય સાહિત્યમાં સ્થાન અપાયું. નાટકનો પ્રચાર વધે તેમાં પ્રાકૃતભાષાનું ગૌરવ વધે એવી વાત છે કે - સંસ્કૃતભાષાના દરેક દરેક નાટકમાં પ્રાકૃત ભાષાને વિસ્તારપૂર્વક સ્થાન આપવામાં આવ્યું છે. સંસ્કૃતભાષાની તુલનામાં પ્રાકૃતભાષાને કમતર આંકવાનો અભિગમ નાટ્યકારોનો નથી.

**ભ્રમણા-૪**

પ્રાકૃતભાષામાં કેવળ ધાર્મિક સાહિત્ય જ લખાયું છે.

**સ્પષ્ટતા**

શ્રેષ્ઠ કક્ષાનું ધાર્મિક અને આધ્યાત્મિક સાહિત્ય પ્રાકૃત ભાષામાં ભરપૂર લખાયું છે. સાથોસાથ નવરસ પ્રચુર કાવ્યરચનાઓ પણ પ્રાકૃતભાષામાં થયેલી છે. પ્રાકૃતભાષામાં ધર્મ-અર્થ-કામ-મોક્ષ એમ ચારેય પુરુષાર્થનું સાહિત્ય રચાયું છે. સંસ્કૃત સાહિત્યમાં અમુક વિષયોનું જેવું ખેડાણ નથી થયું તેવું પ્રાકૃત સાહિત્યમાં થયેલું જોવા મળે છે.

## (૫)

## પ્રાકૃત ભાષાની સેવા માટે તમે આટલું કરી શકો છો - કરશો?

૧) તમને પ્રાકૃતભાષામાં રચિત અમુક સૂત્રો અને સ્તોત્રો આવડતા હોવા જોઇએ. તે તે સૂત્ર અને સ્તોત્રનો અર્થ તમે એ રીતે શીખી લો કે જ્યારે

જ્યારે સૂત્ર કે સ્તોત્ર બોલવાનું થાય ત્યારે ત્યારે તેનો અર્થ મનમાં ઉપસ્થિત થઇ જાય.

૨) તમે પ્રાકૃતભાષામાં લખાયેલ ગદ્ય કે પદ્યને - સંસ્કૃત છાયા વિના કે પછી અનુવાદ અને વિવેચન વિના સમજી શકો છો? પ્રાકૃતભાષા સાથેનો પ્રત્યક્ષ સંપર્ક તમે કરી શકો તે માટે જરૂરી છે કે તમે પ્રાકૃતભાષાનું વ્યાકરણ શીખી લો અને પ્રાકૃત શબ્દકોશમાંથી મહત્ત્વના શબ્દો અલગ તારવીને યાદ કરી લો.

૩) તમને પ્રાકૃતભાષામાં લખાયેલ સાહિત્યના થોડાક પાનાં, ગુજરાતી કે હિંદી કે અંગ્રેજીમાં અનુવાદ કરવા માટે આપવામાં આવે તો તમે કરી શકો. આમાં તમારી પ્રાકૃતભાષા તો સારી હોવી જ જોઇએ, સાથે સાથે ગુજરાતી કે હિંદી કે અંગ્રેજી પણ સારી હોવી જોઇએ.

૪) તમે તમારો વિચાર પ્રાકૃતભાષામાં લખીને વ્યક્ત કરી શકો છો? તમને પ્રાકૃતભાષામાં લખતાં આવડવું જોઇએ.

૫) તમે અન્ય વ્યક્તિ સાથે પ્રાકૃતભાષામાં વાત કરી શકો છો? તમે કોઇ પ્રાકૃતભાષામાં ઉપદેશ આપી શકો કે વાર્તા સંભળાવી શકો? પ્રાકૃતભાષામાં વાર્તાલાપ કરતા આવડે છે તમને? પ્રાકૃતભાષામાં સંભાષણ કરવું જ જોઇએ.

૬) તમે અન્યને પ્રાકૃતભાષાનું વ્યાકરણ ભણાવી શકો છો? તમે પ્રાકૃતભાષામાં વિરચિત ગ્રંથોનું વાંચન કરાવી શકો છો? તમારું આ સ્તર હોય એ તમારી સૌથી મોટી સિદ્ધિ કહેવાય.

૭) પ્રાકૃત સાહિત્ય સંબંધી વિવિધ ઇતિહાસ ગ્રંથો લખાયા છે. તેનું વિવેકપૂર્વક વાંચન કરવું તેમ જ કરાવવું. પ્રાકૃત ભાષાઓ સંબંધી ઇતિહાસ અને પરિચય રજૂ કરનારા ગ્રંથોનો યથાસંભવ પ્રચાર-પ્રસાર કરવો.

૮) પ્રતિભાવંત વિદ્વાનો અને વિદ્યાર્થીઓ પ્રાકૃત ભાષાના અધ્યાપન અને અધ્યયનમાં જોડાય તેવી વ્યવસ્થાઓ કરવી અને એવી વ્યવસ્થાઓને બળ આપવું.

૯) વાસ્તવિક રીતે પ્રાકૃત ભાષા એ શાસ્ત્રીય ભાષા છે. તેનુ લક્ષ્ય ધર્મ અને

મોક્ષ છે. આ ભાષાને વ્યાવસાયિકતા અને શૈક્ષણિક પદવીઓનું માધ્યમ બનાવવાની ભૂલ ન થાય તેની તકેદારી રાખવી.

(૬)

## પ્રાકૃતભાષાના ૧૦ શ્રેષ્ઠ જૈન કથા ગ્રંથો

| | |
|---|---|
| ૧) પઉમચરિયં | (વીર સંવત્ ૫૩૦માં રચના) |
| ૨) વસુદેવહિંડી | (વિક્રમની ચોથી શતાબ્દી) |
| ૩) સમરાઇચ્ચકહા | (વિક્રમની છટ્ઠી શતાબ્દી) |
| ૪) ચઉપન્નમહાપુરિસચરિયં | (વિક્રમની દશમી શતાબ્દી) |
| ૫) ભુવણસુંદરીકહા | (વિક્રમની દશમી શતાબ્દી) |
| ૬) મહાવીરચરિયં | (વિક્રમની બારમી શતાબ્દી) |
| ૭) મુણિસુવ્વયસામિચરિયં | (વિક્રમની બારમી શતાબ્દી) |
| ૮) કુમારવાલચરિયં | (વિક્રમની બારમી શતાબ્દી |
| ૯) કુમારવાલપડિબોહો | (વિક્રમની તેરમી શતાબ્દી) |
| ૧૦) સિરિસિરિવાલકહા | (વિક્રમની પંદરમી શતાબ્દી) |

## પ્રાકૃતભાષાના ૧૦ શ્રેષ્ઠ જૈન ગ્રંથો

| | |
|---|---|
| ૧) ઉપદેશમાલા | (વીર સંવત્ પ્રારંભિક સમય) |
| ૨) સન્મતિતર્ક | (વીર સંવત્ ૪ પ્રારંભિક સમય) |
| ૩) કર્મપ્રકૃતિ | (વિક્રમની ચોથી-પાંચમી શતાબ્દી) |
| ૪) પંચસૂત્ર | (વિક્રમની છટ્ઠી શતાબ્દી) |
| ૫) ઉપદેશપદ | (વિક્રમની છટ્ઠી શતાબ્દી) |
| ૬) ભવભાવના | (વિક્રમની બારમી શતાબ્દી |
| ૭) પ્રવચનસારોદ્ધાર | (વિક્રમની તેરમી શતાબ્દી) |
| ૮) ઉપદેશરત્નાકર | (વિક્રમની પંદરમી શતાબ્દી) |
| ૯) શ્રાદ્ધવિધિ | (વિક્રમની સોળમી શતાબ્દી) |
| ૧૦) ગુરુતત્ત્વવિનિશ્ચય | (વિક્રમની અઢારમી શતાબ્દી) |

# વિભાગ ૪

## પ્રકરણ ૧૯

# સમાસવિચાર

### (૨૮૮) અર્ધમાગધીમાં સમાસવિચાર

પ્રાકૃત વૈયાકરણોએ પ્રાકૃત ભાષામાં સમાસનો વિચાર સ્વતંત્રપણે કરેલો નથી. કારણ કે પ્રાકૃતમાં[૧] સમાસવિચાર સંસ્કૃતમાં જે સમાસ[૨] વિચાર છે[૩] તેના પરથી આવ્યો છે. એટલે સંસ્કૃતમાં જે સમાસવિચાર છે તેના આધારે જ અર્ધમાગધીમાં સમાસવિચાર આગળ કરવામાં આવ્યો છે.

### (૨૮૯) સમાસ

અનેક શબ્દોમાં પરસ્પર સંબંધ બતાવનારા શબ્દ કે તે શબ્દોનો અન્ય વસ્તુ સાથે સંબંધ દર્શાવતા શબ્દો અથવા વિભક્તિ પ્રત્યય લોપ થઇને, અર્થમાં બદલ ન થતા તેના સંયોગાથી વ્યાકરણની દષ્ટિએ જે એક વિશિષ્ટ પદ સિદ્ધ થાય છે તેને સામાસિક શબ્દ અથવા સમાસ કહેવાય છે. ઉદાહરણ તરીકે— चोरभयं, दंडहत्थो વગેરે.

### (૨૯૦) સમાસનાં સામાન્ય વૈશિષ્ટ્યો

૧) સમાસમાં આવેલા ઘટક—શબ્દોનો પરસ્પર સંબંધ કે તેનો અન્ય વસ્તુ સાથે જે સંબંધ હોય તે સમાસમાં પ્રત્યક્ષપણે વ્યક્ત નથી હોતો. તેમ છતાં આ સંબંધ વ્યક્ત કરવાનું સામર્થ્ય તે સંપૂર્ણ સમાસમાં હોય છે.

૨) આવા સંબંધ માટે ઓછામાં ઓછા બે શબ્દો આવશ્યક છે માટે સમાસમાં બે પદ હોવા જ જોઇએ.

---

૧ પ્રાકૃતના સમાસોનાં અધિક જ્ઞાન માટે અને પરંપરા-ભેદ જ્ઞાન માટે Nominal composition in middle Indo-aryan. by G. V. Davane આ ગ્રંથ જોવો.

૨ तादृश एवात्र तु समासाः। માર્ક ૮.૩૪

૩ અર્ધમાગધીમાં સમાસઘટના છે તે મોટે ભાગે સંસ્કૃત જેવી જ છે. છતાં પણ અર્ધમાગધીના સમાસમાં કેટલાક ભેદ જોવા મળે છે. ઉદાહરણ— तडिविमलसरिस (विमलतडिसरिस), पंचासवपरिन्नाया (परिन्नायपंचासवा), परीसहरिऊदंता (दंतपरीसहरिऊ), चउक्कसायावगए (अवगयचउक्कसाए), आइण्णजणमणुस्सा (जणमणुस्साइण्णा)

૩) સમાસનો સંબંધ આ અર્થ સમાસમાં રહેલા પદોના વ્યક્તિગત અર્થથી રહિત હોય છે. છતાં પણ તે અર્થોના સંબંધથી જ ઉત્પન્ન થનારા જે અર્થ છે તે સંપૂર્ણ સમાસના અર્થો હોય છે. ઉદાહરણ તરીકે— 'भवभय'માં 'ભવથી ભય' આ અર્થ જો કે ભવ અને ભયના વ્યક્તિગત અર્થથી ભિન્ન છે. છતાં પણ તે તેના અર્થના સંબંધથી જ સિદ્ધ થયેલ છે.

૪) અનેક શબ્દોનું અર્થની દૃષ્ટિએ એકીકરણ કરીને સમાસ બને છે. એટલા માટે સમાસમાં જ અનેક શબ્દો આવે છે.

૫) સમાસમાં જે અનેક શબ્દો આવે છે તેમાંથી અંત્ય શબ્દ સિવાય અન્ય બધા જ[૧] શબ્દોની વિભક્તિ નાશ પામે છે. એટલા માટે અંત્ય શબ્દને છોડીને અન્ય શબ્દો પોતપોતાના મૂળ સ્વરૂપમાં રહે છે.

૬) વ્યાકરણની દૃષ્ટિએ વાક્યમાં સમાસના જે લિંગ, વચન, વિભક્તિ[૨] હોય છે તે સમાસનાં ફક્ત અંત્ય પદને જ લાગુ પડે છે. ઉદાહરણ તરીકે— <u>सुहणिसण्णे</u>, जाणगिहेसु, उच्चनीयमज्झिमकुलाइं વગેરે

**(૨૯૧) સમાસનાં પદો**

જે શબ્દો એકત્ર થઇને સમાસ બને છે તેને સમાસનાં પદો કહે છે. પદોનાં સમાસમાં રહેલા સ્થાનક્રમ પ્રમાણે તેને પૂર્વપદ, ઉત્તરપદ એવી સંજ્ઞા આપવામાં આવે છે.

ઉદાહરણ તરીકે— 'नीलुप्पल'માં नील એ પૂર્વપદ અને उप्पल એ ઉત્તરપદ છે.

નામો, વિશેષણો, ધાતુસાધિતો અને અવ્યયો એ સમાસમાં પદ તરીકે આવી શકે છે.

**(૨૯૨) સમાસનો વિગ્રહ**

સમાસમાં રહેલા પદોનો પરસ્પર સંબંધ કે તે પદોનો અન્ય વસ્તુ સાથે

---

૧ ક્યારેક સમાસમાં પૂર્વપદની વિભક્તિ તેમ જ રહે છે. એવા સમાસને 'અલુક્ સમાસ' કહેવાય છે. ઉદાહરણ તરીકે— अंतेवासि, खेयर, जुहिट्ठिल વગેરે.

૨ યદ્યપિ અવ્યયીભાવ સમાસ નપુંસક દ્વિતીયા એકવચન માં હોય છે. છતાં પણ અર્ધમાગધીમાં ક્યારેક તેની અન્ય વિભક્તિ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—जावज्जीवाए, पडिरूवेण વગેરે

રહેલો સંબંધ —જે સમાસમાં પ્રત્યક્ષપણે વ્યક્ત થતો નથી, વિભક્તિ પ્રત્યયોની સહાયતાથી કે અન્ય યોગ્ય શબ્દોની સહાયતાથી સ્પષ્ટ થશે, એવી રીતે સમાસનાં પદોને અલગ કરીને બતાવવું તેને સમાસનો 'વિગ્રહ કરવો' એમ કહી શકાય[૧].

ઉદાહરણ તરીકે—

गगणपडियं—गगणाओ पडियं (પંચમી વિભક્તિનો ઉપયોગ),

कमलमुहं—कमलं इव मुहं, અથવા मुहं एव कमलं,

देवदाणवा—देवा य दाणवा य વગેરે

**(૨૯૩) સમાસના પ્રકાર**

અર્થની દૃષ્ટિએ સમાસમાં રહેલા પદોનું ઓછું વધારે પ્રાધાન્ય હોય છે. ઉદાહરણ તરીકે— 'रत्तकमलं' માં 'कमल' એ ઉત્તરપદનું મહત્ત્વ છે. આવાં મહત્ત્વયુક્ત પદને 'પ્રધાન' પદ અને બાકી રહેલા પદને 'ગૌણ' પદ કહેવાય છે.

અર્થની દૃષ્ટિએ સમાસમાં ક્યારેક બન્ને પદોને (ઉદાહરણ તરીકે—जीवाजीवा) ક્યારેક ઉત્તરપદને (ઉદાહરણ તરીકે—विसमरणं), ક્યારેક પૂર્વપદને (ઉદાહરણ તરીકે—पइदिणं) તો ક્યારેક બન્ને પદથી દર્શિત થનારા અન્યપદને (ઉદાહરણ તરીકે—चंदवयणा) પ્રાધાન્ય આપવામાં આવે છે. આના પરથી સમાસના ચાર મુખ્ય પ્રકારો પડે છે. તે આ પ્રમાણે છે.

૧) ઉભયપદપ્રધાન (દ્વંદ્વ)

૨) ઉત્તરપદપ્રધાન (તત્પુરુષ)

૩) પૂર્વપદપ્રધાન (અવ્યયીભાવ) અને

૪) અન્યપદપ્રધાન (બહુવ્રીહિ)

આ ચાર પ્રકારના સમાસમાંથી અવ્યયીભાવ છોડીને અન્ય ત્રણેના અનેક ભેદ થાય છે. આ સમાસોનાં અને તેના ભેદોનાં સામાન્ય અને વિશેષ લક્ષણ વિગ્રહ સહિત ઉદાહરણો હવે આગળ આપવામાં આવે છે.

**(૨૯૪) દ્વંદ્વ (દંદ)**

દ્વંદ્વ એ ઉભયપદ પ્રધાન સમાસ છે. તે ક્યારેક સમૂહની કલ્પનાનો દર્શક હોય

---

૧ સમાસમાં રહેલા પદોનો ઉપયોગ કરીને વિગ્રહ ન થઇ શકે ત્યારે નિત્ય સમાસ થાય છે. કાળે (પત્ર-૧૧૪)

છે તો ક્યારેક સ્વતંત્રપણે વિચારમાં લીધેલી વસ્તુનો નિદર્શક[1] હોય છે.

વિગ્રહમાં (અનુસ્વાર પછી) 'च' અથવા (સ્વર પછી) 'य' નો[2] ઉપયોગ કરવો પડે છે અને પદોની પ્રથમા વિભક્તિ વાપરવામાં આવે છે.

### (૨૯૪.૧) ઇતરેતર દ્વંદ્વ

ઇતરેતર દ્વંદ્વ સમાસમાં વસ્તુ સ્વતંત્ર ગણવામાં આવે છે એટલે કે તેનો સ્વતંત્રપણે વિચાર કરવામાં આવે છે. સ્વાભાવિકપણે આ સમાસ અનેકવચની થાય છે. અને અંત્ય પદના લિંગાનુસાર સંપૂર્ણ સમાસનું લિંગ નક્કી થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) बीयहरियाइं—बीयाणि य हरियाइं च।

૨) गामनयरेसु—गामा य नयरा य तेसु।

૩) हिरीसिरिधिइकित्तिबुद्धिलच्छीओ—
हिरी य सिरी य धिई य कित्ती य बुद्धि य लच्छी य।

### (૨૯૪.૨) સમાહાર દ્વંદ્વ

સમાહાર દ્વંદ્વમાં[3] વસ્તુને સમૂહ દૃષ્ટિથી વિચારવામાં આવે છે. એટલા માટે આ સમાસ સમુદાયવાચક અથવા કોઇ એક સંયુક્ત કલ્પના બતાવનાર હોય છે. આ સમાસ પ્રાયઃ[4] નપુંસકલિંગ એકવચનમાં હોય છે[5]. ઉદાહરણ તરીકે—

૧) मंससोणियं—मंसं च सोणियं च।

૨) कुंथुपिवीलियं —कुंथू य पिवीलिया य तेसिं समाहारो।

૩) अन्नपाणं—अन्नं च पाणं च।

---

૧ દ્વંદ્વ સમાસ સમૂહ કલ્પનાદર્શક (સમાહાર) કે સ્વતંત્ર વસ્તુદર્શક (ઇતરેતર) કરવું એ અર્થાનુરૂપ બોલનારની ઇચ્છા પર આધારિત છે.

૨ ક્યારેક 'वा' વિકલ્પવાચકનો વિગ્રહમાં ઉપયોગ કરવામાં આવે છે.

૩ પ્રાયઃ શરીરાવયવ વાચક શબ્દ, કીટક વાચક શબ્દ, સ્વાભાવિક વેર રાખનાર પ્રાણીવાચક શબ્દ, સ્વાભાવિક વિરોધદર્શક શબ્દ વગેરેનો સમાહાર દ્વંદ્વ થાય છે.

૪ અર્ધમાગધીમાં ક્યારેક ક્યારેક અંત્ય પદના લિંગાનુસાર સમાહાર દ્વંદ્વનું લિંગ બને છે. ઉદાહરણ— छुहातण्हाए।

૫ વિગ્રહમાં 'च' અને 'य' સિવાય तेसिं समाहारो એવો શબ્દ પણ વપરાય છે.

૪) वहुवरं—वहू य वरो य।

**ટીપ**—સમાસ 'ઇતરેતર' કરો કે 'સમાહાર' કરો તે વક્તાની ઇચ્છાનુસાર રહે છે. એટલે ક્યારેક ક્યારેક પદોનો સમાસ ઇતરેતર તથા સમાહાર પણ મળે છે. ઉદાહરણ તરીકે—गंधमल्ले, गंधमल्लं, पाणभूयाइं, पाणभूयं વગેરે.

**(૨૯૪.૩)** કેટલાક દ્વંદ્વનો વિગ્રહ 'वा'નો ઉપયોગ કરીને કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) निंदापसंसासु—निंदाए वा पसंसाए वा।

૨) लाभालाभे—लाभे वा अलाभे वा।

**(૨૯૪.૪)** બે વિશેષણ ભિન્ન વસ્તુ સાથે સંબંધિત હોય તો તેનો દ્વંદ્વ[૧] સમાસ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) उच्चावयं—उच्चं च अवयं च।

૨) उच्चनीयं—उच्चं च नीयं च।

## (૨૯૫) તત્પુરુષ (तप्पुरिस)

તત્પુરુષ સમાસમાં પૂર્વપદ ગૌણ હોય છે અને ઉત્તરપદ પ્રધાન હોય છે. પૂર્વપદ કરતા ઉત્તરપદનો અર્થ મર્યાદિત હોય છે.

ઉત્તરપદનું જે લિંગ અને વચન હોય તે જ સંપૂર્ણ સમાસનું લિંગ તથા વચન કહેવાય છે.

### (૨૯૫.૧) વિભક્તિ તત્પુરુષ

વિભક્તિ તત્પુરુષ સમાસના વિગ્રહમાં પૂર્વપદ દ્વિતીયાથી સપ્તમી સુધી કોઇ પણ વિભક્તિમાં હોઇ શકે છે. તેના પરથી જ દ્વિતીયા તત્પુરુષ, તૃતીયા તત્પુરુષ વગેરે સંજ્ઞા આપવામાં આવે છે.

### (૨૯૫.૧.૧) દ્વિતીયા[૨] તત્પુરુષ

૧) पुढविनिस्सियं—पुढविं निस्सियं।

૨) हिययगएण—हिययं गएण।

---

૧ બે વિશેષણોનો કે ધાતુ વિશેષણોનો દ્વંદ્વ સમાસ વૈયાકરણોને સંમત નથી તેને અનિયમિત દ્વંદ્વ કહેવાય છે.

૨ श्रित, गत, प्राप्त વગેરે શબ્દ ઉત્તરપદમાં હોઇ તો દ્વિતીય તત્પુરુષ સમાસ થાય છે.

३) पमोयपत्तो—पमोयं पत्तो।

४) उप्पहपवन्ना—उप्पहं पवन्ना।

५) संसारपवन्नाणं—संसारं पवन्नाणं।

**(૨૯૫.૧.૨) તૃતીયા તત્પુરુષ**

આગળ કહેલી સ્થિતિમાં તૃતીયા તત્પુરુષ થાય છે.

**(૨૯૫.૧.૨.૧)** પૂર્વપદ કર્તૃવાચક કે સાધનવાચક ઉત્તરપદ કર્મણિ ભૂતકાલીન ધાતુ વિશેષણ. ઉદાહરણ તરીકે—

१) भुयंगडक्को—भुयंगेण डक्को।

२) अन्नकडं—अन्नेण कडं।

३) विसलित्तं—विसेण लित्तं।

**(૨૯૫.૧.૨.૨)** પૂર્વપદ સાધનવાચક ઉત્તરપદ પરિણામદર્શક. ઉદાહરણ તરીકે—

१) भयाउला—भएण आउला।

२) मोहाउरो— मोहेण आउरो।

३) विओगविहुरा—विओगेण विहुरा।

४) भयकायरा—भएण कायरा।

**(૨૯૫.૧.૨.૩)** ઉત્તરપદમાં सम, मिश्र વગેરે શબ્દો હોય ત્યારે.

ઉદાહરણ તરીકે— १) महुकारसमा—महुकारेणं समा।

२) विसमिस्सं—विसेणं मिस्सं।

**(૨૯૫.૧.૨.૪)** ઉત્તરપદમાં संपन्न, युक्त, हीन, रहित, सहित વગેરે શબ્દો હોય ત્યારે. ઉદાહરણ તરીકે—

१) संजमसंजुत्ते—संजमेणं संजुत्ते।

२) बहुगुणकलिया—बहुगुणेहिं कलिया।

३) अत्थविहूणो—अत्थेण विहूणो।

४) विणयसंपन्नो—विणएणं संपन्नो।

५) जलविरहियं—जलेणं विरहियं।

६) सामंतमंतिसहिओ—सामंतमंतीहिं सहिओ।

**(૨૯૫.૧.૨.૫)** અન્ય કેટલાક

ઉદાહરણ તરીકે— जाइअंधे—जाईए अंधे।

**(૨૯૫.૧.૩) ચતુર્થી[1] તત્પુરુષ**

ઉદાહરણ તરીકે—

१) भिक्खकालो—भिक्खट्ठा कालो

२) उदगभवणाणि— उदगट्ठा भवणाणि।

३) सुहधम्मे—सुहाए (सुख) धम्मे।

४) वायसपिंडियाओ—वायसट्ठा पिंडियाओ।

**(૨૯૫.૧.૪) પંચમી તત્પુરુષ**

આગળ કહેલી પરિસ્થિતિમાં પંચમી તત્પુરુષ સમાસ થાય છે.

**(૨૯૫.૧.૪.૧)** ઉત્તરપદમાં ભય, ભીતિ કે તદર્થક શબ્દો હોય ત્યારે.

ઉદાહરણ તરીકે—

१) मरणभयं—मरणाओ भयं।

२) वग्घभएण—वग्घाओ भएण।

३) जम्ममरणभीया—जम्ममरणेहिंतो भीया।

**(૨૯૫.૧.૪.૨)** અપાદાન દર્શક શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે.

ઉદાહરણ તરીકે— १) रुक्खपडणं—रुक्खाओ पडणं।

२) धम्मभट्ठो—धम्माओ भट्ठो।

३) भयविमुक्को—भयाओ विमुक्को।

**(૨૯૫.૧.૪.૩)** નિવૃત્તિદર્શક શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે.

ઉદાહરણ તરીકે— मज्जप्पमायविरओ—मज्जप्पमाएहिंतो विरओ।

---

૧ અર્ધમાગધીમાં ચતુર્થી વિભક્તિ સ્વતંત્ર ન હોવાથી પ્રાયઃ ચતુર્થી પ્રત્યયાંત રૂપોના બદલે શબ્દની સાથે अट्ठा શબ્દનો ઉપયોગ કરીને વિગ્રહ થાય છે.

**(૨૯૫.૧.૫) ષષ્ઠી તત્પુરુષ**

ઉદાહરણ તરીકે— १) कुसग्गे—कुसस्स अग्गे

२) कहावसाणे—कहाए अवसाणे।

३) मूलच्छेएण—मूलस्स छेएण

४) नरिंदो—नराण इंदो।

५) गामसयं—गामाणं सयं।

६) गहवई—गहस्स पई।

**ટીપ**— ષષ્ઠી તત્પુરુષ સમાસમાં પ્રધાનપદ પૂર્વપદમાં હોય ત્યારે આગળ પ્રમાણે વિગ્રહ થાય છે.

ઉદાહરણ તરીકે— १) रायमग्गो—मग्गाणं राया।

२) रायहंसो—हंसाणं राया।

३) अद्धरज्जं—रज्जस्स अद्धं।

**(૨૯૫.૧.૬.) સપ્તમી તત્પુરુષ**

આગળની પરિસ્થિતિમાં સપ્તમી તત્પુરુષ થાય છે.

**(૨૯૫.૧.૬.૧)** कुशल, निपुण, वर વગેરે તેમ જ તદર્થક શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે. ઉદાહરણ તરીકે—

१) गाणकुसले—गाणम्मि कुसले

२) जुज्झनिउणो—जुज्झे निउणो।

३) मुणिवरो—मुणीसुं वरो।

४) सुत्तत्थविसारए—सुत्तत्थम्मि विसारए।

**(૨૯૫.૧.૬.૨)** પૂર્વપદ સ્થલ, કાલદર્શક અને ઉત્તરપદ ક્રિયાદર્શક.

ઉદાહરણ તરીકે— १) राइभोयणं—राईए भोयणं

२) गिहवासो—गिहम्मि वासो।

**(૨૯૫.૧.૬.૩)** रत, आसक्त, अनुरक्त, व्यापृत વગેરે અને તદર્થક શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે. ઉદાહરણ તરીકે—

१) णाणापिंडरया—णाणापिंडेसु रया।

२) धम्मनिरओ—धम्मम्मि निरओ

३) रसगिद्धे—रसेसु गिद्धे।

४) झाणवावडो—झाणंसि वावडो।

५) विसयासत्ता—विसएसु आसत्ता।

**(૨૯૫.૧.૬.૪)** અન્ય ઉદાહરણો

जीवदया—जीवेसु दया।

**(૨૯૫.૨) કર્મધારય (कम्मधारय)**

કર્મધારય એ તત્પુરુષવાચકનો એક પેટા ભેદ માનવામાં આવે છે. કર્મધારય સમાસનાં પદો આગળ પ્રમાણે ભિન્ન ભિન્ન પ્રકારનાં હોઇ શકે છે. તેથી વિગ્રહ કરવાની પદ્ધતિમાં પણ થોડો ઘણો ભેદ જોવા મળે છે.

**(૨૯૫.૨.૧)** પૂર્વપદ વિશેષણ, ઉત્તરપદ વિશેષ્ય[૧].

ઉદાહરણ તરીકે— १) उसिणोदगं—उसिणं उदगं।

२) दिव्वालंकारा—दिव्वा अलंकारा।

३) मत्तहत्थिं—मत्तं हत्थिं।

४) सुण्णागारेसु—सुण्णाइं अगाराइं तेसु।

**(૨૯૫.૨.૨)** પૂર્વપદ વિશેષ્ય, ઉત્તરપદ વિશેષણ.

ઉદાહરણ તરીકે— १) पुरिसुत्तमे—उत्तमे पुरिसे।

२) पुप्फसुहुमं—सुहुमं पुप्फं।

३) नराहमो—अहमो नरो।

४) नरिंदाहमो—अहमो नरिंदो।

**(૨૯૫.૨.૩)** પૂર્વપદ વિશેષ્ય, ઉત્તરપદ વિશેષણ (ઔપમ્ય અભિપ્રેત)

ઉદાહરણ તરીકે— १) हिमसीयलं—हिमं इव सीयलं।

२) समुद्दगंभीरो—समुद्दो इव गंभीरो।

---

૧ ક્યારેક વિગ્રહ नीलुप्पलं-नील च तं उप्पलं च આવો પણ કરવામાં આવે છે.

૩) कुसुमसुकुमारा—कुसुमं इव सुकुमारा।

૪) घणनीलो—घणो इव नीलो।

**(૨૯૫.૨.૪)** બન્ને પદો (એક જ વિશેષ્યનાં વિશેષણો)

ઉદાહરણ તરીકે— ૧) सीउण्हं—सीयं च उण्हं च।

૨) सेयरत्ते—सेए य रत्ते य।

૩) दीहुण्हा—दीहा य उण्हा य।

૪) रिद्धत्थिमियसमिद्धा—रिद्धा य थिमिया य समिद्धा य।

૫) हट्ठतुट्ठे—हट्ठे य तुट्ठे य।

૬) मिउसीयलो (पवणो)—मिऊ य सीयलो य।

**(૨૯૫.૨.૫)** બન્ને પદો (એક પછી એક થનારી ક્રિયા બતાવનારાં) કર્મણિ ભૂતકાલીન ધાતુવિશેષણ[૧]. ઉદાહરણ તરીકે—

૧) कीयगडं—कीयं च कडं च।

૨) सुत्तजागरिया[૨]—पढमं सुत्ता पच्छा जागरिया।

૩) मज्जियजिमिओ—पढमं मज्जिओ पच्छा जिमिओ।

૪) सुत्तविउद्धा—पढमं सुत्ता पच्छा विउद्धा

૫) ण्हायविलित्तो—पढमं ण्हाओ पच्छा विलित्तो।

૬) गहियमुक्का—पढमं गहिया पच्छा मुक्का।

૭) भुत्तसुत्ता—पढमं भुत्ता पच्छा सुत्ता।

**(૨૯૫.૨.૬)** બન્ને પદો વિશેષ્ય. ઉદાહરણ તરીકે—

૧) वडपायवस्स—वडो पायवो तस्स।

૨) उमादेवी—उमा देवी।

૩) गंगानई—गंगा नई

---

૧ પૂર્વપદ કર્મણિ ભૂતકાલીન ધાતુ વિશેષણ ઉત્તરપદ તે જ કર્મણિ ભૂતકાલીન ધાતુ વિશેષણનું અકરણ રૂપ હોઇ તો પણ કર્મધારય થાય છે. ઉદાહરણ— कयाकयं—कयं च अकय च, गयागयं—गयं च अगयं च।

૨ ઘણી વાર વિગ્રહમાં 'पढमं અને पच्छाનો ઉપયોગ કરવામાં આવે છે.

૪) भारूडपक्खी—भारुंडो पक्खी

५) नंदणुज्जाणे—नंदणे उज्जाणे।

**(૨૯૫.૨.૭)** પૂર્વપદ ઉપમેય, ઉત્તરપદ ઉપમાન

ઉદાહરણ તરીકે— ૧) मुहकमलं—मुहं कमलं विय।

२) बाहुलया—बाहू लया इव।

३) रायरिसी—राया रिसी इव।

**ટીપ**—इंद, वग्घ, पुंगव, रिसह, सीह, सद्दूल વગેરે શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે पुरिसवग्घे—पुरिसे वग्घे—पुरिसे वग्घे इव। તે જ પ્રમાણે पुरिससीहे, नरवसभा, वण्हिपुंगव, रायवसभ વગેરે.

**(૨૯૫.૨.૮) પૂર્વપદ આરોપ્ય, ઉત્તરપદ આરોપણીય**

ઉદાહરણ તરીકે— ૧) दयाधम्मो—दया एव धम्मो।

२) ईसानलो—ईसा एव अनलो।

३) जररक्खसी—जरा एव रक्खसी।

४) भवसागरो—भवो एव सागरो।

५) हिययगुहा—हिययं एव गुहा

६) भवसमुद्दो—भवो एव समुद्दो।

**(૨૯૫.૨.૯) પૂર્વપદ અવ્યય[1]**

ઉદાહરણ તરીકે— ૧) सुकुलं—सोहणं कुलं।

२) कुधम्मो—कुच्छिओ धम्मो।

३) सुगुरू—साहू गुरू।

४) दुपुत्तेण—दुट्ठो पुत्तो, तेण।

५) आरत्तं—ईसि रत्तं।

६) अंतरप्पा—अंतग्गओ अप्पा।

---

૧ અહીં અવ્યયોનો ઉપયોગ વિશેષણની જેમ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે— कु-કુત્સિત, सु-શોભન, आ-થોડુંક, दुर-दुष्ट વગેરે. વિગ્રહમાં અવ્યયોનો અર્થ આવે છે.

७) निस्सेयसं—निच्छियं सेयं

८) कापुरिसा—कुच्छिया पुरिसा।

**(૨૯૫.૨.૧૦) પૂર્વપદ ક્રિયાવિશેષણ અવ્યય**

ઉદાહરણ તરીકે— परमदुच्चरं—परमं दुच्चरं।

**(૨૯૫.૨.૧૧) 'अंतर' શબ્દ ઉત્તરપદમાં હોય તો સંપૂર્ણ સમાસ નપુંસકલિંગી થાય છે.**

ઉદાહરણ તરીકે— ૧) देसंतरं—अन्नो देसो।

૨) जम्मंतरं—अन्नो जम्मो।

૩) गामंतरं—अन्नो गामो।

૪) अवत्थंतरं—अन्ना अवत्था।

**(૨૯૫.૨.૧૨) કેટલાક અનિયમિત કર્મધારય સમાસ આ પ્રમાણે છે.**

ઉદાહરણ તરીકે—

૧) अकिंचणो—न विज्जइ किं पि (किंचण) अस्स।

૨) अहमहमिया—अहं अहं ति जीसे किरियाए वुच्चइ।

**(૨૯૫.૩) દ્વિગુ (दिगु)**

દ્વિગુ એ કર્મધારયનો એક પેટાભેદ માનવામાં આવે છે. આ સમાસમાં પૂર્વપદ સંખ્યાવિશેષણ હોય છે. સંપૂર્ણ સમાસ સમાહારદર્શક હોવાથી મોટે ભાગે નપુંસકલિંગ[1] એકવચન જોવા મળે છે.

ઉદાહરણ તરીકે— ૧) तिहुयणं—तिण्हं भुवणाणं समाहारो।

૨) तिलोयं—तिण्हं लोयाणं समाहारो।

૩) अट्ठमंगल—अट्ठण्हं मंगलाणं समाहारो।

૪) सडंगं—छण्हं अंगाणं समाहारो।

૫) तिरत्तं[2]—तिण्ह रत्तीणं समाहारो।

---

૧ અર્ધમાગધઈમાં કેટલાક દ્વિગુ સમાસમાં અંત્ય પદનું જ લિંગ મળે છે. ઉદાહરણ—पंचणमोक्कारो-पंचण्हं नमोक्काराणं समाहारो। छज्जीवणिया-छण्हं जीवणिमायाणं समाहारो।

૨ તેમ જ पंचरत्तेणं, सत्तरत्तं, दसरत्तं વગેરે.

૬) दोमासं—दोण्हं मासाणं समाहारो

૭) चउरंगं—चउण्हं अंगाणं समाहारो।

૮) चउद्दससुमिणं—चउद्दसण्हं सुमिणाणं समाहारो।

**(૨૯૫.૩.૧)** સંસ્કૃતમાં પણ દ્વિગુ સમાસ ક્યારેક ઈકારાંત[૧] સ્ત્રીલિંગી હોય છે. તે જ પ્રમાણે તે પ્રાકૃતમાં જોવા મળે છે.

ઉદાહરણ તરીકે— ૧) पंचवडी—पंचण्हं वडाणं समाहारो।

૨) तिवई (त्रिपदी)—तिण्हं पयाणं समाहारो।

૩) सत्तसई—सत्तण्ह झयाणं समाहारो।

## (૨૯૫.૪) મધ્યમપદલોપી તત્પુરુષ

મધ્યમપદલોપી[૨] તત્પુરુષ સમાસમાં બન્ને પદોનો સંબંધ સ્પષ્ટ કરવા માટે ઉપયોગમાં આવનાર પદનો લોપ થાય છે. વિગ્રહમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે— ૧) गंधहत्थी—गंधविसिट्ठो (અથવા) गंधप्पहाणो हत्थी।

૨) विसमंसं—विसमिस्सियं मंसं।

૩) कमलसरोवरं—कमलजुत्तं सरोवरं।

૪) नाममुद्दा—नामकित्रा मुद्दा।

૫) जयहत्थी—जयावहो हत्थी।

૬) चिंतामणी—चिंतापूरगोमणी।

૭) कणयकेयणाइं—कणयमयाइं केयणाइं।

૮) कुलबालिया—कुलजुत्ता बालिया।

## (૨૯૫.૫) ઉપપદ તત્પુરુષ

જેનો સ્વતંત્ર પણ ઉપયોગ ન થઇ શકે તેવા એકાદ ધાતુ સાધિત ઉપપદ તત્પુરુષ સમાસમાં ઉત્તરપદમાં[૩] આવે છે. સ્વાભાવિકતાથી તે ઉત્તરપદનો વિગ્રહવાક્યમાં

---

૧ પૂર્વપદ, નામ, અવ્યય હોઇ શકે છે.

૨ તે જ પ્રમાણે जलयरा, थलयरा, निसायरो વગેરે.

૩ તે જ પ્રમાણે अभयदए, मग्गदए, चक्खुदए, सरणदए વગેરે.

ઉપયોગ કરી ન શકાય તેથી વિગ્રહમાં મૂળ ધાતુ કે (ધાતુ સાધિત)નો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

**(૨૯૫.૫.૧)** १) वणयरो[1]—वणे चरइ त्ति
२) सुहदो—सुहं देइ त्ति।
३) सागरंगमा—सागरं गच्छइ त्ति।
४) मुहाजीवी—मुहा जीवइ त्ति
५) निरयंगामी—निरयं गच्छइ त्ति।
६) नाणदंसणधझरे—नाणदंसणाइं धरइ त्ति।
७) उरगो—उरेण गच्छइ त्ति।
८) महीवालो—महिं पालेइ त्ति।
९) लोगपज्जोयगरेउ—लोगपज्जोयं करेइ त्ति।
१०) दोसन्नू—दोसं जाणइ त्ति।
११) जोव्वणत्थो—जोव्वणे चिट्ठइ त्ति।
१२) इंदई—इंदं जयइ त्ति।

**(૨૯૫.૫.૨)** १) अंडओ—अंडाओ जाय त्ति।
२) अत्तओ—अत्तणो जाओ त्ति।
३) कुलया—कुलाओ जाय वि।

**(૨૯૫.૫.૩)** १) सुलहो—सुहेणं लब्भइ त्ति।
२) दुल्लहं—दुक्खेण लब्भइ त्ति।
३) सुयरं—सुहेण कीरइ त्ति।
४) दुत्तरो—दुक्खेणं तीरइ त्ति।
५) दुप्परए—दुक्खेण पूरिज्जइ त्ति।

**(૨૯૫.૫.૪)** કેટલાક અનિયમિત ઉપપદ તત્પુરુષ આ પ્રમાણે છે.

ઉદાહરણ તરીકે— १) परंतवो—परं तावेइ त्ति।

---

૧ તે જ પ્રમાણે तित्थकरो વગેરે.

૨) तुरंगमो—तुरेण गच्छइ त्ति।
तुरंग, तुरंगम, भुयंग, भुयंगम વગેરે.

**(૨૯૫.૬) નઞ્ તત્પુરુષ**

નઞ્ તત્પુરુષ સમાસમાં પૂર્વપદ[૧] નકાર દર્શક અવ્યય હોય છે. તે સ્વરાદિ શબ્દની પૂર્વમાં રહેલા નકાર દર્શક[૨]નો 'अण्' અને વ્યંજનાદિ શબ્દની પહેલા રહેલા નકાર દર્શકનો अ થાય છે. વિગ્રહ કરતી વખતે 'न'નો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

**(૨૯૫.૬.૧)**

૧) अहिंसा—न हिंसा। ૨) अकालो—न कालो।
૩) अणसणं—न असणं। ૪) अणायारो—न आयारो।
૫) अणारिया—न आरिया।૬) अपच्छं—न पच्छं।

**(૨૯૫.૬.૨)**

૧) अदीणो—न दीणो। ૨) अणवज्जं—न अवज्जं।
૩) अणिच्चं—न निच्चं। ૪) अविणीयं—न विणीयं
૫) असंसत्तं—न संसत्तं। ૬) अदिन्नं—न दिन्नं।
૭) अणागयं—आगयं।

**(૨૯૫.૭) અલુક્ તત્પુરુષ[૩]**

ક્યારેક તત્પુરુષ સમાસમાં પૂર્વપદનો વિભક્તિ પ્રત્યય તેમ જ રહે છે ત્યારે તેને

---

૧ ઉત્તરપદ નામ, વિશેષણ

૨ કેટલાક સમાસમાં નકાર દર્શક 'न' તેમ જ રહે છે. ઉદાહરણ— नक्खत्तं-न झरइ त्ति। नउलं-नकुलं अस्स। नमुई-न मुंचइ त्ति नपुंसगो-न पुंसगो।

૩ અહીં સુધી કહેલા પેટાભેદો સિવાય તત્પુરુષના બીજા બે ભેદ સંસ્કૃતમાં માનવામાં આવે છે. તેને 'ગતિ' અને 'પ્રાદિ' તત્પુરુષ કહે છે. ગતિ તત્પુરુષ સંસ્કૃતમાં सत्, असत्, अलं, पुरः, तिरः વગેરે શબ્દોના કેટલાક વિશિષ્ટ અર્થોમાં ક્રિયાયોગ હોવાથી 'ગતિ' સંજ્ઞા કહેવાય છે. તેથી આવા શબ્દોનો જે સમાસ થાય છે. તેને ગતિ તત્પુરુષ સમાસ કહે છે. આ ક્રિયાયોગ પ્રાયઃ कृ ધાતુનો હોઇ છે. ક્યારેક ક્યારેક भू અને अस् ધાતુ સાથે પણ મળે છે. ક્યારેક ક્યારેક આ સમાસનું ઉત્તરપદ ધાતુસાધિત પણ હોઇ છે. (વા. વે.. આપટે પત્ર-૬૩) ઉદાહરણ— तिरोभूओ, पुरक्कार (पुरस्कार), तिरक्खार (तिरस्कार), सक्कार (सत्कार) વગેરે.

પ્રાદિ તત્પુરુષમાં પૂર્વપદ જ્યારે प्र. परा વગેરે ઉપસર્ગ હોઇ ત્યારે પ્રાદિ તત્પુરુષ થાય છે. (કાળે પત્ર-૧૪૨) ઉદાહરણ— अभिमुह (अभिमुख), अइंदिय (अतीन्द्रिय), अइसुहिणो, अहिराय (अधिराज), अइउसिण, अवसद्द, अवगार, पडिपह, अइनिसा, अइमुच्छिओ, अइआउलो વગેરે.

અલુક્ તત્પુરુષ કહે છે.

ઉદાહરણ તરીકે— १) अंतेवासी—अंते वसइ, सो।
२) खेयको—खे चरइ, सो।
३) वणेयरो—वणे चरइ, सो।
४) जुहिट्ठिलो—जुहि थिरो, सो।
५) मणसिओ—मणसि जाओ, सो।
६) अग्गेसरो—अग्गे सरइ, सो।

**(૨૯૬) અવ્યયીભાવ (अव्वईभाव)**

અવ્યયીભાવ સમાસમાં પૂર્વપદ અવ્યય હોય છે તેથી સમાસ અવ્યયરૂપ હોય છે. તેથી તેનું રૂપ પ્રાયઃ નપુંસકલિંગી[1] દ્વિતીયા એકવચન પ્રમાણે થાય છે. વિગ્રહ કરવામાં સમાસમાં રહેલો અવ્યય આવતો નથી, પરંતુ તેનો અર્થ આવે છે.

ઉદાહરણ તરીકે— १) अणुरूवं—रूवस्स जोग्गं।
२) अणुदिणं—दिणे दिणे।
३) अणुदियहं—दियहे दियहे।
४) पइदिणं—दिणे दिणे।
५) अहागडं—जहा कडं सिया तहा।
६) अहासुयं—सुयं अणइक्कम्म।
७) जहिच्छं—इच्छाए जोग्गं।
८) जावज्जीवियं—जीवियं जाव।
९) जावज्जीवं—जाव जीवो ताव।

**(૨૯૭) બહુવ્રીહિ (बहुव्वीहि)**

બહુવ્રીહિ સમાસમાં બન્ને પદ ગૌણ થઇને ત્રીજું જ પદ પ્રધાન બને છે. સંપૂર્ણ સમાસમાં રહેલાં પદો અન્ય કોઇ એક વિશેષ્યનું વિશેષણ હોય છે. પરંતુ પ્રત્યક્ષ

---

૧ પ્રાયઃ કહેવાનું કારણ એ છે કે અર્ધમાગધીમાં ક્યારેક અવ્યયીભાવ સમાસના અન્ય લિંગી વિભક્ત્યંત રૂપો મળે છે. ઉદાહરણ— जहक्कमेण, जावज्जीवाए, पडिरूवेण, जहिच्छाए, जहविहिणा (સુર ૧૩.૯૨) अहाकम्मेहिं, जावजीवाए, जहसत्तीए, जहाविभवेणं, अहाकमेण, जहाविहीए વગેરે.

સમાસમાં કોઇ એક પદ સ્વતંત્રતઃ અન્ય વિશેષ્યનું વિશેષણ હોતું નથી, સંપૂર્ણ સમાસ વિશેષણ બને છે. આ સમાસ જે વિશેષ્યનું વિશેષણ હોય તે વિશેષ્યનાં લિંગ, વચન અનુસાર બહુવ્રીહિ સમાસનું લિંગ અને વચન થાય છે.

### (૨૯૭.૧) વિભક્તિ બહુવ્રીહિ

વિભક્તિ બહુવ્રીહિ સમાસના વિગ્રહમાં બન્ને પદો ક્યારેક એક જ વિભક્તિમાં તો ક્યારેક ભિન્ન ભિન્ન વિભક્તિમાં હોય છે.

જ્યારે બન્ને પદો એક જ વિભક્તિમાં હોય ત્યારે તેને સમાનાધિકરણ બહુવ્રીહિ કહે છે.

જ્યારે બન્ને પદો ભિન્ન ભિન્ન વિભક્તિ હોય ત્યારે તેને વ્યધિકરણ બહુવ્રીહિ કહે છે.

વિગ્રહમાં 'ज' સર્વનામની દ્વિતીયાથી સપ્તમી સુધીની કોઇ પણ વિભક્તિનો[૧] ઉપયોગ કરવામાં આવે છે. સમાનાધિકરણ બહુવ્રીહિમાં ज સર્વનામની દ્વિતીયાથી સપ્તમી સુધીની કોઇ પણ વિભક્તિનો ઉપયોગ થાય છે. પરંતુ વ્યધિકરણ બહુવ્રીહિમાં 'ज'ની માત્ર ષષ્ઠી કે સપ્તમી થાય છે. અન્ય કોઇ વિભક્તિનો[૨] ઉપયોગ ન થઇ શકે.

ઉદાહરણ તરીકે— ૧) चक्कपाणी—चक्कं पाणिम्मि जस्स सो।
૨) नयणविसो—नयणे विसं जस्स सो।
૩) पूइकण्णी—पूई कण्णे जीसे सा।
૪) अग्गबीया—अग्गम्मि बीयं जेसिं ते। ઇ.

### (૨૯૭.૧.૧) દ્વિતીયા બહુવ્રીહિ

ઉદાહરણ તરીકે— ૧) पत्तनिव्वाणो—पत्तो निव्वाणो जं सो।
૨) पत्तमोक्खो—पत्तो मोक्खो जं सो।

### (૨૯૭.૧.૨) તૃતીયા બહુવ્રીહિ

ઉદાહરણ તરીકે— ૧) जिइंदिओ—जियाणि इंदियाणि जेण सो।

---

૧ આના પરથી દ્વિતીયા બહુવ્રીહિ, તૃતીયા બહુવ્રીહિ વગેરે સંજ્ઞા આપવામાં આવે છે.

૨ काळे ,(પત્ર-૧૫૨)

**(૨૯૭.૧.૩) પંચમી બહુવ્રીહિ**

ઉદાહરણ તરીકે— ૧) गयरागो—गओ रागो जम्हा सो।
૨) गय भओ—गयं भयं जम्हा सो।

**(૨૯૭.૧.૪) ષષ્ઠી બહુવ્રીહિ**

**(૨૯૭.૧.૪.૧)** (ચતુર્થીના બદલે)

ઉદાહરણ તરીકે— ૧) दिन्नाहारो—दिन्नो आहारो जस्स सो।
૨) दत्तमाणो—दत्तो माणो जस्स सो।

**(૨૯૭.૧.૪.૨)**

ઉદાહરણ તરીકે— ૧) मंदपुण्णो—मंदं पुण्णं जस्स सो।
૨) सुसीला—सोहणं सीलं जीसे सा।

**(૨૯૭.૧.૪.૫) સપ્તમી બહુવ્રીહિ**

ઉદાહરણ તરીકે— ૧) जायसड्ढा—जाया सड्ढा जेसुं ते।
૨) अणेगजीवा—अणेगा जीवा जीए सा।

**(૨૯૭.૨.૧)** બહુવ્રીહિ સમાસનાં પદો વિવિધ પ્રકારના હોઇ શકે છે. તેની માહિતી વિગ્રહ ઉદાહરણ[૧] સાથે આગળ આપવામાં આવી છે.

**(૨૯૭.૨.૧.૧) પૂર્વપદ વિશેષણ[૨], ઉત્તરપદ વિશેષ્ય**

ઉદાહરણ તરીકે— ૧) घोरपरक्कमे—घोरे परक्कमे जस्स से।
૨) सुन्नागारं (गामं)—सुन्नाइं अगाराइं जंमि तं।
૩) सुद्धसहावो—सुध्दो सहावो जस्स सो।

**(૨૯૭.૨.૧.૨) પૂર્વપદ સંખ્યાવિશેષણ, ઉત્તરપદ વિશેષ્ય**

ઉદાહરણ તરીકે— ૧) पंचिंदिए—पंच इंदियाइं जस्स से।
૨) छम्मुहो—छ मुहाणि जस्स सो।
૩) तेइंदिओ—तिन्नि इंदियाणि जस्स सो।

---

૧ તે ઉદાહરણો સમાનાધિકરણ અને વ્યધિકરણ બહુવ્રીહિ બન્નેનાં હોઇ શકે છે.

૨ બહુવ્રીહિ અને કર્મધારયનો ભેદ. ૧) સંપૂર્ણ બહુવ્રીહિ સમાસ વિશેષણ હોઇ છે. ૨) કર્મધારય અર્થની દૃષ્ટિએ સ્વયં પૂર્ણ હોય છે. બહુવ્રીહિ સ્વયં પૂર્ણ નથી હોતો. ઘણી વખત સંદર્ભથી જ આ ભેદ જાણવો પડે છે. ઉદાહરણ— चंदवयणं (કર્મધારય), चंदवयणं बादलयं (બહુવ્રીહિ)

**(૨૯૭.૨.૧.૩) પૂર્વપદ કર્મણિ ભૂતકાલીન ધાતુવિશેષણ, ઉત્તરપદ વિશેષ્ય**

ઉદાહરણ તરીકે— १) जिअकोहे—जिए कोहे जेणं से।

२) सुट्ठियप्पा—सुट्ठिए अप्पा जस्स से।

३) पिहियासवा—पिहिया आसवा जेहिं ते।

४) अमुणियगुणेण—अमुणिया गुणा जेण सो तेण।

**(૨૯૭.૨.૧.૩.૧) ક્યારેક અર્ધમાગધીમાં વિશેષ્ય પૂર્વમાં હોય છે.**

ઉદાહરણ તરીકે— १) संजमुत्तरा—उत्तरो (ઉત્તમ) संजमो जेसिं ते।

२) आयरक्खिए—रक्खिए आया जेणं से।

३) दीवप्पणट्ठो—पणट्ठो दीवो जंमि सो।

४) परीसहरिऊदंता—दंता परीसहरिऊ जेहिं ते।

**(૨૯૭.૨.૧.૪) आदि, प्रभृति, प्रमुख, प्रधान, द्वितीय** વગેરે શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે.

ઉદાહરણ તરીકે— १) इंदाइणो—इंदो आई जेसिं ते।

२) चक्कप्पमुहाणी—चक्कं पमुहं जेसिं ताणि।

३) गुणप्पहाणा—गुणा पहाणा जेसुं ते।

४) अणहगदुइओ—अणहगो (એક વિશેષ નામ) दुइओ जस्स सो।

**(૨૯૭.૨.૧.૫) પૂર્વપદ વિશેષ્ય, ઉત્તરપદ વિશેષ્ય**

**(એકવિભક્તિક)**

ઉદાહરણ તરીકે— १) धूमकेऊ—धूमो केऊ जस्स सो।

२) नियागट्ठो—नियागो (मोक्ष) अट्ठो जस्स सो।

३) नम्मयाभिहाणाए—नम्मया अभिहाणं जीसे सा ताए।

**(ભિન્ન વિભક્તિક)**

ઉદાહરણ તરીકે—गरूडज्झओ—गरूडो झयंमि जस्स सो।

**(૨૯૭.૨.૧.૬) બન્ને પદો વિશેષ્ય (ઔપમ્યભાવ)**

ઉદાહરણ તરીકે— ૧) कणयसरीरो—कणयं इव सरीरं जस्स सो।

२) मयच्छी (मृगाक्षी)—मयस्स (अच्छीइं) इव अच्छीइं जीसे सा।

૩) सुवण्णवण्णा—सुवण्णं इव वण्णो जीसे सा।

**(૨૯૭.૨.૧.૭) બન્ને પદો વિશેષ્ય (આરોપ્ય-આરોપણીય ભાવ)**

ઉદાહરણ તરીકે— ૧) कम्मकिब्बिसा—कम्मं एव किब्बिसं जेसिं ते।

२) खग्गसहाओ खग्गो एव सहाओ जस्स सो।

**(૨૯૭.૨.૧.૮) પૂર્વપદ અવ્યય**

ઉદાહરણ તરીકે— ૧) पुढोसत्ता—पुढो सत्ता जीए सा।

२) नाणाविहा—नाणा विहा जेसिं ते।

૩) अहोमुही—अहो मुहं जीए सा।

૪) दुस्सीला—दुट्ठं सीलं जीसे सा।

૫) सुसीला—सोहणं सीलं जीसे सा।

૬) दुम्मेहा—दुट्ठा मेहा जेसिं ते।

૭) कुसीला—कुच्छियं सीलं जेसिं ते।

૮) दुरंतो—दुट्ठो अंतो जस्स सो।

૯) सुनयणा—सोहणा नयणा जीसे सा।

**(૨૯૭.૨.૨) સહ બહુવ્રીહિ**

સહ[૧] બહુવ્રીહિમાં सह અર્થમાં 'स' અથવા 'सह' શબ્દો પૂર્વપદ હોય છે. વિગ્રહમાં 'सह', 'सहिय', 'समाण' શબ્દોનો અર્થાનુરૂપ ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

**(૨૯૭.૨.૨.૧)** ૧) सपुत्तो—पुत्तेण सह।

२) सामरिसो—अमरिसेण सह।

---

૧ ઘણી વખત સહ બહુવ્રીહિ સમાસનો ઉપયોગ ક્રિયા વિશેષણ અવ્યયની માફક કરવામાં આવે છે. ઉદાહરણ— साणंदं, सासंकं, ससंभमं, सविणयं, सहासं, सविब्भमं, सपणयं।

૩) सावज्जं—अवज्जेण सह।

(२९७.२.२.२) १) सदारो—दारेहिं सहिओ।

२) ससीयस्स—सीयाए (એક વિશેષનામ) सहियस्स।

३) सकलत्तो—कलत्तेण सहिओ।

४) ससोगो—सोगेण सहिओ।

५) सपरियणो—परियणेणं सहिओ।

(२९७.२.२.३) १) सहोयरो—समाणं उयरं जस्स सो।

२) सवण्णो—समाणो वण्णो जस्स सो।

३) सवत्ती—समाणो पई जीसे सा।

### (૨૯૭.૩) નञ् બહુવ્રીહિ

નञ् બહુવ્રીહિમાં પૂર્વપદ નકાર દર્શક 'अ' અથવા 'अण्' અવ્યય હોય છે. વિગ્રહમાં न विज्जइ કે अविज्जमाणनो ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

(२९७.३.१) १) अणगारे—न विज्जइ अगारं जस्स सो।

२) अचेलए—न विज्जइ चेलयं जस्स से।

३) अणाई—न विज्जइ आई जस्स सो।

४) अणंतो—न विज्जइ अंतो जस्स सो।

(२९७.३.२) १) अपुत्तो—अविज्जमाणो पुत्तो जस्स सो।

२) अधणो—अविज्जमाणं धणं जस्स सो।

३) अणिमिसाए—अविज्जमाणो निमेसो जीसे सा ताए।

४) अणुत्तरं—अविज्जमाणं उत्तरं जस्स तं।

### (૨૯૭.૪) પ્રાદિ બહુવ્રીહિ

પ્રાદિ બહુવ્રીહિમાં પૂર્વપદમાં કોઇ એક ઉપસર્ગ હોય છે.

ઉદાહરણ તરીકે—

१) पंजली—पबद्धा अंजली जेण सो।

२) निद्धणो—निग्गयं धणं जम्हा सो।

३) निरासो—निग्गया आसा जम्हा सो।

४) निज्जीवं—निग्गओ जीवो जम्हा तं।

५) निग्गंथो—निग्गया गंथी जम्हा सो।

६) उम्मुहो—उड्ढं मुहं जस्स सो।

**(૨૯૭.૫) સંખ્યા બહુવ્રીહિ**

સંખ્યાવાચકના અન્ય સંખ્યાવાચકની સાથે થનાર સમાસને સંખ્યા બહુવ્રીહિ કહે છે. ઉદાહરણ તરીકે—

१) सत्तट्ठ (पयाणि)—सत्त वा अट्ठ वा।

२) नवदसहि (बालेहिं) नवहिं वा दसहिं वा।

**(૨૯૭.૬) દિગ્ બહુવ્રીહિ**

આમાં બન્ને પદો દિશાવચક હોય છે. બન્ને દિશામાંથી ઉપદિશા બતાવવા માટે આ સમાસનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

१) उत्तरपुत्थिमे—उत्तराए पुव्वाए य अंतरालं।

२) दक्खिणपुव्वा—दक्खिणाए पुव्वाए य अंतरालं।

**(૨૯૭.૭) અનિયમિત બહુવ્રીહિ**

યુદ્ધમાં એકબીજા પર પ્રહાર કરવાના સાધનવાચક બન્ને સ્વરૂપ અને તૃતીયાંત પદોનો બહુવ્રીહિ સમાસ[1] થાય છે. આ સમાસ અવ્યયરૂપ હોય છે[2]. ઉદાહરણ તરીકે—

दुमादुमि[3]—दुमेहिं दुमेहिं च पहरिय इमं जुद्धं पवत्तं।

તે જ રીતે तलातलि, चलणाचलणि, सिलासिलि[4].

---

૧ વા. વે આપટે (પત્ર-૬૦)

૨ કાળે (પત્ર-૧૬૦)

૩ ઉસા ૨.૫૯

૪ ઉસા ૨.૫૯

# પુરવણી

## મોટા સમાસનો વિગ્રહ

અનેક સમાસ મળીને થયેલો મોટા સમાસનો વિગ્રહ કરીએ ત્યારે પહેલા તેનું એક જ પદ છે તેવું માનીને તેનો સુસંગત અર્થ કરીને તેને એક નામ આપવું પછી અન્ય પેટા સમાસોનો વિગ્રહ કરીને તેઓને નામ આપવું. સંપૂર્ણ સમાસ વિગ્રહ કર્યા પછી મૂળ સમાસના લિંગ, વચન અને વિભક્તિની સરળતા માટે 'त' સર્વનામ જોડવું. આને સમજવા માટે આગળ કેટલાક મોટા સમાસોનો વિગ્રહ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે—

૧) चोद्दसमहासुमिणसूइओ—

चोद्दसमहासुमिणेणं सुइओ। (તૃતીયા તત્પુરુષ)

महंतो सुमिणो। (કર્મધારય)

चोद्दसण्हं महासुमिणाणं समाहारो। (દ્વિગુ)

૨) वम्महसरताडियसरीरो—

वम्महसरेहिं ताडियं सरीरं जस्स सो। (ષષ્ઠી બહુવ્રીહિ)

वम्महस्स सरा। (ષષ્ઠી તત્પુરુષ)

૩) करुणाजलनिव्वावियमच्छरग्गितत्तजणा—

करुणाजलेणं निव्वाविओ मच्छरग्गितत्तजणो जेणं सो। (તૃતીયા બહુવ્રીહિ)

करुणा एव जलं। (કર્મધારય)

मच्छरो एव अग्गी। (કર્મધારય)

तत्ता जणा। (કર્મધારય)

मच्छरग्गिणा तत्ता। (તૃતીયા તત્પુરુષ)

૪) विविहपहरणकिरणदुगुणियदिणमणिपहापसरं—

विविहपहरणकिरणेहिं दुगुणिओ दिणमणिपहापसरो जेणं तं। (તૃતીયા બહુવ્રીહિ)

विविहाणि पहरणाणि। (કર્મધારય)

विविहपहरणाणं किरणा। (ષષ્ઠી તત્પુરુષ)

दिणमणिस्स पहा। (ષષ્ઠી તત્પુરુષ)

दिणमणिपहाए पसरो। (ષષ્ઠી તત્પુરુષ)

૫) वज्जंतमंगलतूररवाऊरियसमलदिसामंडलो—

वज्जंतमंगलतूररवेण आऊरियाणि सयलदिसामंडलाणि जेण सो। (તૃતીયા બહુવ્રીહિ)

सयलाओ दिसाओ। (કર્મધારય) सयलदिसाणं मंडलाणि। (ષષ્ઠી તત્પુરુષ)

तूराणं रवो। (ષષ્ઠી તત્પુરુષ)

मंगला तूरा। (કર્મધારય)

वज्जंता मंगलतूरा। (કર્મધારય)

• • •

# પ્રકરણ ૨૦

# પ્રયોગવિચાર

### (૨૯૮) પ્રયોગ

પ્રયોગ એટલે વાક્યના કેટલાક શબ્દોની વિશિષ્ટ રચના. આ રચના કર્તાને, કર્મને કે ક્રિયાને (ભાવ) પ્રધાનતા આપીને કરી શકાય છે.

જેમાં કર્તા પ્રધાન હોય તે કર્તરિ પ્રયોગ કહેવાય છે.

જેમાં કર્મ પ્રધાન હોય તે કર્મણિ પ્રયોગ કહેવાય છે અને

જેમાં ક્રિયા પ્રધાન હોય તે ભાવે પ્રયોગ કહેવાય છે.

કર્તાને કે કર્મને પ્રધાનતા આપવી એટલે ક્રિયાપદનું રૂપ તેનાં પુરુષ અને વચન સાથે કરવું[૧] અને ક્રિયાને મહત્ત્વ આપવું એટલે ક્રિયાપદનું રૂપ કર્તા કે કર્મને અવલંબિત ન રાખતા હંમેશા તૃતીય પુરુષ એકવચનમાં રાખવું.

સંસ્કૃત પ્રમાણે જ અર્ધમાગધીમાં પણ કર્તરિ, કર્મણિ અને ભાવે આવા ત્રણ પ્રયોગ છે. તેમનો વિચાર હવે કરવામાં આવે છે.

### (૨૯૯) કર્તરિ પ્રયોગ

કર્તરિ પ્રયોગમાં ક્રિયાપદ સકર્મક અથવા અકર્મક હોય તો તદનુસાર પ્રયોગ સકર્મક કર્તરિ અથવા અકર્મક કર્તરિ કહેવાય છે.

કર્તરિ પ્રયોગમાં કર્તૃપદ પ્રથમા વિભક્તિમાં, કર્મ હોય અને તે ઉક્ત હોય તો દ્વિતીયા વિભક્તિમાં અને ક્રિયાપદનું રૂપ કર્તાના પુરુષ અને વચન પ્રમાણે થાય છે.

ઉદાહરણ તરીકે—

**(૨૯૯.૧) સકર્મક કર્તરિ :**

૧) सो साहेइ धम्मं महुरवाणीए।

२) पेच्छंतु दुरायारा (जणा) निय-पाव-पायवस्स फलं।

---

૧ ક્યારેક પ્રત્યક્ષ ક્રિયાપદને બદલે ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ થાય છે. આવાં ધાતુવિશેષણો એટલે કર્તરિ અને કર્મણિ ભૂતકૃદંત ધાતુવિશેષણો અને વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણો.

३) ते जन्नेसु (यज्ञ) पसू वहिस्संति।

**(૨૯૯.૨) અકર્મક કર્તરિ :**

१) संवड्ढइ घरे तस्स दारए से।

२) दोण्हं पि होउ जुज्झं।

३) होही दाणस्स पुण्णफलं।

**(૩૦૦) કર્મણિ પ્રયોગ[1]**

**(૩૦૦.૧)** ક્રિયાપદનો ઉપયોગ હોય તો કર્મણિ પ્રયોગ :

મૂળ સકર્મક કર્તરિ પ્રયોગનું કર્તૃપદ કર્મણિ પ્રયોગમાં તૃતીયા વિભક્તિમાં, મૂળ ઉક્ત કર્મ પ્રથમા વિભક્તિમાં તથા ક્રિયાપદનાં કર્મણિ અંગનું રૂપ હવે પ્રથમામાં આવેલ કર્મનાં પુરુષ અને વચન પ્રમાણે થાય છે.

| | | |
|---|---|---|
| ૧) | **સકર્મક કર્તરિ** | કર્તૃપદ પ્રથમા વિભક્તિમાં |
| | **કર્મણિ** | કર્તૃપદ તૃતીયા વિભક્તિમાં |
| ૨) | **સકર્મક કર્તરિ** | ઉક્ત કર્મ દ્વિતીયા વિભક્તિમાં |
| | **કર્મણિ** | ઉક્ત કર્મ પ્રથમા વિભક્તિમાં |
| ૩) | **સકર્મક કર્તરિ** | ક્રિયાપદનું રૂપ પ્રથમા વિભક્તિમાં રહેલ કર્તાના પુરુષ અને વચન પ્રમાણે |
| | **કર્મણિ** | કર્મણિ ક્રિયાપદનું રૂપ પ્રથમા વિભક્તિમાં આવેલ કર્મનાં પુરુષ અને વચન પ્રમાણે |

ઉદાહરણ તરીકે—

૧) **કર્તરિ**—तं किं विजयाणंदं वंचइ सिंहलेसो।

**કર્મણિ**—सो किं विजयाणंदो वंचिज्जइ सिंहलेसेण।

૨) **કર્તરિ**—कयाइ पुरिसो कामभोगे उज्झइ।

**કર્મણિ**—कयाइ कामभोगेहिं पुरिसो उज्झिज्जइ।

---

૧ સકર્મક કર્તરિ પ્રયોગમાં કર્મ ઉક્ત હોય તો કર્મણિ પ્રયોગ થાય છે. પછીનું વાક્ય કર્મ હોય તો ભાવે પ્રયોગ થાય છે.

૩) **કર્તરિ**—मोहतरुं उम्मूलंति अप्पमत्ता।

**કર્મણિ**—मोहतरु उम्मूलिज्जइ अप्पमत्तेहिं।

૪) **કર્તરિ**—तं बालं कोइ वणयरो वावाइस्सइ।

**કર્મણિ**—सो बालो केणइ वणयरेण वावाइज्जिस्सइ।

**(૩૦૦.૨)** ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ હોય તો કર્મણિ પ્રયોગ[૧]:-

**(૩૦૦.૨.૧)** કર્મણિ ભૂતકૃદંત ધાતુવિશેષણોનો ઉપયોગ હોય તો કર્મણિ પ્રયોગ[૨]:-

ઉદાહરણ તરીકે—

૧) पारद्धा धम्मकहा मुणिणा।

૨) कहिओ मुणिणा गिहत्थधम्मो।

૩) मुक्का सव्वे सव्वेहिं उग्गरोगेहिं।

૪) दोहिं विबलेहिं पारद्धं जुद्धं।

૫) रायपुत्तेहिं पाडियाइं फलाइं।

**(૩૦૦.૨.૨)** વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણોનો ઉપયોગ હોય તો કર્મણિ પ્રયોગ:-

ઉદાહરણ તરીકે—

૧) तए स भणियव्वो।

૨) इमा (पडिमा) तुमए निच्चं अच्चणिज्जा।

૩) तुमए एयं आसमपयं पालेयव्वं।

૪) मए दीहकालं अणुभवियव्वा विसमदसा।

૫) घोरं वयणं वज्जणिज्जं सुबुद्धिहिं।

---

૧ કર્મણિ પ્રયોગમાં ધાતુસાધિત વિશેષણ પ્રથમામાં આવેલાં કર્મનાં લિંગ, વચન અને વિભક્તિ પ્રમાણે હોય છે.

૨ કર્મણિ ભૂતકૃદંત ધાતુવિશેષણોનો ઉપયોગ હોય તો અર્ધમાગધીમાં ક્યારેક કર્તરિ પ્રયોગ જ વાપરેલો જોવા મળે છે. કર્મણિ ભૂતકૃદંત ધાતુવિશેષણોનો ઉપયોગ માટે જુઓ-પરિચ્છેદ ૪૨૩.

**(૩૦૧) ભાવે પ્રયોગ**

**(૩૦૧.૧)** ક્રિયાપદનો ઉપયોગ હોય તો ભાવે પ્રયોગ :-

ભાવે પ્રયોગમાં કર્મણિ ક્રિયાપદ કર્તા અને કર્મ આ બન્નેમાંથી કોઇ પ્રમાણે ન ચાલતા, હંમેશા તૃતીય પુરુષ એકવચનમાં હોય છે; ત્યારે કર્તરિ પ્રયોગનો કર્તા તૃતીયા વિભક્તિમાં આવે છે. ઉદાહરણ તરીકે—

**(૩૦૧.૧.૧)** ક્રિયાપદ અકર્મક હોય તો ભાવે પ્રયોગ :-

ઉદાહરણ તરીકે—

૧) णच्चिज्जइ ससहरमणिसिलायले घरमऊरेहिं। (લીલા. ૫૫)

૨) गम्मइ संगीयविलयाहिं। (લીલા. ૫૭)

૩) तुरियं पियसंगमलालसाहिं सइ (सदा) गम्मइ पियाहिं। (લીલા. ૨૭૯)

**(૩૦૧.૧.૨)** સકર્મક ક્રિયાપદ, પણ પછીનું વાક્ય કર્મ હોય તો ભાવે પ્રયોગ :-

ઉદાહરણ તરીકે—

૧) ताहे थेरेणं भण्णइ-किंचि पेच्छसि।

૨) सिरिमईए भण्णइ-सव्वं पि घडइ मम भत्तुणो।

૩) तीए भण्णइ-मा अधिइं करेहि।

**(૩૦૧.૨)** ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ હોય તો ભાવે પ્રયોગ[૧] :-

**(૩૦૧.૨.૧)** કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ હોય તો :-

ઉદાહરણ તરીકે—

૧) तो विमलेण भणियं-सव्वं चिय मे तए दिन्नं।

૨) मए भणियं-न याणामि।

**(૩૦૧.૨.૨)** વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણનો ઉપયોગ હોય તો ભાવે પ્રયોગ :-

ઉદાહરણ તરીકે—

૧) मए तयन्नेसणनिमित्तं कत्थ गंतव्वं?

---

૧ ભાવે પ્રયોગમાં ધાતુસાધિત વિશેષણ હંમેશા નપુંસકલિંગ એકવચનમાં હોય છે.

૨) न तए कुप्पियव्वं।

૩) तुब्भेहिं जइयव्वं। (यत्)

૪) तए इहेव चिट्ठियव्वं।

### (૩૦૨) પ્રયોગ પરિવર્તન

ઉપર કહ્યા તે પ્રયોગો એકબીજાને બદલે વાપરવાના હોય તો આ પ્રયોગ પરિવર્તન વિશેષ પ્રકારે જ થાય છે. જેમ કે:- સકર્મક કર્તરિ (કર્મ ઉક્ત) અને કર્મણિ આ એક જોડી છે, અકર્મક કર્તરિ અને ભાવે આ બીજી જોડી છે. પ્રયોગમાં પરિવર્તન થાય ત્યારે એક જોડીમાં જ થાય છે, જોડીની બહાર પરિવર્તન થતું નથી. એટલે કે- સકર્મક કર્તરિનું (કર્મ ઉક્ત) કર્મણિ થઇ શકે અને કર્મણિનું સકર્મક કર્તરિ થઇ શકે, તે જ રીતે અકર્મક કર્તરિનું ભાવે અને ભાવે પ્રયોગનું અકર્મક કર્તરિ થઇ શકે. પ્રયોગોનો આ પરસ્પર સંબંધ આ પ્રમાણે દર્શાવી શકાય :-

**(૩૦૨.૧)** ક્રિયાપદનો ઉપયોગ હોય તો :-

| | |
|---|---|
| ૧) સકર્મક કર્તરિ[૧] (કર્મ ઉક્ત) | કર્મણિ |
| ૨) અકર્મક કર્તરિ | ભાવે |

**(૩૦૨.૨)** ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ હોય તો :-

**(૩૦૨.૨.૧)** કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ હોય તો

| | |
|---|---|
| ૧) સકર્મક કર્તરિ | કર્મણિ |
| ૨) અકર્મક કર્તરિ | કર્તરિ |

**(૩૦૨.૨.૨)** વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણનો ઉપયોગ હોય તો :-

| | |
|---|---|
| ૧) સકર્મક કર્તરિ | કર્મણિ |
| ૨) અકર્મક કર્તરિ | ભાવે |

**(૩૦૨.૩)** પ્રયોગ પરિવર્તન કરતી વખતે નીચેની બાબતો ખ્યાલમાં રાખવી:-

૧) પ્રયોગ પરિવર્તન કરતી વખતે કર્તા અને કર્મ અને (હોય તો) તેમનાં વિશેષણોમાં ફક્ત વિભક્તિનું પરિવર્તન થાય છે.

---

૧ ક્રિયાપદ સકર્મક હોય તો અને પછીનું વાક્ય કર્મ હોય તો તે કર્તરિનો પણ ભાવે પ્રયોગ જ થાય છે. જુઓ- પરિચ્છેદ ૩૦૧.

૨) પ્રયોગ પરિવર્તન કરતી વખતે ક્રિયાપદનાં કર્તરિ કે કર્મણિ રૂપમાં કર્તાનો અથવા પ્રથમામાં આવેલાં કર્મના પુરુષ અને વચન પ્રમાણે પ્રમાણે પરિવર્તન થાય છે.

૩) પ્રયોગ પરિવર્તન કરતી વખતે ક્રિયાપદના કાળ કે અર્થ બદલવાના નથી.

૪) તેમ જ પ્રયોગ પરિવર્તનમાં કર્તા, કર્મ અને તેમનાં વિશેષણ અને ક્રિયાપદ (અથવા ધાતુ વિશેષણ) આ સિવાય બાકીના શબ્દોમાં કોઇ જ પરિવર્તન થતું નથી.

જ્યાં કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ થયો હોય ત્યાં કર્મણિનું કર્તરિ કરતી વખતે સંસ્કૃતમાં કર્તરિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ અર્ધમાગધીમાં આ કર્તરિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ વિરલ હોય છે. તેથી ક્રિયાપદનો ભૂતકાળ વાપરવામાં હરકત નથી.

તે જ રીતે વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણનો ઉપયોગ થયો હોય ત્યાં કર્મણિનું કર્તરિ કરતી વખતે ક્રિયાપદનાં વિધ્યર્થ રૂપનો ઉપયોગ કરવામાં આવે છે.

આવાં પ્રયોગ પરિવર્તનનાં કેટલાંક ઉદાહરણો પ્રસ્તુત છે.

**(૩૦૨.૩.૧) સકર્મક કર્તરિ - કર્મણિ :-**

**(૩૦૨.૩.૧.૧)** ક્રિયાપદોનો ઉપયોગ હોય તો : -

૧) **કર્તરિ**—कहं देवा अपवित्तनरं अवहरंति।
**કર્મણિ**—कहं देवेहिं अपवित्तनरो अवहीरइ।

૨) **કર્તરિ**—को वा से ओसहं देइ।
**કર્મણિ**—केण वा से ओसहं दिज्जइ।

૩) **કર્તરિ**—न मुंचामि सच्चरियं।
**કર્મણિ**—न मुच्चइ सच्चरियं।

૪) **કર્તરિ**—एयं दुट्ठं अहं हणिस्सामि।
**કર્મણિ**—एस दुट्ठो मए हणिज्जिस्सइ।

૫) **કર્તરિ**—अहं तव पुत्तं रक्खिस्सामि।
**કર્મણિ**—मए तव पुत्तो रक्खिज्जिस्सइ।

૬) કર્તરિ—एवं धम्मं चरिस्सामि।

કર્મણિ—एवं धम्मो चरिज्जिस्सइ।

૭) કર્તરિ—भुंज माणुस्सए भोए।

કર્મણિ—भुज्जंतु माणुस्सया भोया।

૮) કર્તરિ—परिच्चयउ देवो विसायं।

કર્મણિ—परिच्चइज्जउ देवेण विसाओ।

૯) કર્તરિ—तं (ते) मारिउणो सुमिणे विलहंतु।

કર્મણિ—तं मारिऊहिं सुमिणे विलब्भउ।

**(૩૦૨.૩.૧.૨) ધાતુવિશેષણોનો ઉપયોગ હોય તો :-**

**(૩૦૨.૩.૧.૨.૧)** કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ હોય તો :-

૧) કર્તરિ—अज्ज तं अहं पासित्था।

કર્મણિ—अज्ज सो मए दिट्ठो।

૨) કર્તરિ—तत्थ पासित्था साहु णीओ।

કર્મણિ—तत्थ दिट्ठाओ साहुणीओ।

૩) કર્તરિ—पारंभित्था मंजुलं तओ गीयं।

કર્મણિ—पारद्धं मंजुलं तओ गीयं।

૪) કર્તરિ—तुमं कुसुमाइं गिण्हित्था।

કર્મણિ—तुमए कुसुमाइं गिण्हियाइं।

૫) કર્તરિ—पसारित्था करा जिणो।

કર્મણિ—पसारिया करा जिणेण।

૬) કર્તરિ—देवी पेसित्था फलाइं इमाइं।

કર્મણિ—देवीए पेसियाइं फलाइं इमाइं।

૭) કર્તરિ—पिवित्था सीया सीयलं सलिलं।

કર્મણિ—पीयं सीयाए सीयलं सलिलं।

૮) **કર્તરિ**—सिद्धगंधव्वा मुंचिंसु कुसुमवुट्ठिं।
**કર્મણિ**—सिद्धगंधव्वेहिं मुक्का कुसुमवुट्ठी।
૯) **કર્તરિ**—गिण्हित्था मंजरिं राया।
**કર્મણિ**—गहिया मंजरी राइणा।

**(૩૦૨.૩.૧.૨.૨)** વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણનો ઉપયોગ હોય તો :-

૧) **કર્તરિ**—अहं तायं आवज्जेज्जामि।
**કર્મણિ**—मए ताओ (પિતા) आवज्जणीओ।
૨) **કર્તરિ**—तुम्हे अम्ह घरे भोयणं करेज्जाह।
**કર્મણિ**—तुम्हेहिं अम्ह घरे भोयणं कायव्वं।
૩) **કર્તરિ**—न मुंचेज्जासि तुमं पुव्व पुव्वपणयं।
**કર્મણિ**—न मोत्तव्वो तुमए पुव्वपणओ।

**(૩૦૨.૩.૨) કર્મણિ - સકર્મક કર્તરિ**

**(૩૦૨.૩.૨.૧)** ક્રિયાપદનો ઉપયોગ હોય તો :-

૧) **કર્મણિ**—तुह उववणं कुमारेहिं हणिज्जइ।
**કર્તરિ**—तुह उववणं कुमारा हणंति।
૨) **કર્મણિ**—धणिणो विलुप्पिज्जंति नराहिवेहिं।
**કર્તરિ**—धणिणो विलुंपंति नराहिवा।
૩) **કર્મણિ**—अहं इमिणा वंचिज्जामि।
**કર્તરિ**—ममं इमो वंचइ।
૪) **કર્મણિ**—न मुच्चइ ससी जोण्हाए।
**કર્તરિ**—न मुंचइ ससि जोण्हा।
૫) **કર્મણિ**—डज्झामि विरहाग्गिणा हं।
**કર્તરિ**—डहइ विरहग्गी मं।
૬) **કર્મણિ**—न लब्भइ दविणं विहीणपुण्णेहिं।
**કર્તરિ**—न लभंति दविणं विहीणपुण्णा।

૭) કર્મણિ—कम्मं तवसा निज्जरिज्जइ।

कर्तरि—कम्मं तवो निज्जरइ।

૮) કર્મણિ—एस न छिप्पए जोव्वणवियारेहिं न घेप्पए मएण (મદ) न मुच्चए अज्जवयाए।

કર્તરિ—एयं न छिवंति जोव्वणवियारा न गेण्हइ मओ न मुंचइ अज्जवया।

૯) કર્મણિ—सो खलु रोगेहिं मुच्चेही।

કર્તરિ—तं खलु रोगा मुंचिहिंति।

૧૦) કર્મણિ—तो कह डाज्झिहिसि तुमं जलणेण।

કર્તરિ—तो कह डहिहिइ तुमं जलणो।

૧૧) કર્મણિ— एसा तेण वेरिणा हीरिही।

કર્તરિ—एयं सो वेरी हरिहिइ।

૧૨) કર્મણિ—सो सत्तुणा दहंमि परिक्खिप्पिहिइ।

કર્તરિ—तं सत्तू दहंमि परिक्खिविहिइ।

૧૩) કર્મણિ—दिज्जइ दाणं सव्वजणाणं।

કર્તરિ—देंति दाणं सव्वजणाणं।

૧૪) કર્મણિ—कज्जे मणो दिज्जउ।

કર્તરિ—कज्जे मणं देह (तुम्हे)।

૧૫) કર્મણિ—वेज्जघरे निज्जउ वराई।

કર્તરિ—वेज्जघरे नेंतु वराइं (जणा)।

૧૬) કર્મણિ—दिज्जउ का वि हु धूया।

કર્તરિ—देसु कं पि हु धूयं (तुमं)।

**(૩૦૨.૩.૨.૨)** ધાતુવિશેષણોનો ઉપયોગ હોય તો:-

**(૩૦૨.૩.૨.૨.૧)** કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ હોય તો :-

૧) કર્મણિ—सा वग्घेण हया।

કર્તરિ—तं वग्घो हणित्था (हयवंतो)।

૨) **કર્મણિ**—तेहिं कयं अप्पहियं जेहि उ गहिया महव्वया पंच।

**કર્તરિ**—ते करिंसु (कमवंता) अप्पहियं जे उ गिण्हिंसु (गहियवंता) महव्वया पंच।

૩) **કર્મણિ**—तेण दिट्ठाणि आउहाणि।

**કર્તરિ**—सो पासित्था (दिट्ठवंतो) आउहाणि।

૪) **કર્મણિ**—कह वाणरेहि बद्धो सेऊ?

**કર્તરિ**—कह वाणरा बंधिंसु (बद्धवंता) सेउं?

૫) **કર્મણિ**—दव्वं विलुत्तं तक्करेहिं।

**કર્તરિ**—दव्वं विलुंपिंसु (विलुत्तवंता) तक्करा।

**(૩૦૨.૩.૨.૨.૨)** વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણનો ઉપયોગ હોય તો :-

૧) **કર્મણિ**—न इमं कस्स वि तए कहेयव्वं।

**કર્તરિ**—न इमं कस्स वि तुमं कहेज्जासि।

૨) **કર્મણિ**— सो वि मए चेव हंतव्वो।

**કર્તરિ**—तमवि अहं चेव हणेज्जामि।

૩) **કર્મણિ**—दट्ठव्वा अम्हेहिं सा।

**કર્તરિ**—पासेज्जाम अम्हे तं।

૪) **કર્મણિ**—अप्पमत्तेण (तए) रक्खियव्वो हं।

**કર્તરિ**—अप्पमत्तो (तं) रक्खेज्जासि ममं।

૫) **કર્મણિ**—उज्झियव्वो विसयरागो, चिंतियव्वं भवसरूवं, वज्जियव्वा कुसंसग्गी, सेवियव्वा साहुणो।

**કર્તરિ**—उज्झेज्जा विसयरागं चिंतेज्जा भवसरूवं, वज्जेज्जा कुसंसग्गिं, सेवेज्जा साहुणो।

૬) **કર્મણિ**—सव्वपाणीणं पीडा परिवज्जियव्वा।

**કર્તરિ**—सव्वपाणीणं पीडं परिवज्जेज्जा।

**(૩૦૨.૩.૩) અકર્મક કર્તરિ - ભાવે**

**(૩૦૨.૩.૩.૧)** ક્રિયાપદનો ઉપયોગ હોય તો :-

ઉદાહરણ માટે જુઓ પરિચ્છેદ-૩૦૧

**(૩૦૨.૩.૩.૨)** વિધ્યર્થ કર્મણિ ધાતુવિશેષણનો ઉપયોગ હોય તો:-

૧) **કર્મણિ**—अहं गामंतरं गच्छेज्जामि।

**કર્તરિ**—मए गामंतरं गंतव्वं।

૨) **કર્મણિ**—तुब्भे जएज्जाह (यत्)।

**કર્તરિ**—तुब्भेहिं जइयव्वं।

૩) **કર્મણિ**—न तुमं कुप्पेज्जासि।

**કર્તરિ**—न तए कुप्पियव्वं।

**(૩૦૨.૩.૩.૩)** કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ હોય તો:-

અકર્મક ક્રિયાપદના કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ હોય તો પ્રાયઃ કર્તરિ[૧] પ્રયોગ જ થાય છે. તેથી, કર્તા પ્રથમામાં અને કર્તાના લિંગ-વચન-વિભક્તિ પ્રમાણે કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનું રૂપ હોય છે. ઉદાહરણ તરીકે—

૧) पत्तो नियमंदिरे सो वि।

૨) तओ सो पहसिओ राया सेणिओ मगहाहिवो।

૩) तो गाढयरं राया रुट्ठो।

૪) ओइण्णा सुरवरा सव्वे।

૫) देवा गया निययाइ ठाणाइं।

૬) पडिया य रयणवुट्ठी।

૭) विबुद्धा देवी।

૮) सो तत्थेव निवसिओ।

૯) पज्जलिओ मे मणंमि कोवाणलो।

---

૧ આ પ્રસંગે અર્ધમાગધીમાં ક્યારેક ભાવે પ્રયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—गज्जियं मेहेहिं। हसियं राइणा। पणट्ठं पावेणं। वियसियं लोयणेहिं। વધુ ઉદાહરણ માટે કર્મણિ ભૂતકૃદંત ધાતુ વિશેષણનો ઉપયોગ પરિચ્છેદ-૪૨૩ જુઓ

## (૩૦૩) પ્રયોજક ધાતુના કર્તરિ અને કર્મણિ પ્રયોગ

બધા પ્રયોજક ધાતુ સકર્મક હોય છે. પ્રયોજક ધાતુના કર્તરિ પ્રયોગ નીચે મુજબ થાય છે :-

**(૩૦૩.૧)** પ્રયોજક ધાતુના કર્તરિ પ્રયોગ :-

**(૩૦૩.૧.૧)** મૂળ ધાતુ સકર્મક હોય તો પ્રયોજક કર્તરિ રચનામાં મૂળ ક્રિયાનો ક્રિયાનો કર્તા તૃતીયામાં જાય છે, મૂળ કર્મ દ્વિતીયામાં જાય છે અને પ્રયોજક ધાતુ નવા કર્તાના પુરુષ-વચન પ્રમાણે હોય છે[૧]. ઉદાહરણ તરીકે—

૧) नेव अन्नो दंडं समारंभेज्जा।

**પ્રયોજક**—(भिक्खू) नेव अन्नेहिं दंडं समारंभविज्जा।

૨) नेव अन्नो अदिन्नं गिण्हेज्जा।

**પ્રયોજક**— (भिक्खू) नेव अन्नेहिं अदिन्नं गेण्हावेज्जा।

૩) पुरिसा देवदत्तं देविं गिण्हंति।

**પ્રયોજક**— (पूसनंदी राया) देवदत्तं देविं पुरिसेहिं गिण्हावेइ।

૪) पुरिसा दारगं गिण्हंति।

**પ્રયોજક**— (राया) दारगं पुरिसेहिं गिण्हावेइ।

**(૩૦૩.૧.૨)** મૂળ ગત્યર્થક, જ્ઞાનાર્થક, ભક્ષણાર્થક અને તદર્થક તેમ જ અકર્મક ધાતુઓની પ્રયોજક કર્તરિ રચનામાં મૂળ કર્તા દ્વિતીયામાં જાય છે. મૂળ કર્મ હોય તો દ્વિતીયામાં અને પ્રયોજક ધાતુ નવા કર્તાના પુરુષ-વચન પ્રમાણે હોય છે[૨].

**(૩૦૩.૧.૨.૧)** ઉદાહરણ

૧) **કર્તરિ**—सो हिंडइ।

**પ્રયોજક કર્મણિ**—ते तं हिंडावेंति।

૨) **કર્તરિ**— लोहदंडो तवइ।

**પ્રયોજક કર્મણિ**—देवी (राणी) लोहदंडं तावेइ।

---

૧ આપટે પત્ર-૨૮

૨ આપટે પત્ર-૨૯

૩) **કર્તરિ**—दमयंती नच्चइ।

**પ્રયોજક કર્મણિ**—दमयंतिं नलो नच्चावेइ।

૪) **કર્તરિ**—पीडा उप्पज्जइ।

**પ્રયોજક કર્મણિ**—भमरा पीडं उप्पायंति।

૫) **કર્તરિ**—कालरहट्टो भमइ।

**પ્રયોજક કર્મણિ**—चंदाइच्चबइल्ला कालरहट्टं भमाडेंति।

૬) **કર્તરિ**—रयणवुट्ठी पडइ।

**પ્રયોજક કર્મણિ**—पाडेंति रयणवुट्ठिं देवा।

૭) **કર્તરિ**—सप्पे कीडंति।

**પ્રયોજક કર્મણિ**—एस सप्पे कीडावेइ।

**(૩૦૩.૧.૨.૨)** ઉદાહરણ

૧) **કર્તરિ**— अहं अपुव्वं सुणेमि।

**પ્રયોજક કર્મણિ**—जो मं अपुव्वं सुणावेइ।

૨) **કર્તરિ**—थणगं पियंता दारगो वा कुमारिया।

**પ્રયોજક કર્મણિ**—थणगं पिज्जएमाणी दारगं वा कुमारियं।

**(૩૦૩.૨)** પ્રયોજક ધાતુના કર્મણિ પ્રયોગઃ-

**(૩૦૩.૨.૧)** અકર્મક ધાતુ અને જે ધાતુનો મૂળ કર્તા પ્રયોજક કર્તરિ રચનામાં દ્વિતીયામાં જાય છે તેમની પ્રયોજક કર્મણિ રચનામાં જે શબ્દ દ્વિતીયામાં હોય -એટલે મૂળ કર્તા - તેની પ્રથમા[1], પ્રયોજક કર્તરિ રચનાના કર્તાની તૃતીયા અને પ્રયોજક કર્મણિ ક્રિયાપદ પ્રથમાના શબ્દના પુરુષ-વચન પ્રમાણે હોય છે.

**(૩૦૩.૨.૧.૧)** ઉદાહરણ

૧) **કર્તરિ**—सुरसेलो न कयाइ वि चलइ।

**પ્રયોજક કર્તરિ**—पलयपवणा सुरसेलं न कयाइ वि चालेंति।

**પ્રયોજક કર્મણિ**—ण कयाइ वि सुरसेलो चालिज्जइ पलयपवणेहिं।

---

૧ આપટે પત્ર-૩૨

૨) **કર્તરિ**—एसो मरइ।

**પ્રયોજક કર્તરિ**—जक्खो एवं मारेइ।

**પ્રયોજક કર્મણિ**—एसो जक्खेण मारिज्जइ।

૩) **કર્તરિ**— न य भगवं चलइ झाणाओ।

**પ્રયોજક કર્તરિ**—न य भगवं चालेइ झाणाओ तिहुयणं पि।

**પ્રયોજક કર્મણિ**—न य भगवं चालिज्जइ झाणाओ तिहुयणेणावि।

૪) **કર્તરિ**—पाणिणो वहंति।

**પ્રયોજક કર્તરિ**—विसयतण्हा पाणिणो वाहेइ।

**પ્રયોજક કર્મણિ**—पाणिणो वाहिज्जंति विसयतण्हाए।

૫) **કર્તરિ**—पाणिणो भमंति।

**પ્રયોજક કર્તરિ**—पाणिणो भमाडेइ कालपरिणई।

**પ્રયોજક કર્મણિ**—पाणिणो भमाडिज्जंति कालपरिणईए।

**(૩૦૩.૨.૧.૨)** ભક્ષણાર્થક, જ્ઞાનાર્થકધાતુઓની બાબતમાં ઉપર પ્રમાણે જ રચના[1].

૧) **કર્તરિ**— सप्पिणी छीरं पिवइ।

**પ્રયોજક કર્તરિ**—को सप्पिणिं छीरं पाएइ।

**પ્રયોજક કર્મણિ**—केण पाइया सप्पिणी छीरं।

૨) **કર્તરિ**—सो विचित्तं आहारं भुंजित्था।

**પ્રયોજક કર્તરિ**—तं विचित्तं आहारं भुंजावित्था।

**પ્રયોજક કર્મણિ**— (सो) भुंजाविओ विचित्तं आहारं।

**(૩૦૩.૨.૨)** મૂળ ધાતુ સકર્મક હોય તો પ્રયોજક કર્મણિ રચનામાં મૂળ કર્મ પ્રથમામાં જાય છે અને મૂળ કર્તા અને પ્રયોજક કર્તરિ રચનાનો કર્તા તૃતીયામાં જાય છે[2]. માત્ર 'कर' (कृ) ધાતુની બાબતમાં પ્રયોજક કર્તરિમાં મૂળ કર્તાની વિકલ્પે

---

૧ અર્ધમાગધીમાં પ્રાયઃ દ્વિતીયામાં રહેલાં મૂળ કર્તૃપદ પ્રથમામાં જ જોવા મળે છે. (સંસ્કૃતમાં બીજું દ્વિતીયાંત પદ પણ પ્રથમામાં આવે છે.)

૨ સંસ્કૃતનો આ નિયમ અર્ધમાગધીમાં પળાતો દેખાતો નથી.: પ્રયોજક રચનાનો કર્તા તૃતીયામાં જાય છે, પણ મૂળનું કર્તૃપદ પ્રયોજક કર્મણિ રચનામાં પ્રથમામાં ગયેલું જોવા મળે છે.

દ્વિતીયા હોય છે તેથી પ્રયોજક કર્મણિ રચનામાં મૂળ કર્તા બહુધા પ્રથમામાં આવે છે[૧]. પ્રયોજ્ય કર્મણિ ક્રિયાપદ પ્રથમામાં રહેલ શબ્દના પુરુષ-વચન પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) करिओ तेण महरिसी दुद्धपारणयं।

૨) मए एयं रायविरुद्धं काराविओ (एसो)।

૩) तुब्भेहिं एस रज्जं कारेयव्वो।

૪) तीए वि कारविओ (सो) भोयणाईयं।

૫) ते जिणवरेण सम्मं मुणिदिक्खं गाहाविया सव्वे।

૬) गाहिओ सो पिउणा कलाकलावकोसल्लं।

૭) सो गुरुणा गाहिओ जिणिंददिक्खं।

૮) अहं किर पुव्वं सिक्खं गाहिओ मंतीहिं।

૯) विवाहाविओ (सो) गुरुहिं इब्भबालियं।

૧૦) तेण पणामपुव्वं खमाविओ निययावराहं नलो।

૧૧) दिव्वेण (दैव) रज्जब्भंसं लहाविओ नलो।

૧૨) सो नलेण हाराविओ सव्वं।

## (૩૦૪) પ્રયોજક ધાતુ : પ્રયોગ પરિવર્તન

પ્રયોજક ધાતુઓના કર્તરિ અને કર્મણિ પ્રયોગ પરિવર્તનનાં કેટલાંક ઉદાહરણ અહીં દર્શાવ્યાં છે.

### (૩૦૪.૧) કર્તરિ - કર્મણિ :-

(૩૦૪.૧.૧) ઉદાહરણ

૧) **પ્રયોજક કર્તરિ**—अरिट्ठनेमी पउमावइं सयमेव पव्वावेइ।
**પ્રયોજક કર્મણિ**—अरिट्ठनेमिणा पउमावई सयमेव पव्वाविज्जइ।

૨) **પ્રયોજક કર્તરિ**— सुराहिवइणो ण्हवंति जयगुरुं।
**પ્રયોજક કર્મણિ**—सुराहिवईहिं ण्हविज्जइ जयगुरु।

---

૧ 'कर' ધાતુનો આદેશ રાખીને અર્ધમાગધીમાં સકર્મક ક્રિયાપદનો પ્રયોજક કર્મણિ પ્રયોગ બદલાયેલો જોવા મળે છે.

૩) **પ્રયોજક કર્તરિ**—तं कुमारो नच्चावेइ।

**પ્રયોજક કર્મણિ**—सो कुमारेण नच्चाविज्जइ।

૪) **પ્રયોજક કર્તરિ**—पंचविहपमाओ जीवं पाडेइ संसारे।

**પ્રયોજક કર્મણિ**—पंचविहपमाएण जीवो पाडिज्जइ संसारे।

**(૩૦૪.૧.૨)** ઉદાહરણ

૧) **પ્રયોજક કર્તરિ**—विजए चोरसेणावई चिलायं तक्करं बहूओ चोरविज्जाओ सिक्खावेइ।

**પ્રયોજક કર્મણિ**—विजएण चोरसेणावइणा चिलाओ तक्करो बहूओ चोरविज्जाओ सिक्खाविज्जइ।

**(૩૦૪.૨) કર્મણિ - કર્તરિ :-**

૧) **પ્રયોજક કર્મણિ**—हा कह निग्घिणविहिणा तुह उवरिं पाडिया विज्जू।

**પ્રયોજક કર્તરિ**—हा कह निग्घिणविही तुह उवरिं पाडित्था विज्जुं।

૨) **પ્રયોજક કર્મણિ**— मोयावियाओ अम्हे तुमे।

**પ્રયોજક કર્તરિ**—मोयाविसु अम्हे तुम्हे।

૩) **પ્રયોજક કર્મણિ**— काराविया (सा) कह कह वि मया पाणवित्तिं।

**પ્રયોજક કર્તરિ**—कारावित्था तं (किंवा ताए) कह कह वि अहं पाणवित्तिं।

૪) **પ્રયોજક કર્મણિ**—वाहराविओ (सो) कुलवइणा।

**પ્રયોજક કર્તરિ**—वाहरावित्था (तं) कुलवई।

૫) **પ્રયોજક કર્મણિ**—तओ पव्वाविया सव्वे वि भगवया।

**પ્રયોજક કર્તરિ**—तओ पव्वावित्था सव्वे वि भगवंतो।

૬) **પ્રયોજક કર્મણિ**—महादेवो अन्नेहिं ण्हाविज्जइ।

**પ્રયોજક કર્તરિ**—महादेवं अन्ने ण्हावेंति।

• • •

## પ્રકરણ ૨૧

# નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદોનો ઉપયોગ

**(૩૦૫) નામોનો ઉપયોગ**

નામોનો ઉપયોગ આ પ્રમાણે થાય છે.

**(૩૦૫.૧)** વાક્યમાં નામ કર્તા, કર્મ, કરણ હોઇ શકે છે.

ઉદાહરણ તરીકે—

૧) सुमाणुसत्तं सुकुलं सुरूवं सोहग्गमारुग्गमतुच्छमाउ।
रिद्धिं च विद्धिं च पहुत्तकित्ती पुन्नप्पसाएण लहंति सत्ता॥

(સિરિ ૧૮૪) (કર્તા, કર્મ, કરણ)

સારો મનુષ્ય જન્મ, સારું કુળ અને રૂપ, સૌભાગ્ય, આરોગ્ય, સારું આયુષ્ય, ઋદ્ધિ , વૃદ્ધિ અને પુષ્કળ કીર્તિ આ બધું પ્રાણિઓને પુણ્યના પ્રસાદથી મળે છે.

**(૩૦૫.૨)** અકર્મક ક્રિયાપદના પૂરક તરીકે નામોનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) मित्तो वि होइ सत्तू पुरिसाणं पुव्वकम्मदोसेणं। (નાણ.૪.૬૪)
પૂર્વ કર્મના દોષથી પુરુષનાં મિત્ર પણ શત્રુ થાય છે.

૨) तं सि नाहो अणाहाणं। (ઉત્ત. ૨૦.૫૬)

તું અનાથોનો નાથ છે.

**(૩૦૫.૪)** સકર્મક પણ અપૂરતાં વિધેયવાળાં ક્રિયાપદોના પૂરક તરીકે નામોનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) दुहं मुणइ सोक्खं। (બંભ પત્ર-૩૬)

દુ:ખને સુખ માને છે.

૨) नयरं जाणाहि देहयं। (નાણ. ૧.૨૩૪)

દેહને નગર સમજ.

૩) ક્યારેક વિધેય તરીકે નામોનો ઉપયોગ થાય છે.

(આવા પ્રસંગે 'હોવું' ક્રિયાપદ અધ્યાહૃત હોય છે).

ઉદાહરણ તરીકે—जीवदय च्चिय धम्मो। (સુપાસ. ૬૨૮)

જીવદયા જ ધર્મ.

**(૩૦૫. ૫)** બીજાં નામો વિષે અધિક માહિતી આપવા માટે નામોનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) मम धम्मायरिए धम्मोवएसए समणे भगवं महावीरे। (અંત. ૭૬)

મારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર.

૨) तस्स णं नागस्स गाहावइस्स पुत्ते सुलसाए भारियाए अत्तए अणीयसे नामं कुमारे होत्था। (अंत.२१)

તે નાગ નામના ગૃહસ્થનો પુત્ર સુલસા નામની ભાર્યાનો આત્મજ અણીયસ નામનો કુમાર હતો.

**(૩૦૫.૬)** ક્યારેક નામોનો ઉપયોગ વિશેષણ પ્રમાણે થાય છે.

**(૩૦૫.૬.૧)** સમાસમાં પૂર્વપદ નામ હોય તો ક્યારેક તેનો ઉપયોગ વિશેષણ પ્રમાણે થતો હોય છે.

ઉદાહરણ તરીકે— माइगिहं (मातृ-गृहम्),

सव्वन्नु-भासियाइं (સમરા.પત્ર-૧) (સર્વજ્ઞનાં ભાષિત),

रुद्दक्खमाला (સમરા.પત્ર-૯) (रुद्राक्षमाला)

**(૩૦૫.૬.૨)** ષષ્ઠ્યંત નામ વિશેષણ પ્રમાણે જ હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) विस्सनंदिणो महारायस्स अग्गमहिसीए दासचेडीए। (મહા પત્ર-૩૧અ)

વિશ્વનંદી મહારાજની પટરાણીની દાસી.

૨) मह जीवस्स सामिणी देवि! तं एक्का। (કથા પત્ર-૩)

હે દેવી! મારાં જીવનની સ્વામિની તું એક જ છે.

**(૩૦૫.૭)** નામની દ્વિરુક્તિનો 'પ્રત્યેક' એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) गेहे गेहे। (વિવાગ. પત્ર-૩)
ઘરે ઘરે.

૨) पए पए विसीयंतो। (દસ ૨.૧)
પગલે પગલે વિષાદ પામનારો.

૩) दिणे दिणे एइ मह समीवं। (સુર. ૧૧.૬૫)
દરરોજ મારી પાસે આવે છે.

**(૩૦૫.૮)** નામની પછી 'एग' આવે તો અનિશ્ચિતતાનો બોધ થાય છે.

ઉદાહરણ તરીકે— ૧) पुच्छिओ अणेण एगो पुरिसो।
તેણે એક પુરુષને પૂછ્યું.
૨) एगंमि नयरे। (કથા પત્ર-૫૪)
એક નગરમાં.

**(૩૦૫.૯)** કેટલાંક નામોના દ્વિતીયાથી સપ્તમી વિભક્તિનાં એકવચનનાં રૂપોનો ઉપયોગ ક્રિયાવિશેષણ અવ્યય પ્રમાણે થાય છે[1]. ઉદાહરણ તરીકે—

**દ્વિતીયા એકવચન** :- सच्चं, सुहं, रुच्छंदं, उक्कोसं (વધુમાં વધુ);

**તૃતીયા એકવચન**[2] :-सुहेण, समासेणं, छंदेणं, दुहेण (દુ:ખ), उक्कोसेण, कमेण, नियमेण, निच्छएण, विसेसेण, कट्ठेण (કષ્ટ);

**ચતુર્થી એકવચન** :- अट्ठाए (માટે);

**પંચમી એકવચન** :- बला (બળથી), नियमा (નિયમથી), चिरकालाओ,

**ષષ્ઠી એકવચન** :- (નાદાનુકારી શબ્દ): सरसरस्स, दवदवस्स, तडतडस्स, छडछडस्स, मडमडस्स, धगधगस्स, कडकडस्स, करकरस्स;

**સપ્તમી એકવચન** :- राओ(रात्रौ) રાત્રે

**(૩૦૫.૧૦)** કેટલાંક નામોનો વિશેષ ઉપયોગ નીચે પ્રમાણે થાય છે.

---

૧ કાળે પત્ર- ૨૨૯

૨ નાદાનુકારી શબ્દ: चरचराए, तडतडाए, ढगढगाए, कडकडाए (સમરા પત્ર-૨૫૭)

**(૩૦૫.૧૦.૧) पाद** : નામ આગળ આદર, બહુમાન દર્શાવવા :-

૧) साहुनाहपायाणं। (સુપાસ ૫૪૫)
પૂજ્ય સાધુનાથને.

૨) आयरियपाया पुण अप्पसन्ना। (દસ. ૯.૧૫)
પૂજ્ય આચાર્ય જો અપ્રસન્ન [હોય.]

**(૩૦૫.૧૦.૨) अज्जउत्त[1] (आर्यपुत्र)** :-પ્રાયઃ તરુણ સ્ત્રીઓ પતિને આર્યપુત્ર કહેતી.

ઉદાહરણ તરીકે—

૧) अज्जउत्त! पेच्छ पेच्छ। (કથા પત્ર-૧૧૪)
આર્યપુત્ર! જુઓ જુઓ.

૨) अज्जउत्त! न एस अवसरो पच्छवलियव्वस्स। (બંભ પત્ર-૬૬)
આર્યપુત્ર! પાછા વળવાનો આ સમય નથી.

**(૩૦૫.૧૦.૩) भट्टारय** : આદરપૂર્વક બોલતી વખતે 'भट्टारय' આ શબ્દનો ઉપયોગ કરાયેલો જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

कत्तो भट्टारया आया। (નાણ. ૪.૮૦)
મહારાજ ક્યાંના છે?

**(૩૦૫.૧૦.૪) भट्टिणी અને भट्टिदारिया** :-

રાણી અને રાજકન્યાને ઉદ્દેશીને પ્રાયઃ આ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે[૨]. ઉદાહરણ તરીકે—

૧) भट्टिणि! भट्टिदारिया विन्नवेइ। (સમરા પત્ર-૬૨૪)
રાણીસાહેબ! રાજકન્યા વિનંતિ કરે છે.

૨) भट्टिणि! पावो खु एस गब्भो। (સમરા પત્ર- ૧૩૫)
બાઇસાહેબ! આ ગર્ભ ખરેખર પાપી છે.

---

૧ ક્યારેક બીજા દ્વારા પણ આ શબ્દનો ઉપયોગ કરાયેલો જોવા મળે છે.

૨ ક્યારેક આદર દર્શાવવા આ શબ્દનો ઉપયોગ બીજા માટે પણ કરાયેલો જોવા મળે છે.

**(૩૦૫.૧૦.૫) देव, देवी** :-રાજા, રાણીને સંબોધન માટે.

ઉદાહરણ તરીકે—

૧) देव! पसत्थं मुहुत्तं। (સમરા પત્ર-૨૨)

મહારાજ! મુહૂર્ત પ્રશસ્ત છે.

૨) नंदाए देवीए अत्तए। (નાયાસં પત્ર- ૩)

નંદા રાણીનો પુત્ર.

**(૩૦૫.૧૦. ૬) अज्ज (आर्य)** :-આદર અર્થે બોલતા 'अज्ज' આ શબ્દનો ઉપયોગ કરાયેલો જોવા મળે છે.

ઉદાહરણ તરીકે— अज्ज! सरणागओ म्हि। (સમરા પત્ર-૧૯૮)

આર્ય! હું શરણાગત છું.

**(૩૦૫.૧૦. ૭) इंद, वग्घ, पुंगव, वसह, सीह, सद्दूल** ઇત્યાદિ શબ્દ કર્મધારય સમાસમાં ઉત્તરપદે હોય તો શ્રેષ્ઠત્વ દર્શાવવા.

ઉદાહરણ તરીકે— नरवसह, अणगारसीह, पुरिसवग्घ ઇત્યાદિ.

**(૩૦૫.૧૦.૮)** દેશનાં નામથી ક્યારેક તેના નિવાસી લોકોનો નિર્દેશ થાય છે :

ઉદાહરણ તરીકે—

૧) लाडाण माउलधूया गम्मा। (ધર્મો પત્ર-૧૪૭)

લાટદેશના વાસીઓને મામાની દીકરી વિવાહયોગ્ય છે.

૨) अकारण कोवणा कुंकणा। (નલ પત્ર-૩)

કોંકણવાસી લોકો કારણ વગર ક્રોધ કરનારા હોય છે.

### (૩૦૬) સર્વનામોનો ઉપયોગ

**(૩૦૬.૧)** ક્રિયાપદ અથવા શબ્દયોગી અવ્યયો સાથે યોગ હોય તો નામ પ્રમાણે જ સર્વનામોનો પણ ઉપયોગ થાય છે[૧]. ઉદાહરણ તરીકે—

૧) न देइ कोइ कस्स वि सुक्खं दुक्खं च निच्छओ एसो। (સિરિ.૩૨૮)

કોઇ કોઇને સુખ કે દુઃખ આપતું નથી, એ નિશ્ચિત છે.

---

૧ આપટે પત્ર-૯૦

૨) तुमए विणा विणासो सुहस्स मह संपयं जाओ। (નલ પત્ર-૪૭)

હમણાં, તારાં વિના મારા સુખનો નાશ થયો.

૩) अहमेव दुहभायणं होमि। (નલ પત્ર-૧૪)

હું જ દુ:ખનું ભાજન બનું છું.

**(૩૦૬.૨)** આ સિવાય ભિન્ન ભિન્ન સર્વનામોનો ઉપયોગ નીચે પ્રમાણે થાય છે.

**(૩૦૬.૨.૧) પુરુષવાચક સર્વનામ :-**

**(૩૦૬.૨.૧.૧)** ઔપચારિક રીતે દ્વિતીય પુરુષમાં 'भवंत' નો ઉપયોગ કરવામાં આવે છે. માત્ર, 'भवंत'ને ક્રિયાપદ તૃતીય પુરુષી લાગે છે[૧]. ઉદાહરણ તરીકે—

૧) सुणाउ भोई। (સમરા પત્ર-૨૮૪)

બાઇસાહેબે સાંભળવું.

૨) गच्छउ भवं। (સમરા પત્ર-૬૩૯)

આપ જાઓ.

૩) भो भो पेच्छंतु भवंता। (જિન પત્ર-૬૫)

અહો આપ જુઓ.

**(૩૦૬.૨.૧.૨)** પુરુષવાચક સર્વનામોનાં જે લઘુ કે સંક્ષિપ્ત રૂપો છે

(ઉદાહરણ તરીકે-मे, से ઇત્યાદિ) તે વાક્યના આરંભે અને પ્રાયઃ સંબોધન પછી વપરાતા નથી. ઉદાહરણ તરીકે—

૧) जो ते रुच्चइ तं गेण्ह। (ચઉ પત્ર-૨૦)

જે તને ગમે તે લે.

૨) को भे मोक्खसाहणोवाओ। (કથા પત્ર-૧૩૭)

તમારો મોક્ષસાધક કયો ઉપાય છે?

૩) किं णे समुद्दतरणेणं। (સમરા પત્ર-૨૦૧)

અમને સમુદ્ર તરીને શું ઉપયોગ?

---

૧ 'भवंत' શબ્દ દ્વારા કેવળ આદર દર્શાવવામાં આવે છે એવું નથી.જુઓ- આપટે પત્ર-૯૧.

**(૩૦૬.૨.૨) સ્વદર્શક સર્વનામોનો ઉપયોગ[૧] :- (अप्प[૨], अत्त, स, सग[૩]) :-**

૧) पयडह अप्पणो रूवे। (સુપાસ. ૪૯૨)
પોતાનું રૂપ પ્રગટ કરો.

૨) अत्तणो हियए। (અગડ ૧૪૬)
પોતાના હૃદયમાં.

૩) तं अप्पणा न पिबे। (દશ. ૫.૧.૮૦)
તે પોતે પીવે નહીં.

૪) साओ गिहाओ निग्गच्छइ। (૫એસિ પરિ-૬)
પોતાનાં ઘરમાંથીબહાર નીકળે છે.

૫) भायरो मे महाराय! सगा जेट्ठ कणिट्ठगा। (ઉત્ત ૨૦.૨૬)
મહારાજ! મારા સગા મોટા અને નાના ભાઇ.

**(૩૦૬.૨.૩) દર્શક સર્વનામોનો ઉપયોગ[૪] :-**

દર્શક સર્વનામોનો ઉપયોગ સ્વતંત્રપણે અથવા નામની સાથે કરી શકાય છે. ઉદાહરણ તરીકે—

૧) एस मम पुत्तो। (બંભ પત્ર-૪૩)
આ મારો પુત્ર.

૨) सा वहू। (બંભ પત્ર-૪૩)
તે વહુ.(નામની સાથે)

૩) चिंतियं च णे। (બંભ પત્ર-૪૧)
તેણે વિચાર કર્યો.

---

૧ ઘણીવાર 'सयं' (स्वयम्) આ અવ્યયથી જ આ સર્વનામનું કાર્ય કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—
૧) अह से सयमेव लुंचई केसे पंचमुट्ठीहिं। (ઉત્ત ૨૨.૨૪) પછી તેણે પોતે જ પંચમુષ્ટી લોચ કરે છે.
૨) एक्को सयं पच्चणुहोइ दुक्खं। (ઉત્ત ૧૩.૨૩) (તે) એકલો જ પોતે દુઃખ અનુભવે છે.

૨ આ શબ્દ હંમેશા પુલ્લિંગ એકવચનમાં વપરાય છે.

૩ स, सग આ બે શબ્દોનો પ્રાયઃ વિશેષણ પ્રમાણે જ ઉપયોગ થાય છે.

૪ इदमस्तु सन्निकृष्टं समीपतरवर्ति चैतदो रूपम्। अदसस्तु विप्रकृष्टं तदिति परोक्षे विजानीयात्॥

૪) तीए पेसियमियं। (બંભ પત્ર-૫૩)

તેણીએ આ મોકલ્યું છે. (સ્વતંત્રપણે)

**(૩૦૬.૨.૩.૧) एय (एतद्)** :-

**(૩૦૬.૨.૩.૧.૧)** વક્તાની અત્યંત નજીક રહેલી વસ્તુ કે વ્યક્તિ દર્શાવવા :- ઉદાહરણ તરીકે—

૧) एए सव्वे सुहेसिणो। (ઉત્ત ૨૨.૧૬)

આ સર્વ સુખની ઇચ્છા કરનારા છે.

૨) एयं मे चरियं। (સમરા પત્ર-૧૦૯)

આ મારું ચરિત્ર.

**(૩૦૬.૨.૩.૧.૨)** ક્યારેક 'ज' આ સંબંધી સર્વનામની સાથે 'एय' નો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) पच्चक्खं हि भयवओ एयं जमहं तु पुच्छिस्सं। (સુર ૪.૮૬)

હું હવે જે પૂછવાનો છું તે ભગવંતને પ્રત્યક્ષ (દેખાય) જ છે.

૨) का एसा देवया जा नट्टविहिं दाऊण गया। (ધર્મો પત્ર-૨૨૧)

નૃત્યવિધિ બતાવીને ગઇ (તે) આ દેવતા કોણ?

**(૩૦૬.૨.૩.૧.૩)** ક્યારેક પૂર્વગામી વાક્યને બદલે-તેનો નિર્દેશ કરવા માટે- 'एय'નો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) इह वंसे जो राया तं सेवामो त्ति एस अम्ह कमो। (નલ પત્ર-૧૧)

આ વંશમાં જે રાજા તેની સેવા કરવી તે અમારો ક્રમ (પરંપરા).

૨) वेरीणं घरे कुमारो वच्चइ न सोहणमेयं। (કથા પત્ર-૩૦)

વેરીનાં ઘરે કુમાર જાય તે સારું નહીં.

**(૩૦૬.૨.૩.૧.૪)** ભાર આપવા 'त' સર્વનામ સાથે 'एय' નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) एसा सा मह भज्जा। (નાણ ૪.૭૦)

આ તે મારી ભાર્યા.

૨) एसो सो पिययओ मज्झ। (જિન પત્ર-૩૫)

આ તે મારો પ્રિયતમ.

**(૩૦૬.૨.૩.૧.૫)** ઘણીવાર 'अहं' સાથે પણ 'एय' નો ઉપયોગ જોવા મળે છે.

૧) एसा सा हं। (સુપાસ ૫૩૧)

આ તે હું.

૨) एसो सो हं तव पुत्तो। (કથા પત્ર-૧૪)

આ તે હું તારો પુત્ર.

**(૩૦૬.૨.૩.૨)** इम (इदम्) :-

**(૩૦૬.૨.૩.૨.૧)** વક્તાની નજીક રહેલી વસ્તુ કે વ્યક્તિ દર્શાવવા:- ઉદાહરણ તરીકે—

૧) इमे पाणा। (ઉત્ત ૨૨.૧૬) આ પ્રાણિઓ.

૨) इमिणा करवालेण। (સમરા પત્ર-૧૨૯)

આ તલવારથી.

**(૩૦૬.૨.૩.૨.૨)** ક્યારેક 'ज' આ સંબંધી સર્વનામ સાથે 'इम'નો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

इमा नो छट्ठिमा जाई अन्नमन्नेण जा विणा। (ઉત્ત-૧૩.૭)

આ આપણો છટ્ઠો જન્મ છે જેમાં આપણે સાથે નથી.

**(૩૦૬.૨.૩.૨.૩)** ક્યારેક વાક્ય દર્શાવવા 'इम'નો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) न हि अयं थाणुस्स अवराहो जं अंधो न पस्सइ। (સમરા પત્ર-૧૭૦)

આંધળાને દેખાતું નથી તે કંઇ થાંભલાનો અપરાધ નથી.

૨) रायसासणमिणं जं ते गेहमवलोइयव्वं। (સમરા પત્ર-૯૧)

તારું ઘર (શોધીને) જોવું તે રાજાની આજ્ઞા છે.

**(૩૦૬.૨.૩.૨.૪)** ભાર આપવા ક્યારેક 'त' સર્વનામ સાથે 'इम' નો ઉપયોગ

થાય છે.

ઉદાહરણ તરીકે— इमे ते खलु बावीसं परीसहा। (ઉત્ત ૨)

આ જ તે બાવીસ પરીષહ.

**(૩૦૬.૨.૩.૨.૫)** ક્યારેક ક્યારેક 'अहं' સાથે 'इम' નો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે— इमो सो हं। (નલ પત્ર-૫૦) આ તે હું.

**(૩૦૬.૨.૩.૩.) त (तद्) :-**

**(૩૦૬.૨.૩.૩.૧)** તૃતીય પુરુષી સર્વનામ પ્રમાણે 'त'નો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) चिंतयंतो सो निग्गओ नयराओ। (સમરા પત્ર- ૨૬)

વિચાર કરતો તે નગરની બહાર પડ્યો.

૨) तओ तेण भणियं। (સમરા પત્ર-૨૯)

ત્યાર પછી તેણે કહ્યું.

**(૩૦૬.૨.૩.૩.૨)** નામ સાથે 'त'નો ઉપયોગ હોય તો નિશ્ચિતતાનો બોધ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) मूढो खु सो राया। (સમરા પત્ર-૨૭)

તે રાજા ખરેખર મૂર્ખ છે.

૨) तंमि गामे। (બંભ પત્ર-૬૮)

તે ગામમાં.

**(૩૦૬.૨.૩.૩.૩)** પ્રસિદ્ધ વસ્તુનો નિર્દેશ કરવા માટે 'त'નો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

ते गिरिसिहरा ते पीलुपल्लवा ते करीरकसरवक्का। (વજ્જા-૨૨૧)

તે પર્વત શિખરો તે પીલુ વૃક્ષનાં પલ્લવ તે કરીર (નામની) વેલની કળીઓ.

**(૩૦૬.૨.૩.૩.૪)** પૂર્વગામી નામને બદલે-તેનો નિર્દેશ કરવા માટે-'त'નો

ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

माया पिया.... नालं ते मम ताणा य। (ઉત્ત-૬.૩)

મા,બાપ...તે મારાં રક્ષણ માટે સમર્થ નથી.

**(૩૦૬.૨.૩.૩.૫)** 'ज' આ સંબંધી સર્વનામ સાથે પ્રાયઃ 'त'નો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) पावाण वि ते पावा महाणुभावाण लेंति जे दोसे। (ધર્મો પત્ર-૬૯)

જેઓ મોટા માણસોના દોષ જુએ છે પાપીઓમાં પણ પાપી છે.

૨) जे विसएसु पसत्ता ते अप्पसुहेण वंचिया मूढा।

भमिहिंति भवसमुद्दे दुक्खसहस्साइ पावंता।। (પઉમ. ૩૩.૩૬)

જેઓ વિષયમાં આસક્ત છે તે મૂઢ અલ્પ સુખોથી ઠગાઇને હજારો દુઃખ ભોગવતા સંસારસાગરમાં ભ્રમણ કરશે.

**(૩૦૬.૨.૩.૩.૬)** ક્યારેક 'एय' સાથે 'त'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

सच्चिय एसा अम्हं भगिणी। (સુર ૮.૧૯૧) આ તે જ અમારી બહેન.

**(૩૦૬.૨.૩.૩.૭)** ક્યારેક 'इम' સાથે 'त'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

सो चेव इमो वसहो। (ધર્મો પત્ર-૧.૨૦)

તે જ આ બળદ.

**(૩૦૬.૨.૩.૩.૮)** ક્યારેક 'अहं' સાથે 'त'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

सो य अहं। (ચઉ પત્ર-૩૪)

અને તે હું.

**(૩૦૬.૨.૩.૩.૯)** ક્યારેક 'तुम' સાથે 'त'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) स तुमं। (સમરા પત્ર-૬૫૪)

તે તું.

૨) किं सो तुमं। (ધર્મો પત્ર-૪૦)

તે તું જ કે?

**(૩૦૬.૨.૩.૩.૧૦)** 'त'ની દ્વિરુક્તિ કરી હોય તો ભિન્ન ભિન્ન, કેટલુંક એવો[1] અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) तेहिं तेहिं उवाएहिं। (દશ-૯.૨.૨૦)

તે તે ઉપાયોથી

૨) तेहिं तेहिं महुरवयणेहिं। (મહા પત્ર-૯૭અ)

તે તે મધુર વચનોથી.

**(૩૦૬.૨.૩.૩.૧૧)** 'તે જ' આ અર્થમાં ભાર આપવા માટે 'त'નો ઉપયોગ થાય છે, ત્યારે ભાર દર્શક અવ્યય ક્યારેક ઉક્ત હોય છે, ક્યારેક અનુક્ત હોય છે.[2]

ઉદાહરણ તરીકે—

૧) ते दुमा ते पव्वया तं च अरण्णं। (નલ પત્ર-૧૪)

તે જ વૃક્ષ તે જ પર્વતો અને તે જ અરણ્ય.

૨) सो मित्तो सो सुयणो सो च्चिय परमत्थबंधवो होइ। (જિન પત્ર-૩૦)

તે જ મિત્ર તે જ સ્વજન અને તે જ સાચો ભાઇ છે.

**(૩૦૬.૨.૩.૪) अदस् :-**

અર્ધમાગધીમાં 'अदस्' સર્વનામનો ઉપયોગ બહુ અલ્પ છે.

**(૩૦૬.૨.૩.૪.૧)** દૂરની વસ્તુ દર્શાવવા 'अदस्'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) असो तत्तमकासी। (સૂય-૧.૧.૩.૩૮)

તેણે તત્ત્વ (નિર્માણ) કર્યું.

---

૧ કાળે પત્ર-૫૦૯

૨ આપટે પત્ર-૯૨

૨) ક્યારેક 'આ' આ અર્થમાં 'अदस्'નો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

भयवं केऽमी चारणसमणा? (કુમ્મા-૧૬૫)

ભગવન્! આ ચારણશ્રમણો કોણ?

**(૩૦૬.૨.૩.૪. ૩)** 'અમુક'નો પણ થોડો ઘણો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) अमुगंमि देवयायणे। (જિન પત્ર-૭)
અમુક મંદિરમાં.

૨) अमुगंमि गिहे चिट्ठइ। (સુપાસ. ૫૩૦)
અમુક ઘરમાં છે.

**(૩૦૬.૨.૪) સંબંધી સર્વનામ : ज (यद्) :-**

**(૩૦૬.૨.૪.૧)** પ્રાયઃ 'त'ની સાથે જ 'ज'નો ઉપયોગ થાય છે., ક્યારેક 'त' વિના પણ 'ज'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) नियगरुयपभावपसंसणेण लज्जंति जे महासत्ता। (અગડ ૭૯)
મોટા લોકો પોતાના મહાન પ્રભાવની પ્રશંસાથી લજ્જા પામે છે.

૨) गरुयावराहिणं पि हु अणुकंपंति हि जे महासत्ता। (સુપાસ : ૫૪૩)
મોટા લોકો મોટા અપરાધી પર પણ ખરેખર અનુકંપા દાખવે છે.

**(૩૦૬.૨.૪.૨)** ક્યારેક સંબંધ વાક્યને બદલે 'ज' આવે છે[૧]. ઉદાહરણ તરીકે—

૧) सुंदरमेयं जायं जाईसरणं इमीए जं जायं। (સુર ૭.૧૧૪)
આને જાતિસ્મરણ જ્ઞાન થયું તે સારું થયું.

૨) अच्छरियं जं एसो हसइ। (સુપાસ. ૬૦૯)
આ હસે છે તે આશ્ચર્ય છે.

**(૩૦૬.૨.૪.૩)** ક્યારેક 'एय' સાથે 'ज'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

---

૧ ત્યારે 'ज'નું રૂપ અવ્યય પ્રમાણે હંમેશા નપુંસકલિંગ દ્વિતીયા એકવચનમાં હોય છે. કાળે પત્ર-૪૭૪

जा एसा तुह दुहिया सा। (મહા પત્ર-૩૦૭ બ)

જો આ તારી પુત્રી તે.

**(૩૦૬.૨.૪.૪)** ક્યારેક 'इम' સાથે 'ज'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) जे इमे साहुणो वोलीणा। (ધર્મો પત્ર-૨)

જે આ સાધુઓ ગયા.

**(૩૦૬.૨.૪.૫)** ક્યારેક 'अहं' સાથે 'ज'નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

जा हं तेण परिचत्ता। (પાકમા પત્ર-૫)

જે મને તેણે છોડી.

**(૩૦૬.૨.૪.૬)** 'ज'ની દ્વિરુક્તિ કરવાથી કોઇપણ, પ્રત્યેક, સર્વ આવો અર્થ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) जा जा दच्छिसि नारिओ। (દશ. ૨.૯)

જે જે સ્ત્રીને જોઇશ.

૨) जा जा वच्चइ रयणी न सा पडिनियत्तई। (ઉત્ત ૧૪.૨૫)

જે જે રાત જાય છે તે પાછી આવતી નથી.

**(૩૦૬.૨.૫) પ્રશ્નાર્થક સર્વનામ : क (किम्)** :

**(૩૦૬.૨.૫.૧)** પ્રશ્ન પૂછતી વખતે કોણ, કયો આ અર્થમાં 'क'નો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) जलबिंदुचंचले जीवियंमि को मन्नइ थिरत्तं? (કુમ્મા ૫૯)

પાણીનાં બિંદુની જેમ ચંચળ જીવનમાં સ્થિરતા કોણ માને?

૨) को सि तुमं। (ધર્મો પત્ર-૭૦)

તું કોણ છે?

**(૩૦૬.૨.૫.૨)** 'क' ની દ્વિરુક્તિ કરવાથી કોઇપણ, પ્રત્યેક, આવો અર્થ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) किं किं अहवा मए न कयं। (મહા પત્ર-૧૪૨અ)

અથવા મેં શું શું નથી કર્યું?

૨) विवरमुहे विहिंमि किं किं न वा होइ। (મહા પત્ર-૫૦ અ)

અથવા નસીબ વિપરીત હોય તો શું શું નથી થતું?

**(૩૦૬.૨.૫.૩)** 'ज' સાથે ઉપયોગ હોય તો પણ સર્વ, પ્રત્યેક આવો અર્થ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) जाणि काणि रयणाणि समुप्पज्जंति सव्वाणि ताणि रायकुलगामीणि। (નિરયા પત્ર-૨૩)

જે કેટલાક (એટલે સર્વ) રત્નો ઉત્પન્ન થાય છે તે સર્વ રાજવંશમાં જાય છે.

૨) जे केइ पत्थिवा। (ઉત્ત-૯.૩૨)

જે કોઇ રાજા.

**(૩૦૬.૨.૫.૪)** 'क'ની પછી 'નામ' હોય તો કોણ વળી, શું વળી આવો અર્થ થાય છે.

ઉદાહરણ તરીકે—

को नाम कुम्मा पुत्तो? (કુમ્મા ૧૯)

વળી કોણ?

**(૩૦૬.૨.૫.૫)** 'क' ની પછી चि (चित्) અથવા (સ્વર પછી) 'इ' કે 'पि' કે 'वि' (अपि) હોય તો કોઇક આવો અનિશ્ચિતતાનો બોધ થાય છે[1]. ઉદાહરણ તરીકે—

૧) तत्थ कंचि साहुपुरिसं पत्थेमि। (અરી પત્ર-૫)

ત્યાં કોઇક સજ્જન માણસની પ્રાર્થના કરીશ.

---

૧ બધા લિંગ-વચન અને વિભક્તિમાં આ અવ્યયો 'क' પછી આવી શકે છે.

૨) देवाण करेंति केइ पूयाओ दाणाइ देंति केइ। (સમરા પત્ર- ૭૩૩)
કોઇક દેવની પૂજા કરે છે, કોઇક દાન આપે છે.

૩) का वि देवया एसा। (નલ પત્ર-૧૬)
આ કોઇક દેવતા છે.

૪) संसारे परमत्थेण किं पि नो विज्जए चोज्जं। (મહા પત્ર-૨૯૧ અ)
ખરું જોતાં સંસારમાં આશ્ચર્ય (જેવું) કંઇ જ નથી.

**(૩૦૬.૨.૫. ૫.૧)** 'क'ની પછી 'अपि' હોય તો ક્યારેક અવર્ણનીયતા સૂચિત થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) केवलमणुभवगम्मो कोइ पमोओ समुप्पन्नो। (મહા પત્ર-૨૫૧ અ)
કેવળ અનુભવગમ્ય કોઇક (અવર્ણનીય) આનંદ ઉત્પન્ન થયો.

૨) तं किं पि आसि तइया तेसिं तणयस्स संगमे सोक्खं। (સુર. ૧૫.૧૭૪)
ત્યારે પુત્રના સંગમથી તેમને કોઇક અવર્ણનીય સુખ થયું.

**(૩૦૬.૨.૬.) ઇતર સર્વનામો :-**

**(૩૦૬.૨.૬.૧)** एग, अवर, अन्न આ સર્વનામો અનેકવચનમાં આવે ત્યારે કેટલાક બીજા એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) सीयंति एगे बहुकायरा नरा। (ઉત્ત-૨૦.૩૮)
કેટલાક અતિ ભીરુ લોકો ગળેલાં ગાત્રવાળાં થાય છે[૧].

૨) अन्ने 'विण्हू पहाणो' त्ति भणंति। (પાકમા પત્ર-૪૦)
બીજા વિષ્ણુ પ્રધાન(મુખ્ય) છે તેમ કહે છે.

૩) अवरे 'महेसरो उत्तमदेवो' त्ति भणंति (પાકમા પત્ર-૪૦)
કેટલાક 'મહેશ્વર ઉત્તમ દેવ' છે તેમ કહે છે.

**(૩૦૬.૨.૬.૨)** 'कयर'(कतर)નો 'કયો' આ અર્થમાં ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

---

૧ યાકોબીનું ભાષાંતર-ખોટા માર્ગે જાય છે.

૧) कयरे ते खलु बावीस परीसहा। (ઉત્ત-૨)

તે બાવીસ પરિષહ કયા?

૨) कयरो इमो पएसो। (અગડ ૨૭૫)

આ પ્રદેશ કયો?

**(૩૦૬.૨.૬.૩) इयर[1] (इतर)** :-

ઉદાહરણ તરીકે—

एगे दूसिंति गुणे इयरे दोसे वि छायंति। (જિન પત્ર-૧)

કેટલાક ગુણોને દોષ દે છે તો બીજા દોષોને પણ ઢાંકે છે.

**(૩૦૬.૨.૬.૪) एगयर** :- કોઇ એક :-

ઉદાહરણ તરીકે—

एयाणं एगयरं उवभुंजसु नत्थि अन्नहा मोक्खो। (સુપાસ-૪૮૭)

આમાંથી કોઇ એક ખા નહીં તો છૂટકો નથી.

**(૩૦૬.૨.૬.૫) अन्नयर :-** કોઇપણ.

ઉદાહરણ તરીકે—

૧) अन्नयरेणं धम्मेणं। (સૂય-૨.૧.૯)

કોઇ એક ધર્મથી

૨) अन्नयरेसु देवलोएसु। (સૂય-૨.૨.૨૪)

કોઇ એક દેવલોકમાં.

**(૩૦૬.૨.૬.૬)** 'एग'નો ક્યારેક 'કેવળ' આવો પણ અર્થ થાય છે[2].

ઉદાહરણ તરીકે—

संसारे जीवाणं एक्को नरवर! हिओ धम्मो। (જિન પત્ર-૩૭)

હે રાજા! સંસારમાં જીવોને કેવળ ધર્મ જ હિતકારક છે.

---

૧ एग, अवर પ્રમાણે થોડો ઘણો ઉપયોગ થાય છે.

૨ 'एग'ના અનેક અર્થ આ પ્રમાણે છે:-

एकोऽल्पार्थे प्रधाने च प्रथमे केवले तथा। साधारणे समानेऽपि सङ्ख्यायां च प्रयुज्यते॥

**(૩૦૬.૨.૬.૬.૧)** ક્યારેક મુખ્ય, પ્રધાન એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

कत्थ भुवणेक्कपहुणो चरियं अम्हारिसो कहिं कुकई। (મહા પત્ર-૧.૨૭)

ક્યાં જગતના મુખ્ય સ્વામિનું ચરિત્ર અને ક્યાં અમારા જેવા ક્ષુદ્ર કવિ.

**(૩૦૬.૨.૬.૭)** अन्न, पर આ સર્વનામોની દ્વિરુક્તિ દ્વારા પરસ્પર સંબંધ સૂચિત થાય છે[1]. ઉદાહરણ તરીકે—

૧) अन्नोन्नं पहरंता। (જિન પત્ર-૨૦)

એકબીજા પર પ્રહાર કરનારા.

૨) एवं परोप्परं जुज्झिराण तेसिं। (મહા પત્ર-૫૭અ)

આ રીતે પરસ્પર યુદ્ધ કરનારા તેમના

૩) अवरोप्परओ... पीई। (સુપાસ . ૪૧૧)

પરસ્પર પ્રીતિ.

**(૩૦૬.૨.૬.૮)** अन्न-अन्न : એક-બીજો એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

पिए! न एस अम्हाण कुलक्कमो जं अण्णम्मि पुव्वपविट्ठे अण्णो वि पविसइ। (ધર્મો પત્ર-૧૨૫)

પ્રિયે! પહેલાં એક જણે પ્રવેશ કરી લીધો હોય તો બીજાએ પણ ત્યાં પ્રવેશ કરવો તે અમારી કુળ પરંપરા નથી.

**(૩૦૬.૨.૬. ૯)** ज, त અને क આ સર્વનામોની કેટલીક વિભક્તિનાં એકવચની રૂપોનો ઉપયોગ અવ્યય પ્રમાણે કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

जेण-तेण (જેથી-તેથી), जम्हा-तम्हा, कम्हा (કારણ) ઇત્યાદિ.

## (૩૦૭) વિશેષણોનો ઉપયોગ

**(૩૦૭.૧)** નામ વિષે વિશેષ માહિતી આપવાનું કાર્ય વિશેષણો કરે છે. ઉદાહરણ તરીકે—

૧) सुंदरधम्मरयाण वि विसमं विहिविलसियं समावडइ। (સુપાસ ૫૧૦)

સારા ધર્મમાં રત રહેનારા પર પણ વિધિનો વિષમ ખેલ અથડાય છે.

---

૧ આ પ્રસંગે તેમનું એકવચન હોય છે, ઉપયોગ પ્રાયઃ ક્રિયાવિશેષણ અવ્યય પ્રમાણે હોય છે.

૨) रागानलपज्जलिओ कज्जाकज्जं न पेच्छए पुरिसो। (ધર્મો પત્ર-૧૯૭)

રાગરૂપી અગ્નિથી બળતો પુરુષ કાર્યાકાર્ય જોતો નથી.

**(૩૦૭.૨)** એકલાં વિશેષણનો ક્યારેક વિશેષ્ય પ્રમાણે ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) चउत्थो तत्थेव ठिओ। (અરી પત્ર-૭)

ચોથો ત્યાં જ રહ્યો.

૨) जाणंता विहु अलियं मुहप्पियं चेव जंपंति। (સિરિ ૧૦૪)

જાણવા છતાં મોંઢે પ્રિય (લાગે તેવું) ખોટું વચન બોલે છે.

૩) सेसा दुक्खाणि पावंति। (પઉમ ૩૩.૪૩)

બાકીના દુઃખ પામે છે.

**(૩૦૭.૨.૧)** સંખ્યાવિશેષણો ક્યારેક નામ પ્રમાણે વાક્યમાં ઉદ્દેશ તરીકે વપરાય છે.

ઉદાહરણ તરીકે—

दो वि मया संता। (બંભ પત્ર-૨૬)

બન્ને મૃત થયે છતે.

**(૩૦૭.૩)** અકર્મક ક્રિયાપદના પૂરક તરીકે વિશેષણનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) वसणम्मि अणुव्विग्गा, विहवम्मि अगव्विया भये धीरा।

होंति अभिण्णसहावा, समम्मि विसमम्मि य समत्था॥ (ધર્મો પત્ર- ૧૯૮)

સંકટ સમયમાં અનુદ્વિગ્ન, વૈભવની સ્થિતિમાં ગર્વરહિત, ભયજનક સ્થિતિમાં ધીર અને સારી કે ખરાબ પરિસ્થિતિમાં સમર્થ પુરુષો અભિન્ન (એક) સ્વભાવી હોય છે.

૨) अइरहसकयकज्जाइं पज्जंतदारुणाइं हवंति। (મહા પત્ર-૫૦ બ)

ઘણી ઉતાવળ કરીને કરેલાં કામ પરિણામે દારુણ થાય છે.

**(૩૦૭. ૪)** સકર્મક પણ અપૂરતાં વિધેયવાળાં ક્રિયાપદોનાં પૂરક તરીકે

વિશેષણનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) कुणसु निव्विसं एयं। (પાકમા પત્ર-૨૩)
આને નિર્વિષ કર.

૨) निरत्थयं रज्जं मन्नामि। (ધર્મો પત્ર- ૧૨૫)
હું રાજ્યને નિરર્થક માનું છું.

**(૩૦૭. ૫)** વિધેય તરીકે વિશેષણનો ઉપયોગ થાય છે; ત્યારે 'હોવું' ક્રિયાપદ ઉક્ત અથવા અનુક્ત હોય છે. ઉદાહરણ તરીકે—

૧) दुलहा विसुद्धबंभयारिणो। (ધર્મો પત્ર-૩૬)
વિશુદ્ધ બ્રહ્મચારી દુર્લભ છે.

૨) न य विसयासत्ताण दुल्लहाओ आवयाउ त्ति। (ધર્મો પત્ર-૧૦૩)
અને વિષયાસક્ત જીવોને આપત્તિઓ દુર્લભ નથી.

**(૩૦૭. ૬)** વિશેષણની દ્વિરુક્તિથી આધિક્ય અને પૃથક્ત્વનો બોધ થાય છે. ઉદાહરણ તરીકે—

**(૩૦૭. ૬.૧) આધિક્ય** :-

૧) महया महया सद्देण। (વિવાગ પત્ર-૭)
મોટા મોટા અવાજે

૨) महामहंतो अक्कंदो। (સુપાસ ૫૬૪)
ઘણો મોટો આક્રંદ

**(૩૦૭. ૬.૨) પૃથક્ત્વ** : ઉદાહરણ તરીકે—

**(૩૦૭. ૬.૨.૧)**

૧) सएहिंतो सएहिंतो गिहेहिंतो। (વિવાગ પત્ર-૮)
પોતપોતાનાં ઘરેથી

૨) सएहिं सएहिं काएहिं। (નાયા ૬૫)
પોતપોતાનાં શરીરમાં

૩) नियनियपुत्ते ठावह निययपए। (કથા પત્ર-૧૦)
પોતપોતાનાં પદે પોતપોતાનાં પુત્રોને સ્થાપો.

(૩૦૭. ૬.૨.૨) दुवे दुवे। (બે બે) તે જ પ્રમાણે चत्तारि चत्तारि, अट्ठ अट्ठ, सोलस सोलस, अट्ठट्ठ नाडयाइं। (પઉમ. ૨.૫૧)

આઠ આઠ નાટક.

(૩૦૭. ૭) 'संतिय' આ વિશેષણનો નો-ની-નું આ અર્થમાં ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) एसा सा मज्झ संतिया मुद्दा। (સુર ૬.૭૮)

આ જ તે મારી મુદ્રા.

૨) जं जस्स संतियं दव्वं। (સમરા પત્ર- ૨૨૩)

જે જેનું દ્રવ્ય.

(૩૦૭.૮) કેટલાક વિશેષણોનાં દ્વિતીયાથી સપ્તમી સુધીનાં એકવચની રૂપોનો ઉપયોગ ક્રિયાવિશેષણ અવ્યય પ્રમાણે કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

**દ્વિતીયા એકવચન** :-

| | | |
|---|---|---|
| लहुं (ધીરે) | खिप्पं (જલ્દી) | मंदं (હળવે) |
| फुडं (સ્પષ્ટપણે) | सिग्घं (જલ્દી) | निच्चं (નિત્ય) |
| सययं (સતત)गाढं | अच्चंतं (અત્યંત) | |
| निस्संदिद्धं (નિઃસંદિગ્ધપણે) | सायरं (સાદર) | |
| अहियं (અધિક) | चिरं | अवस्सं (અવશ્ય) |

**તૃતીયા તૃતીયા એકવચન** :- दूरेणं, चिरेण, अचिरेण

**પંચમી એકવચન** :- चिरा, अचिरा

**ષષ્ઠી એકવચન**:- चिरस्स

**સપ્તમી એકવચન** :- दूरे, अंतिए, समीवे, अग्गे ઇત્યાદિ.

(૩૦૭.૯) तर વાચક વિશેષણોનો ઉપયોગ તુલના અર્થમાં કરવામાં આવે છે. તેમને પંચમી વિભક્તિની અપેક્ષા હોય છે. ઉદાહરણ તરીકે—

૧) न य इमाओ अन्नं सुंदरयरं। (સમરા પત્ર- ૪૮૯)

અને આથી વધુ બીજું કંઇ સુંદર નથી.

२) जीवियाओ वि इट्ठयरो। (સમરા ૩૬૨)

જીવનથી પણ ઇષ્ટ.

**(૩૦૭. ૧૦)** अब्भहिय, अहिय, हीण, ऊण ઇત્યાદિ વિશેષણોનો तर વાચક પ્રમાણે ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

१) जीवियाओ य अब्भहिओ। (સમરા પત્ર-૨૩૨)

અને જીવનથી પણ અધિક.

२) तुह तिव्वतवजणियसरीरपीडाओ वि मे अहिया सरीरपीडा।

(સમરા પત્ર-૨૩)

તીવ્ર તપથી થનારી તારા દેહની પીડા કરતા મારાં શરીરની પીડા વધુ છે.

३) केण उण अहं भवओ ऊणओ। (સમરા પત્ર-૪૦૯)

પણ તારા કરતા હું શેમાં ઓછો છું?

४) किं अम्हे वि तुज्झ विहीणा। (કથા પત્ર-૮૩)

શું અમે પણ તારાથી હીન છીએ?

**(૩૦૭. ૧૧)** અનેકમાં એકનું મહત્ત્વ કે કનિષ્ઠત્વ દર્શાવવા तम વાચક વિશેષણનો ઉપયોગ થાય છે. તેમને ષષ્ઠી[1] અથવા સપ્તમી વિભક્તિની અપેક્ષા હોય છે. ઉદાહરણ તરીકે—

१) सव्वाण वि उत्तमा पुरंधीणं। (નાણ ૩.૧૫)

સર્વ સ્ત્રીઓમાં ઉત્તમ.

२) वणेसु वा नंदणमाहु सेट्ठं। (સૂય ૧.૬.૧૮)

વનમાં નંદનવન શ્રેષ્ઠ છે.

**(૩૦૭. ૧૨)** पवर, पढम‌નો तम વાચક વિશેષણ પ્રમાણે ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

१) सीहे मियाण पवरे। (ઉત્ત ૧૧.૨૦)

સિંહ પશુમાં શ્રેષ્ઠ.

---

૧ જુઓ-ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનો ઉપયોગ.

૨) पवरो पउराण। (સુર ૧.૭૩)

નાગરિકોમાં શ્રેષ્ઠ.

૩) एसो पंचणमुक्कारो मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं।

આ પંચ નમસ્કાર સર્વ મંગલમાં શ્રેષ્ઠ મંગલ છે.

૪) कुलमहिहराण पढमो मेरु। (લીલા ૨૭૩)

કુલપર્વતોમાં મેરુ શ્રેષ્ઠ છે.

**(૩૦૭. ૧૩)** કેટલાંક વિશેષણોનો નીચે પ્રમાણે વિશિષ્ટ ઉપયોગ થાય છે.

**(૩૦૭.૧૩.૧)** આદરપૂર્વક બોલતા પ્રાયઃ महाभाग, महाणुभाव, देवाणुप्पियनो ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) कहसु मह महाभाग!। (સુર ૧૦.૪૯)

મહાભાગ! મને કહે.

૨) ता आगच्छउ ताव सो महाणुभावो। (સમરા પત્ર-૨૩)

તો તે મહાનુભાવને પહેલાં આવવા દે.

૩) अह केवलिणा भणियं-देवाणुप्पिए! निसामेसु। (સુર ૧૫.૧૯૬)

પછી કેવલીએ કહ્યું-દેવાનુપ્રિય! સાંભળ.

**(૩૦૭.૧૩.૨)**भद्द, भद्दमुहनो સર્વસાધારણ રીતે ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) भद्द! अलं विसाएण। (સમરા પત્ર- ૧૯૮)

ભલા માણસ વિષાદ રહેવા દે.

૨) भद्दमुह! मा निक्कारणं कुप्पाहि। (કથા પત્ર-૧૧૩)

ભદ્રમુખ! કારણ વિના ક્રોધ ન કર.

**(૩૦૭.૧૩.૩)** भंत, भगवंतनो ઉપયોગ માનનીય જન સાથે બોલતાં કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) मम भंते! कुओ विणासो। (કથા પત્ર- ૮૫)

ભગવન્! મારો નાશ કેવી રીતે?

૨) भयवं! करेह पसायं। (સમરા પત્ર- ૨૩)

ભગવન્! કૃપા પ્રસાદ કરો.

**(૩૦૭.૧૩.૪)** નાના સાથે બોલતા 'जाय'નો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

जाय! अज्ज तए इहेव भोत्तव्वं। (સમરા પત્ર- ૧૮૭)

વત્સ! તારે આજે અહીં જ જમવાનું છે.

## (૩૦૮) ક્રિયાપદોના ઉપયોગ

**(૩૦૮.૧.૧)** એકાદ વ્યક્તિ કે વસ્તુ વિષે કંઇક વિધાન કરનારું ક્રિયાપદ હોય તો વાક્યમાં ક્રિયાપદ ઉદ્દેશ્યની સ્થિતિ કે ક્રિયા દર્શાવે છે. ઉદાહરણ તરીકે—

૧) साहूण दंसणं पि हु नियमा दुरियं पणासेइ। (સમરા પત્ર-૬૪૧)

સાધુનું દર્શન પણ નિશ્ચિતપણે પાપનો નાશ કરે છે.

૨) न हि विधुरसहावा हुंति दुत्थे वि धीरा। (નલ પત્ર-૧૦)

ખરાબ સ્થિતિમાં પણ ધીર પુરુષોનો સ્વભાવ વિધુર થતો નથી.

**(૩૦૮.૧.૨)** વાક્યમાં પૂર્ણતા લાવી વક્તાની દૃષ્ટિએ અપેક્ષિત કાળ અને અર્થનો બોધ ક્રિયાપદ દ્વારા થાય છે. ઉદાહરણ તરીકે—

૧) कत्तारमेव अणुजाइ कम्मं। (ઉત્ત ૧૨.૨૩)

કર્તાની પાછળ પાછળ જાય છે.

૨) सारहिं इणमब्बवी। (ઉત્ત ૨૨.૧૫)

સારથીને એમ કહ્યું.

૩) धम्मं काऊण इहं पाविहिसि सुरालए परमसोक्खं। (પઉમ ૩૩.૪૪)

ધર્મ (આચરણ) કરીને અહીં તથા સ્વર્ગમાં પરમ સુખ પામીશ.

૪) पूरेसु मणोरहं मज्झ। (મહા પત્ર- ૧૪૩ અ)

મારો મનોરથ પૂરો કર.

૫) तं तितिक्खे परीसहं। (ઉત્ત ૨.૧૪)

તે પરીષહ સહન કરવો.

**(૩૦૮.૨.૧)** કેટલાક સકર્મક ક્રિયાપદને બે કર્મ હોય છે. ઉદાહરણ તરીકે—

૧) पभणह तुम्हे नियनायगं इमं वयणं। (સુપાસ ૫૭૦)
તમે તમારા નાયકને આ વાત કહો.

૨) तओ नमिं रायरिसिं देविंदो इणमब्बवी। (ઉત્ત ૯.૧૧)
તે પછી નમિરાજર્ષિને દેવેંદ્રે આમ કહ્યું.

**(૩૦૮.૨.૨)** હોવું, દેખાવું ઇત્યાદિ અકર્મક[૧] ક્રિયાપદોને પૂરક લાગે છે. આ પૂરક નામ કે વિશેષણ હોઇ શકે છે. ઉદાહરણ તરીકે—

૧) मम भत्ता कणयगोरो आसि। (જિન પત્ર-૨૭)
મારો પતિ સોનાં જેવો ઉજળો હતો.

૨) पयईए वि हु पणयवच्छला हुंति सप्पुरिसा। (મદા પત્ર-૧૨૬ બ)
સત્પુરુષો સ્વભાવથી જ પ્રાણતવત્સલ હોય છે.

૩) किं आउलो ताय लक्खिज्जसि अज्ज तुमं। (સુપાસ ૫૮૮)
તાત! આજે તમે આકુળ કેમ દેખાઓ છો?

**(૩૦૮.૨.૩.૧)** કેટલાક અકર્મક ક્રિયાપદોને સદશ (Cognate) કર્મ આપેલું જોવા મળે છે[૨]. ઉદાહરણ તરીકે—

सो तवं तप्पइ। (જિન પત્ર-૩)
તે તપ તપે (કરે) છે.

**(૩૦૮.૨.૩.૨)** અકર્મક ક્રિયાપદોનો ક્યારેક સકર્મક પ્રમાણે ઉપયોગ કરાયેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) ताहे रण्णं परिवसंति। (પઉમ ૩.૧૪૧)
પછી (તેઓ) વનમાં રહ્યા.

---

૧ અકર્મક ક્રિયાપદની ક્રિયા અને તેનું ફળ કર્તામાં હોય છે. નીચે દર્શવેલ અર્થવાળા ધાતુ પ્રાયઃ અકર્મક છે.
लज्जा-स्थिति-जागरण-वृद्धि-क्षय-भय-जीवित-मरणम्।
शयन-क्रीडा-रुचि-दीप्त्यर्था धातव एते कर्मविहीनाः॥
શરમાવું, રહેવું, જાગવું, વધવું, ઓછું થવું, ગભરાવું, જીવવું, મરવું, સૂવું, રમવું, ગમવું, પ્રકાશવું આ અને આવા અર્થવાળા ધાતુ અકર્મક હોય છે.

૨ અંગ્રેજીમાં-She sighed a deep sigh.

२) विहरइ वसुहं संवच्छरं धीरो। (પઉમ ૩.૧૩૯)

તે વીર એક વરસ પૃથ્વી પર ફર્યો.

**(૩૦૮.૨.૪)** કેટલાક સકર્મક ક્રિયાપદોને પણ પૂરક લાગે છે[૧]. ઉદાહરણ તરીકે—

૧) जलहिं मं जाण। (નાણ ૧.૨૦૧)

મને સમુદ્ર જાણ.

૨) मं मन्नसु भत्तारं। (સુપાસ ૫૩૮)

મને પતિ માન.

૩) तं धम्मं भणंति बुहा। (સુપાસ ૪૯૯)

સમજદાર લોકો તેને ધર્મ કહે છે.

**(૩૦૮.૩) પ્રયોજક ધાતુ :-**

**(૩૦૮.૩.૧)** સર્વ પ્રયોજક ધાતુ સકર્મક બને. બીજા પાસે કરાવવી આ અર્થ પ્રયોજક દર્શાવે છે. ઉદાહરણ તરીકે—

૧) नेवन्नेहिं मुसं वयावेज्जा। (દશ ૪)

બીજા પાસે ખોટું બોલાવવું નહીં.

૨) चंदाइच्चबइल्ला कालरहट्टं भमाडेंति। (સમરા પત્ર-૨૩૮)

ચંદ્ર અને સૂર્ય રૂપી બળદો કાળચક્રને ફેરવે છે.

**(૩૦૮.૩.૨)** ક્યારેક મૂળ ધાતુના અર્થમાં જ પ્રયોજક ધાતુનો ઉપયોગ કરાયેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) आवासिओ बाहिरुज्जाणे। (ધર્મો પત્ર-૧૧૯)

બહારનાં ઉદ્યાનમાં રહ્યો.

૨) समीहियकज्जं सव्वं कारेमि। (અગડ. ૧૧૧)

સર્વ ઇચ્છિત કાર્ય હું કરીશ.

**(૩૦૮.૩.૩)** ક્યારેક મૂળ ધાતુનો ઉપયોગ પ્રયોજક ધાતુ જેવો કરાયેલો જોવા મળે છે.

---

૧ આ ક્રિયાપદો આવાં—નામ રાખવું, કહેવું, પસંદ કરવું, કરવું, નીમવું, જાણવું, માનવું, સમજવું ઇત્યાદિ.

ઉદાહરણ તરીકે—

૧) पहियाणं दलइ हिययाइं। (સુર ૨.૯૧)

મુસાફરોનાં હૃદય દળે છે.

૨) कीलामि य जयसेणं तत्थ अहं विविहकीलाहिं। (સુર ૧.૧૯૨)

અને ત્યાં હું જયસેનને વિવિધ ક્રીડાથી રમાડતો.

**(૩૦૮.૩.૪)** અર્ધમાગધીમાં ક્યારેક કર્મણિ ધાતુ કર્તરિ અર્થમાં વપરાતા જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

૧) वयं च वित्तिं लब्भामो। (દશ ૯.૪)

અને અમે નિર્વાહનું સાધન મેળવીએ છીએ.

૨) सव्वजीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं। (દશ ૬.૧૧)

સર્વ જીવો જીવવા ઇચ્છે છે, મરવા નહીં.

૩) सत्थीकओ वि कुमरो मुच्छिज्जइ। (સુર ૧૫.૯૮)

સ્વસ્થ કરવા છતાં કુમાર મૂર્છા પામે છે.

**(૩૦૮.૩.૫)** ભાર આપવા માટે આજ્ઞાર્થી ક્રિયાપદોની દ્વિરુક્તિ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) भो! संभूय! उवसमसु उवसमसु कोवाणलं। (બંભ પત્ર-૩૩)

હે સંભૂત! કોપાનલ શાંત કર શાંત કર.

૨) भो! महाभाय! पेच्छ पेच्छ। (બંભ પત્ર-૫૭)

ભલા માણસ જો જો.

• • •

## પ્રકરણ ૨૨

# અવ્યયોનો ઉપયોગ

**(૩૦૯) અવ્યયોનો ઉપયોગ**

સંસ્કૃતમાં કોઇ કોઇ અવ્યયોના વિવિધ ઉપયોગ જોવા મળે છે. તે બધા જ અર્ધમાગધીમાં જોવા મળે છે એવું નથી. જે જોવા મળે છે તે અહીં આપ્યાં છે. આ સિવાય પ્રાકૃતમાં જોવા મળે તેવા કોઇક અવ્યયો છે. તેમનો પણ ઉપયોગ અહીં દર્શાવ્યો છે.

**(૩૧૦) अइ[૧]**

**(૩૧૦.૧) સંભાવના :**

ઉદાહરણ તરીકે—अइ दिअर! किं न पेच्छसि? (હેમ)

અરે દિયર! કેમ જોતા નથી?

**(૩૧૦.૨) સંબોધન :**

ઉદાહરણ તરીકે— पहिय! अइ अम्ह पासे भुंजह।(સુપાસ ૫૦૧)

અરે મુસાફર! અમારી પાસે આવીને જમ.

**(૩૧૧) अंग**

**(૩૧૧.૧) સંબોધન** :- ઉદાહરણ તરીકે—

दुल्लभे सवणयाए किमंग पुण पासणयाए। (૫એસિ પરિ-૨૧)

સાંભળવામાં પણ દુર્લભ છે તો જોવાની બાબતમાં તો શું કહેવું?

**(૩૧૧.૧.૧)** किमंग[૨] :- વધુ શું કહેવું? ઉદાહરણ તરીકે—

૧) देवा वि परिकिलेसभाइणो हवंति किमंग पुण मच्चलोयवासी जणो।

(સમરા પત્ર- ૨૦૮)

---

૧ अइ सम्भावने। (હેમ ૨.૨૦૫)

૨ આ વિષે આ.શ્રી અભયદેવસૂ.આમ કહે છે- अङ्ग इति आमन्त्रणे अथवा परिपूर्ण एवायं विशेषणार्थः। (જ્ઞાયા પોથી પત્ર-૪૮બ)

દેવો પણ દુઃખનું ભાજન બને છે તો મર્ત્યલોકમાં રહેનારા વિષે વધુ શું કહેવું?

૨) सो देवाण वि पुज्जो किमंग पुण मणुयलोयस्स। (નાણ ૨.૯૫)

તે દેવોને પણ પૂજ્ય બને છે તો માનવો વિષે વધુ શું કહેવું?

**(૩૧૨) अदु, अदुव, अदुवा**

આ ત્રણેનો 'અથવા' આ અર્થમાં ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) काएण वाया अदु माणसेणं। (દશ ૧૧.૧૮)

કાયાથી, વચનથી અથવા મનથી.

૨) देवा अदुव माणुसा। (સૂય ૧.૧૧.૩)

દેવો અથવા માણસો.

૩) इमम्मि लोए अदुवा परत्था। (ઉત્ત ૪.૫)

આલોકમાં અથવા પરલોકમાં.

**(૩૧૩) अम्मो**[1]

**આશ્ચર્ય દર્શાવવા** :- ઉદાહરણ તરીકે—

अम्मो एरिसं पि कसिणभंसणं माणुसाणं रूवं होइ। (નલ પત્ર-૪)

માણસનું પણ આટલું કાળું અને ભીષણ રીપ હોઇ શકે?

**(૩૧૪) अम्हो**[2]

**(૩૧૪.૧) સંબોધન** :- अम्हो बम्हण। (ઉસા ૨.૭૧)

અરે બ્રાહ્મણ!

**(૩૧૪.૨) સૂચના** :- अम्हो साहसिओ पिओ[3]।

પ્રિયકર સાહસિક છે.

---

૧ अम्मो आश्चर्ये। હેમ ૨.૨૦૫

૨ अम्हो दुःखसूचनासम्भाषणेषु.। પ્રા.મં. ૮.૧૨

૩ પ્રા.મં. ૮.૧૨

**(૩૧૫) अरे**[1]

**(૩૧૫.૧) સંબોધન** :- अरे दुरायारा। (નલ પત્ર-૧૬)

અરે દુરાચારીઓ!

**(૩૧૫.૨) રતિકલહ** :- अरे मए समं मा करेसु उवहासं।

અરે મારી સાથે મજાક ન કરીશ.

**(૩૧૬) अलं**

**(૩૧૬.૧) નિષેધ, નિવારણ, પૂરતું** : ઉદાહરણ તરીકે—

अलं विसाएण विसालणेत्ते। (ઉસા ૧.૨૮)

હે વિશાળ નેત્રવાળી! વિષાદ ન કર.

**(૩૧૬.૨) સમર્થ, યોગ્ય** :- ઉદાહરણ તરીકે—

૧) नालं ते मम ताणाय। (ઉત્ત ૬.૩)

તે મારું રક્ષણ કરવા સમર્થ નથી.

૨) अलमप्पणो होंति अलं परेसिं। (સૂય ૧.૧૨.૧૯)

પોતાનું અને બીજાનું રક્ષણ કરવા સમર્થ થાય છે.

**(૩૧૭) अलाहि**[2]

**નિષેધ, નિવારણ** : ઉદાહરણ તરીકે—

૧) अलाहि परिहासेण। (મહા પત્ર-૨૨૦ અ)

મજાક બસ કરો.

૨) अलाहि संकाए। (ધર્મો પત્ર- ૩૯)

શંકા નહીં.

**(૩૧૮) अवि**[3]**, वि, पि (अपि)**

**(૩૧૮.૧) પણ** :- ઉદાહરણ તરીકે—

---

૧ रे अरे! सम्भाषणरतिकलहे। હેમ. ૨.૨૦૧

૨ अलाहि निवारणे. હેમ. ૨.૧૮૯

૩ अपि सम्भावनाप्रश्नशङ्कागर्हासमुच्चये। तथायुक्तपदार्थेषु कामचारक्रियासु च॥

૧) सो वि राया तवं चरे। (ઉત્ત ૧૮.૩)

તે રાજાએ પણ તપ કર્યું.

૨) पुरिसुत्तमं पि लच्छी छड्डइ। (મહા ૨.૨૦૯)

પુરુષોત્તમને પણ લક્ષ્મી છોડી દે છે.

**(૩૧૮.૨) પણ કોઇકની દષ્ટિએ** : ઉદાહરણ તરીકે—

૧) धणसिरी वि गिहसामिणी जाया। (કથા પત્ર- ૨૧)

ધનશ્રી પણ ઘરની સ્વામિની થઇ.

૨) पउमसिरी वि जाया अग्गमहिसी। (કથા પત્ર-૨૧)

પદ્મશ્રી પણ પટરાણી થઇ.

**(૩૧૮.૩) પ્રશ્ન પૂછતાં** :- ઉદાહરણ તરીકે—

૧) कुमार! अवि कुसलं महारायस्स। (સમરા પત્ર-૩૨૮)

કુમાર! મહારાજનું કુશળ છે (ને)?

૨) वच्छ! अवि कुसलं ते तायस्स। (સમરા પત્ર- ૫૫.૩)

દીકરા! તારા પિતા નું કુશળ છે (ને)?

**(૩૧૮.૪) સંશય, અનિશ્ચિતતા** :- ઉદાહરણ તરીકે—

૧) अवि नाम एयमवि एवं हवेज्जा। (સમરા પત્ર- ૬૨૬)

આવું પણ હોઇ શકે ખરું?

૨) अज्ज! अवि सुमरेसि मं। (સમરા પત્ર- ૪૩૧)

આર્ય! હજી મારી યાદ છે?

**(૩૧૮.૫) આશા, અપેક્ષા** :- આ અર્થમાં અવિની પહેલાં પ્રાયઃ 'नाम' શબ્દ હોય છે.

ઉદાહરણ તરીકે—

अवि नाम पुज्जंतु से मणोरहा।(સમરા પત્ર- ૫૬૦)

(મારી ઇચ્છા છે કે) તેનો મનોરથો પૂરા થાય.

**(૩૧૮.૬)** 'તેમ છતાં' આ અર્થમાં વિરોધ દર્શાવવા :-

ઉદાહરણ તરીકે—

૧) गिही वि सो केवली जाओ। (કુમ્મા ૧૩૯)

ઘરમાં રહેવા છતાં તે કેવળી થયો.

૨) न लिप्पए भवमज्झे वि संतो। (ઉત્ત ૩૨.૩૪)

સંસારમાં હોવા છતાં તે લેપાતો નથી.

**(૩૧૮.૭)** સંખ્યાવાચક પછી 'अवि' આવે તો સર્વ એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) भाउयाण चउण्ह वि दिन्ना विउला भोगा। (કથા પત્ર-૫૦)

ચારે ભાઇઓને વિપુલ ભોગ આપ્યાં.

૨) राया चउण्ह वि आसमाणं गुरु। (કથા પત્ર- ૧૧૦)

રાજાચારે આશ્રમોનો ગુરુ છે.

**(૩૧૮.૮)** 'क' સર્વનામ પછી 'अवि' આવે તો

**(૩૧૮.૮.૧)** કોઇક, કોઇ આ અર્થ સૂચિત થાય છે[૧]. ઉદાહરણ તરીકે—

के वि समणा उज्जाणे आगया अज्ज। (સંપઇ ૨.૭)

આજે કોઇ શ્રમણ ઉદ્યાનમાં આવ્યા છે.

**(૩૧૮.૮.૨)** ક્યારેક અનિર્વચનીયતા સૂચિત થાય છે.

**(૩૧૮.૮.૩) अवि य (अपि च)** :- સમુચ્ચયદર્શક વાક્ય જોડવા ઉપયોગ થાય છે[૨].

ક્યારેક 'अवि य' દ્વારા વિરોધ દર્શાવવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

न एवं एएसिं सुहं होइ अवि य अहिययरं दुहं। (સમરા પત્ર- ૨૦૩)

આ રીતે તેમને સુખ નહીં થાય, ઉપરથી વધુ દુઃખ થશે.

---

૧ પૂર્વનો પરિચ્છેદ ૩૦૬ જુઓ.

૨ જુઓ પ્રકરણ ૨૯- વાક્ય જોડવું

**(૩૧૮.૮.૪) तहा वि, तहवि :-**

બે વિરોધ દર્શક વાક્ય જોડવામાં ઉપયોગ થાય છે.

**(૩૧૯.) अव्वो**[૧]

**(૩૧૯.૧) વિસ્મય, આશ્ચર્ય :-**

૧) अव्वो हु अवि तहं तं पिच्छह नेमित्तियस्स सुमइस्स। (સુર ૧૧.૧૩૨)
અરે! સુમતિ જ્યોતિષનું તે વચન સાચું પડ્યું, તે જુઓ.

૨) अव्वो किं पुण एयागया। (ધર્મો પત્ર- ૪૮)
અરે ! આ ફરી કેમ આવી?

**(૩૧૯. ૨) આનંદ** :- अव्वो एयाए मंजूसाए जमित्थ सारभूयं तं हविस्सइ। (ધર્મો પત્ર-૧૩૯)

સરસ, આ પેટીમાં અહીં જે મૂલ્યવાન છે તે હશે.

**(૩૧૯. ૩) સૂચન** :- अव्वो निद्दामोहेणेवं पलवइ। (ધર્મો પત્ર- ૧૪૭)

અરે! નિદ્રાના મોહથી આવો પ્રલાપ કરે છે.

**(૩૧૯.૪) વિતર્ક** :-अव्वो किं तं अलियं होही इह देवयावयणं। (સુર ૪.૨૨૨)

અરે! આ બાબતમાં દેવતાનું વચન શું ખોટું પડે?

**(૩૧૯.૫) અનુતાપ, પશ્ચાત્તાપ** : ઉદાહરણ તરીકે—

૧) अव्वो जीए कएण भाया वावाइओ सा वि देवी न जाया। (ધર્મો પત્ર- ૨૧૬)
અરેરે! જેને માટે ભાઇને માર્યો તે પણ રાણી થઇ નહીં.

૨) अव्वो लहुओ वि लहुईओ मए अप्पा। (ધર્મો પત્ર- ૧૫)
અરેરે! લઘુ આત્મા મેં વધારે ક્ષુદ્ર કર્યો.

**(૩૧૯.૬) સંભાષણ, સંબોધન** : ઉદાહરણ તરીકે—

अव्वो पिअसहि! पेच्छसु। અરે! પ્રિયસખી જો.

**(૩૧૯.૭) ભય** :- ઉદાહરણ તરીકે—

---

૧ अव्वो विस्मय-सूचन-सम्भाषण-खिन्नतानुतापेषु। (ભાર્ક. ૮.૨૩);
अव्वो सूचना-दु:ख-सम्भाषण-अपराध-विस्मयानंदादर-भय-खेद-विषाद-पश्चात्तापे। (હેમ ૨.૨૦૪)

૧) अव्वो किंपागफलभक्खणं पिव ण सुंदरा एसा। (ધર્મો પત્ર- ૫૨)
કિંપાક ફળનાં ભક્ષણની જેમ આ સારી નથી.

૨) नरओवमं खु दुक्खं अव्वो तिरिएसु सव्वेसु। (ધર્મો પત્ર-૧૫૧)
બધા તિર્યંચોમાં(પશુ) નરક જેવું દુ:ખ છે.

**(૩૧૯.૮) ખેદ, ખિન્નતા** :- छलिओ अहं पि अव्वो। (ધર્મો પત્ર-૪૯)
અરેરે! મને પણ ફસાવ્યો.

**(૩૧૯.૯) દુ:ખ :-** अव्वो तम्मेसि कसि। (કુમાર ૪.૧૪)
કેમત્રાસ આપે છે?

**(૩૧૯.૧૦) અપરાધ** :- अव्वो अन्नासत्तो। (કુમાર ૪.૧૪)
અરેરે! અન્ય સ્ત્રીમાં આસક્ત છે.

**(૩૧૯.૧૧) આદર** :- अव्वो सो एइ। (કુમાર ૪.૧૫)
તે આવે છે.

**(૩૧૯.૧૨) વિષાદ** :- ઉદાહરણ તરીકે—

૧) अव्वो जणओ वि एरिसं कुणइ अवमाणं पुत्ताणं। (સુર ૨.૨૦૭)
અરેરે! પિતા પણ પુત્રનું આવું અપમાન કરે છે.

૨) अव्वो अदूसहं समणुभूयं। (સુર ૧૩.૧)
અરેરે! અતિ દુ:સહ અનુભવ કર્યો.

**(૩૨૦) अह (अथ)**

**(૩૨૦.૧) આરંભ** : अह बिइओ पत्थावो।(મહા)
હવે બીજો પ્રસ્તાવ (શરુ)

**(૩૨૦.૨) પછી, તે પછી**:- ઉદાહરણ તરીકે—

૧) अह पुच्छइ गोयमं राया। (પઉમ ૩.૭)
પછી રાજાએ ગૌતમને પૂછ્યું.

૨) अह कुमरेण भणियं। (ધર્મો પત્ર- ૧૦)
તે પછી કુમારે કહ્યું.

**(૩૨૦.૩) અને** :- ઉદાહરણ તરીકે—

अत्थं चोरा विलुंपंति उद्दालंति नरेसरा।

वंतरा य निगूहंति गेण्हंति अह दाइया।। (ચઉપન્ન- ૨૨)

ચોરો પૈસા લૂંટે છે, રાજાઓ હરી લે છે,

વ્યંતરો છૂપાવે છે અને સ્વજનો પડાવી લે છે.

**(૩૨૦. ૪) જો** : ઉદાહરણ તરીકે—

૧) सुयणो न कुप्पइ च्चिय अह कुप्पइ मंगुलं न चिंतेइ। (વજ્જા ૩૪)

સજ્જનો ક્રોધ કરતા નથી. જો ક્રોધ કરે તો પણ ખરાબ વિચારતા નથી.

૨) अह नो एत्तो उवसग्गाओ मुच्चिस्सामि। (અંત ૧૧૪)

જો આ ઉપસર્ગમાંથી મારો છૂટકારો ન થયો.

**(૩૨૦.૫) अहव, अहवा (अथवा) :- વિકલ્પ દર્શાવવા.** ઉદાહરણ તરીકે—

किं जीवइ अहव मुया मह कंता। (નાણ ૫.૮૫)

સારી પત્ની જીવતી હશે કે મરી ગઇ હશે?

**(૩૨૧) अहह**[1]

**(૩૨૧.૧) આનંદ** :- ઉદાહરણ તરીકે

अहह मई निम्मला तुज्झ। (મહા પત્ર- ૭૭ અ)

વાહ! તારી બુદ્ધિ (કેટલી) નિર્મળ છે.

**(૩૨૧.૨) આશ્ચર્ય** :- ઉદાહરણ તરીકે—

अहह अणब्भा वुट्ठी संजाया अज्ज पुण्णेहिं। (સુપાસ ૬૫૦)

આહા! આજે પુણ્યથી વગર વાદળે વૃષ્ટિ થઇ.

**(૩૨૧.૩) ત્રાસ,ખેદ** :- ઉદાહરણ તરીકે—

૧) अहह अविवेयपसरो। (સુપાસ ૬૦૩)

અરેરે! (કામ એ) અવિવેકનો વિસ્તાર!

---

૧ अहहेत्यद्भुते खेदे परिक्लेशप्रकर्षयोः।

૨) अहह महापावो हं। (મહા પત્ર-૨૮૧ અ)

અરેરે! હું મહાપાપી છું.

**(૩૨૧.૪) પરિક્લેશ** :- ઉદાહરણ તરીકે—

अहह महापावो कहं जिणं पि मिच्छं समीहए काउं। (મહા ૧૫૩ બ)

અરેરે! જિનને પણ ખોટા પાડવાની ઇચ્છા આ મહાપાપી કેવી રીતે કરે છે?

**(૩૨૨) अहो**[1]

**(૩૨૨.૧) સંબોધન** :- ઉદાહરણ તરીકે—

૧) अहो जणा। (સમરા પત્ર- ૨૧૫)

હે લોકો!

૨) अहो भाय! कहसु किं पि अपुव्वं अक्खाणयं। (મહા પત્ર- ૧૦૫ અ)

અરે! ભાઇ! કોઇ અપૂર્વ આખ્યાન કહે.

**(૩૨૨.૨) દુઃખ, વિષાદ, શોક** :- ઉદાહરણ તરીકે—

૧) अहो दुक्खो हु संसारो। (ઉત્ત ૧૯.૧૫)

સંસાર દુઃખરૂપ છે.

૨) अहो महामंदभागिणो अम्हे। (મહા પત્ર- ૧૩૬ અ)

અરેરે! અમે બહુ કમનસીબ છીએ.

૩) अहो असोहणं कयं कुमारेहिं। (મહા પત્ર-૪૬ અ)

અરેરે! કુમારોએ ખરાબ કર્યું.

**(૩૨૨.૩) આનંદ** :- ઉદાહરણ તરીકે—

૧) अहो सुवरियं। (નલ પત્ર- ૫)

વાહ! સારી પસંદગી કરી.

૨) अहो अणुरूवो इमाण संजोगो। (સિરિ ૧૬૦)

સરસ આમનો સંયોગ અનુરૂપ છે.

---

૧ अहो धिगर्थे शोके च करुणार्थविषादयो:। सम्बोधने प्रशंसायां विस्मये पादपूरणे॥

**(૩૨૨.૪) આશ્ચર્ય** :- ઉદાહરણ તરીકે—

૧) अहो जिणधम्मसामत्थं। (ચઉ પત્ર- ૧૪)
શું આ જિનશાસનનું સામર્થ્ય!

૨) अहो अउव्वो तक्करो। (સમરા પત્ર- ૪૯૧)
અહો! ચોર અપૂર્વ લાગે છે.

**(૩૨૨.૫) કેટલું** : ઉદાહરણ તરીકે—

૧) अहो महुरिमा रूवस्स। (નલ પત્ર- ૨૨)
રૂપનું કેટલું માધુર્ય!

૨) अहो उदारया कुमारस्स। (નલ પત્ર-૪૫)
કુમારની કેટલી ઉદારતા!

**(૩૨૨.૬) પશ્ચાત્તાપ** :- ઉદાહરણ તરીકે—

૧) अहो दारुणं अकज्जं मए पावकम्मेण अणुचिट्ठियं। (સમરા પત્ર- ૧૫)
અરેરે! મેં પાપકર્મીએ કેવું દારુણ અકાર્ય કર્યું

૨) अहो इह परलोगसुहावहो न मए पावेण कओ गुरूवएसो। (ધર્મોપત્ર- ૧૮૧)
અરેરે! મેં પાપીએ આલોક અને પરલોકમાં સુખાવહ ગુરુનો ઉપદેશ આચર્યો નહીં.

**(૩૨૩) आ**

**(૩૨૩.૧) સુધી** :- ઉદાહરણ તરીકે—

૧) आ जम्म दुक्खिया होज्ज एसा। (મહા પત્ર- ૯૨ અ)
આ આજન્મ દુઃખી થશે.

૨) आजाणु कुसुमवुट्ठी निवडइ गयणाओ। (મહા પત્ર- ૨૫૧)
ઘુંટણ સુધી (પહોંચે તેટલી) પુષ્પવૃષ્ટિ આકાશમાંથી પડે છે.

**(૩૨૩.૨) થી** :- ઉદાહરણ તરીકે—

किं तु न सरेमि किंचिवि अवराहं आ विवाहाओ। (સુપાસ ૬૦૧)

પરંતુ વિવાહથયો ત્યારથી (મેં) કોઇ અપરાધ (કર્યો છે તે) મને યાદ આવતું નથી.

**(૩૨૩.૩) કિંચિત્ (કંઇક)** :- ઉદાહરણ તરીકે—

૧) आरत्तकरचरणकमला। (નલ પત્ર- ૩)

કંઇક લાલ ચરણ કમલવાળી.

૨) आपंडुरमुहकमला। (સુર ૩.૧૮૬)

કંઇક સફેદ મુખકમલવાળી.

**(૩૨૩.૪)** आ ઉપસર્ગ તરીકે હોય ત્યારે સુધી, ઉપર વગેરે અર્થ થાય છે[૧].

ઉદાહરણ તરીકે— आरुहइ, आपुच्छइ, आमंतेइ, आगच्छइ ઇત્યાદિ.

**(૩૨૪.) आ (आः)**

**(૩૨૪.૧) ક્રોધ** :- ઉદાહરણ તરીકે—

૧) आ दुरायारे। (સમરા પત્ર- ૫૫૮)

રે! દુરાચાર સ્ત્રી!.

૨) एयं पि तए न सुयं आ पावे। (નલ પત્ર- ૪૫)

પાપી સ્ત્રી આ પણ સાંભળ્યું નહીં?

**(૩૨૪.૨) ખેદ** :- ઉદાહરણ તરીકે—

૧) आ कहमवज्झो नाम। (સમરા પત્ર-૭૨૪)

આહ! અવધ્ય કેવી રીતે?

૨) आ कहमणायत्तो नाम। (સમરા પત્ર-૭૨૬)

આહ! સ્વાધીન કેમ નહીં?

**(૩૨૫) आमं[૨] (आम) હકાર, સ્વીકાર** :- ઉદાહરણ તરીકે—

૧) सो भणइ - देव आमं। (સુપાસ ૫૨૮)

તે કહે છે હા દેવ!

---

૧ જુઓ શબ્દયોગી અવ્યયો, પરિચ્છેદ ૨૫૧.

૨ आम अभ्युपगमे। હેમ ૨.૧૭૭

૨) भयवया भणियं-आमं। (સમરા પત્ર-૩૪૩)
ભગવાને કહ્યું ઠીક છે.

૩) मए भणियं-आमं। (કથા પત્ર-૧૪૫)
મેં હા કહ્યું.

**(૩૨૬.)इइ, इ, इय, ति, त्ति[1] (इति)**

**(૩૨૬.૧) ગ્રંથ કે પ્રકરણનો અંત** :- ઉદાહરણ તરીકે—

૧) इइ पढमो पत्थावो। (મહા પત્ર-૭અ)
પહેલો પ્રસ્તાવ સમાપ્ત થયો.

૨) इय वद्धमाणचरिए बीय-पत्थावो। (મહા પત્ર-૨૮અ)
મહાવીરચરિત્રનો બીજો પ્રસ્તાવ સમાપ્ત.

**(૩૨૬.૨) વક્તાનો પ્રત્યક્ષ શબ્દ ઉદ્ધૃત કર્યો હોય ત્યારે** :- ઉદાહરણ તરીકે—

૧) भणियं कुमारेण किमेयं ति। (નલ પત્ર-૪૫)
'આ શું' એમ કુમારે કહ્યું.

૨) पुच्छिओ इसिणा कुओ भवं आगओ त्ति। (સમરા પત્ર-૧૦)
આપ ક્યાંથી આવ્યા? એમ ઋષિએ પૂછ્યું.

**(૩૨૬.૩) આમ, આ રીતે** : ઉદાહરણ તરીકે—

૧) उसभो त्ति पइट्ठियं नामं (મહા પત્ર- ૨.૧૦)
ઋષભ એ પ્રમાણે નામ રાખ્યું.

૨) तओ मओ त्ति नाऊण गया ते। (બંભ પત્ર-૫૬)
પછી (તે) મરી ગયો એમ લાગવાથી તેઓ ગયા.

**(૩૨૬.૪) આ દૃષ્ટિએ** :- ઉદાહરણ તરીકે—

૧) तेण वुत्तं - महारायनलस्स पत्ति त्ति मे पूयणिज्जासि। (નલ પત્ર- ૧૬)
તેણે કહ્યું—"(તું) મહારાજ નળની પત્ની છે તેથી (આ દૃષ્ટિએ) (તું) મને પૂજ્ય છે."

---

૧ इति स्वरूपे सान्निध्ये विवक्षानियमे मते। हेतौ प्रकारप्रत्यक्षप्रकाशेऽप्यवधारणे॥ एवमर्थे समाप्तौ स्यात्॥

**(૩૨૬.૫) કારણ, હેતુ** :- ઉદાહરણ તરીકે—

૧) गंगा वि जण्हुणा आणीय त्ति तेण जण्हवी जाया। (પાકમા પત્ર- ૨૮)
ગંગાને જહ્નુ લાવ્યો તેથી તે જાહ્નવી થઈ.

૨) एएण परदव्वावहारो कओ त्ति वावाइज्जइ एसो। (સમરા પત્ર- ૪૯૧)
આણે બીજાનાં દ્રવ્યની ચોરી કરી તેથી તેને ઠાર મારવામાં આવે છે.

**(૩૨૬.૬) ઉદ્દેશ, પ્રયોજન** : ઉદાહરણ તરીકે—

૧) सरीरस्स विणासो न होज्जा इइ मए सरीरं आणीयं।
શરીરનો નાશ ન થાય એ હેતુથી હું શરીર લાવ્યો.

૨) अहं पि सुणेमि त्ति अलीयपसुत्तं कयं। (ચઉ પત્ર- ૪૧)
હું પણ સાંભળું આ ઉદ્દેશથી સુવાનો ઢોંગ કર્યો.

**(૩૨૬.૭) ક્યારેક પાદપૂર્તિ માટે** : ઉદાહરણ તરીકે—

तुट्ठेणं नरवइणा दिन्ना कुमरस्स नियधूय त्ति। (અગડ ૧૫૨)
ખુશ થયેલા રાજાએ પોતાની કન્યા કુમારને આપી.

**(૩૨૭) इव[૧], पिव, मिव, विव, विय, व, व्व (इव)**

**(૩૨૭.૧) ઉપમા, તુલના** :- ઉદાહરણ તરીકે—

૧) मेरु व्व वाएण अकंपमाणो। (ઉત્ત ૨૧.૧૯)
હવાથી નહીં કંપતા મેરુ જેવો.

૨) विप्फुरइ जस्स रविमंडलं व नाणं। (મહા ૧.૧)
જેનું જ્ઞાન સૂર્ય પ્રમાણે પ્રકાશે છે.

૩) सागरो इव गंभीरा। (ઓવ પત્ર- ૧૯)
સાગર જેવા ગંભીર.

**(૩૨૭.૨) જાણે કોઇ, ઉત્પ્રેક્ષાવાચક** : ઉદાહરણ તરીકે—

૧) जस्स करिनियरघंटारवेण फुट्टइ व बंभंडं। (નલ પત્ર- ૪)
જેના હાથી સમુદાય પર રહેલા ઘંટઓના અવાજથી બ્રહ્માંડ જાણે ફૂટે છે.

---

૧ म्मिव-मिव-विआ इवार्थे। (પ્રા.પ્ર. ૯.૧૬); मिव-पिव-विव-व्व-व-विअ इवार्थे वा। (હેમ ૨.૧૮૨)

૨) रोवंति व दिसाओ। (ધર્મો પત્ર-૪)
દિશાઓ જાણે રડતી હતી.

**(૩૨૮) उय[1] (उत), उदाह, उयाहु (उताहो)**

**(૩૨૮.૧) વિકલ્પ,અથવા :** ઉદાહરણ તરીકે—

૧) एवं किं साहावियरूवं उय कोववसेण कयमेवं। (સુપાસ ૪૯૩)
આ શું સ્વાભાવિક રૂપ છે કે કોપનાં કારણે એવું બનાવ્યું છે?

૨) संदिसह णं सामी तं दारगं अहं एगंते उज्झामि उदाहु मा।
(નિરયા પત્ર- ૧૦)
સ્વામિ! તે બાળકને હું એકાંતમાં નાંખું કે નહીં તે કહો.

૩) सेवं मम करेह उयाहु रज्जाणि मुय। (કથા પત્ર- ૫૩)
મારી સેવા કરો અથવા રાજ્ય છોડો.

**(૩૨૮.૨) પ્રશ્ન** : ઉદાહરણ તરીકે—

૧) तुम्हे किं सरीरवाहिं फेडेह उदाहु कम्मवाहिं। (પાકમા પત્ર-૭૬)
તમે શરીરના રોગ દૂર કરો છો કે કર્મરૂપી વ્યાધિ (દૂર કરો છો)?

૨) तुब्भे पउमनाभेणं सद्धिं जुज्झिहह उयाहु पिच्छिहह। (નાયા પત્ર-૧૯૨)
તમે પદ્મનાભ સાથે યુદ્ધ કરશો કે કેવળ જોશો?

૩) ता किं जुज्झामो उयाहु सेवं करेमो। (કથા પત્ર-૫૩)
તો શું યુદ્ધ કરીએ કે સેવા કરીએ?

**(૩૨૯) उवरि, उवरिं (उपरि)**

**(૩૨૯. ૧) ઉપર** :- ઉદાહરણ તરીકે—

૧) भगवओ उवरि भत्तिबहुमाणो। (સમરા પત્ર-૧૮)
ભગવાન પર ભક્તિ અને બહુમાન.

૨) किं तु तुमए नरिंदस्स उवरिं कोवो न कायव्वो। (સમરા પત્ર-૨૯)
પરંતુ તારે રાજા પર કોપ કરવો નહીં.

---

૧ उत प्रश्ने वितर्के स्यादुतात्यर्थविकल्पयो:।

**(૩૨૯. ૨) પછી** : ઉદાહરણ તરીકે—

૧) पंचण्हं पुत्ताणं उवरिं धूया अहं जाया। (સુર ૬.૧૦૯)

પાંચ પુત્ર પછી હું (તેમને) કન્યા થઇ.

૨) ताण य चउण्ह पुत्ताणमुवरिं जाया दारिया। (કથા પત્ર- ૯૫)

અને તેમને ચાર પુત્ર પછી કન્યા થઇ.

**(૩૨૯. ૩) હજી, વધારે** : ઉદાહરણ તરીકે—

उवरिं किं भणामि। (કથા પત્ર- ૧૪૫)

વધુ શું કહું?

**(૩૩૦) एव : ભાર આપવા** : ઉદાહરણ તરીકે—

૧) अहं तत्थेव चिट्ठामि। (સમરા પત્ર- ૩૮)

હું ત્યાં જ રહ્યો.

૨) मम समक्खमेव पंचत्तमुवणीओ। (સમરા પત્ર- ૩૮)

મારી સામે જ મરી ગયો.

**(૩૩૧) एवं**[1]

**(૩૩૧.૧) આમ, આ રીતે, આ પ્રકારે** : ઉદાહરણ તરીકે—

૧) चंदजसाए वि वुत्तं - एवं होउ त्ति। (નલ પત્ર-૨૬)

ચંદ્રયશાએ પણ કહ્યું 'એમ થવા દો'

૨) पुव्वकयकम्मपरिणइवसेणं एवं परिकिलेसमइणो जीवा हवंति। (સમરા પત્ર- ૧૦)

પૂર્વે કરેલાં કર્મોનાં પરિણામે જીવ આ રીતે દુઃખી થાય છે.

**(૩૩૧.૨) હકાર, હા** :- कुमारो भणइ - एवं। (બંભ પત્ર-૭૩)

કુમારે કહ્યું - હા.

**(૩૩૨) ओ**[2]

---

૧ एवं प्रकारोपमयोरङ्गीकारेऽवधारणे।

૨ ओ सूचनापश्चात्तापे। (હેમ ૨.૨૦૩); ओ सूचना-वितर्क-अनुताप-प्रकोप-विस्मये। (ભાર્ક. ૮.૫)

**(૩૩૨.૧) કોપ** :- ઉદાહરણ તરીકે—

ओ ण भवणं पुणो वच्चसि।

ફરી ઘરે જતો નથી.

**(૩૩૨.૨) સૂચના** :- ઉદાહરણ તરીકે—

૧) सढो सि ओ। (કુમાર ૪.૧૩)

તું શઠ છે.

૨) ओ पेच्छ पेच्छ सुंदरि। (સુર ૨.૯૯)

સુંદરી જુઓ જુઓ.

**(૩૩૨.૩) વિતર્ક** : ઉદાહરણ તરીકે—

૧) कुमरा सामलगोराओ एए रामलक्खण व्व दीसंति।

શામળા અને ગોરા આ કુમાર રામ લક્ષ્મણ જેવા દેખાય છે.

૨) राआ ओ पुरिसो इमो। આ પુરુષ રાજા (હશે)[૧].

**(૩૩૨. ૪) વિસ્મય** :- ઉદાહરણ તરીકે—[૨]

દશરથના નાના દીકરાએ શિવધનુષ્ય તોડ્યું.

**(૩૩૨. ૫) અનુતાપ, પશ્ચાત્તાપ** :- ઉદાહરણ તરીકે—

૧) ओ पत्थिया विलासा तव हेउं। (સુપાસ ૫૩૧)

તારા માટે વિલાસ હોવા જોઇતા હતા.

**(૩૩૨. ૬) પાદપૂરણ** :- ઉદાહરણ તરીકે—

सिरिगंधवाहणस्स ओ पासंमि गओ अहं तइया। (સુર ૪.૪૬)

ત્યારે હું ગંધવાહન પાસે ગયો.

**(૩૩૩) कत्थ-कत्थ (कुत्र-कुत्र)** બે વ્યક્તિ કે વસ્તુમાં મોટો ફરક બતાવવા:- ઉદાહરણ તરીકે—

---

૧ માર્કંડેય-૮.૫

૨ માર્કંડેય-૮.૫

१) कत्थ नलो कत्थ खुज्जओ एसो। (નલ પત્ર- ૩૦)

ક્યાં નળ અને ક્યાં આ કુબડો!

२) कत्थ महागंगा कत्थ नगरनिद्धमणी। (ધર્મો પત્ર- ૧૯૨)

ક્યાં ગંગા અને ક્યાં ગામની ગટર.

**(૩૩૪) कयं (कृतम्) નિષેધ,નિવારણ, પૂરતું** : ઉદાહરણ તરીકે—

१) कअं कअं तुज्झ विअत्थणेण। (ઉસા ૧.૬૮)

તારી પ્રૌઢતા રહેવા દે.

२) उसे विसाएण कअं। (ઉસા. ૧.૭૬)

ઉષા! વિષાદ રહેવા દે.

**(૩૩૫) कह,कहं (कथम्) કેવી રીતે :-** ઉદાહરણ તરીકે—

१) कह अप्पा रक्खिओ तुमए। (જિન પત્ર-૨૩)

તેં તારું રક્ષણ કેવી રીતે કર્યું?

२) कहं चरे कहं चिट्ठे कहं आसे कहं सए। (દશ ૪.૭)

કેવી રીતે ફરવું, કેવી રીતે ઊભા રહેવું, કેવી રીતે બેસવું, કેવી રીતે સુવું?

३) कहं परलोओ चेव नत्थि। (સમરા પત્ર- ૧૭૬)

પરલોક કેમ નથી?

**(૩૩૫.૧) कह कह वि :- કેમે કરીને, ઘણાં કષ્ટે** : ઉદાહરણ તરીકે—

१) कह कह वि आगारसंवरं काऊण। (મહા પત્ર- ૪૧.બ)

કેમે કરીને ચેષ્ટા છૂપાવીને.

२) कह कह वि पयत्तेणं विहिणा वि विणिम्मिया मन्ने। (સુપાસ ૫૯૦)

મને લાગે છે બ્રહ્મદેવે પણ પ્રયત્નપૂર્વક ઘણઆ કષ્ટે તેણીનું નિર્માણ કર્યું છે.

**(૩૩૫.૨) कहं पुण :- વળી કઈ રીતે** :- ઉદાહરણ તરીકે—

कहं पुण इमिए भावत्थो णायव्वो। (ધર્મો પત્ર- ૪૭)

આનો ભાવાર્થ કેવી રીતે જાણવો?

**(૩૩૬) कामं**[1] **:- આ કબૂલ, એમ ધારીને, એમ માનીને**. ઉદાહરણ તરીકે—

कामं तु देवीहि विभूसियाहिं, न चाइया खोभइउं तिगुत्ता।

तहावि एगंतहियं ति नच्चा, विवित्तवासो मुणिणं पसत्थो॥

(ઉત્ત ૩૨.૧૬)

અલંકાર ધારણ કરનારી દેવીઓ પણ ત્રણ ગુપ્તિ પાળનારા મુનિઓને ક્ષુબ્ધ કરવા સમર્થ નથી એ માન્ય તેમ છતાં (તે) શ્રેષ્ઠ હિત જાણીને મુનિઓ માટે એકાંતવાસ જ પ્રશસ્ત છે.

**(૩૩૭) किं**

**(૩૩૭.૧) કેમ, કોણ (શું), શેને માટે આ અર્થમાં પ્રશ્ન કરવા**[2].

૧) भो भो किं तुब्भेहिं कओ उवद्दवो नायलोयस्स। (પાકમા પત્ર- ૧૯)

અહો શું તમે નાગલોકોને ઉપદ્રવ કર્યો?

૨) किं तुज्झ केणावि खंडिया आणा। (સિરિ ૩૪૦)

શું કોઇએ તારી આજ્ઞા તોડી?

**(૩૩૭.૨) શું ઉપયોગ?** - (જેનો ઉપયોગ થવાનો હોય તે શબ્દ તૃતીયામાં; જેને ઉપયોગ થવાનો હોય તે શબ્દ ષષ્ઠીમાં).

ઉદાહરણ તરીકે—

૧) मे किं रहेण। (નલ પત્ર- ૧૧)

મને રથનો શું ઉપયોગ?

૨) रज्जेण किमंधस्स। (સંપઇ ૧.૫૯)

આંધળાને રાજ્યનો શું ઉપયોગ?

**(૩૩૭.૩)** સમાસમાં પૂર્વપદમાં 'किं'નો ખરાબ એ અર્થ થાય છે. किंपुरुष—काउरिस.

---

૧ ઇચ્છાપ્રમાણે, મનપ્રમાણે આ શબ્દશઃ અર્થ છે.

૨ જ્યારે किं અધ્યાહૃત હોય ત્યારે ઉચ્ચાર પરથી વાક્ય પ્રશ્નાર્થક છે તેનો નિર્ણય થાય છે. कुसलं मम बहिणीए। (નલ પત્ર- ૨૪) શું મારી બહેન કુશળ છે?

**(૩૩૭.૪) किमु**[1] :-

**(૩૩૭.૪.૧) વધુ શું કહેવું?** : ઉદાહરણ તરીકે—

देवीओ वि न चित्तं हरंति किमु अन्न नारीओ।

(કથા પત્ર- ૧૦૮)

દેવીઓ પણ ચિત્ત હરણ કરી શકતી નથી તો બીજી સ્ત્રીઓ વિષે શઉં કહેવું?

**(૩૩૭.૪.૨) વિમર્શ** :- ઉદાહરણ તરીકે—

किमु देवया माणुसी वा होज्ज त्ति। (વસુ પત્ર- ૨૩૦)

શું દેવતા કે મનુષ્ય સ્ત્રી હશે?

**(૩૩૭.૫) किमुय (किमुत) :- વધુ શું કહેવું?** :

ઉદાહરણ તરીકે—

पुरिसो वि अपहरंतो न खमो वहिउं किमुय अबला।

(સુપાસ ૫૩૮)

અપહાર કરનારો પુરુશ પણ વધ્ય નથી તો અબળા વિષે શું કહેવું?

**(૩૩૭.૬) किं बहुणा :- વધુ શું કહેવું** :

ઉદાહરણ તરીકે—

किं बहुणा धम्मेणं लब्भइ हियइच्छियं सव्वं ।

(જિન પત્ર-૩૭)

વધુ શું કહેવું ધર્મથી બધા જ ઇચ્છિત પ્રાપ્ત થાય છે.

**(૩૩૭.૭) किंवा :- વિકલ્પ** :- ઉદાહરણ તરીકે—

किमेयं तीरं उयाहु दीवं किं वा को वि पव्वयवरो।

(કથા પત્ર- ૧૪૫)

આ કિનારો છે કે દ્વીપ છે કે કોઇ સુંદર પર્વત છે?

**(૩૩૮) किणो**[2]**, किह, कीस** : **કેમ, કેવી રીતે આ અર્થમાં પ્રશ્ન કરવામાં** :

---

૧ किमु सम्भावनायां स्यात् विमर्शे चापि दृश्यते।

૨ किह कीस किणो प्रश्ने। માર્ક. ૮.૧૬

ઉદાહરણ તરીકે—

૧) कीस तुब्भे पुव्वपुरिसज्जिएणं विहवेणं गव्वं उव्वहह। (સમરા પત્ર- ૪૦૯)
પૂર્વજોએ મેળવેલાં ધન ઉપર તમે ગર્વ કેમ વહો છો?

૨) किणो हससि। કેમ હસે છે?

૩) किह तुम्ह वयणं पडिकूलेमि। (કથા પત્ર-૯૮)
તમારા વચનને હું પ્રતિકૂળ કેમ કરું?

**(૩૩૯) किर, किल**

**(૩૩૯.૧) એમ કહેવાય છે કે** :- ઉદાહરણ તરીકે—

૧) किर रावणस्स भाया महाबलो नाम कुंभकण्णो त्ति।
छम्मासं सेज्जासु निरंतरं सुयइ॥ (પઉમ. ૨.૧૦૮)

એમ કહેવાય છે કે – રાવણનો કુંભકર્ણ નામનો મહાબળવાન ભાઇ છ મહિના શય્યા પર સતતત સુતો રહેતો.

૨) किल गउरीए संभू संझावंदणं करेंतो भणिओ। (કથા પત્ર- ૧૭૦)
એમ કહેવાય છે કે ગૌરીએ સંધ્યાવંદન કરતા શંકરને કહ્યું.

**(૩૩૯. ૨) ખરેખર, નક્કી, ખાત્રી** :- ઉદાહરણ તરીકે—

को किर हारइ कित्तिं इत्तियमित्तेण कज्जेण। (સિરિ ૧૩૦)

આટલાં કામ માટે કીર્તિ કોણ ગુમાવે?

**(૩૪૦) केवलं**

અવ્યયપ્રમાણે[1] ઉપયોગ : **ફક્ત** આ અર્થમાં:- ઉદાહરણ તરીકે—

૧) केवलं भवविरत्तचित्तो। (સમરા પત્ર- ૭૦૬)
ફક્ત (તેનું) ચિત્ત સંસારથી વિરક્ત થઇ ગયું છે.

૨) केवलं पहवइ महामोहो। (સમરા પત્ર- ૭૨૭)
ફક્ત મહામોહ પ્રભાવી છે.

**(૩૪૦.૧) न केवलं अवि :- એટલું જ નહીં પણ**:- ઉદાહરણ તરીકે—

---

૧ વિશેષણ પ્રમાણે પણ ઉપયોગ થાય છે; ફક્ત:- कडेवरं इणं केवलं। (સમરા પત્ર- ૭૨૯) આ ફક્ત મડદું છે.

न केवलं हरिसियं तमेव पूरं।

सविसेसरंजियमणा जाया पायालसग्गा वि।। (મહા પત્ર- ૨૪૬ અ)

કેવળ તે જ નગર આનંદિત થયું તેમ નહીં,

પણ પાતાળ અને સ્વર્ગ ણ વિશેષ આનંદિત થયા.

**(૩૪૧) खलु[1], खु, हु (खलु)**

**(૩૪૧.૧) નિશ્ચય, ખરેખર, નક્કી, ખાત્રી**:- ઉદાહરણ તરીકે—

૧) गुणा हु गोरवं उवजणिंति। (મહા પત્ર- ૨૩૬ બ)
   ખરેખર ગુણો મહાનતા ઉત્પન્ન કરે છે.

૨) मच्चुपरित्ताणं नत्थि हु भुवणम्मि कस्स वि या। (સુપાસ ૬૪૦)
   ખરું જોતાં જગતમાં કોઇનું મૃત્યુથી રક્ષણ કરી શકાતું નથી.

**(૩૪૧.૨) વિતર્ક** :- ઉદાહરણ તરીકે—

जलहरो खु धूमवडलो खु।

મેઘ છે કે ધૂમ્રપટલ?

**(૩૪૧.૩) વિસ્મય** :- ઉદાહરણ તરીકે—

को खु एसो सहस्ससिरो।

આ હજારમાથાંવાળો કોણ છે?

**(૩૪૧.૪) સંભાવન** :- ઉદાહરણ તરીકે—

सा खु पीडए। (પ્રા.મં. ૮.૬)

તે પીડશે.

**(૩૪૧.૫) વાક્યાલંકાર[2], પાદપૂરણ**: ઉદાહરણ તરીકે—

૧) अप्पा हु खलु दुद्दमो। (ઉત્ત ૧.૧૫)
   ખરું જોતાં આત્મા દમન કરવો કઠિન છે.

૨) दो वि हु गच्छंति रायपासम्मि। (સુપાસ ૫૬૦)
   બન્ને રાજા પાસે ગયા.

---

૧ हु खु निश्चय-वितर्क-सम्भावन-विस्मये। (હેમ ૨. ૧૯૮)

૨ खलुर्वाक्यालङ्कारे। अभयदेवसू. (નાયા પોથી, પત્ર- ૧૨ અ)

૩) एवं खलु जंबू! (નાયાસં ૩)
જંબૂ! આ પ્રકારે.

**(૩૪૨) च[1], य (च)**

**(૩૪૨.૧)** 'અને' આ અર્થમાં દરેક શબ્દ કે વિધાન સાથે અથવા છેલ્લા શબ્દ કે વિધાન પછી એકવાર. ઉદાહરણ તરીકે—

૧) बहवे वेज्जा य वेज्जपुत्ता य। (વિવાગ પત્ર- ૮)
ઘણા વૈદ્યો અને વૈદ્યપુત્રો.

૨) जम्मणं बालत्तणं कलाओ य। (વિવાગ પત્ર- ૬૪)
જન્મ, બાળપણ અને કળાઓ.

૩) वाणारसीए संखो नाम राया नमुई नामो य से मंती। (બંભ પત્ર- ૨૭)
વારાણસીમાં શંખ નામનો રાજા અને તેનો નમુચિ નામનો મંત્રી હતો.

**(૩૪૨.૨) તેમ છતાં, તો પણ.** ઉદાહરણ તરીકે—

૧) बालो च्चिय अवहिओ तुमं तइया,
महिमंडले गविट्ठो ण य लद्धा तुज्झ वत्ता वि। (ધર્મો પત્ર- ૯૧)
ત્યારે તને બાળપણમાં જ ભગાવવામાં આવ્યો હતો,
પૃથ્વી પર તારી શોધ કરી પણ તારી કોઇ ખબર મળી નહીં.

**(૩૪૨.૩) વાક્યાલંકાર, પાદપૂરણ**: ઉદાહરણ તરીકે—

૧) न य भोयणं च रुच्चइ छट्ठावत्थाए कामिस्स। (અગડ ૪૩)
છટ્ઠી અવસ્થામાં કામીને ભોજન રુચતું નથી.

૨) पत्तो य कामदेवो रायदुवारे य। (વસુ પત્ર- ૨૬૯)
કામદેવ રાજદ્વારે પહોંચ્યો.

**(૩૪૨.૪) च-च : સમકાલીન ક્રિયા દર્શાવવા :-**

ઉદાહરણ તરીકે—

૧) न य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं। (દશ ૧.૨)
તે ફૂલોને હાનિ પહોંચાડતો નથી અને પોતે (રસ પીને) તૃપ્ત થાય છે.

---

૧ च, य વાક્યારંભમાં આવતા નથી.

२) वयं च वित्तिं लब्भामो न य कोइ उवहम्मई। (દશ ૧.૪)

અમને પણ ભિક્ષા મળે છે અને તે જ વખતે બીજાને પણ ત્રાસ થતો નથી.

**(૩૪૨.૫) न य - न य** : આ પણ નહીં – તે પણ નહીં.

ઉદાહરણ તરીકે—

न य हाणी न य वुड्ढी होइ। (પઉમ ૩.૪૧)

હાનિ પણ થતી નથી વૃદ્ધિ પણ થતી નથી.

**(૩૪૩) चेव, च्चिय[1], चिय ભાર આપવા** : ઉદાહરણ તરીકે—

१) जेहिं विरहो च्चिय न दिट्ठो। (વજ્જા ૬૫)

જેમણે વિરહ જ જોયો નથી.

२) अप्पहियपरहियाणं अप्पहियं चेव कायव्वं। (વજ્જા ૮૩)

આત્મહિત અને પરહિતમાં આત્મહિત જ કરવું.

३) सव्वावत्थासुं पिय पभवइ कम्मं चिय जणस्स। (મહા પત્ર- ૧૯૯ ब)

દરેક અવસ્થામાં માણસ પર કર્મ જ પ્રભુત્વ ધરાવે છે.

**(૩૪૪) जं (यद्)**

**(૩૪૪.૧)** પ્રત્યક્ષ વિધાન કરતી વખતે 'કે' આ અર્થમાં :

ઉદાહરણ તરીકે—

१) कहमिमं रायस्स कहिउं पारीयइ जं कुमारा सव्वे एक्कपए पेच्छंताणं चेव अम्ह दड्ढा। (પાકમા પત્ર-૨૨)

રાજાને આ કહેવું કેવી રીતે શક્ય છે કે અમારા દેખતા બધા કુમાર એકદમ બળી ગયા.

२) केण तुह निवेइयमेयं जं इह निवडणेणं पियसंपओगो वाहिविगमो पावनासो वा हवेज्ज त्ति। (મહા પત્ર- ૧૬૬ અ)

તને એ કોણે કહ્યું કે અહીં (ગંગામાં) પડવાથી પ્રિયનો સંયોગ, વ્યાધિનો નાશ કે પાપનાશ થશે?

---

१ च्चेअ-च्चिअ एवार्थे। (માર્ક. ૮.૧૯)

**(૩૪૪.૨) જેથી, જે કારણે :-** ઉદાહરણ તરીકે—

૧) जाया मे जीवियासा जं तुमं दिट्ठो सि। (બંભ પત્ર-૫૧)

તું દેખાયો તેથી મને (ફરી) જીવવાની આશા આવી.

૨) दिट्ठासि जं जियंती तं सुकयं जग्गए अम्ह। (નલ પત્ર- ૨૬)

જેથી તું જીવતી દેખાઇ તેથી અમારાં સુકૃત જાગતાં છે.

**(૩૪૫) जइ (यदि)**

**(૩૪૫.૧) જો** : ઉદાહરણ તરીકે—

जइ मे रोगावगमो भविस्सइ तओ सुंदरं चेव।

(સમરા પત્ર- ૨૦૪)

જો મારો રોગ દૂર થશે તો સારું જ થશે.

**(૩૪૫.૨) કદાચિત્ :-**

૧) जइ नवरं पाहुणसाहू गओ होज्जा। (ધર્મો પત્ર- ૭૭)

કદાચિત્ મહેમાન તરીકે આવેલા સાધુ ગયા હશે.

૨) नत्थि कोइ आयंको। परं जइ माणसिओ हवेज्जा। (કથા પત્ર- ૯૬)

રોગ કોઇ નથી, પણ કદાચ માનસિક હશે.

**(૩૪૫.૨.૧) जइ पुण** :

**કદાચિત્** :- ઉદાહરણ તરીકે—

૧) जइ पुण मे भत्ता भोयणत्थं इत्थागच्छेज्जा। (નલ પત્ર- ૨૨)

કદાચિત્ મારા પતિ ભોજન માટે અહીં આવશે.

૨) जइ पुण कोइ कं पि उवायं कहेज्जा। (મહા પત્ર- ૩૨૦ બ)

કદાચિત્ કોઇ ઉપાય કહેશે.

**(૩૪૬) जओ, जत्तो (यतः)**

**(૩૪૬.૧) જ્યાંથી, જે ઠેકાણેથી** :- ઉદાહરણ તરીકે—

जत्तो अहं समायाओ तत्तो किंचि नागयं। (કથા પત્ર- ૭)

જ્યાંથી હું આવ્યો ત્યાંથી (મારી સાથે) કોઇ આવ્યું નહીં.

**(૩૪૬.૨) કારણ** : ઉદાહરણ તરીકે—

૧) नो सा चएज्ज पुत्तं अवच्चनेहो जओ गरुओ। (મહા પત્ર- ૧૦૦ અ)

તેણી પુત્રનો ત્યાગ કરશે નહીં કેમ કે અપત્ય પ્રેમ બળવાન હોય છે.

૨) एसा हि मज्झ धम्मायरिओ जओ एयाए संमत्तमूलं जिणधम्मं गाहिओ। (ચઉ પત્ર- ૩૪)

આ જ મારી ધર્માચાર્ય છે કેમ કે આણે જ (મારી પાસે) સમ્યક્ત્વમૂલ જિનધર્મ ગ્રહણ કરાવ્યો.

**(૩૪૭) जह, जहा (यथा)**

**(૩૪૭.૧) જેમ, જે પ્રમાણે** :- जहिच्छा तुम्हाणं। (બંભ પત્ર-૬૫)

જેવી તમારી ઇચ્છા.

**(૩૪૭.૨) જે પ્રમાણે**

**(૩૪૭.૨.૧) તુલના** :- ઉદાહરણ તરીકે—

तत्थ मंदा विसीयंति मच्छा अप्पोदए जहा। (સૂય ૧.૩.૧.૫)

જે રીતે થોડાં પાણીમાં માછલી તરફડે છે તે રીતે મંદ પ્રાણી ત્યાં દુઃખી થાય છે.

**(૩૪૭.૨.૨) રીતિ** :- ઉદાહરણ તરીકે—

जहा सालिभद्देण दिन्नं दाणं तहा दायव्वं। (ધર્મો પત્ર- ૧૦૦)

જે રીતે શાલિભદ્રે દાન કર્યું તે રીતે દાન કરવું.

**(૩૪૭.૩) આગળ પ્રમાણે, નીચે પ્રમાણે** :- ઉદાહરણ તરીકે—

૧) भणिओ सो जह एयं आसं वालेसु भो पहिया। (સુપાસ ૫૪૬)

તેને એમ કહ્યું- હે પથિક! ઘોડો વાળ.

૨) न मुणह जहा दुब्बलस्स वि पंचाणणस्स सिगालसहस्सेहि वि न लंघिज्जइ परक्कमो। (મહા પત્ર-૩૯ બ)

તમને ખબર નથી કે હજારો શિયાળો દુર્બળ પણ સિંહના પરાક્રમને મ્હાત કરી શકતા નથી.

**(૩૪૭.૪) અપરોક્ષ વિધાન પૂર્વે** :- ઉદાહરણ તરીકે—

सो कुलवइणा भणिओ जहा-जहासुहं चिट्ठह। (બંભ પત્ર-૪૭)

કુલપતિએ તેને કહ્યું - 'સુખેથી રહે'

**(૩૪૭.૫) ઉદાહરણ તરીકે**:- ઉદાહરણ તરીકે—

૧) जहा आगासकुसुमं। (મહા પત્ર-૨૫૬ બ) જેમ આકાશ કુસુમ

૨) जहा वालुगाथाए तेल्लं। (સમરા પત્ર-૧૬૭)

જેમ રેતીમાં તેલ.

**(૩૪૭.૬) એટલે, જેથી** :- ઉદાહરણ તરીકે—

कुणह कंपि जहा सा जीवइ देवी सकुल ववत्था य निव्वहइ। (મહા ૩.૩૮)

કંઇક કરો કે જેથી રાણી જીવંત રહે અને (ત્યારે જ) આપણો કુલક્રમ પણ ટકી રહેશે.

**(૩૪૮) जह-तह, जहा-तहा (यथा-तथा)**

**(૩૪૮.૧) જેમ-તેમ, જે પ્રમાણે-તે પ્રમાણે** :

**(૩૪૮.૧.૧) तुलना** :- ઉદાહરણ તરીકે—

जह मुद्धमओ मायण्हियाए तिसिओ करेइ जलबुद्धिं।

तह निव्विवेयपुरिसो कुणइ अधम्मे वि धम्ममइं॥ (સુપાસ ૫૦૦)

જે પ્રમાણે ભોળું હરણ તરસ્યું હોય ત્યારે મૃગજળને સ્થાને પાણી માને છે તે પ્રમાણે અવિવેકી પુરુષ અધર્મમાં ધર્મ છે એવી બુદ્ધિ કરે છે.

**(૩૪૮.૧.૨) રીત** :- ઉદાહરણ તરીકે—

૧) जहा लाहो तहा लोहो। (ઉત્ત ૮.૧૭)

જેમ લાભ તેમ લોભ

૨) जहा चंदो तहा सूरो वि आगओ। (નિરયા પત્ર- ૩૭)

જેમ સૂર્ય તેમ ચંદ્ર પણ આવ્યો.

**(૩૪૮.૨) એમ - કે** : ઉદાહરણ તરીકે—

१) अहं णं तहा जत्तिहामि जहा तव दोहलस्स संपत्ती भविस्सइ। (નિરયા પત્ર-૧૦)

હું એવો પ્રયત્ન કરીશ કે જેથી તારો દોહદ પૂરો થશે.

२) तहा करिस्सं जहा तुह समीहियं संपज्जिस्सइ। (બંભ પત્ર-૬૧)

હું એવું કરીશ કે જેથી તારી ઇચ્છા પૂરી થશે.

**(૩૪૮.૩) કારણ - માટે; જેથી- તેથી** : ઉદાહરણ તરીકે—

१) जह जंपइ अफुडत्थं तह हियए संठियं किं पि। (જિન પત્ર-૮)

જેથી અસ્પષ્ટ બોલે છે તેથી હૃદયમાં કોઇ છે.

२) जहा वामच्छिभुयाओ फुरंति जहा य जक्खदंसणाओ हरिसाइसओ जाओ तहा तक्केमि संपयं पिएण सह समागमं। (ધર્મો પત્ર-૯૩)

જેથી ડાબી આંખ અને બાહુ ફરકે છે તેથી અને જેથી યક્ષનાં દર્શનથી હર્ષનો અતિશય થયો તેથી પ્રિયતમ સાથે મિલન થશે એવું મને લાગે છે.

**(૩૪૮.૪) જેટલા-તેટલા, એટલા કે તેટલા** :- ઉદાહરણ તરીકે—

तह न तवइ मह वाही जह अ समत्ती वयस्स एयस्स। (નાણ ૩.૪૭)

આ વ્રતની સમાપ્તિ મને જેટલો તાપ આપે છે તેટલો તાપ રોગ પણ આપતો નથી.

**(૩૪૮.૪.૧) जहा जहा- तहा तहा :- જેટલા જેટલા-તેટલા તેટલા, જેમ જેમ-તેમ તેમ**

ઉદાહરણ તરીકે—

१) जह जह जिणपूयणं तुमं कुणसि।
तह तह दालिद्दतरू फलइ तुह गेहे। (સુપાસ ૫૧૦)

તું જેમ જેમ જિનપૂજા કરે છે તેમ તેમ તારાં ઘરમાં દારિદ્રય વૃક્ષ ફળી રહ્યું છે.

२) जह जह गुंजंति सावया विविहं।
तह तह भएण हिययं कंपइ मह तत्थ रन्नंमि।।(સુર ૧૦.૨૨૮)

જેમ જેમ જાનવરોના વિવિધ અવાજ થવા લાગ્યા તેમ તેમ ત્યાં અરણ્યમાં મારું હૃદય ભયથી કાંપવા લાગ્યું.

**(૩૪૯) जा, जाव (यावत्)**

**(૩૪૯.૧)** સુધી, તેટલું આ અર્થમાં સ્થલ-કાળ દર્શાવવા[૧]. ઉદાહરણ તરીકે—

૧) रज्जलाभं जाव मए वज्जिओ जुवइसंगो। (નલ પત્ર-૪૯)
રાજ્યનો લાભ થાય ત્યાં સુધી મેં યુવતિનો પ્રસંગ ટાળ્યો છે.

૨) नमिराइणो सरीरे छम्मासे जाव दाहो जाओ। (ચઉ પત્ર-૩૮)
નમિરાજાનાં શરીરમાં છ મહિના સુધી દાહ થયો.

**(૩૪૯.૨) હવે** :- ઉદાહરણ તરીકે—

जाव तं तहेव जायं। (સમરા પત્ર- ૬૨૮)
હવે તે તેમ જ થયું.

**(૩૪૯.૩) તેટલામાં, તે દરમ્યાન** :- ઉદાહરણ તરીકે—

૧) वच्छ! वीसत्थो हवसु जाव ते जणयं पेच्छामि। (ધર્મો પત્ર- ૧૧૯)
વત્સ! શાંત થા. તેટલામાં તારા પિતાને જોઉં છું.

૨) ताव पभायं जायं। તેટલામાં સવાર પડી.

**(૩૫૦) जा-ता, जाव-ताव (यावत्-तावत्)**

**(૩૫૦.૧) જ્યાં સુધી – ત્યાં સુધી** :- ઉદાહરણ તરીકે—

૧) नूणं जाव रिद्धी ताव चेव सोहा। (ચઉ પત્ર-૪૭)
ખરેખર જ્યાં સુધી રિદ્ધિ છે ત્યાં સુધી શોભા હોય છે.

૨) ता दुक्खं जाव संसारो। (કથા પત્ર-૧૬૮)
જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી દુઃખ છે.

**(૩૫૦.૨) જ્યારે-ત્યારે** :- ઉદાહરણ તરીકે—

जाव (सा) न किंचि जंपइ ताव भणियं सहीए। (બંભ પત્ર-૬૧)
જ્યારે (તે) કંઇ  જ બોલી નહીં ત્યારે સખીએ કહ્યું.

---

૧ ત્યારે દ્વિતીયા વિભક્તિ અપેક્ષિત છે.

**(૩૫૦.૨.૧) जाव जाव - ताव ताव :- જેમ જેમ-તેમ તેમ**:- ઉદાહરણ તરીકે—

जाव जावं ... अभिक्कमेइ तावं तावं... महंते उदए। (સૂય ૨.૧.૨)

જેમ જેમ તે આગળ જવા લાગ્યો તેમ તેમ પાણી ઉંડું (થવા લાગ્યું)

**(૩૫૦.૨.૨) जाव न - ताव :- જેટલામાં નહીં - તેટલામાં** :- ઉદાહરણ તરીકે—

૧) जाव न कुणइ पणामं अवगूढो ताव सो रन्ना। (અગડ ૭૨)
(તેણે) પ્રણામ કર્યાં નહીં તેટલામાં જ રાજાએ તેને આલિંગન આપ્યું.

૨) जाव य हत्थप्पमाणमेत्तं तं न खणामि ताव समुट्ठिया महाभुयंगा।
(મહા પત્ર-૨૬ બ)
એક હાથ જેટલો તે (પ્રદેશ) મેં ખોદ્યો નહીં તેટલામાં જ મોટા સાપ (ત્યાંથી) બહાર પડ્યા.

**(૩૫૧) जे[1]:- વાક્યાલંકાર અને પાદપૂરણ** :- ઉદાહરણ તરીકે—

૧) तहा दुक्करं करेउं जे तारुण्णे समणत्तणं। (ઉત્ત ૧૯.૩૯)
તે પ્રમાણે જુવાનીમાં શ્રમણત્વ દુષ્કર (છે.)

૨) नवरि सयंवरकरणं संपइ उचियं न काउं जे। (સુર ૧.૧૨૭)
હવે માત્ર સ્વયંવર કરવો ઉચિત નથી.

**(૩૫૨) ठाणे (સ્થાને) બરોબર, યોગ્ય છે** :- ઉદાહરણ તરીકે—

ठाणे उ सा कामइ कामणिज्जं कामस्स पुत्तं। (ઉસા ૧.૪૦)

કામના કમનીય એવા પુત્રની ઉષા ઇચ્છા કરે છે તે યોગ્ય જ છે.

**(૩૫૩) णवि[2](नवि) :- વૈપરીત્ય** :- ઉદાહરણ તરીકે—

अणुदियहं भुंजंती नाणारूवाइं विसयसोक्खाइं।

न वि सा पावइ तित्तिं। (નાણ ૧.૪૮)

---

૧ હેમ. ૨.૨૧૭

૨ णवि वैपरीत्ये। હેમ. ૨.૧૭૮

રોજ અનેક પ્રકારના વિષયસુખને ભોગવતી એવી તે તૃપ્તિ પામી નહીં.

**(૩૫૪) णं[૧] :- વાક્યાલંકાર** :- ઉદાહરણ તરીકે—

तत्थ णं चंपाए नयरीए। (નાયાસં ૧) તે ચંપા નગરીમાં.

**(૩૫૫) तं (तद्) :- માટે, પરિણામે** :- ઉદાહરણ તરીકે—

तं नत्थि णं मोग्गरपाणी जक्खे संनिहिए।

(અંત પરિ-૧૦૫, પત્ર-૩૩)

માટે ખરેખર અહીં નજીકમાં મુદ્‌ગરપાણિ યક્ષ નથી.

**(૩૫૫.૧) तं जहा (तद् यथा) : નીચે પ્રમાણે, આગળ (કહેવાશે તે) પ્રમાણે** :- ઉદાહરણ તરીકે—

तीसे णं भद्दाए अत्तया दुवे होत्था। तं जहा-जिणपालिए य जिणरक्खिए य। (નાયા પત્ર-૧૨૧)

તે ભદ્રાને બે પુત્ર હતા. તે આ પ્રમાણે-જિનપાલ અને જિનરક્ષિત.

**(૩૫૬) तओ, तत्तो, तो (ततः)**

**(૩૫૬.૧) ત્યાંથી, તે સ્થાનેથી** :- ઉદાહરણ તરીકે—

तत्तो चुया समाणा। (પઉમ ૨.૮૪)

ત્યાંથી ચ્યવન થતાં.

**(૩૫૬.૨) પછી, ત્યાર બાદ** :- ઉદાહરણ તરીકે—

૧) पढमं नाणं तओ दया। (દસ ૪.૧૦)

પહેલું જ્ઞાન પછી દયા.

૨) खणमेगं गयचेट्ठो ठिओ तओ जंपए एवं। (સુપાસ ૪૯૪)

એક ક્ષણવાર નિશ્ચેષ્ટ રહ્યો પછી આ પ્રમાણે બોલ્યો.

**(૩૫૬.૩) માટે, પરિણામે**:- ઉદાહરણ તરીકે—

૧) कुमारमित्तं तमसि जओ तो हणेमि नो सहसा। (સુપાસ ૫૦૮)

તું કુમારનો મિત્ર છે તેથી હું તને એકદમ મારતો નથી.

---

૧ णं नन्वर्थे। आर्षे वाक्यालङ्कारेऽपि दृश्यते। હેમ ૪.૨૮૩

૨) एयाइ कओ लहुओ हं तओ वेरिणी एसा। (સિરિ ૧૦૮)
આણે મને ક્ષુદ્ર કર્યો તેથી આ વૈરિણી છે.

૩) छज्जीववहाओ कम्मबंधो। तत्तो संसारो। (કથા પત્ર-૧૩૨)
છ જીવકાયના વધથી કર્મબંધ તેના પરિણામે સંસાર.

**(૩૫૭) तह, तहा (तथा)**

**(૩૫૭.૧) તે રીતે, તે પ્રમાણે**.:- ઉદાહરણ તરીકે—

૧) मंतीहिं तहा विहियं। (સુપાસ ૫૧૮)
મંત્રીઓએ તે પ્રમાણે કર્યું.

૨) तहा करिस्सं। (સૂય ૧.૧૪.૯)
તેમ કરીશ.

**(૩૫૭.૨) અને, પણ, તેમ જ** :- ઉદાહરણ તરીકે—

૧) जीवाणं हिंसाए अलिएणं तह परस्सहरणेणं। (ચઉ પત્ર-૨૭)
જીવોની હિંસાથી, અસત્યથી તેમ જ બીજાનુંધન હરવાથી.

૨) तस्स भज्जा दुवे आसी रोहिणी देवई तहा। (ઉત્ત ૨૨.૨)
રોહિણી અને દેવકી આ બે તેની પત્નીઓ હતી.

**(૩૫૭.૩) હા, ઠીક, બરોબર** :- ઉદાહરણ તરીકે—

૧) राइणा 'तह' त्ति भणिए। (અરી પત્ર-૧૧)
રાજાએ ઠીક એમ કહેતા.

૨) तह त्ति पडिवज्जिऊण सव्वमणुट्ठियं। (પાકમા પત્ર- ૫૮)
ઠીક એમ કહીને (સ્વીકારીને) બધું કર્યું.

**(૩૫૭.૩.૧) तहेव :- 'તેમ જ' આ રીતે ભાર આપવા**. :- ઉદાહરણ તરીકે—

૧) मंतिणा तहेव कयं। (બંભ પત્ર-૫૩)
મંત્રીએ તેમ જ કર્યું.

૨) तेवि तहेव पुट्ठा। (કથા પત્ર-૧૩૭)

તેમને પણ તેમ જ પૂછ્યું.

**(૩૫૭.૩.૨) तहवि, तहावि (तथापि)** :- 'તેમ છતાં' આ અર્થમાં વિરોધ દર્શાવવા :-

जाउ सिरी विहडंतु बंधवा होउ लोयअवमाणं।

तह वि न जिणिंदपूयं वज्जिस्समहं॥ (સુપાસ. ૫૧૦)

પૈસા જતા રહો, સ્વજનો દૂર થાઓ,

લોકો દ્વારા અપમાન થાઓ છતાં પણ હું જિનેંદ્રની પૂજા છોડીશ નહીં.

**(૩૫૭.૩.૩) तहा हि[1]: - ઉદાહરણ તરીકે** :- ઉદાહરણ તરીકે—

तहा हि-केइ भणंति बंभो चेव देवाहिदेवो। (પાકમા. પત્ર-૩૭)

ઉદાહરણ તરીકે— કોઇએ કહ્યું 'બ્રહ્મદેવ જ દેવાધિદેવ છે'.

**(૩૫૮) ता, ताव (तावत्)**

**(૩૫૮.૧) પ્રથમ, પહેલી વાર.**:- ઉદાહરણ તરીકે—

૧) करेसु ताव भोयणं। (મહા પત્ર-૧૭૧અ)

પ્રથમ ભોજન કર.

૨) ताव अहं एगागी रायाणं पेच्छामि। (કથા પત્ર-૧૨૦)

પહેલા હું એકલો જ રાજાને મળીશ.

**(૩૫૮.૨) ત્યાં સુધી, દરમ્યાન**:- ઉદાહરણ તરીકે—

૧) तए ताव इहेव चिट्ठियव्वं। (સમરા. પત્ર- ૪૨.૫)

તારે ત્યાં સુધી અહીં જ રહેવાનું છે.

૨) ताव सहस च्चिय समायओ तं पएसं झटत्ति खेत्तपालो। (મહા પત્ર- ૨૭અ)

દરમ્યાન અચાનક જ ક્ષેત્રરક્ષક તરત ત્યાં આવ્યો.

**(૩૫૮.૩) હમણાં** :- ઉદાહરણ તરીકે—

---

૧ 'तहा य' આનો ઉપયોગ પણ 'तहाहि' પ્રમાણે થાય છે. તેમ જ तहाय અને तहाहि નો ઉપયોગ અવતરણ ઉદ્ધૃત કરવામાં પણ કરવામાં આવે છે.

बाले! सि ताव तुमं पुत्ता। (त ૧૩૧)

દીકરી! તું હજી નાની છે.

**(૩૫૮.૪) ખરેખર,નક્કી આ અર્થમાં ભાર આપવા :-**

ઉદાહરણ તરીકે—

૧) जयं पि भुंजेइ ताव रयणीए। (સુપાસ ૪૯૬)

આખી દુનિયા પણ રાત્રે ખાય છે.

૨) देवा चंदसूरतारयपमुहा ताव पच्चक्खदंसणेण नज्जंति।

(મહા પત્ર- ૨૫૫ બ)

ચંદ્ર, સૂર્ય, તારા વગેરે દેવ તો પ્રત્યક્ષ દર્શનથી જણાય છે જ.

**(૩૫૯.) तु[1], उ (तु)**

**(૩૫૯.૧) પણ, પરંતુ, તેમ છતાં, ઉલટ** :- ઉદાહરણ તરીકે—

૧) तुमं तु परत्थीपरंमुहो। (નલ પત્ર- ૫૦)

પણ તું પરસ્ત્રી પરાંમુખ છે.

૨) चइज्ज देहं न उ धम्मसासणं। (દસ ૧૧.૧૭)

દેહ છોડીશ પરંતુ ધર્મશાસન છોડીશ નહીં.

**(૩૫૯.૨) ભાર આપવા**:- ઉદાહરણ તરીકે—

खाणी अणत्थाण उ कामभोगा। (ઉત્ત ૧૪.૧૩)

કામભોગ એટલે અનર્થની ખાણ જ.

**(૩૫૯.૩) વાક્યાલંકાર અને પાદપૂરણ**:- ઉદાહરણ તરીકે—

૧) बहुयाणि उ वासाणि सामण्णमणुपालिया। (ઉત્ત. ૧૯.૯૫)

ઘણાં વર્ષો શ્રમણપણું પાળ્યું.

૨) पेच्छंति उ चित्तकूडं ते। (પઉમ ૩૩.૪)

તેમણે ચિત્રકૂટ (પર્વત) જોયો.

---

૧ तु, उ વાક્યના આરંભમાં આવતા નથી.

**(૩૫૯.૩.૧) किंतु[1], परंतु :- વિરોધદર્શક વાક્યો જોડવા[2]**

**(૩૬૦) दर[3] :- થોડું** :- ઉદાહરણ તરીકે—

૧) दरं जंपिउं। (સમરા પત્ર-૧૯૯)

થોડું બોલીને

૨) कयं दरहसियं। (કથા પત્ર-૧૨૦)

કંઇક હાસ્ય કર્યું.

**(૩૬૧) दिट्ठिया (दिष्ट्या) આનંદ દર્શાવવા :-**

ઉદાહરણ તરીકે—

૧) दिट्ठिआ दिट्ठासि जीवंती। (નલ પત્ર- ૨૪)

તું જીવંત દેખાઇ તે આનંદની વાત છે.

૨) बहूणं दिवसाणं दिट्ठिया खेल्लणगं उवागयं। (મહા પત્ર-૧૫૩અ)

ઘણા દિવસે રમકડું મળ્યું તે આનંદની વાત છે.

**(૩૬૨) दे[4] :- સંમુખીકરણ** :- ઉદાહરણ તરીકે—

૧) दे पिच्छामो ताव य तुह भगिणिं। (સુર ૯.૧૮૯)

ચાલ, તારી બહેનને જોઇએ.

૨) ता दे सामिणीए पाणभिक्खं देह। (કથા પત્ર- ૬૭)

ત્યારે સ્વામિનીને પ્રાણભિક્ષા આપો.

**(૩૬૩) धिद्धी, धिरत्थु, धी, धी धी:- ધિક્કાર હો.** :-

ઉદાહરણ તરીકે—

૧) धिद्धी मं। (નલ પત્ર-૨૪)

મને ધિક્કાર હો.

---

૧ किंतु, परंतु વાક્યના આરંભમાં આવી શકે છે.

૨ વાક્યો જોડવા, પરિચ્છેદ ૪૪૦ જુઓ.

૩ दरार्धाल्पे। હેમ ૨.૨૧૫

૪ दे सम्मुखीकरणे च। હેમ. ૨.૧૯૬

૨) धिरत्थु देव्वस्स। (સમરા પત્ર-૯૩)
દૈવને ધિક્કાર હો.

૩) धी मज्झ वीरवित्ती। (જિન પત્ર-૨૦)
મારી વીરવૃત્તિને ધિક્કાર હો.

૪) धी धी चंचलया जोव्वणस्स। (સુપાસ ૫૩૧)
યૌવનની ચંચળતાને ધિક્કાર હો.

**(૩૬૪)** धुवं (ध्रुवम्) :- **ખરેખર, નક્કી, ખાત્રીપૂર્વક** :-
ઉદાહરણ તરીકે—

૧) सो धुवं चोरो। (સુપાસ ૫૨૫) નક્કી તે ચોર છે.

૨) हुंति परकज्जनिरया नियकज्जपरंमुहा धुवं सुयणा। (જિન પત્ર- ૧૮)
સજ્જનો ખરેખર પોતાના કામમાં પરાંમુખ અને બીજાનાં કામમાં નિરત હોય છે.

**(૩૬૫)** न :- **નિષેધ, નકાર** :- ઉદાહરણ તરીકે—

૧) कस्स विसमदसाविभाओ न होइ। (સમરા પત્ર- ૧૯૮)
કોને ખરાબ પરિસ્થિતિ આવતી નથી?

૨) निव्वाणपत्तस्स य जीवस्स न जम्मो न जरा न मरणं। (સમરા પત્ર-૧૭૭)
અને નિર્વાણ પ્રાપ્ત કરનાર જીવને જન્મ નથી, જરા નથી, મરણ નથી.

**(૩૬૫.૧) न न : ભારપૂર્વક હકાર :-** ઉદાહરણ તરીકે—

૧) न य न याणइ इमं पवंचं एसो। (સમરા પત્ર- ૭૮૮)
આ આ પ્રપંચ જાણતો નથી એવું નથી.

૨) कालओ णं लोए न कयाइ न आसी
न कयाइ न भवइ न कयाइ न भविस्सइ। (અંત ૭૮)
કાળની દષ્ટિએ આ જગત ક્યારેય ન હતું એવું નથી,
ક્યારેય નથી એવું નથી, ક્યારેય નહીં હોય એવું નથી.

**(૩૬૬) नवरं (णवरं[1], णवर[2]):-**

**(૩૬૬.૧) ફક્ત, કેવળ** :- ઉદાહરણ તરીકે—

૧) अम्हे नवरं तव विचित्तं केवलिपन्नत्तं धम्मं परिकहेमो। (નિરયા પત્ર-૫૦)
અમે કેવળ કેવળીએ કહેલો વિચિત્ર (અનેક પ્રકારનો) ધર્મ તને કહીશું.

૨) बालत्तणओ केलिप्पिओ णवरं। (સમરા પત્ર-૭)
તેને બાળપણથી જ કેવળ રમત ગમે છે.

**(૩૬૬.૨) પછી** : - ઉદાહરણ તરીકે—

दट्ठूण य तं दव्वं चिंता मंतिस्स नवरमुप्पन्ना।
(સમરા પત્ર- ૨૨૫)
અને તે દ્રવ્ય જોઇને મંત્રીને ચિંતા થઇ.

**(૩૬૭) नवरि (णवरि) :- ફક્ત, કેવળ[3]**:- ઉદાહરણ તરીકે—

૧) वारिज्जइ नवरि पुन्नेहिं। (સુર ૮.૨૬)
ફક્ત પુણ્યથી અટકાવી શકાશે.

૨) लोगंमि नवरि दुल्लहो जणेण जिणदेसिओ धम्मो। (સુપાસ ૫૧૧)
જગતમાં ફક્ત જિનકથિત ધર્મ જ લોકોને દુર્લભ છે.

**(૩૬૭.૧) ન કેવળ[4]**: - ઉદાહરણ તરીકે—

सो नवरि माणुसाणं देवाणं वि वल्लहो होइ। (વજ્જા. ૮૮)
તે કેવળ મનુષ્યને નહીં પણ દેવોને પણ પ્રિય થાય છે.

**(૩૬૮) नाइं (णाइं[5], णाइ)**

**(૩૬૮.૧) નકાર, નહીં** :- ઉદાહરણ તરીકે—

---

૧ णवरं तु केवले स्यात्। (માર્ક. ૮.૧૧)

૨ णवर केवले। હેમ. ૨.૧૮૭

૩ માર્ક. ૮૧૩; આ.હેમચંદ્રસૂ.ના મતે પછી એવો પણ અર્થ છે.

૪ न केवलं-अपि (પરિચ્છેદ-૩૪૦)

૫ णाइं नञर्थे। હેમ ૨.૧૯૦

१) नाइं भुज्जो करणयाए। (ઉવા પરિ.-૧૧૩)

(હું) ફરી આમ કરીશ નહીં.

**(૩૬૮.૨) નિષેધ[૧]**:- ઉદાહરણ તરીકે—

णाइ खले वीसंभसु।

દુષ્ટ પર વિશ્વાસ કરીશ નહીં.

**(૩૬૯) नाम, नामं (नाम)**

**(૩૬૯.૧) નામના/નામની/નામનું[૨]** : - ઉદાહરણ તરીકે—

१) जंबू नामं अणगारे। (નિરયા પત્ર-૩)

જંબૂ નામના અણગાર.

२) हरिएसबलो नाम आसि भिक्खू जिइंदिओ। (ઉત્ત ૧૨.૧)

હરિકેશબલ નામના એક જિતેંદ્રિય ભિક્ષુ હતા.

**(૩૬૯.૨) ખરેખર,નક્કી, ખાત્રીપૂર્વક**:- ઉદાહરણ તરીકે—

१) नत्थि अकरणिज्जं नाम लोहवसगाणं। (સમરા પત્ર- ૧૪૮)

લોભવશ મનુષ્ય માટે ખરેખર કંઇ જ અકરણીય નથી.

२) ते नाम होंति कण्णा जे जिणवरसासणम्मि सुइपुण्णा। (પઉમ. ૧.૧૯)

જે ઉત્કૃષ્ટ જિનોપદેશથી શ્રુતિપૂર્ણ છે તે જ કાન છે.

**(૩૬૯.૩) 'એટલે' આ અર્થમાં; સ્પષ્ટીકરણ કરવામાં** :-

ઉદાહરણ તરીકે—

१) अत्थो त्ति नाम पवरो पुरिसत्थो। (મહા પત્ર-૧૪૮બ)

અર્થ એટલે ઉત્કૃષ્ટ પુરુષાર્થ.

२) तत्थ दिव्वं नाम जत्थ केवलमेव देवचरियं वण्णिज्जइ। (સમરા પત્ર-૨)

---

૧ માર્કંડેય ૮.૩

૨ આ અર્થમાં ક્યારેક नामेण-णं, नामओ, આમનો પણ ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે— १) निसहो नामेण तत्थ निवो। (નલ પત્ર-૧) २) आसि राया...वसुदेवे त्ति नामेणं। (ઉત્ત ૨૨.૧૩) जयघोसे त्ति नामओ। (ઉત્ત. ૨૫.૧)

તેમાં દિવ્ય (કથા વસ્તુ) એટલે જેમાં કેવળ દેવોનું ચરિત્ર વર્ણવવામાં આવે છે.

**(૩૬૯.૪) વાક્યાલંકાર અને પાદપૂરણ** :- ઉદાહરણ તરીકે—

૧) रायपुरं नाम नामेणं। (પઉમ ૨.૮)

રાયપુર નામનું (નગર)

૨) रयणवई नाम नामेण। (સમરા પત્ર- ૬૦૯)

રત્નવતી નામની.

**(૩૬૯.૪.૧)** આજ્ઞાર્થી રૂપ સાથે 'नाम'નો ઉપયોગ થયો હોય તો-આવું હશે, આવું થશે, શક્ય છે એવો અર્થ થાય છે.

ઉદાહરણ તરીકે—

जइ एसा परपुरिसेण सह वच्चह वच्चउ णाम। (ધર્મો પત્ર-૬૧)

જો આ પરપુરુષ સાથે જતી હોય તો ભલે જતી.

**(૩૬૯.૪.૨)** किं, कहं સાથે 'नाम'નો ઉપયોગ થયો હોય તો-શક્યતા છે, મારે જાણવું છે એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) किं णाम कण्णापिउ पाणणाहं मण्णेसि गिण्णाहमिमं पएसं। (ઉસા ૧.૬૫)

અરે કન્યાના પ્રિયતમ જેના સ્વામિ પિતા છે એવા આ પ્રદેશને તું સ્વામિહીન સમજે છે કે શું તે મને જાણવા દે.

૨) किं णाम सोक्खं तुमए विणा मे। (ઉસા ૧.૭૫)

તારા વિના વળી મને કેવું સુખ?

**(૩૭૦.) नु (णु) (नु)**

**(૩૭૦.૧) શંકા/અનિશ્ચિતતા યુક્ત પ્રશ્ન** :- ઉદાહરણ તરીકે—

૧) विसेसे किं नु कारणं। (ઉત્ત. ૨૩.૧૩)

ફરકનું વળી શું કારણ?

૨) जीवंतयस्स फणिणो को णु मणिं मुट्ठिणा हणइ।

(જિન પત્ર- ૨૭)

જીવતા સાપના મણિને વળી મુટ્ઠિથી કોણ મારે?

**(૩૭૦.૨) સૌમ્ય નિંદા**[૧] :- ઉદાહરણ તરીકે—

कहं नु कुज्जा सामण्णं जो कामे न निवारए। (દસ ૨.૧)

જે ઇચ્છાને દૂર કરતો નથી તો શ્રામણ્ય કેમ કરીને કરશે?

**(૩૭૦.૨.૧)** किं, कहंની સાથે **नु**નો ઉપયોગ થયો હોય ત્યારે-ખરેખર, શક્ય છે આ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) कमल व्व किं नु एसा। (અગડ ૨૦)
આ લક્ષ્મી જેવી વળી કોણ છે?

૨) पहवंति किं नु फणिणो गारुडसारं सरंताणं। (જિન પત્ર- ૩૨)
ગારુડસારનું સ્મરણ કરનાર પર સાપનો પ્રભાવ પડવો શક્ય છે?

૩) धम्मजुयाणं कह णु भयं होइ लोयाणं। (નાણ ૩.૧૦૬)
ધર્મમાં રત રહેનારને વળી ભય હોઇ શકે?

**(૩૭૦.૨.૨) णणु (ननु) : શું આમ નથી?, નક્કી આમ જ છે :-** ઉદાહરણ તરીકે—

૧) सो णणु कल्लाणमित्तो। (સમરા પત્ર-૧૫)
તે જ ખરો કલ્યાણમિત્ર.

૨) णणु सुलहमेत्थ निव्वेयकारणं। (સમરા પત્ર-૩૭)
અહીં વૈરાગ્યનું કારણ સુલભ નથી શું?

**(૩૭૧) पाएण, पायं, पायसो (प्रायेण, प्राय:, प्रायश:)**

**સામાન્ય વિધાન, નિયમ દર્શાવવા, સામાન્યતઃ, પ્રાયઃ આ અર્થમાં :-** ઉદાહરણ તરીકે—

૧) पाएण कुपुरिसाणं न सहावो अन्नहा होइ। (નલ પત્ર-૨૩)
પ્રાયઃ દુષ્ટોનો સ્વભાવ બદલાતો નથી.

૨) पायं रसा दित्तिकरा नराणं। (ઉત્ત ૩૨.૧૦)
પ્રાયઃ સારો રસ (સારું અન્ન) હોય તો માણસને અધિક બળવાન કરે છે.

---

૧ અભ્યંકર, દસ ટીપ પત્ર-૬

૩) न एस पायसो पडिनियत्तइ वाही। (કથા પત્ર-૧૪૯)

બહુધા આ વ્યાધિ સારો થશે નહીં.

**(૩૭૨) पुणो, पुण, उण (पुनः)**

**(૩૭૨.૧) ફરી, પુનઃ** :- ઉદાહરણ તરીકે—

૧) न पुणो एवं काहामो। (પાકમા પત્ર-૨૦)

ફરી અમે આવું કરીશું નહીં.

૨) साहुं पुणो पणमिऊणं। (પઉમ ૩.૪૨)

સાધુને ફરી પ્રણામ કરીને.

**(૩૭૨.૨) પરંતુ, આથી ઉલટું, આ અર્થમાં વિરોધ દર્શાવવા** :- ઉદાહરણ તરીકે—

૧) तुह जोग्गा सा कन्ना न उण अन्नस्स। (સુર ૧૨.૮૧)

તે કન્યા તારા યોગ્ય છે બીજાના નહીં.

૨) जे सप्पुरिसा हवंति ते मरणवसणं बहुं मन्नंति न उण इहलोय-परलोयविरुद्धं आयरंति। (ચઉ પત્ર-૨૭)

જે સત્પુરુષ છે તેઓ મરણરૂપી સંકટ માન્ય કરશે પણ ઇહલોક-પરલોક વિરુદ્ધ આચરણ કરશે નહીં.

**(૩૭૨.૩) કોઇની દષ્ટિએ આ અર્થમાં**:- ઉદાહરણ તરીકે—

૧) अहं पुण अन्नत्थ वच्चिस्सं। (નલ પત્ર-૧૩)

હું તો બીજે જઇશ.

૨) अहं रक्खसो। को पुण तुमं? (નલ પત્ર-૫૦)

હું રાક્ષસ છું પણ તું કોણ છે?

**(૩૭૨.૩.૧) पुणो पुणो :- ફરી ફરી, પુનઃ પુનઃ, વારંવાર** :- ઉદાહરણ તરીકે—

૧) पुणो पुणो वंदई सक्को। (ઉત્ત ૯.૫૯)

ઇંદ્ર ફરી ફરી વંદન કરે છે.

૨) नाणाविहाइ दुक्खाइ अणुहोंति पुणो पुणो। (સૂય ૧.૧.૧.૨૬)
વારંવાર અનેક પ્રકારનાં દુ:ખ અનુભવે છે.

**(૩૭૩) पुणरुत्तं[1] :- કરેલું ફરી કરવું, વારંવાર તે જ કરવું આ અર્થમાં :-**

एए भमंति जीवा पुणरुत्तं जम्मसायरे भीमे। (પઉમ ૩.૧૨૯)

ભયંકર એવા જન્મરૂપી સાગરમાં આ જીવો વારંવાર ભ્રમણ કરે છે.

**(૩૭૪) बाढं**

**(૩૭૪.૧) પુષ્કળ, ઘણું, ખૂબ** :- ઉદાહરણ તરીકે—

૧) तेण भणियं बाढं जाणामि। (કથા પત્ર-૬૭)
તેણે કહ્યું મને ઘણું ખબર છે.

૨) पिउणा समं बाढं कलहिऊणा। (મહા પત્ર-૧૮૫ બ)
પિતા સાથે ખૂબ કલહ કરીને.

૩) बाढमुव्विग्गो धणदेवो। (મહા પત્ર- ૧૫૦અ)
ધનદેવ પુષ્કળ ઉદ્વિગ્ન થયો.

**(૩૭૪.૨) હા** :- ઉદાહરણ તરીકે—

भणियं सूरिणा बाढं। (કથા પત્ર-૧૭૭)

સૂરિએ 'હા' કહ્યું.

**(૩૭૫) भो (भोः) :- સંબોધન :-** ઉદાહરણ તરીકે—

भो दूय! गच्छ। (નલ પત્ર-૮) હે દૂત! તું જા.

**(૩૭૫.૧) भो भो** : ઉદાહરણ તરીકે—

૧) भो भो विप्पा। (પાકમા પત્ર-૭૨)
અરે બ્રાહ્મણો.

૨) भो भो भूयपिसाया (સુપાસ ૪૯૨)
અરે ભૂતપિશાચો.

---

૧ पुणरुत्तं कृतकरणे। હેમ ૨.૧૭૧

**(૩૭૬) मणे[1] (मण्णे[2]) :- વિમર્શ, સંયુક્ત વિચાર દર્શાવવા** :- ઉદાહરણ તરીકે—

૧) किं मण्णे कारणं होज्ज। (वसु पत्र-२२१)
   શું કારણ હશે?

૨) कत्थ मण्णे पिया गया होज्ज। (वसु पत्र-२२४)
   પ્રિયા ક્યાં ગઇ હશે?

૩) सुमिणस्स[3] के मन्ने कल्लाणे फलवित्तिविसेसे भविस्सइ।
(નાયાસ, પત્ર-૪)

   સ્વપ્નનું શું કલ્યાણકારક ફળવિશેષ હશે?

**(૩૭૭) मुहु (मुहुः) વારંવાર** :- ઉદાહરણ તરીકે—

मुहु मुहु मोहगुणे जयंतं। (ઉત્ત ૩.૧૧)

વારંવાર મોહગુણ (મોહના પરિણામને) જિતનારાને.

**(૩૭૮) माइ, माइं[4] નિષેધ, ના** :- ઉદાહરણ તરીકે—

सप्पं छिव माइ पाएहिं।

સાપને પગથી સ્પર્શ કરીશ નહીં.

**(૩૭૯) रे[5]**

**(૩૭૯.૧) સંબોધન** :- ઉદાહરણ તરીકે—

૧) रे वरगइंदा। (વજ્જા ૧૯૭)
   રે ગજશ્રેષ્ઠ.

૨) को रे तुवं। (ઉત્ત. ૧૨.૭)
   કોણ રે તું?

---

૧ मणे विमर्शे। (હેમ ૨.૨૦૭)

૨ पा.स.म. ૮૩૧

૩ इह मन्ये वितर्कार्थ: निपात:। (अभयदेवसू., नाया पोथी પત્ર-૧૮ બ)

૪ माइं मार्थे। હેમ ૨.૧૯૧ ; માર્ક. ૮.૩

૫ 'अरे' પરની પાદટીપ જુઓ.

**(૩૭૯.૧.૧) रे रे** :- ઉદાહરણ તરીકે—

रे रे वरधणू! (બંભ પત્ર-૫૫) અરે વરધનુ!

**(૩૭૯.૨) રતિકલહ** :- ઉદાહરણ તરીકે—

मम हिययं हरिऊणं गओ सि रे किं न जाणिओ तं सि।

सच्चं अच्छिनिमीलणमिसेण अंधारयं कुणसि।। (કથા પત્ર-૪૮)

મારું હૃદય હરણ કરીને તું ગયો તે રે શું ખબર નથી?

આંખો ઢાંકવાના બહાને ખરેખર અંધારું જ કરે છે.

**(૩૮૦) वरं:- વધુ સારું** :- ઉદાહરણ તરીકે—

वरमन्नदेसगमणं वरं मरणदुक्खं। (મહા પત્ર-૮૨ અ)

અન્ય દેશમાં ગમન વધુ સારું, મરણનું દુઃખ વધુ સારું.

**(૩૮૦.૧) वरं - न उण** :- **આ સારું –પણ ના**:-

वरं एए सुणहपुरिसा न उण अहं पुरिससुणहो। (સમરા પત્ર-૨૬૮)

આ કુતરાં સારાં પણ કુતરાં જેવો હું સારો નહીં.

**(૩૮૧) वा, व (वा)**

**(૩૮૧.૧)** અથવા આ અર્થમાં વિકલ્પ દર્શાવવા દરેક શબ્દ કે વિધાનની સાથે કે છેલ્લે એકવાર:- ઉદાહરણ તરીકે—

૧) हत्था वा पाया वा कण्णा वा अच्छी वा नासा वा। (વિવાગ પત્ર-૨)
 હાથ અથવા પગ અથવા કાન અથવા આંખ અથવા નાક .

૨) किं वच्चामि विदेसं किं वा तायस्स अंतियं जामि। (અગડ ૧૪)
 (હું) શું પરદેશ જઉં કે પિતાની પાસે જઉં?

**(૩૮૧.૨)** અને, તેમ જ, આ અર્થમાં સમુચ્ચય દર્શાવવા :- ઉદાહરણ તરીકે—

૧) का एसा कस्स वा धूया। (નલ પત્ર-૪૩)
 આ કોણ અને કોની પુત્રી?

૨) पुत्ति! कासि तुमं कओ वा समागया किं वा सोयकारणं कहिं वा गंतव्वं।
 (બંભ પત્ર-૭૩)

પુત્રી! તું કોણ? અને ક્યાંથી આવી? અને શોક કરવાનું કારણ શું? અને ક્યાં જવું છે?

**(૩૮૧.૩) પાદપૂરણ**[૧] :- ઉદાહરણ તરીકે—

जुद्धेहिं अज्जियं जं रज्जं तं हारियं व जुएण। (નલ પત્ર-૧૦)

યુદ્ધથી જે રાજ્ય મેળવ્યું તે જુગારમાં ગુમાવ્યું.

**(૩૮૧.૩.૧) अहवा, किं वा** :- વિકલ્પ દર્શક વાક્યો જોડવા[૨]

**(૩૮૨) सक्का** :- શક્ય છે :- ઉદાહરણ તરીકે—

नोखलुसक्कामाणुस्सएणंउवाएणं...धारिणीएदेवीएअकालडोहलमणोरहसंपत्ति करित्तए। (નાયાસ પ.૧૫)

ધારિણી રાણીને અકાળે (ઉત્પન્ન થયેલા) દોહદની મનોરથપૂર્તિ માનવી ઉપાયથી કરવી જરા ય શક્ય નથી.

**(૩૮૩) सक्खं (साक्षात्)** :- પ્રત્યક્ષ :- ઉદાહરણ તરીકે—

जइ सि सक्खं पुरंदरो। (ઉત્ત ૨૨.૪૧)

જો તું સાક્ષાત્ ઇંદ્ર છે.

**(૩૮૪) सव्वहा (सर्वथा)**

**(૩૮૪.૧) સર્વ પ્રકારે** :- ઉદાહરણ તરીકે—

૧) सव्वहा अणुकूलो। (કથા પત્ર-૧૪૫)
   સર્વ પ્રકારે અનુકૂળ.

૨) जं सामिणी भणइ तं सव्वहा करिस्सामि। (કથા પત્ર-૧૦૯)
   સ્વામિની જે કહેશે તે સર્વ પ્રકારે કરીશ.

**(૩૮૪.૨) નક્કી જ** :- ઉદાહરણ તરીકે—

૧) सव्वहा धन्ना हं। (મહા પત્ર- ૧૬૪ બ)
   હું નક્કી જ ધન્ય છું.

---

૧ ગોરે, નલકહા ટીપ પત્ર-૧૬

૨ વાક્યો જોડવા, પરિચ્છેદ ૪૩૯ જુઓ

૨) देवि! एवं सव्वहा गब्भाणुभावो। (કથા પત્ર-૧૫)
રાણીસાહેબ! આ નક્કી જ ગર્ભનો પ્રભાવ.

**(૩૮૪.૨.૧) सव्वहा न :** જરા ય નહીં, બિલકુલ નહીં :- ઉદાહરણ તરીકે—

૧) इह खलु संसारे न सव्वहा सुहमत्थि। (સમરા પત્ર-૧૭૭)
આ સંસારમાં જરા ય સુખ નથી.

૨) सव्वहा न अप्पपुण्णाणं समीहियं संपज्जइ। (સમરા પત્ર-૪૧૪)
અલ્પ પુણ્યવાળાની ઇચ્છા બિલકુલ પૂરી થતી નથી.

**(૩૮૫) साहु (साधु)** :- સારું, સરસ :- ઉદાહરણ તરીકે—

૧) जणेणं उग्घुट्ठं - साहु साहु साहु त्ति। (પઉમ ૩૩.૧૩૪)
'સરસ! સરસ! સરસ!' આવો ઘોષ લોકોએ કર્યો.

૨) साहु वच्छ! साहु उचिओ ते विवेगो। (સમરા પત્ર-૧૯)
સરસ! સરસ! વત્સ! તારો વિવેક ઉચિત છે.

**(૩૮૬) सिया (स्यात्)** :- શક્ય છે, કદાચિત્ આ અર્થમાં ઉપયોગ કરેલો જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

૧) सिया मणो निस्सरई बहिद्धा। (દસ ૨.૪)
કદાચિત્ તેનું મન બહાર નીકળી જાય.

૨) सिया विसं हालहलं न मारे। (દસ ૯.૧.૭)
હલાહલવિષ ન મારે તે કદાચિત્ (એકવાર) શક્ય છે.

**(૩૮૭) हंजे** :- બહેનપણી કે દાસીને સંબોધન કરવામાં :- ઉદાહરણ તરીકે—
हंजे! किमेयं। (સમરા પત્ર-૬૨૨) અરે આ શું?

**(૩૮૮) हंत**[1]

**(૩૮૮.૧) વિસ્મય** :- ઉદાહરણ તરીકે—

૧) समुप्पन्नो य मे विम्हओ हंत! किमेयं। (સમરા પત્ર-૫૦૦)
મને વિસ્મય થયો બાપ! રે! આ શું?

---

૧ हन्त हर्षेऽनुकम्पायां वाक्यारम्भविषादयोः॥

૨) हंत! कहमणेणाहं वियाणिओ। (ધર્મો પત્ર-૧૩૩)
અરે! આણે મને કેવી રીતે ઓળખ્યો?

(૩૮૮.૨) ગડબડ :- ઉદાહરણ તરીકે—
हंत! किमेयं। (સમરા પત્ર-૫૦૦)
અરે! આ શું?

(૩૮૮.૩) **વિષાદ, ખેદ, દુ:ખ** :- ઉદાહરણ તરીકે—
हंत! देव्वविलसियमिणं। (ધર્મો પત્ર-૪૩)
રે! આ નસીબનો ખેલ.

(૩૮૮.૪) **હર્ષ** :- ઉદાહરણ તરીકે—
हंत! सुणंतु भवंतो[1]। (રાય પત્ર-૫૩)
સરસ, અરે! તમે સાંભળો.

(૩૮૮.૫) **વાક્યારંભ** :- ઉદાહરણ તરીકે—
૧) हंता! समणोवासगा। (કથા પત્ર-૯૨)
શ્રમણોપાસકો.
૨) हंत! जीवो वि चित्त-चेयणाइ-धम्माणुहवेण घेप्पइ। (સમરા પત્ર-૧૭૫)
જીવ પણ ચિત્ત, ચેતના વગેરે ધર્મોના અનુભવથી જાણી શકાય છે.

(૩૮૮. ૬) **વિતર્ક** :- ઉદાહરણ તરીકે—
हंत! कारणेण होयव्वं। (ધર્મો પત્ર-૪૯)
હા! કારણ હોવું જોઇએ.

(૩૮૮. ૭) **હકાર , હા** :- ઉદાહરણ તરીકે—
૧) से अट्ठे समट्ठे? हंता अत्थि। (ત ૩૮)
તે અર્થ બરોબર છે? હા, છે.
૨) अत्थि णं भंते! केइ पुरिसे जाइ-अंधे? हंता अत्थि। (વિવાગ પત્ર-૩)
ભગવન્! કોઇ જન્માંધ પુરુષ છે? હા, છે.

---

૧ अभ्युपगमे सत्ये वा। (ઉવા પરિ-૧૧૫)

**(૩૮૮.૮) પશ્ચાત્તાપ** :- ઉદાહરણ તરીકે—

हंत! असोहणं अणुचिट्ठियं। (સમરા પત્ર-૫૦૫)

હા! ખરાબ કર્યું.

**(૩૮૮.૯) કોમલ આમંત્રણ**[1] :- ઉદાહરણ તરીકે—

हंता अत्थे समट्ठे[2]। (નાયાસં પત્ર-૩૫)

ભગવન્! આ વાત સાચી છે!

**(૩૮૯) हंहो :- સંબોધન** :- ઉદાહરણ તરીકે—

૧) हंहो पेच्छयलोया! (મહા પત્ર-૯૫ બ)
   અહો પ્રેક્ષક લોકો!

૨) हंहो मियंक! (લીલા ૫૩૬)
   રે! ચંદ્ર!

**(૩૯૦.) हंदि**[3]

**(૩૯૦.૧) વિષાદ** :- ઉદાહરણ તરીકે—

૧) हंदि पयत्तो महामोहो। (સમરા પત્ર- ૬૫૦)
   આહ! મહામોહ શરુ થયો.

૨) किं वा मह हंदि मणुयजम्मेण।
   અરેરે! મારા મનુષ્ય જન્મનો શું ઉપયોગ?

**(૩૯૦.૨) વિકલ્પ**:- ઉદાહરણ તરીકે—

जीवइ हंदि पिआ। (કુમાર ૪.૨)

પ્રિયા જીવંત છે (કે નહીં)?

**(૩૯૦.૩) પશ્ચાત્તાપ** :- ઉદાહરણ તરીકે—

हंदि किं पिआ मुक्का। (કુમાર ૪.૨)

પ્રિયાનો ત્યાગ કેમ કર્યો?

---

૧ हंत इति कोमलामन्त्रणे। અભયદેવસૂ. (નાયા (પોથી) પત્ર- ૭૧ અ)

૨ મલયગિરિ, રાય પત્ર- ૫૫

૩ हंदि विषादविकल्पपश्चात्तापनिश्चयसत्ये। હેમ ૨.૧૮૦

**(૩૯૦.૪) નિશ્ચય** :- ઉદાહરણ તરીકે—

૧) मह पुण विवेयजुत्तस्स हंदि न हु एरिसं जुत्तं। (સુર ૨.૧૯૫)
પણ વિવેકી એવા મને આ યોગ્ય નથી

૨) हंदि... निग्गंथाणं सुणेह मे आयारगोयरं। (દસ ૬.૪)
નિર્ગ્રંથોનો આચાર કેવો હોય છે તે હું કહું છું, સાંભળો.

**(૩૯૦.૫) સત્ય** :- ઉદાહરણ તરીકે—

जिणसाहुदंसणाइं हंदि वियारेंति दुरियाइं। (સમરા પત્ર-૬૬૨)

સાચે જ જિન અને સાધુનાં દર્શન આદિ પાપોનો નાશ કરે છે.

**(૩૯૦.૬) આનંદ** :- ઉદાહરણ તરીકે—

सुंदरमणुट्ठियं हंदि मज्झ धूयाए। (સુર ૪.૧૯૯)

વાહ મારી પુત્રીએ સરસ કર્યું.

**(૩૯૧) हंभो**[૧]

**(૩૯૧.૧) ક્રોધ** :- ઉદાહરણ તરીકે—

૧) हंभो अलियपलाविणि। (સુર ૧૧.૨૩૪)
અરે ખોટું બોલનારી સ્ત્રી!

૨) हंभो कामदेवा समणोवासया अपत्थियपत्थिया। (ઉવા[૨], પરિ-૯૭)
અરે અપ્રાર્થિતની પ્રાર્થના કરનારા શ્રમણોપાસક કામદેવ!

**(૩૯૧.૨) આશ્ચર્ય** :- हंभो कामदेवा समणोवासया धन्ने सि णं तुमे। (ઉવા પરિ-૧૧૩)

અરે શ્રમણોપાસક કામદેવ!, તું ખરેખર ધન્ય છે.

**(૩૯૧.૩) આમંત્રણ** :- ઉદાહરણ તરીકે—

૧) हंभो सोमिलमाहणा। (નિરયા, પત્ર-૪.૩)
અરે સોમિલ બ્રાહ્મણ!

---

૧ क्रोधे आश्चर्ये आमन्त्रणे अवक्षेपणे च।

૨ હોએર્ન્લે સંપાદિત 'उवासगदसाओ' જુઓ.

૨) हंभो कुंडकोलिया समणोवासया। (ઉવા પરિ-૧૬૬)

અરે શ્રમણોપાસક કુંડકોલિક!

**(૩૯૧.૪) અવક્ષેપણ** :- ઉદાહરણ તરીકે—

हंभो महासयया... किं णं तुब्भं... धम्मेण वा पुण्णेण वा सग्गेण वा मोक्खेण वा? (ઉવા પરિ-૨૪૬)

અરે મહાશતક! તને ધર્મ, પુણ્ય, સ્વર્ગ કે મોક્ષનો શું ઉપયોગ?

**(૩૯૨.) हद्धि, हद्धी**

**(૩૯૨.૧) ખેદ**:- ઉદાહરણ તરીકે—

૧) अहं हद्धी एगो दुहभायणं जाओ। (સુપાસ.૫૮૬)

હાય! હું એકલો જ દુ:ખનું ભાજન બન્યો.

૨) हद्धी वावाइया देवी। (સમરા પત્ર-૩૫૭)

હાય! રાણી મરી ગઇ.

**(૩૯૨.૨) નિર્વેદ**:- ઉદાહરણ તરીકે—

૧) कुमरीए वुत्तं हद्धि परिसंत म्हि। (નલ પત્ર-૪)

રાજકુમારીએ કહ્યું 'હાય! હું તો કંટાળી ગઇ.'

૨) हद्धी सव्वं चेव एयाए आयण्णियं। (સમરા પત્ર-૩૪૬)

હાય! હાય! આણે બધું જ સાંભળ્યું.

**(૩૯૨.૩) અનુતાપ**:- ઉદાહરણ તરીકે—

हद्धी मज्झ पमाओ फलिओ। (સુપાસ ૫૫૮)

હાય! મારો પ્રમાદ (હવે) ફળ્યો.

**(૩૯૩) हरे**[1]

**(૩૯૩.૧) ક્ષેપ**:- ઉદાહરણ તરીકે—

हरे णिल्लज्ज।

અરે! નિર્લજ્જ

---

૧ ्षेपे सम्भाषणरतिकलहयोश्च हरे इति प्रयोक्तव्यम्। હેમ. ૨.૨૦૨

**(૩૯૩.૨) રતિકલહ**:- हरे बहुवल्लह।

અરે! ઘણી (સ્ત્રીઓનો) વલ્લભ!

**(૩૯૩.૩) સંભાષણ**:- ઉદાહરણ તરીકે—

૧) हरे वावाएह एयं। (સમરા પત્ર-૪૬૦)

અરે! મારો આને.

૨) हरे गेण्हह दुट्ठवारणं। (સમરા પત્ર-૫૪૮)

અરે! પકડો દુષ્ટ હાથીને.

**(૩૯૪) हला, हले**:- બહેનપણીને સંબોધન ઉદાહરણ તરીકે—

૧) हला पियंकरिए। (સમરા પત્ર-૬૪)

અરે! પ્રિયકરી!

૨) हला सुंदरिए। (સમરા પત્ર-૨૬૧)

અરે! સુંદરી!

૩) हले सो देवो चउभुओ। (પઉમ પત્ર-૪૨)

અરે! તે દેવ ચતુર્ભુજ હતો.

૪) हले अत्थि महंता अडवी। (ચઉ પત્ર-૪૨)

અરે! (એક) મોટું અરણ્ય હતું.

**(૩૯૩.૧) हले हले**:- ઉદાહરણ તરીકે—

हले हले सिग्घं पयच्छसु मे मग्गं। (મહા પત્ર- ૩૩૨ અ)

અરે! અરે! મને જલ્દી માર્ગ આપ.

**(૩૯૫) हा[૧], हाहा**

**(૩૯૫.૧) વિષાદ**:- ઉદાહરણ તરીકે—

૧) तए हा हाहा हारिओ जम्मो। (સુપાસ ૪૯૫)

અરેરે! સંકટ આવી પડ્યું.

---

૧ हा इति विस्मयविषादशुग्जुगुप्सार्तिषु।

૨) हा हा हओ म्हि। (મહા પત્ર-૨૩૯બ)

હાય! મારો નાશ થઇ ગયો.

**(૩૯૫.૨) દુઃખ, ત્રાસ**: ઉદાહરણ તરીકે—

૧) हा अच्चाहियं पडियं। (નલ.પત્ર-૧૪)

અરેરે! સંકટ આવી પડ્યું.

૨) हा हा विवन्नो मे पिययमो। (સમરા.પત્ર- ૭૫૫)

અરેરે! મારો પ્રિયતમ મરી ગયો.

**(૩૯૫.૩) જુગુપ્સા**:- हा मा एवं इह परलोगविरुद्धं जंपसु। (ધર્મો પત્ર-૧૪૭)

છી! આવું ઇહલોક અને પરલોક વિરુદ્ધ બોલીશ નહીં.

**(૩૯૫.૪) આર્તિ**:- ઉદાહરણ તરીકે—

૧) हा हा अहं अहन्ना। (સુપાસ ૬૨૭)

હાય! હાય! હું અધન્ય છું.

૨) हा हा अहं अभग्गा। (સુપાસ ૬૩૧)

હાય! હાય! હું અભાગી છું.

**(૩૯૫. ૫) પશ્ચાત્તાપ**:- ઉદાહરણ તરીકે—

हा किं मए कयं पावं अण्णजम्मे। (કથા પત્ર-૧૭૫)

અરેરે! મેં ગયા જન્મમાં શું પાપ કર્યું હતું?

**(૩૯૬) हि**[1]

**(૩૯૬.૧) કારણ**:- ઉદાહરણ તરીકે—

साहेसु परपत्थणं मोत्तूण अन्नमुवायं; पत्थणा हि नाम नरस्स जणेइ मरणसमय-निव्विसेसत्तणं। (મહા પત્ર-૧૬૦ અ)

બીજાની પ્રાર્થના છોડીને અન્ય ઉપાય કહે. કારણ કે પ્રાર્થના એટલે માણસને મરણ સમય સમાન છે.

---

૧ हि पादपूरणे हेतौ विशेषेऽप्यवधारणे।

**(૩૯૬.૨) નક્કી, ખાત્રીથી:-** ઉદાહરણ તરીકે—

૧) एस मण्णे हि उत्तमे। (ઉત્ત ૨૩.૬૩)

નક્કી આ જ માર્ગ ઉત્તમ છે.

૨) अचिंतो हि मणिमंतोसहीण पभावो। (સમરા પત્ર-૪૧૩)

ખરેખર મણિ, મંત્ર અને ઔષધિઓનો પ્રભાવ અચિંત્ય છે.

**(૩૯૬.૩) દષ્ટાંત, ઉદાહરણ:-** ઉદાહરણ તરીકે—

न हि जीवंतयस्स भुयगाहिवस्स फणारयणं केणावि घेत्तुं पारिज्जइ।

(મહા પત્ર-૨૧૦ અ)

જેમ જીવતા શ્રેષ્ઠ સાપની ફણામાંથી રત્ન કાઢવું કોઇ માટે શક્ય નથી.

**(૩૯૬.૪) ફક્ત** આ અર્થમાં ભાર આપવા:- ઉદાહરણ તરીકે—

૧) पहुचित्ताणुवत्तणं हि सेवगस्स धम्मो। (મહા પત્ર-૮૨ બ)

સ્વામિનાં મન પ્રમાણે વર્તવું એ જ ફક્ત સેવકનો ધર્મ.

૨) परजीवरक्खणं हि महापुन्नं वुच्चइ। (મહા પત્ર-૨૪૫ અ)

બીજાનાં પ્રાણની રક્ષા જ ફક્ત મહાપુણ્ય કહેવાય છે.

**(૩૯૭) ही, हीही**

**(૩૯૭.૧) વિતર્ક:-** ઉદાહરણ તરીકે—

ही एसा का लहुया वहुया दीसेइ मज्झ पुत्तिसमा।

(સિરિ ૨૬૮)

આ વળી કોણ મારી પુત્રી જેવી નાની (વયની) વહુ દેખાય છે!

**(૩૯૭.૨) વિષાદ, ખેદ:-**

૧) ही संसारसहावो सव्वो खणदिट्ठनट्ठो। (સુપાસ ૬૪૦)

અરેરે! આખા સંસારનો સ્વભાવ ક્ષણમાં દેખાઇને નાશ થઇ જવાનો છે.

૨) ही ही विहविलसियं विसमं। (સિરિ ૨૯૭)

અરેરે! નસીબનો ખેલ વિષમ છે.

**(૩૯૮.) हु**[1]

**(૩૯૮.૧) દાન** :- ઉદાહરણ તરીકે—

हुं गिण्हसु कणयभायणयं। (કુમાર ૪.૧૦)

હં! સોનાનું પાત્ર લે.

**(૩૯૮.૨) પૃચ્છા** :- ઉદાહરણ તરીકે—

हुं तुह पिओ न आओ। (કુમાર ૪.૧૧)

હં! તારો પ્રિયતમ આવ્યો નહીં?

**(૩૯૮.૩) નિવારણ** :- ઉદાહરણ તરીકે—

૧) हुं पज्जत्तं धम्मवएण। (સુપાસ ૬૧૭)
 હં! ધર્મ માટે ખર્ચ બહુ થયો.

૨) हुं पज्जत्तं बहुणा पत्थुयविग्घावहेण विहलेण। (સુર ૧.૪૩)
 હં! પ્રસ્તુત વિઘાતક એવાં વિફળ વચન બહુ થયાં.

**(૩૯૮.૪) નિર્ધારણ**:- ઉદાહરણ તરીકે—

૧) हुं नायं। (સુપાસ ૪૮૯)
 હં! ખબર પડી.

૨) हुं तं पि हु न हु जुत्तं। (સુર ૨.૧૯૭)
 હં! તે પણ ખરેખર યોગ્ય નથી.

**(૩૯૮.૫) નિશ્ચય** : ઉદાહરણ તરીકે—

૧) हुं विन्नायं एयं। (સુપાસ ૫૩૬)
 હં! ખબર પડી.

૨) हुं जाणिओ परमत्थो। (જિન પત્ર-૨૩)
 હં! સાચી વાત ખબર પડી.

---

૧ हुं दान पृच्छानिवारणे। હેમ ૨.૧૯૭ ; हुं दान पृच्छानिर्धारणेषु। પ્રા.પ્ર. ૯.૨, हुं निश्चयवितर्कसम्भावनेषु। પ્રા.પ્ર. ૯.૬

**(૩૯૮.૬) વિતર્ક** :- ઉદાહરણ તરીકે—

हुं संकेयठाणं न सूइयं। (ધર્મો પત્ર-૪૮)

હં! સંકેતસ્થાન સૂચવ્યું નથી.

**(૩૯૮.૭) હા**:- ઉદાહરણ તરીકે—

राया भणेइ हुं हुं। (સિરિ ૧૫૩)

રાજા 'હં હં' (હા) બોલ્યો.

**(૩૯૯) हे :-સંબોધન** :- ઉદાહરણ તરીકે—

૧) हे खंद्या! (અંત ૭૬)

હે ખંજ!

૨) हे कुलवइ। (મહા પત્ર-૧૪૭ અ)

હે કુલપતિ!

**(૪૦૦) हो :- સંબોધન** :- ઉદાહરણ તરીકે—

राइणा भणियं - हो कीस न गेण्हसि। (ધર્મો પત્ર-૧૭૮)

રાજાએ કહ્યું 'અરે! લેતો કેમ નથી?'

**(૪૦૧.) અન્ય કેટલાંક અવ્યયોનો ઉપયોગ**

**(૪૦૧.૧)** કોઇ અવ્યયો ક્યારેક જોડીમાં વાપરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

इओ तओ (અહીં તહીં), अन्नया कयाइ (એકવાર ક્યારેક), परंतु, अहवा, किंतु, किं पुण વગેરે.

**(૪૦૧.૨)** સ્થળ-કાળ દર્શક અવ્યયોનો દ્વિરુક્તિ કરીને નીચે મુજબ થાય છે :-

**(૪૦૧.૨.૧) ભાર દર્શાવવા** :-

**(૪૦૧.૨.૧.૧)** जत्थ जत्थ - तत्थ तत्थ, जया जया- तया तया

**(૪૦૧.૨.૧.૨)** सणियं सणियं, पुणो पुणो, मंदं मंदं, कह कहवि, अभिक्खणं

**(૪૦૧.૨.૨)** કાળ ભિન્નતા અને સ્થળ ભિન્નતા દર્શાવવા :

**કાળ ભિન્નતા** :- **कयाइ** :- ઉદાહરણ તરીકે—

कयाइं जलकीलं कुणंति। कयाइ दोलंदोलेण सुहं अणुहवंति।

(નલ પત્ર-૭)

ક્યારેક જળક્રીડા કરતા હતા, ક્યારેક હિંચકા પર બેસીને હિંચવાનું સુખ અનુભવતા હતા.

**સ્થળ ભિન્નતા** :- **कत्थइ** :- ઉદાહરણ તરીકે—

कत्थइ सीहवियारियरुहिरच्छडारुणं भीमं।

कत्थइ सीह भयद्दुयहरिणपलायंतसंघायं।(वणं)

(પઉમ ૩૩.૬,૮)

ક્યાંક સિંહે ફાડેલા શ્રેષ્ઠ હાથીનાં લોહીના ફુવારાથી લાલ અને ભયંકર દેખાતું, (તો) ક્યાંક સિંહના ભયથી જ્યાં હરણના ઝુંડ ભાગી ગયા છે તેવું (વન).

**(૪૦૧.૨.૩)** એક બાજુ – બીજી બાજુ આ અર્થમાં બે અવ્યયોનો ઉપયોગ :- ઉદાહરણ તરીકે—

૧) एगत्त मज्जाया पल्हत्थिज्जइ कुलक्कमपरूढा, अन्नत्तो मरइ पिया।

(મહા૩.૩૫)

એક બાજુ કુળક્રમથી આવેલી મર્યાદા છોડવી પડે છે, બીજી બાજુ પ્રિયા મરે છે.

૨) एगत्तो गुरुवयणभंगो अन्नत्तो य वयभंगो। (સમરા પત્ર-૨૪૭)

એક બાજુ ગુરુવચનનો ભંગ, બીજી બાજુ વ્રતનો ભંગ.

• • •

## પ્રકરણ ૨૩

# વચનોનો ઉપયોગ

### (૪૦૨) વચનોનો ઉપયોગ

અર્ધમાગધીમાં એકવચન અને અનેકવચન એવાં બે વચનો છે. દ્વિવચન[૧] ન હોવાથી દ્વિવચનનું કાર્ય અનેક વચનથી[૨] જ થાય છે[૩].એકવચન અને અનેક-વચનનો ઉપયોગ આગળ પ્રમાણે થાય છે[૪].

### (૪૦૩.) એકવચનનો ઉપયોગ

**(૪૦૩.૧)** એક વસ્તુ, એક વ્યક્તિ વગેરે બતાવવા માટે એકવચનનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) धम्मेण कुलपसूई, धम्मेण य दिव्वरूवसंपत्ती।
धम्मेण धणसमिद्धी, धम्मेण सुवित्थडा कित्ती॥(સમરા પત્ર-૪)

ધર્મથી સારા કુળમાં જન્મ, દિવ્યરૂપનો લાભ, ધનસમૃદ્ધિ અને મોટી કીર્તિ પ્રાપ્ત થાય છે.

૨) वरजुवइविलसिएणं, गंधव्वेण च एत्थ लोयंमि।
जस्स न हीरइ हिययं, सो पसुओ अहव पुण देवो॥ (નાણ ૧૦.૨૯૪)

સુંદર સ્ત્રીઓના વિલાસથી અને ગાયનથી જેનું હૃદય આકૃષ્ટ નથી થતું તે પશુ અથવા દેવ હોય છે.

**(૪૦૩.૨)** જે વસ્તુ એક જ છે તે પ્રાયઃ એકવચનમાં જ રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

---

૧ दो, दुवे, दोन्नि (दोण्णि), (બે) આ દ્વિવચનોનાં રૂપો અર્ધમાગધીમાં મળે છે.

૨ द्विवचनस्य बहुवचनम्। (હેમ ૩.૧૩૦) ઉદાહરણ— कण्णेसु असुभो मलो। (બંભ પત્ર-૩૭)

૩ બે, આ વિશેષ અર્થ બતાવવા માટે અનેકવચનની પાછળ दो, दुवे, दोन्निનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ— आगया दुवे तावसकुमारया। (સમરા પત્ર-૧૩)

૪ प्राकृते हि वचनव्यत्ययोऽपि भवति। આ.મલયગિરિસૂ. (રાય પત્ર-૧૭૧)

१) बहुरयणा वसुंधरा। (જિન પત્ર-૧૬)
બહુરત્ના વસુંધરા.

२) चंदो धवलेइ महिं। (જિન પત્ર-૧૮)
ચંદ્ર પૃથ્વીને પ્રકાશિત કરે છે.

3) सूरस्स पुरो खज्जोयगाण का होइ देहपहा? (મહા પત્ર-૧૩૫ બ)
સૂર્ય સામે આગિયાનાં શરીરની શું પ્રભા?

**(૪૦૩.૩)** એક સરખી વસ્તુ બતાવવા માટે એકવચનનો ઉપયોગ થાય છે.
ઉદાહરણ તરીકે—

१) पउरजणं संमाणेऊण। (સમરા પત્ર-૧૨)
નગરજનોનું સન્માન કરીને.

२) अत्थरहिओ खु पुरिसो अपुरिसो चेव। (સમરા પત્ર-૨૦૧)
અર્થ રહિત પુરુષ એ પુરુષ નથી.

**(૪૦૩.૪)** અનેકનો સમૂહ બતાવવા માટે એકવચનનો ઉપયોગ થાય છે.
ઉદાહરણ તરીકે—

१) जणो पहट्ठमणो भणिउमाढत्तो। (મહા પત્ર-૧૫ બ)
જેનું મન આનંદિત થયું છે તેવા (તે લોકો બોલવા લાગ્યા).

२) तरुणीजणो ताण समीवं गओ। (બંભ પત્ર-૨૮)
તરુણીઓ તેઓની પાસે ગઇ.

**(૪૦૩.૫)** વસ્તુઓનો વર્ગ, જાતિ બતાવવા માટે એકવચનનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

१) मउहो वि मइंदो करिवराण कुंभत्थलं दलइ। (જિન પત્ર-૬૧)
સિંહનું સંતાન (નાનો સિંહ) પણ ગજશ્રેષ્ઠનું ગંડસ્થળ ફોડે છે.

२) सप्पे वि दिण्णखीरं तं चेव विसत्तणमुवेइ। (જિન પત્ર-૬૯)
સાપને જો દૂધ પિવડાવો તો પણ તેનું વિષ જ થાય છે.

**(૪૦૩.૬)** અનેક વસ્તુ અથવા વ્યક્તિ બતાવવા માટે ક્યારેક એકવચનનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) सव्वं चिय संसारियं वत्थुं विवागदारुणं। (સમરા પત્ર-૧૭૬)
સંસારમાં બધી જ વસ્તુ પરિણામે દારુણ છે.

૨) पाएण लोओ भिन्नरुई। (સમરા પત્ર-૭૧૫)
પ્રાયઃ લોક ભિન્ન રુચિવાળા હોય છે.

**(૪૦૩.૭)** એકવચનનો એક વૈશિષ્ટ્યપૂર્ણ ઉપયોગ આવો જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—दसद्धवण्णे कुसुमे। (भग; પત્ર-૩)

પાંચરંગી ફૂલો.

**(૪૦૪) બહુવચનનો ઉપયોગ**

**(૪૦૪.૧)** દ્વિવચનના બદલે બહુવચનનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૪૦૪.૧.૧)** ઉદાહરણ તરીકે—

૧) कण्णेसु कुंडलाइं भुयासु माणिक्ककडयाइं। (પઉમ ૩.૯૮)
કાનમાં કુંડળ, બાહુ પર કડી.

૨) थरहरंति मे ऊरू। (સમરા પત્ર-૩૧૯)
મારી જંઘા ધ્રુજે છે.

**(૪૦૪.૧.૨)** 'બે'નો ઉપયોગ થયો હોય ત્યારે.

ઉદાહરણ તરીકે—

૧) सरियाण दोण्ह मज्झे देवउलं अत्थि रमणीयं। (અગડ ૨૨૮)
બે નદીઓ વચ્ચે એક રમણીય દેવળ હતું.

૨) ओट्ठे वि छिंदंति दुवे वि कण्णे। (સૂય ૧.૫.૧.૨૨)
બન્ને હોઠ અને કાન ધ્રુજે છે.

**(૪૦૪.૨)** અનેક વસ્તુ, વ્યક્તિ વગેરે બતાવવા માટે બહુવચનનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) सुगेज्झाणि सज्जणहिययाणि। (સમરા પત્ર-૫૪૦)

સજ્જનોનું હૃદય જીતવું સહેલું હોય છે.

૨) कम्माणि बलवंति (ઉત્ત ૨૫.૩૦)

કર્મ બળવાન હોય છે.

૩) विचित्ताणि खु विहिणो विलसियाणि। (સમરા પત્ર-૨૦૩)

કિસ્મતનો ખેલ વિચિત્ર હોય છે.

**(૪૦૪.૩)** વસ્તુનો વર્ગ, જાતિ બતાવવા માટે અનેકવચનનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) आवयाए वज्जकढिणहियया चेव महापुरिसा हवंति। (સમરા પત્ર-૨૦૮)

મોટા લોકો સંકટમાં વજ્ર જેમ કઠિન હૃદયના હોય છે.

૨) खमापहाणा य हुंति सप्पुरिसा। (સુપાસ ૫૧૫)

સત્પુરુષો ક્ષમાપ્રધાન હોય છે.

**(૪૦૪.૪)** આગળની સ્થિતિમાં બહુવચનનો ઉપયોગ કરેલો જોવા મળે છે.

**(૪૦૪.૪.૧) નિસર્ગવસ્તુ**[૧]

ઉદાહરણ તરીકે—

૧) थोवंतरेण पणट्ठा वाया। (ચઉ પત્ર-૨૯)

થોડા સમય પછી વાયુ બંધ થયો.

૨) सोयाभणीओ विव विहायंति रयणावलीओ। (સમરા પત્ર-૨૧૨)

વિજળીની જેમ રત્નાવલી ચમકી.

---

૧ ક્યારેક એકવચનનો ઉપયોગ જોવા મળે છે.

૧) अह वाइउं पवत्तो वाओ। (પઉમ ૪.૧૩) ૨) वायइ अइसीयलो वाओ। (સુર ૭.૧૮૬)

**(૪૦૪.૪.૨) અમૂર્ત પદાર્થ[૧]**

ઉદાહરણ તરીકે—

૧) उत्तमाइं सोक्खाइं। (નાણ ૨.૮૯)

ઉત્તમ સૌખ્ય.

૨) हियइच्छियाइं लोयम्मि पुण्णेहिं विणा ण हु संपडंति सइ सज्जणाणं पि।

(લીલા ૨૨૩)

જગતમાં સજ્જનોની બાબતમાં પણ મનોવાંછિત દરેક વખતે પુણ્ય વગર પ્રાપ્ત થતું નથી.

**(૪૦૪.૪.૩) અમેય[૨] પદાર્થ**

ઉદાહરણ તરીકે—

૧) पाइओ मि जलंतीओ वसाओ रुहिराणि य। (ઉત્ત ૧૯.૭૦)

અતિ ઉષ્ણ અંગાર અને રક્ત મને પિવડાવ્યું.

૨) वहंताण तणाइँ वि हत्थावलंबत्तणमुवेंति। (લીલા ૧૯૩)

ડૂબનારને તણખલાનો આધાર.

૩) देह मे कट्ठाणि। (સમરા પત્ર-૪૮૦)

મને લાકડાં આપો

૪) ऊरुमंसाणि छेत्तूण। (ધર્મો પત્ર-૧૯૮)

જંઘાનું માંસ કાપીને.

**(૪૦૪.૪.૩.૧)** આ સમયે બહુવચનથી ક્યારેક પ્રકાર નિર્દિષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે—

तिहिं उदएहिं मज्जावेइ। (વિવાગ પત્ર-૫૪)

---

૧ ક્યારેક એકવચનનો ઉપયોગ જોવા મળે છે. ૧) लद्धा कह वि तीए चेयणा। (સમરા પત્ર-૩૦૮) ૨) इयं उज्जाणरिद्धी। (સમરા પત્ર-૩૧૧) ૩) अवगया मोहवासणा। (સમરા પત્ર-૭૧૮)

૨ ક્યારેક એકવચનનો ઉપયોગ જોવા મળે છે. ૧) पज्जालिया वसाए पईवया। (ધર્મો પત્ર-૧૮૦) ૨) पक्खित्तं बलीए सह रुहिरं। (ધર્મો પત્ર-૧૮૦) ૩) मंसे मज्जे य इत्थिसु पसत्ता। (કથા પત્ર-૨૦)

ત્રણ પ્રકારનાં પાણીથી સ્નાન કરાવે છે.

**(૪૦૪.૪.૪) દેશનામ**[1]

ઉદાહરણ તરીકે—

करकंडू कलिंगेसुं पंचालेसु य दुम्मुहो।
नमी राया विदेहेसु गंधारेसु य नग्गई।। (ઉત્ત ૧૮.૪૬)
કલિંગમાં કરકંડુ, પાંચાલમાં દુર્મુખ,
વિદેહમાં નમિ રાજા અને ગાંધારમાં ન્યગ્ગતિ.

**(૪૦૪.૪.૫) ઋતુનામ**[2]

ઉદાહરણ તરીકે—

आयवयंति गिम्हेसु हेमंतेसु अवाउडा।
वासासु पडिसंलीणा।। (દસ ૩.૧૨)
ગ્રીષ્મમાં પોતાને તપાવે છે, હેમંતમાં વસ્ત્રરહિત (રહે છે),
વર્ષાઋતુમાં આશ્રય લેવાવાળા.

**(૪૦૪.૪.૬) નક્ષત્રનામ**[3]

ઉદાહરણ તરીકે—

૧) अह निक्खमई उ चित्ताहिं। (ઉત્ત ૨૨.૨૩)
પછી ચિત્રા (નક્ષત્ર) હતું (ત્યારે) સંન્યાસ લીધો

૨) चेत्तबहुलट्ठमीए उत्तरसाढासु अद्धरत्तम्मि .. जाओ सो। (મહા ૨.૭)

---

૧ ક્યારેક એકવચનનો ઉપયોગ થયેલો જોવા મળે છે. तेणं कालेणं तेणं समए णं पंचाले जणवए कंपिल्लपुरे नयरे। (નાયા પત્ર-૧૦૮) पुंडो नाम जणवओ। (સમરા પત્ર-૨૨૫) દેશના નામ પછી દેશ, વિષય વગેરે શબ્દ આવે તો એકવચનનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ— ૧) अत्थि इह भरहखित्ते कोसल-देसम्मि कोसला नयरी। (નલ પત્ર- ૧) ૨) अत्थि अवंतीविसए उज्जेणी पुरवरी रम्मा। (सुपास. ૫૨૯)

૨ ક્યારેક એકવચનનો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ—
रेहइ ताराणुगओ सरए संपुन्न चंदो व्व। (ધર્મો પત્ર-૨૭) ससि व्व सरयम्मि। (ધર્મો પત્ર-૨૭)

૩ આગળ નક્ષત્ર શબ્દ હોય તો એકવચનનો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ—
फग्गुणबहलेक्कारसीए उत्तरासाढानक्खत्ते ... भगवओ केवलनाणं समुप्पण्णं। (મહા પત્ર-૯ અ)

ચૈત્ર કૃષ્ણાષ્ટમીની મધ્યરાત્રિમાં ઉત્તરાષાઢા નક્ષત્રના સમયે તેનો જન્મ થયો.

**(૪૦૪.૪.૭)** મૂળ અનેક વસ્તુ બતાવવા માટે અનેકવચનનો ઉપયોગ થાય છે.

૧) पिंगला सीसकेसा। (કથા પત્ર-૪૭)
માથાના પિંગળ વાળ

૨) छज्जंति तीए अलया। (ધર્મો પત્ર-૧૩)
તેના વાળ શોભે છે.

**(૪૦૪.૪.૮)** સામાન્ય વિધાનમાં પણ અનેકવચનનો ઉપયોગ[૧] થયેલો જોવા મળે છે.

૧) बीयाण अग्गिदड्ढाण पुणरवि अंकुरुप्पत्ती न भवइ।
(ઓવ સૂ ૧૫૫, પત્ર-૯૩)
બળેલા બીજમાંથી ફરીથી અંકુર ઉત્પત્તિ થતી નથી.

૨) सव्वे अथिरा संसारे पयत्था। (ચઉ પત્ર-૨૨)
સંસારમાં સર્વ પદાર્થ અસ્થિર છે.

**(૪૦૪.૫)** પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરુષમાં આદરાર્થે અનેકવચનનો ઉપયોગ થાય છે.

**(૪૦૪.૫.૧) પ્રથમ પુરુષ :** ઉદાહરણ તરીકે—

एएण कारणेण एएहि न वंदिया अम्हे। (કુમ્મા ૧૮૪)

તે કારણથી તેઓએ અમને (મને) વંદન કર્યાં નહીં

**(૪૦૪.૫.૨) દ્વિતીય પુરુષ :** ઉદાહરણ તરીકે—

૧) एवं ताय! वियाणह। (ઉત્ત ૧૪.૨૩)
પિતાજી તમે આમ જાણો.

૨) तुम्हाणं चेव पयपसाएणं। (અગડ ૧૦૮)
તમારાં (તારાં) ચરણોની કૃપાથી.

---

૧ ઘાટગે, પત્ર-૧૮૪

**(૪૦૪.૫.૩) તૃતીય પુરુષ :** ઉદાહરણ તરીકે—

૧) अन्नदियहम्मि सबहुमाणं वाहराविया आयरिया। (ધર્મો પત્ર-૪૩)
બીજા દિવસે બહુમાન પૂર્વક આચાર્યને બોલાવ્યા.

૨) आदिसंतु गुरुणो। (ધર્મો પત્ર-૧૭૧)
ગુરુ આદેશ આપે.

**(૪૦૪.૬)** વિશેષ નામોના બહુવચનથી વંશ-ગોત્રનો નિર્દેશ થાય છે.

तिहुयणभुवणस्सुवरिं इक्खागूणं न होइ कह वंसो। (મહા ૨.૧૩૦)
ઈક્ષ્વાકુનો વંશ ત્રિભુવનમાં કેવી રીતે ઉપર નહીં રહે?

**(૪૦૪.૭)** સંસ્કૃતમાં જે શબ્દ[1] નિત્ય અનેકવચનમાં વાપરવામાં આવે છે તે અર્ધમાગધીમાં પણ પ્રાયઃ અનેકવચનમાં મળે છે.[2] ઉદાહરણ તરીકે—

૧) किं धरिएहिं इण्हिं इमेहिं पाणेहिं। (સુર ૧૪.૩)
હવે પ્રાણ ધારણ કરીને શું લાભ?

૨) कुमार-उत्तमंगे अक्खए पक्खिवइ। (બંભ પત્ર-૪૫)
કુમારનાં મસ્તક પર ચોખા ફેંક્યા.

**(૪૦૪.૮)** અનેકવચનનાં આગળના વૈશિષ્ટ્યપૂર્ણ ઉપયોગમાં એકવચનના બદલે અનેકવચનનો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

भणइ सुमित्तो निसासु वणमालं। (પઉમ ૧૨.૧૯)
રાત્રે સુમિત્રે વનમાલાને કહ્યું.

• • •

---

૧ ઉદાહરણ— दाराः, सिकताः, अक्षताः, आपः, प्राणाः, वर्षाः વગેરે

૨ ક્યારેક એકવચનનો ઉપયોગ-आउ। (સૂય ૧.૧.૧.૧૮) पाणी

## પ્રકરણ ૨૪

# વિભક્તિનો ઉપયોગ

### (૪૦૫) વિભક્તિનો ઉપયોગ

સંસ્કૃતની આઠ[1] વિભક્તિઓમાંથી[2] ચતુર્થી સિવાય અન્ય વિભક્તિ અર્ધમાગધીમાં છે જ. તેનો ઉપયોગ પ્રાયઃ સંસ્કૃતની જેમ જ થાય છે. તે આ પ્રમાણે છે.

### (૪૦૬.) પ્રથમા વિભક્તિનો ઉપયોગ[3]

**(૪૦૬.૧)** કર્તરિ પ્રયોગમાં કર્તૃપદ પ્રથમામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) को चित्तेइ मउरं गइं च को कुणइ रायहंसाणं। (અગડ ૭૫)
મોરને કોણ ચિત્રે છે અને રાજહંસને ગતિ કોણ આપે છે?

૨) रक्खिंसु नराहिवा। (મહા પત્ર-૪૭ બ)
રાજાઓએ રક્ષણ કર્યું.

૩) करिही रज्जं मह नंदणो। (સંપઇ ૧.૬૭)
મારો પુત્ર રાજ્ય કરશે.

૪) जाणंतु ता इमे समणा। (દસ ૫.૨.૩૪)
તે શ્રમણો (એવું) સમજે.

૫) तया तुमं साहं गेण्हेज्जासि। (ચઉ પત્ર-૧૭)
ત્યારે તારે ડાળી પકડવી જોઇએ.

---

૧ कर्ता कर्म च करणं सम्प्रदान तथैव च।
अपादानाधिकरणमित्याहुः कारकाणि षट्।।
આ છ કારક સંબંધ છે. અર્ધમાગધીમાં આમાંથી ચતુર્થીનું કામ ષષ્ઠીથી કરવામાં આવે છે.

૨ અર્ધમાગધીમાં ચતુર્થી એકવચનનાં જે રૂપો મળે છે. તેનો જ ક્યારેક ક્યારેક ઉપયોગ કરેલો જોવા મળે છે પરંતુ ચતુર્થી વિભક્તિનું કામ ષષ્ઠી વિભક્તિ દ્વારા કરવામાં આવ્યું છે.

૩ પ્રથમા વિભક્તિથી લિંગનો બોધ થાય છે.ઉદાહરણ— धम्मो, सुहं, जीवदया વગેરે.

**(૪૦૬.૧.૧)** કર્તૃપદ સાથે 'નામ'થી જોડાયેલો શબ્દ પ્રથમામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) बारवई नामं नयरी होत्था। (અંત ૫)

દ્વારામતી નામની નગરી હતી.

૨) मियग्गामे नामं नयरे होत्था। (વિવાગ પત્ર-૨)

મૃગગ્રામ નામનું નગર હતું.

**(૪૦૬.૧.૨)** કર્તા સાથે (કર્તૃપદ ઉક્ત અથવા અનુક્ત હોય ત્યારે) એક વિભક્તિમાં રહેનાર શબ્દ પ્રથમામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

**(કર્તૃપદ ઉક્ત)** तुह पिया अहं निसहो। (નલ પત્ર-૨૭)

હું તારો પિતા નિષધ.

**(કર્તૃપદ અનુક્ત)** एगागी गच्छइ गिहाओ। (સુપાસ ૬૪૧)

(તે) એકલો ઘરથી ગયો.

**(૪૦૬.૧.૩)** હોવું, રહેવું, વધવું, દેખાવું વગેરે અકર્મક ક્રિયાપદોના કર્તાનાં પૂરક નામ અને વિશેષણ પ્રથમામાં હોય છે.

**(નામ)** ઉદાહરણ તરીકે—

૧) अणाहो मि महाराय! नाहो मज्झ न विज्जई। (ઉત્ત ૨૦૯)

મહારાજ! હું અનાથ છું મારો નાથ નથી.

૨) तए णं से उदायणे कुमारे राया जाए। (વિવાગ પત્ર- ૩૪)

પછી તે ઉદાયન કુમાર રાજા થયો.

**(વિશેષણો)** ઉદાહરણ તરીકે—

૧) जाओ निरामओ हं। (સુપાસ ૫૭૫)

હું નિરોગી થયો.

૨) तुमं महप्पभावो लक्खिज्जसि (વસુ પત્ર- ૩૪૮)

તું મહાપ્રભાવી લાગે છે.

૩) तुज्झ विरहे नरनारीसंकुलं इमं नयरं अडविसमाणं....पडिहाइ। (પાઇ પત્ર-૪)

તારા વિરહમાં, સ્ત્રીપુરુષથી ભરેલું આ નગર અરણ્ય જેવું લાગે છે.

**(૪૦૬.૨)** કર્મણિ પ્રયોગમાં ઉક્ત કર્મ પ્રથમા વિભક્તિમાં હોય છે.

**(૪૦૬.૨.૧.૧) ક્રિયાપદોનો ઉપયોગ હોય ત્યારે**

ઉદાહરણ તરીકે—

૧) सुव्वंति दारुणा सद्दा। (ઉત્ત ૯.૭)

દારુણ શબ્દ સંભળાય છે.

૨) दिज्जंति तंबोलाइं। (પઉ પત્ર-૨૬)

તાંબૂલ અપાય છે.

**(૪૦૬.૨.૧.૨)** કર્મણિ ભૂતકાલીન ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થયો હોય ત્યારે. ઉદાહરણ તરીકે—

૧) दिट्ठो सो तेहि एगागी। (અગડ ૩૦૬)

તેઓએ તેને એકલો જોયો.

૨) सा डक्का उरगेण। (અગડ ૨૬૬)

તેને સાપ કરડ્યો.

**(૪૦૬.૨.૧.૩)** વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થયો હોય ત્યારે.

ઉદાહરણ તરીકે—

૧) न हिंसियव्वा पाणिणो न भासियव्वं अलियं। (જિન પત્ર-૬૯)

પ્રાણિઓની હિંસા કરવી નહીં, ખોટું બોલવું નહીં.

૨) धारियव्वाणि पंचमहव्वयाणि। (જિન પત્ર-૭૧)

પાંચ મહાવ્રતોનું પાલન કરવું જોઇએ.

**(૪૦૬.૨.૨)** દ્વિકર્મક ધાતુઓનું કર્મણિ પ્રયોગમાં વ્યક્તિવાચક કર્મ પ્રથમામાં આવે છે.

१) कुमरेण मुणी इमं पुट्ठो। (સુર ૧૫.૧૧૨)
કુમારે મુનિને આ પૂછ્યું.

२) गुरुणा सो इमं भणिओ। (ધર્મો પત્ર-૧૦૭)
ગુરુએ તેને આમ કહ્યું.

**(૪૦૬.૨.૩)** કહેવું, કરવું, સમજવું વગેરે સકર્મક ક્રિયાપદોના કર્મનાં પૂરક નામ અથવા વિશેષણ કર્મણિ પ્રયોગમાં પ્રથમામાં હોય છે. ઉદાહરણ તરીકે—

**(નામ)**

१) संसारो अण्णवो वुत्तो। (ઉત્ત ૨૩.૭૩)
સંસારને સાગર કહ્યો છે.

२) तं मित्तं कायव्वं। (વજ્જા ૬૮)
તેને મિત્ર બનાવો.

**(વિશેષણ)**

१) से हु चाइ त्ति वुच्चइ। (દસ ૨.૩)
તેને ત્યાગી કહેવાય છે.

२) बहवे इमे असाहू लोए वुच्चंति साहुणो। (દસ. ૭.૪૮)
જગતમાં આ ઘણા અસાધુ સાધુ કહેવાય છે.

**(૪૦૬.૩)** કર્મ પછી 'इति' શબ્દનો ઉપયોગ પ્રાયઃ પ્રથમામાં હોય છે. ઉદાહરણ તરીકે—

१) सरीरमाहु नाव त्ति। (ઉત્ત. ૨.૩.૭૩)
શરીરને નાવ કહેવાય છે.

२) कडं कडे त्ति भासेज्जा अकडं नो कडे त्ति या। (ઉત્ત ૧.૧૧)
કર્યું હોય તો કર્યું કહો, ન કર્યું હોય તો નથી કર્યું એવું કહો.

**(૪૦૬.૪)** વસ્તુની યાદી આપતી વખત પ્રાયઃ પ્રથમાનો ઉપયોગ થાય છે.
ઉદાહરણ તરીકે—

सासे कासे जरे दाहे। (વિવાગ પત્ર-૭)
દમા, ઉધરસ, તાવ, દાહ (વગેરે રોગ)

**(૪૦૬.૫)** अहो, धी, धिद्धी, धिरत्थु અને हद्धी અવ્યયોનો ઉપયોગ થયો હોય તો ક્યારેક ક્યારેક પ્રથમાનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

**(૪૦૬.૫.૧) अहो :** ઉદાહરણ તરીકે—

૧) अहो दारुणो संसारवासो। (સમરા પત્ર-૪૧)

સંસારવાસ દારુણ છે.

૨) अहो असारया संसारस्स। (સમરા પત્ર-૭૨૫)

સંસારની અસારતા.

**(૪૦૬.૫.૨) धी :** ઉદાહરણ તરીકે—

૧) धी संसारो असारो। (મહા પત્ર-૬૮ બ)

ધિક્ સંસાર અસાર (છે)

૨) धी संसारो। (સમરા પત્ર- ૭૫૮)

સંસારનો ધિક્કાર થાઓ.

**(૪૦૬.૫.૩) धिद्धी :** ઉદાહરણ તરીકે—

धिद्धी धणलवमित्तात्थिणो इमे सव्वे। (સિરિ ૧૦૪)

માત્ર થોડા ધનની ઇચ્છા રાખનાર બધાનો ધિક્કાર!

**(૪૦૬.૫.૪) धिरत्थु :** ઉદાહરણ તરીકે—

धिरत्थु एयस्स देवसद्दो। (સમરા પત્ર-૩૨૫)

તેની રાજા દેવ તે પદવીનો ધિક્કાર થાઓ.

**(૪૦૬.૫.૫) हद्धी :** ઉદાહરણ તરીકે—

हद्धी धिरत्थु पावो। (જિન પત્ર-૨૦)

(આ) પાપીનો ધિક્કાર થાઓ.

**(૪૦૬.૬)** ક્યારેક દ્વિતીયાના બદલે પ્રથમાનો ઉપયોગ કરેલો જોવા મળે છે[૧].

---

૧ ડો. ઘાટગેના મતે (પત્ર-૧૮૬) આવાં સ્થાને પ્રથમાના બદલે દ્વિતીયા એકવચનનાં રૂપોમાંથી અંત્ય અનુસ્વાર લોપ થઇને તે સ્વર દીર્ઘ થયેલો જોવા મળે છે. આ.હેમચંદ્રસૂ.એ (૩.૧૩૭) કહ્યું છે કે, 'प्रथमाया द्वितीया दृश्यते'। આનો વ્યત્યય કરીને દ્વિતીયાના બદલે પ્રથમાનો ઉપયોગ થાય છે, એવું કહીએ તો ચાલે.

ઉદાહરણ તરીકે—

૧) चइऊण रायवरलच्छी। (પઉમ ૪.૮૯)
સુંદર રાજલક્ષ્મી છોડીને.

૨) काले णं कुमारे अहं जीवमाणं पासिज्जा। (નિરયા પત્ર-૫)
કાલ કુમારને હું જીવતો જોઇશ?

૩) देवउले वोलिऊण सा रयणी। (અગડ ૨૮૬)
મંદિરમાં તે રાત વિતાવીને.

**(૪૦૬.૭)** આગળ કહ્યા પ્રમાણે ષષ્ઠીના બદલે પ્રથમાનો ઉપયોગ[1] થયેલો જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

समाइ पेहाइ परिव्वयंतो सिया मणो निस्सरई बहिद्धा। (દસ ૩.૪)

સમદૃષ્ટિથી વિહરતા (ભિક્ષુ) નું મન પણ ક્યારેક બહાર જઇ શકે છે.

## (૪૦૭) દ્વિતીયા વિભક્તિનો ઉપયોગ

**(૪૦૭.૧)** કર્તરિ પ્રયોગમાં સકર્મક[2] ક્રિયાપદનું ઉક્ત કર્મ દ્વિતીયામાં હોય છે.

૧) निव्वाणं पाउणंति ते। (સૂય ૧.૧૧.૨૧)
તેઓ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

૨) सुहय! अहं नियदइयं वावाइस्सामि तुज्झ पच्चक्खं। (અગડ ૩૧૫)
ભલા માણસ! તારા દેખતા હું મારી પત્નીને મારીશ.

૩) दंसेहि तं पएसं। (બંભ પત્ર-૫૫)
તે પ્રદેશ બતાવ.

---

૧ અભ્યંકર (દસ ટીપ પત્ર-૮)

૨ અ) અર્ધમાગધીમાં કેટલાક અકર્મક ક્રિયાપદો દ્વિતીયાંત કર્મ લેતાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) पुहइं भमंताण। (સુપાસ ૬૪૭) ૨) विहरइ वसुहं संवच्छरं धरिते। (પઉમ ૩.૧૩૯)

આ) સંસ્કૃતમાં કેટલાંક અકર્મક ક્રિયાપદ સકર્મક પ્રમાણે વપરાયેલાં જોવાં મળે છે. ઉદાહરણ તરીકે—
रोएमि निग्गंथं पावयणं। (ઉવા પરિ-૧૨) મને નિર્ગ્રંથ પ્રવચન ગમે છે.

૪) गिरं च दुट्ठं परिवज्जए सया। (દસ. ૭.૫૫)

હંમેશા દુષ્ટ વાણી ટાળવી.

**(૪૦૭.૧.૧)** સકર્મક ક્રિયાપદોનું વર્તમાનકાલીન ધાતુસાધિત વિશેષણ, ધાતુસાધિત નામ, લ્યબંત અને તુમંતનાં કર્મની પણ દ્વિતીયા વિભક્તિ થાય છે.

**(ધાતુસાધિત નામ)** ઉદાહરણ તરીકે—

धम्मं आराहगा वयं। (સૂય ૧.૧.૨.૨૦)

અમે ધર્મના આરાધકો છીએ.

**(વર્તમાનકાલીન ધાતુસાધિત વિશેષણ)** ઉદાહરણ તરીકે—

૧) पुव्वदुक्कडाइं गरहंतेण। (નલ પત્ર-૧૯)

પૂર્વ દુષ્કૃત્યોની નિંદા કરનારે.

૨) जुत्ताजुत्तं अयाणमाणेहि। (મહા પત્ર-૫૮ અ)

યુક્તાયુક્ત ન સમજનારથી.

**(લ્યબંત)** ઉદાહરણ તરીકે—

૧) पुत्तं ठवेत्तु रज्जे। (ઉત્ત ૯.૨)

પુત્રને રાજ્ય પર રાખીને.

૨) धम्मं सोऊणा। (ઉત્ત ૧૩.૨)

ધર્મ સાંભળીને.

**(તુમંત)** ઉદાહરણ તરીકે—

૧) जुत्तं अणसणं काउं। (બંભ પત્ર-૩૪)

ઉપવાસ કરવો યોગ્ય છે.

૨) तुब्भे समत्था उद्धत्तुं परमप्पाणमेव या। (ઉત્ત ૨૫.૩૯)

બીજાનો અને પોતાનો ઉદ્ધાર કરવા તમે સમર્થ છો.

**(૪૦૭.૧.૨)** દ્વિકર્મક ધાતુનાં બન્ને કર્મ દ્વિતીયામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) जिणेमि रज्जं नलं। (નલ પત્ર-૯)

નળ (અને) રાજ્ય જીતીશ.

२) तओ नमी रायरिसी देविंदमिणमब्बवी। (ઉત્ત ૯.૮)

અને પછી નમિરાજર્ષિએ દેવેંદ્રને આમ કહ્યું.

૩) अन्नं पि देवं जाएमि। (સમરા પત્ર-૬૩૯)

રાજા પાસેથી હું હજી કંઇક માંગીશ.

**(૪૦૭.૧.૩)** દ્વિકર્મક ધાતુના કર્મણિ પ્રયોગમાં વ્યક્તિવાચક કર્મ દ્વિતીયામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) मग्गेयव्वो देवो आहरणं। (સુપાસ ૫૧૮)

રાજા પાસે અલંકાર માંગવા જોઈએ.

२) अहं तए अक्खाणयं पुच्छेयव्वा। (ચઉ પત્ર-૪૧)

તું મને આખ્યાન બાબત પૂછ.

**(૪૦૭.૧.૪)** ક્યારેક તે જ ક્રિયાપદનાં નામનો ઉપયોગ કરીને તે દ્વિતીયામાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

**(અકર્મક ક્રિયાપદ હોય ત્યારે)**

૧) सकाममरणं मरई। (ઉત્ત. ૫.૩૯)

સકામ મરણ મરે છે.

२) पव्वज्जामि पव्वज्जं। (સમરા પત્ર-૧૫૩)

સંન્યાસ લે છે.

(**સકર્મક ક્રિયાપદ હોય ત્યારે**)

૧) वरसु वरं। (મહા પત્ર- ૧૬૩ બ)

વર માગ.

२) धम्मज्झाणं झियायई। (ઉત્ત. ૧૮.૪)

ધર્મધ્યાન કરે છે.

**(૪૦૭.૧.૫)** કર્મ સાથે એકવિભક્તિમાં રહેનાર શબ્દ દ્વિતીયામાં હોય છે.

ઉદાહરણ તરીકે— समणं भगवं महावीरं तिक्खुत्तो वंदइ।

(નિરયા પત્ર-૬)

શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર વંદે છે.

**(૪૦૭.૧.૬)** કહેવું, કરવું, સમજવું, માનવું વગેરે સકર્મક ધાતુના કર્મનાં પૂરક નામ અને વિશેષણ દ્વિતીયામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) तं वयं बूम माहणं। (ઉત્ત. ૨૫.૧૯)
તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨) गुरुरागग्गहगहिओ अलियं पि वियाणए सच्चं। (સુપાસ. ૫૧૮)
મહારાગરૂપી ગ્રહથી પછાડાયેલો માણસ ખોટાને પણ સાચું માને છે.

**(૪૦૭.૧.૭)** દ્વિતીયાંત કર્મ 'इति' પહેલા આવે તો તે પ્રાયઃ[૧] પ્રથમામાં આવે છે. ક્યારેક તે દ્વિતીયામાં પણ મળે છે.

ઉદાહરણ તરીકે—

रिद्धिमंतं ति आलवे। (દસ ૭.૫૩)
શ્રીમંત માણસને જોઇને (તેને) શ્રીમંત કહે.

**(૪૦૭.૨)** પ્રયોજક કર્તરિ રચનામાં અકર્મક, ગત્યર્થક, જ્ઞાનાર્થક, ભક્ષણાર્થક અને તદર્થક ધાતુનો ઉપયોગ થાય ત્યારે મૂળ ક્રિયાના કર્તાને દ્વિતીયામાં રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) तुह तणयं जीवावइ एसो। (સુપાસ ૫૫૫)
તારા પુત્રને આ જીવંત કરશે.

૨) कोहो पीइं पणासेइ। (દસ ૮.૩૮)
ક્રોધ પ્રીતિનો નાશ કરે છે.

---

૧ પ્રથમા વિભક્તિનો ઉપયોગ જુઓ. 'इति' પહેલાનું કર્મ પ્રથમામાં હોય તેવાં કેટલાંક ઉદાહરણ—

૧) तहेव काणं काणे त्ति पडंग पडंगे त्ति वा।
वाहियं वावि रोगि त्ति तेणं चोरे त्ति नो वए॥ (દસ ૭. ૧૨)

૨) न लवे असाहुं साहु त्ति साहुं साहुत्ति आलवे। (દસ ૭.૪૮)

३) अन्नं न गच्छावेज्जा। (દસ.૪)
બીજાને જવા માટે મજબૂર ન કરો.

४) पाएइ नलो सलिलं तं तिसियं। (નલ પત્ર-૧૩)
તે તૃષિત (દમયંતી)ને નળે (રાજાએ) પાણી પીવડાવ્યું.

**(૪૦૭.૨.૧)** સકર્મક ક્રિયાપદની પ્રયોજક કર્મણિ રચનામાં અવ્યક્તિવાચક કર્મ દ્વિતીયામાં રાખવામાં આવે છે.

१) काराविओ पाणिग्गहणं कुमारो। (બંભ પત્ર-૪૬)
કુમારને લગ્ન કરવા પ્રવૃત્ત કર્યો.

२) ते जिणवरेण सम्मं मुणिदिक्खं गाहाविया सव्वे। (મહા ૨.૭૦)
તે બધાને જિનશ્રેષ્ઠે યોગ્ય પ્રકારે મુનિદીક્ષા ગ્રહણ કરાવી.

**(૪૦૭.૩)** ગત્યર્થક ક્રિયાપદનું ગંતવ્ય દ્વિતીયામાં રાખવામાં આવે છે[1].

ઉદાહરણ તરીકે—

१) मुणी खिप्पमुवेइ मोक्खं। (ઉત્ત. ૪.૮)
મુનિ જલ્દી મોક્ષ પામે છે.

२) जंति ... नरयं घोरं। (પઉમ ૨.૮૯)
ઘોર નરકમાં જાય છે.

३) गामं पविट्ठो। (બંભ પત્ર-૪૫)
તે ગામમાં આવ્યો.

४) एवं परं पसिद्धिं पत्तो। (સુપાસ ૫૭૬)
આ પ્રમાણે તે ખૂબ પ્રસિદ્ધ થયો.

---

૧ અર્ધમાગધીમાં ગંતવ્યની ઘણી વખત સપ્તમી જોવા મળે છે.

१) गया सरज्जेसु सेसा। (બંભ પત્ર-૪૦)

२) दुग्गे पविसइ। (બંભ પત્ર-૫૪)

३) अरण्णपरिसरे गच्छंतेसुं तावसकुमारेसु। (બંભ પત્ર-૪૮)

४) अहवा निप्पुन्नाणं न घरे चिंतामणी एइ। (મહા પત્ર-૨૩૩ બ)

**(૪૦૭.૪) સ્થળ**[૧], કાળની મર્યાદા બતાવવા તદ્વાચક શબ્દને દ્વિતીયા વપરાય છે.

**(૪૦૭.૪.૧) સ્થળ :** ઉદાહરણ તરીકે—

૧) पडपडणाओ पंचवीस जोयणाइं आगओ रहो। (નલ પત્ર-૩૨)

જ્યાં વસ્ત્ર પડ્યું ત્યાંથી રથ પચ્ચીસ યોજન આવ્યો.

૨) तओ खणिऊण चत्तारि अंगुलाणि धरणिं।(ધર્મો પત્ર-૧૧૮)

પછી ચાર આંગળ જમીન ખોદીને.

**(૪૦૭.૪.૨) કાળ**

૧) वीसमिऊण मुहुत्तं। (સમરા પત્ર-૯)

મુહૂર્ત વિશ્રાંતિ લઇને.

૨) चिरकालं भोगे भुंजिऊण। (મહા પત્ર-૨૩ અ)

લાંબો સમય ભોગ ભોગવીને.

૩) ठिओ सत्तरत्तं। (નલ પત્ર-૧૯)

સાત રાત રહ્યો.

**(૪૦૭.૫.)** કેટલાક શબ્દયોગી અવ્યયો અને અન્ય કેટલાક અવ્યયોને દ્વિતીયા અપેક્ષિત છે.

**(૪૦૭.૫.૧) શબ્દયોગી અવ્યયો**

**(૪૦૭.૫.૧.૧) अंतरेण**

ઉદાહરણ તરીકે— सिरच्छेयं अंतरेण। (સમરા પત્ર-૨૭૦)

શિરચ્છેદ વગર.

---

૧ ક્યારેક સપ્તમ્યર્થી કાળ બતાવવા દ્વિતીયાનો ઉપયોગ થાય છે.

૧) अज्ज कसिणट्ठमीए रत्तिं इच्छामि साहिउं मंतं। (જિન પત્ર-૧૯)

આજે કૃષ્ણાષ્ટમીની રાત્રે મંત્ર સિદ્ધ કરવાની મારી ઇચ્છા છે.

૨) सो रत्तिं आगओ। (પાકમા પત્ર-૪૨) તે રાત્રે આવ્યો.

૩) रत्तिं पज्जलियाण। (રાયપત્ર-૮૦) રાત્રી પ્રજ્વલિત કરનારની. (रत्तिं) इति सप्तम्यर्थे द्वितीया प्राकृतत्वात्। આ.મલયગિરિસૂ. (રાય) પત્ર-૮૩

**(૪૦૭.૫.૧.૨) मोत्तूण**

ઉદાહરણ તરીકે—

૧) सयमणुभवणं मोत्तुं कम्माण ण णिज्जरणमत्थि। (મહા પત્ર-૧૪૫ અ)
પોતે અનુભવ કર્યા સિવાય કર્મક્ષય થતો નથી.

૨) मुत्तूणं खुद्दजणं। (સુપાસ ૫૪૩)
ક્ષુદ્ર લોકોને છોડીને.

**(૪૦૭.૫.૧.૩) पडुच्च (ઉદ્દેશીને)**

ઉદાહરણ તરીકે— सूरिं पडुच्चा। (સંપઇ ૨.૧૨)
સૂરિને ઉદ્દેશીને.

**(૪૦૭.૫.૧.૪) पइ (તરફ)**

ઉદાહરણ તરીકે—

૧) तं पइ जंपइ जणणी। (સિરિ. ૩૫૦)
માએ તેને કહ્યું.

૨) जवेण तं पइ पहाविओ खुज्जो। (નલ પત્ર-૨૮)
કુબડો વેગપૂર્વક તેની તરફ દોડ્યો.

**(૪૦૭.૫.૧.૫) विणा**

ઉદાહરણ તરીકે— नलं विणा। (નલ પત્ર-૧૫)
નળ વિના.

**(૪૦૭.૫.૧.૬) आ (સુધી)**

ઉદાહરણ તરીકે—

૧) आयन्नं आकड्ढिय कोयंडं। (મહા પત્ર-૫૭ અ)
ધનુષ્ય કાન સુધી ખેંચીને.

૨) तं च आकंठं पीयं अणेण। (મહા પત્ર-૩૩૧ બ)
અને તેણે તે (પાણી) ગળા સુધી પીધું.

**(૪૦૭.૫.૨) અન્ય અવ્યયો**

**(૪૦૭.૫.૨.૧) जाव (સુધી)**

ઉદાહરણ તરીકે—

૧) अओ सूरुग्गमं जाव रक्खामि एयं। (નલ પત્ર-૧૪)
એટલે સૂર્યોદય સુધી હું તેનું રક્ષણ કરીશ.

૨) जाव य ससिसूरगहचक्कं। (પઉમ ૧.૧૭)
અને જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર, ગ્રહ ગણ (છે).

**(૪૦૭.૫.૨.૨) धिद्धी**

ઉદાહરણ તરીકે—

૧) एगे भणंति - धिद्धी रायाणं। (સિરિ. ૧૪૭)
કેટલાક બોલ્યા રાજાઓનો ધિક્કાર થાઓ.

૨) धिद्धी ममं गयविवेअं। (સિરિ. ૩૨૩)
વિવેક ગયેલા મારો ધિક્કાર થાઓ.

**(૪૦૭.૫.૨.૩) धिरत्थु**

ઉદાહરણ તરીકે— धिरत्थु मम जीवियं। (ઉત્ત. ૨૨.૨૯)
મારા જીવિતનો ધિક્કાર થાઓ.

**(૪૦૭.૬)** ક્યારેક ષષ્ઠીના બદલે[૧] દ્વિતીયાનો ઉપયોગ જોવા મળે છે.

ઉદાહરણ તરીકે— तं कूडागारसालं अंतो। (રાય પત્ર-૧૧૮)
તે કૂટાગાર (થયો છે) તેની અંદર.

**(૪૦૮) તૃતીયા વિભક્તિનો ઉપયોગ**

**(૪૦૮.૧)** સકર્મક ક્રિયાપદોનું કર્તૃપદ કર્મણિ પ્રયોગમાં અને ભાવે પ્રયોગમાં તૃતીયામાં હોય છે. ઉદાહરણ તરીકે—

**(૪૦૮.૧.૧.૧)**

૧) अहं पराजिओ मोहमहामल्लेणं। (મહા પત્ર-૧૫ બ)
મોહરૂપી મહામલ્લે મારો પરાભવ કર્યો.

---

૧ द्वितीया षष्ठ्यर्थे મલયગિરિસૂ. (રાય પત્ર-૧૨૪)

૨) सरसा वि दुमा दावाणलेण डज्झंति। (વજ્જા ૬૩)
સરસ વૃક્ષો પણ દાવાગ્નિથી બળે છે.

૩) मुणिणा वि अप्पमाओ कायव्वो। (ધર્મો પત્ર-૨૨૬)
મુનિએ પણ પ્રમાદ ન કરવો.

**(૪૦૮.૧.૧.૨)**

૧) राइणा भणियं। (સમરા પત્ર-૩૦)
રાજાએ કહ્યું.

૨) कुलवइणा चिंतियं। (સમરા પત્ર-૩૨)
કુલપતિએ વિચાર કર્યો.

**(૪૦૮.૧.૧.૩)**

૧) न तुमए संतप्पियव्वं। (સમરા પત્ર-૧૦૧)
તું સંતાપ કર નહીં.

૨) न पहरियव्वं तुब्भेहिं। (સમરા પત્ર-૫૩૮)
તમે પ્રહાર કરો નહીં.

**(૪૦૮.૧.૨)** સકર્મક ક્રિયાપદોની કર્તરિ પ્રયોજક રચનામાં મૂળ કર્તા તૃતીયામાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) उदायणे राया बहस्सइदत्तं पुरोहियं पुरिसेहिं गिण्हावेइ। (વિવાગ પત્ર-૩૫)
ઉદાયન રાજાએ બૃહસ્પતિ દત્ત પુરોહિતને સેવકો દ્વારા પકડાવ્યો.

૨) सिरिदामे राया .. नंदिसेणं कुमारं पुरिसेहिं गिण्हावेइ। (વિવાગ પત્ર-૩૯)
શ્રીદામ રાજા નંદિષેણ કુમારને સેવકો દ્વારા પકડાવે છે.

ટીપ-આ સમયે અર્ધમાગધીમાં ક્યારેક મૂળ કર્તા દ્વિતીયામાં રાખવામાં આવે છે. (દસ. ૪ જુઓ) ઉદાહરણ તરીકે—

૧) नो वि अन्नं वयावए। (દસ ૬.૧૨)
બીજા પાસે બોલાવે નહીં.

૨) नो वि गिण्हावए परं। (દસ ૬.૧૫)

બીજા ગ્રહણ કરાવે નહીં.

૩) सा विमलं वंदावइ ताण पायपउमं। (સુપાસ ૬૦૪)

તેણે વિમલા દ્વારા તેનાં ચરણ કમળોનું વંદન કરાવ્યું.

**(૪૦૮.૨)** ક્રિયાનું કરણ સાધન-વાચક પદ તૃતીયામાં રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) जालेण मच्छए गेण्हइ। (કથા પત્ર-૧૦૪)

જાળથી માછલા પકડે છે.

૨) नो तेसिमारभे दंडं मणसा वयसा कायसा चेव। (ઉત્ત ૮.૧૦)

મનથી, વચનથી અને કાયાથી તેની હિંસા ન કરો.

**(૪૦૮.૩)** તે જ ક્રિયાપદના નામની પણ તૃતીયા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) निब्भच्छणाहिं निब्भच्छेइ। (નિરયા પત્ર-૧૪)

નિર્ભર્ત્સના કરે છે.

૨) केण वा मरणेण मरमाणे। (અંત ૭૪)

અને ક્યા મરણથી મરનાર?

૩) जुज्झंति न अहमजुज्झेणं। (ધર્મો પત્ર-૧૯૬)

અધર્મ યુદ્ધથી યુદ્ધ કરતા નથી.

**(૪૦૮.૪)** સાહચર્ય અભિપ્રેત હોય ત્યારે તૃતીયાનો ઉપયોગ કરવામાં આવે છે.

૧) चलिओ चउरंगबलेण। (ચઉ પત્ર-૨૫)

ચતુર્વિધ સૈન્ય સાથે નીકળ્યો.

૨) से कुणिए राया..सव्वबलेणं..णिग्गच्छइ। (ઓવ પત્ર-૪૮)

તે કૂણિક રાજા સર્વ સૈન્ય સાથે બહાર નીકળ્યો.

**(૪૦૮.૫)** સાથે રહેનારી સામગ્રી બતાવનાર પદ તૃતીયામાં રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) एगरहेणं कुमरो संचलिओ नियपुराहुत्तं। (અગડ ૧૯૭)

એક રથ સાથે રાજપુત્ર પોતાના નગર તરફ નીકળ્યો.

૨) निग्गओ सव्वसामग्गीए जिणयत्तो। (જિન પત્ર-૩૭)

સર્વ સામગ્રી સાથે જિનદત્ત બહાર નીકળ્યો.

(૪૦૮.૬) सह, समं, सद्धिं આ સહતા બતાવનાર અવ્યયોને તૃતીયાની અપેક્ષા હોય છે.

**(૪૦૮.૬.૧) सह**

ઉદાહરણ તરીકે— कीलए सह इत्थिहिं। (ઉત્ત. ૧૯.૩)

સ્ત્રીઓ સાથે રમે છે.

**(૪૦૮.૬.૨) समं**

ઉદાહરણ તરીકે— नाहं परपुरिसेण समं वच्चामि। (નલ પત્ર-૧૭)

હું પરપુરુષ સાથે જતી નથી.

**(૪૦૮.૬.૩) सद्धिं :**

ઉદાહરણ તરીકે—

૧) भुंजसु भोए मए सद्धिं। (સુપાસ ૪૮૭)

મારી સાથે ભોગ ભોગવ.

૨) बंधुमईए भारियाए सद्धिं। (અરી પત્ર-૨૦)

બંધુમતી ભાર્યા સાથે.

(૪૦૮.૭) ક્રિયાની રીત[૧] પદ્ધતિ પ્રકાર બતાવનાર પદ તૃતીયામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

---

૧ તૃતીયાના આવા ઉપયોગથી આગળ પ્રકારના વાક્યાંશ-सुहं सुहेणं, मज्झं मज्झेणं, વગેરે. આના વિષે આ.મલયગિરિસૂ. (રાય પત્ર-૪૩) કહે છે, गृहं गृहेण, मध्यं मध्येन, परं पदेन, सुखं सुखेन इत्यादयः शब्दाः चिरन्तनव्याकरणेषु सुसाधवः प्रतिपादिता इति नायम् अपप्रयोगः।

૧) मोणेण ठिओ सिट्ठी। (સુપાસ ૫૧૨)

શ્રેષ્ઠી મૌન રહ્યો.

૨) विणएण पविसित्ता। (દસ. ૫.૧.૮૮)

વિનયપૂર્વક પ્રવેશ કરીને.

૩) भत्तीए गायइ। (કથા પત્ર-૪૭)

ભક્તિથી ગાય છે.

**(૪૦૮.૮)** ક્રિયાનું કારણ, હેતુ અને પ્રયોજન બતાવનાર શબ્દ તૃતીયામાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) नाणेण मोक्खो। (વસુ પત્ર-૩૬૦)

જ્ઞાનથી મોક્ષ.

૨) होहिंति गुरुभत्तीए मणोरहसिद्धीओ। (મહા પત્ર-૮૬ પત્ર અ)

ગુરુભક્તિથી મનોરથ પૂર્ણ થાય છે.

૩) लोभेण अन्नो गच्छिहही। (અરી પત્ર-૧૧)

લોભના કારણે બીજો જશે.

**(૪૦૮.૮.૧)** પ્રત્યક્ષ હેતુ, કારણ, નિમિત્ત વગેરે શબ્દોનો ઉપયોગ થાય ત્યારે દ્વિતીયા, તૃતીયા, પંચમી અથવા સપ્તમી વપરાય છે. ઉદાહરણ તરીકે—

**(૪૦૮.૮.૧.૧) દ્વિતીયા** : ઉદાહરણ તરીકે—

૧) दुलहं माणुसजम्मं मा हारसु तुच्छभोयसुहहेउं। (પાકમા પત્ર-૩૫)

તુચ્છ ભોગોનાં સુખકારણ માટે દુર્લભ મનુષ્ય જન્મ ગુમાવ નહીં.

૨) नो वत्थस्स हेउं धम्मं आइक्खेज्जा। (સૂય ૨.૧.૧૫)

વસ્ત્રના હેતુથી ધર્મ ન કહેવો.

**(૪૦૮.૮.૧.૨)** તૃતીયા : ઉદાહરણ તરીકે—

૧) सामिणि! मणे विसण्णा अज्जं तुमं हेउणा केण। (કુમ્મા ૫૪)

હે સ્વામિની! આજે તું કયા કારણથી મનમાં વિષણ્ણ થઇ છે?

૨) जीयं पि य हु परहिकारणेण धारिंति सप्पुरिसा। (મહા પત્ર-૭૭ બ)

સત્પુરુષ જીવન પણ પરહિત માટે ધારણ કરે છે.

**(૪૦૮.૮.૧.૩) પંચમી:** ઉદાહરણ તરીકે—

૧) जइ मज्झ कारणा एए हम्मंति सुबहू जिया। (ઉત્ત. ૨૨.૧૯)

જો મારા માટે આ પુષ્કળ જીવ મારવાના હોય તો.

૨) जो तं जीवियकारणा वंतं इच्छसि आवेउं। (ઉત્ત. ૨૨.૪૨)

જો તું જીવવા માટે વમન કરેલું પીવાની ઇચ્છા કરે છે.

**(૪૦૮.૮.૧.૪) સપ્તમી:** ઉદાહરણ તરીકે—

૧) एयस्स कारणे चेव पयावइणा निम्मिया एसा। (કથા પત્ર-૪)

આના માટે જ આને પ્રજાપતિએ નિર્માણ કરી છે.

૨) जइ अवच्चस्स कारणे एस मम भत्ता अन्नं परिणिस्सइ।

(મહા પત્ર-૩૦૦ અ)

જો સંતાન માટે આ મારો પતિ અન્ય સ્ત્રી સાથે વિવાહ કરશે.

**(૪૦૮.૮.૧.૯)** દિશાવાચક શબ્દ સ્થિતિદર્શક હોય તો તૃતીયામાં[૧] રાખવામાં આવે છે. (તેમ જ અન્ય શબ્દોની બાબતમાં)

ઉદાહરણ તરીકે—

૧) एएणं मग्गेणं अत्थि महंतं अईव कंतारं। (અગડ ૨૦૩)

આ માર્ગ પર ખૂબ મોટું અરણ્ય લાગે છે.

૨) पच्छत्थिमेणं वरुणे महाराजा। (નિરયા પત્ર-૪૨)

પશ્ચિમમાં વરુણ મહારાજા.

**(૪૦૮.૮.૧.૧૦)** ગયેલો કાળ, (Lapse of time) બતાવતી વખતે તૃતીયાનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) अचिरेणेव कालेण दुक्खस्संतमुवागया। (ઉત્ત ૧૪.૫૨)

થોડા સમયમાં તેનાં દુઃખનો અંત થયો.

---

૧ અન્ય ઉદાહરણ— इह भारहे वासे वेयड्ढदाहिणेणं लवणस्स उत्तरेणं गंगानईए य पच्चत्थिमेणं सिंधुनईए पुरत्थिमेणं ... चक्कपुरं नाम नयरं। (કથા પત્ર-૧૧)

૨) पंचहिं दिणेहिं लंघिऊण जलनिहिं। (સમરા પત્ર-૩૬૭)

પાંચ દિવસમાં સમુદ્ર ઓળંગીને.

૩) हत्थी दम्मइ संवच्छरेण मासेण दम्मइ तुरंगो।

महिला पुण किर पुरिसं दमेइ इक्केण दिवसेणं।। (ધૂર્તા ૩.૬૭)

એક વર્ષમાં હાથીનું દમન થાય છે, મહિનામાં ઘોડાનું,

પરંતુ સ્ત્રી માત્ર એક જ દિવસમાં પુરુષનું દમન કરે છે.

**(૪૦૮.૮.૧.૧૧)** ક્યારેક અંતર બતાવવા માટે તૃતીયાનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) पुरी तक्खसिला अत्थि इओ दोहिं जोयणसएहिं। (નલ પત્ર-૭)

અહીંથી બસો યોજન (અંતર પર) તક્ષશિલા (નામની) નગરી છે.

૨) अत्थि इओ दसहिं जोयणेहिं। (સમરા પત્ર-૩૬૩)

અહીંથી દશ યોજન (અંતર પર) છે.

**(૪૦૮.૮.૧.૧૨)** નક્ષત્રનિર્દિષ્ટ કાળ બતાવતી વખતે નક્ષત્રવાચક શબ્દ[૧] તૃતીયામાં[૨] રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

निक्खमई उ चित्ताहिं। (ઉત્ત ૨૨.૨૩)

ચિત્રા નક્ષત્રમાં સંન્યાસ લે છે.

**(૪૦૮.૮.૧.૧૩)** વિશેષ્યનું વૈશિષ્ટ્ય બતાવનાર શબ્દ તૃતીયામાં રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) आसे जवेण पवरे। (ઉત્ત ૧૧.૧૬)

વેગથી ઉત્કૃષ્ટ અશ્વ.

૨) सक्को माहणरूवेण इमं वयणमब्बवी। (ઉત્ત ૯.૬)

બ્રાહ્મણ રૂપે (આવીને) ઇંદ્ર આ વચન બોલ્યો.

---

૧ અહીં સપ્તમીના બદલે તૃતીયા છે એવું કહી શકાય.

૨ અન્ય ઉદાહરણ— इह भारहे वासे वेयड्ढदाहिणेणं लवणस्स उत्तरेणं गंगानईए य पच्चत्थिमेणं सिंधुनईए पुरत्थिमेणं ... चक्कपुरं नाम नयरं। (કથા પત્ર-૧૧)

૩) ते चेव देवा सवरवेज्जरूवेण आगया। (પાકમા પત્ર-૭૫)

તે જ દેવ શબર વૈદ્યરૂપે આવ્યા.

**(૪૦૮.૮.૧.૧૪)** વિશિષ્ટ સ્થિતિદર્શક શબ્દ તૃતીયામાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) पुत्तत्तेण उववन्नो। (મહાપત્ર-૨૩ અ)

પુત્ર તરીકે જન્મ્યો.

૨) ठिया अणसणेणं। (સુપાસ. ૧૨૩)

ઉપવાસ કરીને રહ્યા.

૩) काउस्सग्गेण ठिओ। (સુપાસ ૫૧૨)

કાયોત્સર્ગ (આસન) કરીને રહ્યો.

**(૪૦૮.૮.૧.૧૫)** એકાદ વિશિષ્ટ સ્થિતિ બતાવનારાં લક્ષણ તૃતીયામાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) न वि मुंडिएण समणो न ओंकारेण बंभणो।

न मुणी रण्णवासेणं कुसचीरेण तावसो।। (ઉત્ત. ૨૫.૩૧)

મુંડનથી શ્રમણ નથી થવાતું ૐકારથી બ્રાહ્મણ નથી થવાતું,

અરણ્યવાસથી મુનિ નથી થવાતું કુશ-(તૃણના વસ્ત્રથી) તાપસ થવાતું નથી.

૨) नाणेण य मुणी होइ तवेणं होइ तावसो। (ઉત્ત ૨૫.૩૨)

જ્ઞાનથી મુનિ અને તપથી તાપસ થવાય છે.

**(૪૦૮.૮.૧.૧૬.)** किं (શું ઉપયોગ?) कज्ज, अट्ठ (અર્થ), गुण, पज्जत्त (પર્યાપ્ત) આ શબ્દોને તૃતીયાની અપેક્ષા હોય છે.

**(૪૦૮.૮.૧.૧૬.૧) किं :** ઉદાહરણ તરીકે—

૧) जइ चंदो किं बहुतारएहिं। (વજ્જા ૨૬૬)

ચંદ્ર હોય તો પુષ્કળ તારાનો શું ઉપયોગ?

૨) हत्थत्थे कंकणे किं दप्पणेणं। (પાઇ પત્ર-૮૯)

હાથના કંકણને અરીસો શું કામનો?

**(૪૦૮.૮.૧.૧૬.૨) कज्ज (ઉપયોગ છે, શું ઉપયોગ?)** : ઉદાહરણ તરીકે—

૧) एएण मम कज्जं। (ચઉ પત્ર-૨૦)
મને આનો ઉપયોગ છે.

૨) न कज्जं मज्झ भिक्खेणं। (ઉત્ત ૨૫.૪૦)
મારે ભિક્ષાનો ઉપયોગ નથી.

૩) किं रज्जेणं कज्जं। (સુપાસ ૫૦૪)
રાજ્યનો શું ઉપયોગ?

**(૪૦૮.૮.૧.૧૬.૩) अट्ठ (કામ હોવું, ઉપયોગ હોવો)** : ઉદાહરણ તરીકે—

૧) तेहिं नो अट्ठे। एएणं अट्ठो। (ભગ પત્ર-૩૪)
તેનું કામ નથી, આનું કામ છે.

૨) अट्ठो भंते! भोगेहिं। (નાયાસ પત્ર-૨૧૮)
મહારાજ! ભોગનો શું (ઉપયોગ) છે?

**(૪૦૮.૮.૧.૧૬. ૪) गुण** : ઉદાહરણ તરીકે—

૧) को गुणो रज्जेणं। (સમરા પત્ર-૫૮૧)
રાજ્યનો શું ઉપયોગ?

૨) को गुणो तेण। (સુપાસ ૬૩૦)
તેનો શું ઉપયોગ?

**(૪૦૮.૮.૧.૧૬. ૫) पज्जत्त (પૂરતું)**

૧) तुह सेवाए मज्झ पज्जत्तं। (મહા પત્ર-૧૯૬ બ)
તારી સેવા મને પર્યાપ્ત છે.

૨) दोहिं चिमय पज्जत्तं बहुएहि वि किं गुणेहि सुयणस्स। (વજ્જા ૪૨)
બે જ (ગુણ) પર્યાપ્ત છે. પુષ્કળ ગુણોનો સજ્જનોને શું ઉપયોગ?

**(૪૦૮.૮.૧.૧૭)** विणा, अलं, कयं, धी, धिरत्थु, अलाहि, नन्नत्थ (વિના, છોડીને) આ અવ્યયોને તૃતીયાની અપેક્ષા રહે છે.

(૪૦૮.૮.૧.૧૭.૧) **विणा** : ઉદાહરણ તરીકે—

૧) भावेण विणा दाणं न हु सिद्धिसाहणं होइ। (સિરિ ૧૯)

ભાવ વિના દાન સિદ્ધીનું સાધન બનતું નથી.

૨) मेहेण विणा वुट्ठी न होइ। (પઉમ ૪.૨૬)

વાદળ વિના વૃષ્ટિ થતી નથી.

(૪૦૮.૮.૧.૧૭.૨) **अलं** : ઉદાહરણ તરીકે—

૧) अलं विसयसुहेहिं। (સમરા પત્ર-૮૪)

વિષય સુખ પર્યાપ્ત છે.

૨) अलं अईयवत्थुचिंतणेणं। (સમરા પત્ર-૨૧૯)

ગત ગોષ્ટીની ચિંતા પર્યાપ્ત છે.

(૪૦૮.૮.૧.૧૭.૩) **कयं** : ઉદાહરણ તરીકે—

कयं विगप्पेहिं। (મહા પત્ર-૧૯૭ બ)

વિકલ્પ પર્યાપ્ત છે.

(૪૦૮.૮.૧.૧૭.૪) **धी** : ઉદાહરણ તરીકે—

૧) धी इमिणा जम्मेणं। (સમરા પત્ર-૧૯૦)

આ જન્મનો ધિક્કાર થાઓ.

૨) धी मज्झ जीविएण। (સુર ૨.૪૯)

મારા જીવનનો ધિક્કાર થાઓ.

(૪૦૮.૮.૧.૧૭.૫) **धिरत्थु** : ઉદાહરણ તરીકે—

૧) धिरत्थु तो अम्ह जीएणं। (પઉમ ૩૩.૯૬)

અમારા જીવનનો ધિક્કાર થાઓ.

૨) धिरत्थु मे जीविएणं। (કથા પત્ર-૮૫)

મારા જીવનનો ધિક્કાર થાઓ.

(૪૦૮.૮.૧.૧૭.૬) **अलाहि** : ઉદાહરણ તરીકે—

१) अलाहि सोगेण। (મહા પત્ર-૨૯૪ અ)

શોક પર્યાપ્ત છે.

२) अलाहि सेसोवाएहिं। (મહા પત્ર-૨૩૯ અ)

બાકીના ઉપાય પર્યાપ્ત.

(૪૦૮.૮.૧.૧૭. ૭) **नन्नत्थ :** ઉદાહરણ તરીકે—

१) नन्नत्थ चउहिं वाहणेहिं। (उवा परि २१)

ચાર વાહન છોડીને

२) नन्नत्थ दिव्वेणं उवाएणं। (નાયાસ પત્ર-૧૫)

દિવ્ય (દૈવી) ઉપાય છોડીને.

**(૪૦૮.૮.૧.૧૮)** નીચે આપેલા (અને તદર્થક) શબ્દોને તૃતીયાની અપેક્ષા રહે છે.

(૪૦૮.૮.૧.૧૮.૧) **उत्कृष्ट :** ઉદાહરણ તરીકે—

१) रूवेण य जोव्वणेण य लावण्णेण य उक्किट्ठा। (નિરયા પત્ર-૫.૫)

રૂપથી, યૌવનથી અને લાવણ્યથી ઉત્કૃષ્ટ.

(૪૦૮.૮.૧.૧૮.૨) **हीन :** ઉદાહરણ તરીકે—

१) हीणे कंतीए। (નાયાસ પત્ર-૧૩૩)

કાંતિહીન

२) करुणाए परिहीणो। (સુપાસ ૫૦૦)

કરુણા રહિત.

(૪૦૮.૮.૧.૧૮.૩) **ऊन :** ઉદાહરણ તરીકે—

१) पंच-दिवसेहिं ऊणं। (મહા પત્ર-૨૫૦ અ)

પાંચ દિવસથી ઓછું.

(૪૦૮.૮.૧.૧૮.૪) **सम :** ઉદાહરણ તરીકે—

१) मे कणगेण सरिसो वण्णो होउ। (પાકમા પત્ર-૪૧)

મારો સોના જેવો વર્ણ થવા દે.

૨) जइ वि समो होइ भरहनाहेण। (જિન પત્ર-૨૫)
જો ભરતનાથ જેવો હોય તો.

**(૪૦૮.૮.૧.૧૮.૫) युक्त :** ઉદાહરણ તરીકે—

૧) कम्मुणा तेण संजुत्तो। (ઉત્ત ૧૮.૧૭)
તે કર્મથી યુક્ત.

૨) इत्थी कवडेण जुया। (નાણ ૮.૮૦)
કપટયુક્ત સ્ત્રી.

૩) विणएण संपन्ना। (સિરિ ૬૧)
વિનયથી સંપન્ન.

**(૪૦૮.૮.૧.૧૮.૬) अंकित:** ઉદાહરણ તરીકે—

मुद्दाए अंकिओ।
મુદ્રાંકિત.

**(૪૦૮.૮.૧.૧૮.૭) सहित :** ઉદાહરણ તરીકે—

૧) नियचेडीहि सहिया। (જિન પત્ર-૨૬)
આપણી દાસી સહિત.

૨) नियभज्जाहिं समेओ। (સુમાસ ૫૫૫)
આપણી ભાર્યાઓ સહિત.

**(૪૦૮.૮.૧.૧૮.૮) अधिक :** ઉદાહરણ તરીકે—

जो चेव बलेण अहिओ हवइ। (ચઉ પત્ર- ૩૬)
જે બળથી અધિક હોય.

**(૪૦૮.૮.૧.૧૮.૯) रहित :** ઉદાહરણ તરીકે—

૧) धणेण रहिओ। (પઉમ ૩૩.૨૩)
ધનરહિત.

૨) धम्माधम्मेण वज्जिया पुहई। (પઉમ ૩.૧૧૨)
પૃથ્વી ધર્માધર્મ રહિત હતી.

(૪૦૮.૮.૧.૧૯) નીચેના અર્થોનાં ક્રિયાપદોને તૃતીયાની અપેક્ષા રહે છે.

(૪૦૮.૮.૧.૧૯.૧) ઉપરમ[1] : ઉદાહરણ તરીકે—

૧) कोडीहिं वि न उवरमइ मणोरहो। (અરી પત્ર-૧૧)

કોટીથી પણ મનોરથ પૂર્ણ થતા નથી.

(૪૦૮.૮.૧.૧૯.૨) **આહુતિ આપવી** : ઉદાહરણ તરીકે—

कयरेण होमेण हुणासि। (ઉત્ત ૧૨.૪૩)

કયા હોમથી આહુતિ આપે છે?

(૪૦૮.૮.૧.૧૯.૩) **નિમંત્રણ આપવું** : ઉદાહરણ તરીકે—

अद्धासणेण उवनिमंतेइ। (માયાસ પત્ર-૧૪)

અર્ધાસનથી (અર્ધાસન આપીને) નિમંત્રણ આપ્યું.

(૪૦૮.૮.૧.૧૯.૪) ખાવું[2] : ઉદાહરણ તરીકે—

दहिणा भुंजाहि। (પાકમા પત્ર-૪૮)

દહીં ખાઓ.

(૪૦૮.૮.૧.૧૯.૫) શપથ લેવા : ઉદાહરણ તરીકે—

बंभण सच्चेण सावेऊण पुच्छइ। (વસુ પત્ર-૩૨૦)

બ્રાહ્મણ સત્યથી શપથ દઈને પૂછે છે.

(૪૦૮.૮.૧.૨૦) ક્યારેક દ્વિતીયાના બદલે તૃતીયાનો ઉપયોગ કરેલો જોવા મળે છે[3].

ઉદાહરણ તરીકે—

महया गंधद्धणिं मुंचंता। (રાય પત્ર-૧૨)

પુષ્કળ વાસ છોડનાર.

(૪૦૮.૮.૧.૨૧) ક્યારેક તુલનામાં પંચમ્યર્થે તૃતીયાનો ઉપયોગ થાય છે.

---

૧ આ અર્થવાળા ધાતુ પ્રાયઃ પંચમીમાં હોય છે.

૨ આવો ઉપયોગ ક્યારેક આવે છે.

૩ महया इति प्राकृतत्वात् द्वितीयार्थे तृतीया, महतीं इत्यर्थः। આ.મલયગિરિસૂ. (રાય પત્ર-૧૬)

ઉદાહરણ તરીકે—

૧) गारत्थेहि य सव्वेहिं साहवो संजमुत्तरा। (ઉત્ત ૫.૨૦)

સર્વ ગૃહવાસી જનોની અપેક્ષાથી સાધુનો સંયમ અધિક સારો હોય છે.

૨) रण्णो तुब्भे पाणेहिं पिययरा असि। (વસુ પત્ર-૨૭૦)

રાજાને તમે પ્રાણથી (પણ) પ્રિય હતા.

**(૪૦૮.૮.૧.૨૧.૧)** અન્ય સ્થળે પણ પંચમ્યર્થે[1] તૃતીયાનો ઉપયોગ જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

૧) जाहे तेहिं न भीओ[2]।

જ્યારે તેનાથી ડર્યો નહીં

૨) तव नियमेहि भट्ठे। (ઉત્ત ૨૦.૪૧)

તપ-નિયમથી ભ્રષ્ટ.

૩) णिव्विण्णो जम्मणमरणेहिं। (કથા પત્ર-૧૨૨)

જન્મ મરણથી નિર્વેદ પ્રાપ્ત થયેલો.

૪) झरेइ रोमकूवेहिं सेओ दुरभिगंधओ। (બંભ પત્ર-૩૭)

અસુરભિ ગંધનો પરસેવો રંધ્રથી નીકળે છે.

**(૪૦૮.૮.૧.૨૨)** ક્યારેક સપ્તમ્યર્થે તૃતીયાનો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

**(૪૦૮.૮.૧.૨૨.૧)**

૧) जो न सज्जइ एएहिं। (ઉત્ત ૨૫.૨૯)

જે આમાં આસક્ત થતો નથી.

૨) रूवेण य जोवणेण य लावण्णेण मुच्छिए। (વિવાગ. પત્ર-૩૨)

રૂપ, યૌવન અને લાવણ્યમાં આસક્ત.

---

૧ पंचम्यास्तृतीया च। (હેમ. ૩.૧૩૬)

૨ याकोबी Erza પત્ર-૬૦

(૪૦૮.૮.૧.૨૨.૨)

૧) सासंको हियएणं। (અગડ ૨૪૧)

હૃદયમાં સાશંક.

૨) सोमो चित्तेण आउलो जाओ। (સુપાસ ૫૬૭)

સોમ મનમાં આકુલ થયો.

૩) सएहिं काएहिं। (નાયાસ પત્ર-૬૫)

પોતપોતાના શરીરમાં.

૪) पुव्वणत्थेहिं भद्दासणेहिं निसीयंती। (રાયપત્ર-૮૪)

પહેલાં રાખેલાં ભદ્રાસન પર બેઠા.

(૪૦૮.૮.૧.૨૨.૩)

जेणेव चंपा नगरी .. तेणामेव उवागच्छइ[૧]। (નાયાસ પત્ર-૧)

જે તરફ ચંપા નગરી હતી તે તરફ ગયો.

**(૪૦૮.૮.૧.૨૨.૪) કાળ બતાવતી વખતે. :** ઉદાહરણ તરીકે—

तेणं कालेणं तेणं समएणं[૨]। (નાયાસ પત્ર-૧)

તે કાળે તે સમયે.

**(૪૦૮.૮.૧.૨૨.૫) સત્સપ્તમી રચનામાં :** ઉદાહરણ તરીકે—

૧) तेहिं गएहि कमला कमेण पत्ता सुहेण उज्जेणिं। (સિરિ ૩૦૮)

તેઓ ગયા ત્યારે કમલા ક્રમથી સુખરૂપ ઉજ્જયિનીમાં પહોંચી ગઇ.

૨) सइ अन्नेण मग्गेण। (દસ ૫.૧.૬) બીજો માર્ગ હોત તો.

૩) नच्चमाणीहिं विलासिणीहिं पढंतेहिं मागहेहिं .. नगरे पविसिउं पवत्तो।

(ધર્મો પત્ર-૧૧૮)

---

૧ जेणेव इति प्राकृतत्वात् सप्तम्यर्थे तृतीया यस्मिन्नेव देशे .. तेणामेव इति तस्मिन्नेव देशे। આ.મલયગિરિસૂ. (રાય પત્ર-૨૯)

૨ કેટલાકના મતે અહીં તૃતીયાને બદલે ते णं काले णं આવી સપ્તમી જ છે. જુઓ. ते णं काले णं વગેરે ते इति प्राकृतशैलीवशात् तस्मिन् इति द्रष्टव्यं .. णं इति वाक्यालङ्कारो। આ.મલયગિરિસૂ. (રાય પત્ર-૨૩)

(જ્યારે) વિલાસિની નાચતી હતી, (જ્યારે) બંદીજન ગાતા હતા ત્યારે નગરીમાં આવવા લાગ્યા.

**(૪૦૯) ચતુર્થી વિભક્તિનો ઉપયોગ.**

અર્ધમાગધીમાં જોવા મળતાં ચતુર્થી એકવચનના રૂપોનો વપરાશ પ્રાયઃ ખૂબ જ ઓછા પ્રમાણમાં છે. સામાન્યતઃ ચતુર્થીનું કાર્ય ષષ્ઠી દ્વારા કરવામાં આવે છે[૧]

ચતુર્થી એકવચનનું જે 'आए'[૨] પ્રત્યયાંત રૂપો મળે છે. તેનો ઉપયોગ પ્રાયઃ તુમંતની જેમ[૩] થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) पहारेत्थ गमणाए। (નાયાસ પત્ર-૧૨૬)
   જવાનું નક્કી કર્યું.

૨) अणुजाणेसि मं गमणाए। (મહા ૩૫ અ)
   મને જવાની આજ્ઞા આપો.

**(૪૦૯.૧)** જેના માટે કોઇ એક ક્રિયા અથવા વસ્તુ તેની ચતુર્થી વપરાય છે.

ઉદાહરણ તરીકે—

૧) चेलगोलं कुमारभूयाए। (સૂય ૧.૪.૨.૧૪)
   છોકરા માટે દડો.

૨) भोगाय दव्वं। (નાણ ૪.૫૦)
   ભોગ માટે દ્રવ્ય.

૩) मोक्खत्थं पव्वज्जा। (કથા પત્ર-૮૪)
   મોક્ષ માટે સંન્યાસ.

---

૧ चतुर्थ्याः षष्ठी। (હેમ. ૩.૧૩૧)

૨ કેટલીક વાર 'आए' પ્રત્યયાંત રૂપનો ઉપયોગ ન કરતા, अट्ठं (अत्थं) अट्ठा, अट्ठाए, अट्ठयाएनो ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ— भिक्खट्ठा। (બંભ પત્ર-૨૫) ભિક્ષા માટે, अप्पणो अट्ठाए। (વિવાગ પત્ર-૫૭) પોતાના માટે, अत्तहियट्ठयाए (અભ્યંકર પત્ર- ૨૪) આત્મહિત માટે, इमस्स देहस्स पोसणट्ठाए। (પઉમ ૩૩.૩૭) આ દેહ પોષવા માટે, धम्मसवणत्थं। (સુપાસ ૬૨૯) ધર્મ સાંભળવા માટે, वंदणत्थं। (મહા પત્ર-૧૭૨ અ) વંદન કરવા માટે.

૩ વૈદ્ય પત્ર- ૬૧

**(૪૦૯.૨)** ક્રિયાનો હેતુ, ઉદ્દેશ અને પ્રયોજન બતાવનાર શબ્દને ચતુર્થીમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) नो हुंति ताणाय। (મહા પત્ર-૧૦૧ બ)
   રક્ષણ કરવા માટે (સમર્થ) હોતો નથી.

૨) असुरो को वि हु पत्तो मज्झ विणासाय। (નાણ ૧૦.૯૭)
   મારો નાશ કરવા માટે કોઇ તો અસુર આવ્યો છે.

૩) गओ जलाणयणट्ठाए। (કથા પત્ર-૮૮)
   પાણી લાવવા માટે ગયો.

**(૪૦૯.૩)** પરિણામવાચક શબ્દ ચતુર્થીમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) आयंके से वहाय होइ। (દસ ૧૧.૯)
   રોગ તેના વધ માટે (કારણ) હતું.

૨) संकप्पे से वहाय होइ। (દસ ૧૧.૯)
   સંકલ્પ તેના નાશ માટે (કારણ હતો).

૩) अप्पवहाए नूणं होइ बलं उत्तुंगाण भुवणंमि। (પાકમા પત્ર-૨૦)
   જગતમાં ગર્વિષ્ઠનું બળ ખરેખર તેના નાશ માટે (કારણ) બને છે.

**(૪૦૯.૪)** કેટલાક વિશેષણોને ચતુર્થીની અપેક્ષા રહે છે.

ઉદાહરણ તરીકે—

૧) दुल्लहे सवणयाए। (પએસિ પરિ પત્ર-૨૯)
   સાંભળવા માટે દુર્લભ.

૨) किं अहं एयमट्ठस्स नो अरिहे सवणयाए। (નિરયા પત્ર૧૦)
   આ વાત સાંભળવા શું હું યોગ્ય નથી?

૩) ते पारगा दोण्ह वि मोयणाए। (સૂય ૧.૧૪.૧૮)
   બન્નેનાં મોચન માટે તેઓ સમર્થ (છે).

**(૪૦૯. ૫)** 'अलं' ને ક્યારેક ચતુર્થીની અપેક્ષા રહે છે.

ઉદાહરણ તરીકે—

૧) नालं ते तव ताणाए। (સૂય ૧.૯.૫)

તારું રક્ષણ કરવા માટે તેઓ સમર્થ નથી.

૨) नालं ते मम ताणाय। (ઉત્ત ૬.૩)

મારું રક્ષણ કરવા માટે તેઓ સમર્થ નથી.

**(૪૦૯. ૬)** ક્વચિત્ જ ગંતવ્યની ચતુર્થી[૧] જોવા મળે છે. ઉદાહરણ તરીકે— आगंता गब्भायनंतसो। (સૂત્ર ૧.૨.૧.૯)

અનંતશઃ ગર્ભમાં આવશે.

## (૪૧૦) પંચમી વિભક્તિનો ઉપયોગ

**(૪૧૦.૧)** પાસેથી, ત્યાંથી આ અર્થમાં સ્થળ કાળ[૨] વાચક શબ્દોને પંચમી થાય છે.

ઉદાહરણ તરીકે—

**(૪૧૦.૧.૧) સ્થળ** : ઉદાહરણ તરીકે—

૧) एस मे मित्तस्स पुत्तो कोसंबीओ विज्जत्थी आगओ। (અરી પત્ર-૧૦)

આ મારા મિત્રનો પુત્ર વિદ્યાર્થી (તરીકે) કોસંબીથી આવ્યો છે.

૨) सलिलं च माणससरवराओ तुह निमित्तं आणीय। (પાકમા પત્ર-૫૫)

તારા માટે માનસરોવરથી પાણી લાવ્યું છે.

**(૪૧૦.૧.૧.૧) પત્રાંત** : ઉદાહરણ તરીકે—

૧) सत्थि मलयायलाओ सुंदरि! तुह माहवाणिलो लिहइ। (લીલા ૫૦૮)

સ્વસ્તિ સુંદરી! મલયપર્વત પરથી માધવાનિલ તને (પત્ર) લખે છે.

---

૧ ઘાટગે (પત્ર-૧૯૨)

૨ આવા ઉપયોગથી ક્રિયા સાતત્ય બતાવવા પંચમીનો ઉપયોગ થાય છે.ઉદાહરણ—

૧) सो पंचहिं धाईहि हत्था हत्थम्मि अंकओ अंक। गिण्हिज्जंतो कुमरो॥ (કુમ્મા. ૧૨૪) પાંચ ધાત્રીપાસેથી (આ) હાથથી (તે) હાથમાં, (આ) ખોળામાંથી (તે) ખોળામાં લેવાતો તે રાજપુત્ર

૨) गब्भाओ गब्भं जम्माओ जम्मं नरगाओ नरगं। (સૂય ૨.૨.૧૦)

(આ) ગર્ભમાંથી (તે) ગર્ભમાં (આ) જન્મમાંથી (તે) જન્મમાં (આ) નરકમાંથી (તે) નરકમાં.

**(૪૧૦.૧.૨) કાળ** : ઉદાહરણ તરીકે—

૧) बालभावाओ चेव मम नेहाणुरत्ता। (બંભ પત્ર-૬૦)

બાળપણથી મારા પર પ્રેમથી અનુરક્ત હતી.

૨) पढमदंसणाओ आरब्भा। (મહા પત્ર-૮૯ બ)

પહેલા દર્શનથી.

**(૪૧૦.૨)** વસ્તુનો વાસ્તવિક અથવા લાક્ષણિક ઉદ્ભવ બતાવનાર શબ્દ પંચમીમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) बंभाणस्स मुहाओ विप्पा। (ધૂર્તા ૧.૩૭)

બ્રહ્મદેવનાં મુખમાંથી બ્રાહ્મણો (ઉત્પન્ન થયા)

૨) न खलु इंधणेहिंतो चेव अवगमो सोयाणलस्स। (સમરા પત્ર-૩૯૮)

શોકાગ્નિ એ ખરેખર ઈંધનથી (નિર્માણ) થતો નથી.

૩) न य सज्जणमुहाओ निंदा निग्गच्छइ। (કથા પત્ર-૪૧)

સજ્જનોનાં મુખેથી નિંદા બહાર આવતી નથી.

૪) न य हिंसाओ हवइ धम्मो। (સમરા પત્ર-૪૪૦)

હિંસાથી ધર્મ થતો નથી.

**(૪૧૦.૩)** હેતુ-કારણ બતાવનાર શબ્દ પંચમીમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) तुज्झ सुयाइ पभावा मज्झ सुओ सुंदरो जाओ। (સિરિ ૨૭૯)

તારી પુત્રીના પ્રભાવે મારો પુત્ર સુંદર થયો.

૨) अवच्चनेहाओ कओ गुरुणा अंसुवाओ। (ધર્મો પત્ર-૧૫૪)

અપત્યના સ્નેહના કારણે ગુરુએ અશ્રુ વહાવ્યાં.

**(૪૧૦.૩.૧)** પ્રત્યક્ષ હેતુ, કારણ વગેરે શબ્દોનો ઉપયોગ હોય ત્યારે ક્યારેક પંચમીનો ઉપયોગ થાય છે.[૧]

**(૪૧૦.૩.૨)** વાદ-વિવાદમાં કારણદર્શક શબ્દો પંચમીમાં હોય છે.

---

૧ પૂર્વે પરિચ્છેદ ૪૦૭ જુઓ

१) पुरिसवयणाणि अप्पमाणाणि, रागदोसाइ ससंभवाओ। (ધર્મો ૧૫૨)
રાગ, દ્વેષ વગેરે સંભવ હોવાનાં કારણે લોકોનાં વચનો અપ્રમાણ (હોય છે.)

२) जं भणसि नत्थि जीवो अन्नो देहाओ, अणुवलंभाओ, तमसंगयमच्चत्थं। (સુર ૧૨.૫૫)
અનુપલંભનાં કારણે દેહની અપેક્ષાએ જીવ જુદો નથી. એવું તું જે કહે છે તે અતિશય અસંગત છે.

**(૪૧૦.૪)** વીતેલો કાળ (Laps of time) દર્શાવતી વખતે પંચમીનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

१) किमेत्तियाओ वेलाओ तुम्हे समागया। (બંભ પત્ર-૬૩)
તમે આટલા સમય પછી કેમ આવ્યા?

२) बहुकालाओ चउत्थपाओ लद्धो। (ધર્મો પત્ર-૧૩૭)
ઘણા સમય પછી ચોથો પગ મળ્યો.

**(૪૧૦.૫)** તર વાચક વિશેષણોને પંચમીની અપેક્ષા હોય છે[1]. ઉદાહરણ તરીકે—

१) मूढतराए णं तुमं पएसी! ताओ कट्ठहारयाओ। (પએસિ પરિ ૨૭)
પ્રદેશી! તું તે કાષ્ઠવાહ કરતાં પણ અધિક મૂર્ખ છે.

२) तुमं एयाओ पविट्ठतरो। (કથા પત્ર-૧૧૪)
તું આના કરતા અધિક પાપિષ્ઠ છે.

३) मम भत्तुणो वि निग्घिण्णयरो। (જિન પત્ર-૩૨)
મારા પતિ કરતા પણ અધિક નિર્ઘૃણ (છે)

**(૪૧૦.૫.૧)** તર વાચકોનો ઉપયોગ ન હોવા છતા જો તુલના ગર્ભિત (અર્થ) અભિપ્રેત હોય તો પણ પંચમીનો[2] ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

---

૧ ક્યારેક ષષ્ઠી વાપરવામાં આવે છે. ઉદાહરણ— बहुदेसाणं पहाणयरो। (સુર ૧.૪૮) ઘણા દેશોની અપેક્ષાથી અધિક પ્રધાન.

૨ ક્યારેક ષષ્ઠી વપરાય છે.ઉદાહરણ—१) पाषाण वि अब्भहिया। (સુર ૧.૧૦૭) પ્રાણથી પણ અધિક.
२) जाया बालचंदा पाषाण वि वल्लहा। (કથા પત્ર ૧૬૬) બાલચંદા પ્રાણ કરતા પણ પ્રિય બની.

૧) सीलं वरं कुलाओ, दालिद्दं भव्वयं च रोगाओ।
विज्जा रज्जाउ वरं, खमा वरं सुट्ठु वि तवाओ।। (વજ્જા. ૮૫)
કુળ કરતાં ચારિત્ર સારું, રોગ કરતાં દારિદ્ર્ય સારું,
રાજ્ય કરતાં વિદ્યા સારી, તપ કરતાં ક્ષમા ઘણી સારી.

૨) सीलाउ सुंदरं न किं पि। (સિરિ ૧૬૯)
શીલ કરતાં બીજું કાંઈ પણ સારું નથી.

૩) सग्गो च्चिय लहुओ णियजम्मभूमीए। (લીલા ૩૩૮)
પોતાની જન્મભૂમિ સામે સ્વર્ગ પણ તુચ્છ (છે).

**(૪૧૦.૬)** તુલના અથવા ભેદ બતાવનારા 'અન્ય' શબ્દોને પંચમીની અપેક્ષા રહે છે.

ઉદાહરણ તરીકે—

૧) अण्णो न पुण्णवं ममाहिंतो। (મહા ૨.૧૪૩)
મારા કરતા બીજો (કોઇ પણ) પુણ્યવાન નથી.

૨) न मोक्खसोक्खाहिंतो अण्णं सुहमत्थि। (ધર્મો પત્ર-૧૬૪)
મોક્ષસુખ કરતાં અન્ય (સારું) સુખ નથી.

**(૪૧૦.૬.૧)** 'અન્ય' શબ્દ અધ્યાહૃત હોય તો પણ પંચમીનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) तुह पयसेवाए को परो धम्मो। (સુપાસ. ૫૨૨)
તારા ચરણસેવાની અપેક્ષાએ (બીજો) કયો શ્રેષ્ઠ ધર્મ છે?

૨) परोवयारी तुमाओ ण य को वि। (લીલા ૧૦૩૯)
તારા કરતા બીજો કોઇ પણ પરોપકારી નથી.

**(૪૧૦.૭)** आरब्भ, अणंतरं, परं, आ (થી, સુધી) આ અવ્યયોને પંચમીની અપેક્ષા રહે છે.

**(૪૧૦.૭.૧) आरब्भ :** ઉદાહરણ તરીકે—

૧) तद्दिणाओ आरब्भ। (મહા પત્ર-૧૩૩ બ)
તે દિવસથી.

૨) पवासदिवसाओ आरब्भ। (નલ પત્ર-૧૭)
પ્રવાસ દિવસથી.

**(૪૧૦.૭.૨) अणंतरं :** ઉદાહરણ તરીકે—

अणंतरं थूलभद्दाओ। (સંપઇ ૧.૯૭)

સ્થૂલભદ્ર પછી.

**(૪૧૦.૭.૩) पर :** ઉદાહરણ તરીકે—

૧) न नायपुत्ता परमत्थि नाणी। (સૂય ૧.૬.૨૪)
જ્ઞાતપુત્રની (મહાવીર) અપેક્ષાએ અધિક જ્ઞાની કોઇ નથી.

૨) किं जीवनासाओ परं नु कुज्जा। (દસ ૯.૧.૧૫)
જીવનાશથી અધિક શું કરશે?

**(૪૧૦.૭.૪) आ :** ઉદાહરણ તરીકે—

**(૪૧૦.૭.૪.૧) થી :** ઉદાહરણ તરીકે—

૧) आ जम्माओ। (સુપાસ ૫૮૮)
જન્મથી.

૨) आ बालभावाओ चेव। (સમરા પત્ર-૨૬)
બાળપણથી જ.

**(૪૧૦.૭.૪.૨) સુધી :** ઉદાહરણ તરીકે—

૧) आ सत्तमकुलाओ अत्थि पज्जत्तमम्हं दव्वं। (અરી પત્ર-૬)
સાત પેઢી સુધી પર્યાપ્ત દ્રવ્ય અમારી પાસે છે.

૨) आ सत्तमवंसाओ भोत्तुं दाउं च विलसिउं अत्थि धणसंचओ महंतो।
(કથા પત્ર-૬૨)

સાત પેઢી સુધી, ભોગવવા, દેવા વિલાસ કરવા માટે (પુષ્કળ) મહન્ ધનસંચય છે.

(૪૧૦.૮) નીચેના અર્થોના ધાતુને પંચમીની અપેક્ષા રહે છે.

**૧) અપાદાન[1], વિયોગ, વિરહ** (જ્યાંથી અપાદાન તેની પંચમી)

ઉદાહરણ તરીકે—

૧) धम्माओ भंसेज्जा। (ઉત્ત ૧૬.૧)
ધર્મથી ભ્રષ્ટ થશે.

૨) चुयस्स धम्माओ। (દસ ૧૧.૧૩)
ધર્મથી ચ્યુત થણારાનો.

૩) ओसर ओसर करिहाओ। (અગડ ૫૬)
હાથીના માર્ગમાંથી પાછળ રહો.

૪) करंडियाओ कड्ढित्तु हारं। (બંભ પત્ર-૫૯)
કરંડકમાંથી હાર કાઢીને.

**(૪૧૦.૮.૨) निवृत्ति, विराम (જેનાથી નિવૃત્તિ તેની પંચમી)**

ઉદાહરણ તરીકે—

૧) नियत्तसु इमाओ संगामाओ। (ચઉ પત્ર-૪૭)
આ સંગ્રામમાંથી નિવૃત્ત થાઓ.

૨) विरम पूयाओ। (સુપાસ ૫૧૦)
પૂજા રોક.

**(૪૧૦.૮.૩) ભય[2]** (જેનાથી ડર હોય તેની પંચમી)

ઉદાહરણ તરીકે—

૧) किं बोहसि न पावाओ। (સુપાસ પત્ર-૫૩૨)
પાપનો ડર લાગતો નથી શું?

---

૧ બહાર આવવું, દૂર જવું, પડવું, ભ્રષ્ટ થવું, ઉતરવું, ઉઠવું, ભાગવું, બહાર કાઢવું, ખેચવું, ચ્યુત હોવું, ચલુત થવું વગેરે અર્થવાળા ધાતુ.

૨ આ અર્થવાળા ધાતુ ક્યારેક ષષ્ઠીમાં હોય છે.

૨) मा बीहेसु कालक्खेवाओ। (નલ પત્ર-૩૩)
કાળક્ષેપ (થશે) એટલે ડરો નહીં.

**(૪૧૦.૮.૪) ઉદ્વેગ** (જેનાથી ઉદ્વેગ તેની પંચમી).

ઉદાહરણ તરીકે—

उव्विग्गं मे चित्तं संसारवासाओ। (જિન પત્ર-૭૧)
સંસારવાસથી મારું મન ઉદ્વિગ્ન થયું છે.

**(૪૧૦.૮.૫) વિરક્તિ** (જેનાથી વિરક્તિ તેની પંચમી).

ઉદાહરણ તરીકે—

૧) विरत्तं संसारसायराओ चित्तं। (સમરા પત્ર-૨૮૦)
સંસારસાગરથી ચિત્ત વિરક્ત થયું છે.

૨) बाढं विरत्तं मम रज्जादिहिंतो चित्तं। (મહા પત્ર-૮૭ બ)
રાજ્ય વગેરે બાબતે મારું ચિત્ત વિરક્ત થયું છે.

**(૪૧૦.૮.૬) લજ્જા** (જેનાથી લજ્જા તેની પંચમી).

ઉદાહરણ તરીકે—

૧) न लज्जसे लोआओ? (નલ પત્ર-૫)
(તને) લોકોની લજ્જા લાગતી નથી?

૨) हला दूइए! किं भाउणो वि न लज्जए राया। (ધર્મો પત્ર-૨૧૫)
એલી દૂતી! ભાઇની પણ રાજાને લજ્જા આવતી નથી શું?

**(૪૧૦.૮.૭) છુટકો**[1] (જેનાથી મુક્તિ તેની પંચમી).

ઉદાહરણ તરીકે—

૧) मुणी .. भवाओ परिमुच्चए। (ઉત્ત. ૯.૨૨)
મુનિ સંસારથી મુક્ત થાય છે.

૨) जाईमरणाउ मुच्चइ। (દસ ૯.૪.૧૪)
જન્મમરણથી મુક્ત થાય છે.

---

૧ આ અર્થવાળા ક્યારેક ષષ્ઠીમાં હોય છે.

૩) इमाओ मेल्लावह ममं। (સુદ ૧૨.૧૧૨)

આનાથી મને છોડાવો.

**(૪૧૦.૮.૮) રક્ષણ** (જેનાથી રક્ષણ તેની પંચમી).

ઉદાહરણ તરીકે—

૧) किं समत्थं इणं मच्चुणो रक्खेउं। (સમરા પત્ર-૨૮૮)

મૃત્યથી રક્ષણ કરવા શું આ સમર્થ છે.

૨) रक्खेहि मं इमाओ अणंगाओ। (સમરા પત્ર-૩૧૬)

આ મદનથી મારું રક્ષણ કર.

**(૪૧૦.૮.૯) પરાભવ** (જેનાથી પરાભવ તેની પંચમી)

ઉદાહરણ તરીકે—

भग्गो कुक्कुडो बीयकुक्कुडाओ। (બંભ પત્ર-૫૭)

બીજા કુકડાથી (પહેલો) કુકડો પરાભૂત થયો.

**(૪૧૦.૯)** ભય વગેરે અર્થવાળા અને અન્ય કેટલાક શબ્દને પણ પંચમીની અપેક્ષા રહે છે. ઉદાહરણ તરીકે—

**(૪૧૦.૯.૧) ભીતિ :** ઉદાહરણ તરીકે—

नत्थि तुह ममाहिंतो भयं। (મહા પત્ર-૨૩૯ બ)

તેને મારાથી ભય નથી.

**(૪૧૦.૯.૨) રક્ષણ :** ઉદાહરણ તરીકે—

धम्मो च्चेवेत्थ सव्ववसणेहिंतो रक्खगो[1]।

અહીં ધર્મ એ જ સર્વ સંકટોથી રક્ષણ કરનાર છે.

**(૪૧૦.૯.૩) છુટકો :** ઉદાહરણ તરીકે—

मोक्खो दुक्खाओ। (નાણ પત્ર-૪.૯૮)

દુઃખથી મોક્ષ.

---

૧ શાર્પેટાયર, પત્ર-૩૬૭

**(૪૧૦.૯.૪) વિડંબન :** ઉદાહરણ તરીકે—

विडंबणं दुज्जणजणाओ। (સમરા પત્ર-૯)

દુર્જનથી ઉપહાસ.

**(૪૧૦.૯.૫) અપમાન :** ઉદાહરણ તરીકે—

अवमाणणं लोगाओ। (સમરા પત્ર-૧૦)

લોકોથી અવમાન.

**(૪૧૦.૯.૬) વંચિત :** ઉદાહરણ તરીકે—

वंचिओ म्हि एत्तियकालं ... विसयसुहाओ। (ધર્મો પત્ર-૧૬૧)

આટલા સમય સુધી વિષયસુખથી હું વંચિત રહ્યો.

**(૪૧૦.૯.૧૦)** પ્રશ્નોત્તરમાં સ્થલદર્શક શબ્દ પંચમીમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) भद्द! कओ तुमं? तेण भणियं-सुसम्मनयराओ। (સમરા પત્ર-૨૧૦)
ભલા માણસ! તું ક્યાથી આવ્યો? તેણે કહ્યું-સુશર્મ નગરથી.

૨) भो! कत्तो तुमं? तेण भणियं-रायगिहाओ। (ધર્મો પત્ર-૧૫૩)
અરે! ક્યાંથી આવ્યો તું? તેણે કહ્યું-રાજગૃહ નગરથી

**(૪૧૧) ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ**

**(૪૧૧.૧)** બે પદાર્થોમાં વિવિધ સંબંધ બતાવવા ષષ્ઠીનો ઉપયોગ થાય છે.

**(૪૧૧.૧.૧) કાર્ય-કારણ :** ઉદાહરણ તરીકે—

૧) कम्मं जाईमरणस्स मूलं। (ઉત્ત. ૩૨.૭)
કર્મ જન્મ-મરણનું મૂળ છે.

૨) सुवण्णस्स पडिमा।
સોનાની પ્રતિમા

**(૪૧૧.૧.૨) હેતુ, પ્રયોજન :** ઉદાહરણ તરીકે—

૧) अन्नस्स अट्ठा इहमागओ मि। (ઉત્ત ૧૨.૯)
અન્ન માટે હું અહીં આવ્યો છું

૨) सामिधेयस्स अट्ठाए। (અંત ૫૬)

સમિધા માટે

**(૪૧૧.૧.૩) આધાર-આધેય :** ઉદાહરણ તરીકે—

૧) इमं सरीरं .. दुक्खकेसाण भायणं। (ઉત્ત ૧૯.૧૨)

આ શરીર દુઃખ અને ક્લેશોનું આશ્રય સ્થાન છે.

૨) नाणाविहसावयाण आवासं। (પઉમ ૩૩.૫)

નાનાવિધ પ્રાણિઓનું આવાસસ્થાન.

**(૪૧૧.૧.૪) અવયવ-અવયવી :** ઉદાહરણ તરીકે—

૧) वडपायवस्स मूले गंतूण। (અગડ ૧૩૦)

વટવૃક્ષનાં મૂળ સુધી જઇને.

૨) तीए उदरे। (બંભ પત્ર-૩૯)

તેના ઉદરમાં.

**(૪૧૧.૧.૫) વર્ણ્યવિષય-વર્ણક :** ઉદાહરણ તરીકે—

पढमस्स अज्झयणस्स अयमट्ठे पन्नत्ते। (વિવાગ પત્ર-૧૨)

પહેલાં અધ્યયનમાં આ અર્થ કહ્યો છે.

**(૪૧૧.૧.૬) ધર્મ-ધર્મી, ગુણ-ગુણી :** ઉદાહરણ તરીકે—

तस्स रूवं तु पासित्ता। (ઉત્ત ૨૦.૫)

તેનું રૂપ જોઇને.

**(૪૧૧.૧.૭) સંબંધ :** ઉદાહરણ તરીકે—

मम पत्ती। (બંભ પત્ર-૨૭)

મારી પત્ની.

**(૪૧૧.૧.૮) ઉત્પાદ્ય-ઉત્પાદક :** ઉદાહરણ તરીકે—

૧) भेरीए सद्दं सोच्चा।

ભેરીનો શબ્દ સાંભળીને.

૨) तस्स वयणं। (બંભ પત્ર-૩૧)
તેનું વચન.

**(૪૧૧.૧.૯) ભાગ :** ઉદાહરણ તરીકે—

૧) अंतो लयणस्स सा ठिया। (ઉત્ત. ૨૨.૨૩)
તેણી ગુફાની અંદર ઉભી રહી.

૨) वाणारसीए बहिया। (ઉત્ત ૨૫.૩)
વારાણસીની બહાર.

**(૪૧૧.૧.૧૦) કર્તૃ-ક્રિયા :** ઉદાહરણ તરીકે—

भाउणो आगमणं। (ધર્મો પત્ર-૩૦)
ભાઇનું આગમન.

**(૪૧૧.૧.૧૧) સ્વામિત્વ :** ઉદાહરણ તરીકે—

૧) तस्स गेहस्स जो पहू। (ઉત્ત. ૧૯.૨૨૧)
તે ઘરનો જે પ્રભુ.

૨) धणस्स मे नासो। (સુપાસ ૫૬૭)
મારા ધનનો નાશ.

**(૪૧૧.૧.૧૨) બીજા સામાન્ય સંબંધ :** ઉદાહરણ તરીકે—

૧) मोग्गरपाणिस्स पडिमा। (અંત ૧૦૦)
મુદ્ગરપાણિની પ્રતિમા.

૨) छिन्नो मे संसओ इमो। (ઉત્ત. ૨૩.૨૮)
આ મારો સંશય નષ્ટ થયો.

૩) जाया तस्स जीवियासा। (બંભ પત્ર-૪૭)
તેને જીવવાની આશા થઇ.

૪) एयस्स दंसणं पि। (જિન પત્ર-૨૨)
તેના દર્શન પણ.

૫) कम्माणं खएणं। (અંત ૫૭)
કર્મના ક્ષયથી.

૬) परलोगस्स आराहगा। (ઓવ પત્ર-૬૧)

પરલોકના આરાધકો.

**(૪૧૧.૨)** ષષ્ઠ્યંત પદ ક્યારેક વિધેય તરીકે આવી શકે છે[૧]. ઉદાહરણ તરીકે—

किं नत्थि ममं जं अन्नराईणं अत्थि। (ચઉ પત્ર-૨૪)

અન્ય રાજા પાસે છે એવું મારી પાસે કાંઇ નથી?

**(૪૧૧.૩) 'માટે' આ ચતુર્થીના અર્થમાં ષષ્ઠીનો ઉપયોગ[૨] થાય છે.**

ઉદાહરણ તરીકે—

૧) जीवस्स उ सुहावहं। (ઉત્ત ૩૧.૧)

જીવ માટે સુખાવહ.

૨) तुमं तिहुयणस्स पूयणिज्जो। (નલ પત્ર-૧૮૭ અ)

તું ત્રિભુવન માટે પૂજ્ય છે.

**(૪૧૧.૪)** સંસ્કૃતમાં ચતુર્થી લેનાર ક્રિયાપદ અર્ધમાગધીમાં ષષ્ઠી લે છે.

**(૪૧૧.૪.૧.૧) આપવું, અર્પણ કરવું** (જેને આપવાનું હોય તેની ષષ્ઠી)

ઉદાહરણ તરીકે—

૧) मम करं देह। (ચઉ પત્ર-૧૯)

મને કર આપો

૨) राया नमुइस्स अप्पए रज्जं। (સંપઇ ૨.૪૯)

રાજાએ નમુચિને રાજ્ય અર્પણ કર્યું

**(૪૧૧.૪.૧.૨) કહેવું** (જેને કહેવાનું હોય તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

૧) भयवं! कहेह अम्हं। (કુમ્મા ૩૯)

હે ભગવન! અમને કહો.

---

૧ ઘાટગે પત્ર-૧૯૫

૨ छट्ठीविभत्तीए भण्णइ चउत्थी। (રાય, મલયગિરિસૂ. પત્ર-૨૬૬ પર ઉદ્ધૃત)

૨) बुहजणो अन्नमन्नस्स एवमाइक्खइ। (નિરયા પત્ર-૧૯)

ઘણા લોકોએ એકબીજાને આવું કહ્યું.

**(૪૧૧.૪.૧.૩) ગુસ્સો કરવો** (જેના પર ગુસ્સો આવે તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

૧) न वि ते कुप्पंति एक्कमेक्कस्स। (પઉમ ૩.૪૦)

અને તેઓ એકબીજા પર ગુસ્સો કરતા ન હતા.

૨) सा वि कुविया बंभदत्तस्स। (સમરા પત્ર-૧૩૬)

તેણી પણ બ્રહ્મદત્ત પર ગુસ્સે થઇ.

**(૪૧૧.૪.૧.૪) પસંદ હોવું** (જેને પસંદ હોય તેની ષષ્ઠી). ઉદાહરણ તરીકે—

૧) तुज्झ रुच्चइ किमेसो? (નલ પત્ર-૪)

તને આ પસંદ આવ્યો?

૨) जं तुह पिउणो पडिहाइ तं करेज्जासि।(મહા પત્ર-૧૯૯ બ)

જે તારા પિતાને પસંદ હોય તે તું કર.

**(૪૧૧.૪.૨.) નીચેના અર્થોનાં ક્રિયાપદોને ષષ્ઠીની અપેક્ષા રહે છે.**

**(૪૧૧.૪.૨.૧) સાંભળવું**[૧] (જેનું સાંભળવાનું હોય તેની ષષ્ઠી)

ઉદાહરણ તરીકે—

૧) सुणेह मे। (ઉત્ત ૧.૧)

હું કહું તે સાંભળ.

૨) पंडियाण निसामिया। (આચારાંગ ૧.૮.૩)

પંડિતોનું સાંભળીને.

**(૪૧૧.૪.૨.૨) ડરવું**[૨] (જેનાથી ડર હોય તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

૧) बीहेमि नियकुलकलंकस्स। (મહા પત્ર-૩૬ અ)

---

૧ ઘણી વખત દ્વિતીયા થાય છએ. ઉદાહરણ— न सुणंति परममित्ताणं वयणं। (સમરા પત્ર-૬૭૬)

૨ બહુધા પંચમી લાગે છે. 'પંચમીનો ઉપયોગ' જુઓ

પોતાના કુળના કલંકથી હું ડરું છું.

૨) नाहं मरणस्स बीहेमि। (સમરા પત્ર-૧૩૦)

હું મોતથી ડરતો નથી.

**(૪૧૧.૪.૨.૩) યોગ્ય હોવું** (જેને યોગ્ય તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

૧) नायतत्तस्स तुज्झ नो जुज्जए इमो गव्वो। (સિરિ ૯૫)

તત્ત્વજ્ઞાની એવા તને આ ગર્વ યોગ્ય નથી.

**(૪૧૧.૪.૨.૪) અનુજ્ઞા હોવી** (જેના માટે અનુજ્ઞા, તેની ષષ્ઠી) ઉદાહરણ તરીકે—

૧) न मे कप्पइ तारिसं। (દસ ૫.૧.૨૮)

તેવા પ્રકારનું (લેવાની) મને અનુજ્ઞા નથી.

૨) तंबोलो न कप्पइ बंभयारीणं। (કથા પત્ર-૪૨)

તાંબૂલની (ખાવાની) બ્રહ્મચારીઓને અનુજ્ઞા નથી.

**(૪૧૧.૪.૨.૫) જણાવવું** (જેને જણાવવું હોય તેની ષષ્ઠી) ઉદાહરણ તરીકે—

૧) एसो रन्नो अन्नेसिं च जाणावेस्सइ। (બંભ પત્ર-૩૨)

રાજાને અને અન્ય લોકોને આ માહિતી આપશે.

૨) एयस्स रहसि जाणावेहि। (બંભ પત્ર-૪૧)

આને એકાંતમાં જણાવ.

**(૪૧૧.૪.૨.૬) સ્મરણ કરવું**[૧] (જેનું સ્મરણ થાય તેની ષષ્ઠી). ઉદાહરણ તરીકે—

૧) कस्स कयंतेण सुमरियं? (મહા પત્ર-૬૪ અ)

કૃતાંતે કોનું સ્મરણ કર્યું?

---

૧ ઘણી વખત દ્વિતીયા પણ વપરાય છે. ઉદાહરણ—सुमरेहि मम पत्थणं। (સમરા પત્ર-૭૩૨) મારી પ્રાર્થના ધ્યાનમાં રાખો, नाहमप्पणो अवराहं संभरामि। (કથા પત્ર-૨૭) મને મારો અપરાધ યાદ નથી.(અહીં દ્વિતીયાના બદલે ષષ્ઠી છે એવું કહી શકાય)

२) अज्ज मए बंधवाण सुमरियं। (સમરા પત્ર-૩૪૪)

આજે મને બાંધવોની યાદ આવી.

**(૪૧૧.૪.૨.૭) ક્ષમા કરવી**[૧] (જેને ક્ષમા કરવી તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

१) अविणीयस्स मे खमसु। (વસુ[૨] ૨૫.૨૫)

અવિનીત એવા મને ક્ષમા કર.

२) खमसु मज्झ। (મહા પત્ર-૩૧૮ બ)

મને ક્ષમા કર.

**(૪૧૧.૪.૨.૮) ભરવું**[૩] (જેનાથી ભરવું હોય તેની ષષ્ઠી) ઉદાહરણ તરીકે—

१) भरिऊण नीरस्स। (સુપાસ ૬૪૬)

પાણીથી ભરીને.

२) पायसघयदहियाणं भरिऊणं भंडए गरुए। (અગડ ૨૧૯)

ખીર, ઘી અને દહીથી મોટાં વાસણ ભરીને.

**(૪૧૧.૪.૨.૯) ત્યાગ કરવો** (જેનો ત્યાગ તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

तस्स भंते! पडिक्कमामि। (દસ ૪)

ભગવન્! હું તેનુ પ્રતિક્રમણ કરું છું.

**(૪૧૧.૪.૨.૧૦) ઉપકાર કરવો** (જેના પર ઉપકાર તેની ષષ્ઠી)

ઉદાહરણ તરીકે—

१) किं एएसिं उवयरामि। (જિન પત્ર-૧૦)

હું આના પર કયો ઉપકાર કરું?

२) निरुवयारिणो वि उवयारो कायव्वो उवयारिणो पुण विसेसेण। (ધર્મો ૬૮)

---

૧ ક્યારેક દ્વિતીયા થાય છે. ઉદાહરણ— खमह मम अवराह। (મહા પત્ર-૧૫૪ અ) મારો અપરાધ ક્ષમા કર.

૨ ઘાટગે પત્ર-૧૭૮

૩ અહીં તૃતીયાર્થે ષષ્ઠી કહી શકાય. જુઓ ષષ્ઠી તૃતીયાર્થે (રાય, મલયગિરિસૂ., પત્ર-૧૪૮)

નિરુપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવો ઉપકારી પર પ્રામુખ્યથી (ઉપકાર કરવો).

**(૪૧૧.૪.૨.૧૧) પ્રસન્ન હોવું** (જેના પર પ્રસન્નતા તેની ષષ્ઠી) ઉદાહરણ તરીકે—

૧) जो पुण पुण्णविहूणो तस्स तुमं नो पसीएसि। (સિરિ ૯૬)

જે પુણ્યહીન છે તેના પર તું પ્રસન્ન થતો નથી.

૨) पसीय मज्झ। (નલ પત્ર-૯)

મારા પર પ્રસન્ન થાઓ.

**(૪૧૧.૪.૨.૧૨) બતાવવું** (જેને બતાવવું તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

૧) मम ताव तं पएसं दंसेहि। (સમરા પત્ર-૧૫૨)

મને હવે તે પ્રદેશ બતાવ.

૨) धम्मपहं दरिसिऊण लोगस्स। (પઉમ ૪.૮૮)

લોકોને ધર્મમાર્ગ બતાવીને.

**(૪૧૧.૪.૨.૧૩) અન્ન પીરસવું** (જેને પીરસવું તેની ષષ્ઠી)

ઉદાહરણ તરીકે—

૧) तस्स घरसामिणी परिवेसइ। (અરી પત્ર-૭)

તેને ગૃહસ્વામિનીએ જમવા માટે પીરસ્યું.

૨) तस्स परिवेसियं तं। (સુપાસ. ૪૯૬) તેને તે પીરસ્યું.

**(૪૧૧.૪.૨. ૧૪) શોભવું** (જેને શોભિત કરવું તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

नीयकम्ममेयं छज्जइ नीयस्स लोयस्स। (જિન પત્ર-૧૦)

આ નીચ કર્મ નીચ લોકોને જ શોભે છે.

**(૪૧૧.૪.૨.૧૫) મળવું, એકત્ર થવું** (જેની સાથે મિલન તેની ષષ્ઠી). ઉદાહરણ તરીકે—

૧) सो मिलिओ चारुदत्तस्स। (મહા પત્ર-૨૦૧ બ)
તે ચારુદત્તને મળ્યો (મિલન થયું).

૨) तहा काहामि जहा मिलसि नियपियमस्स। (મહા પત્ર-૧૦૪ બ)
એવું કરીશ કે જેનાથી તને તારી પ્રિયતમાનું મિલન થશે.

**(૪૧૧.૪.૨.૧૬) અપરાધ કરવો** (જેનો અપરાધ કર્યો હોય તેની ષષ્ઠી). ઉદાહરણ તરીકે—

૧) एयस्स किमवरद्धं? (મહા પત્ર-૧૭૭ બ)
આનો ક્યો અપરાધ હતો?

૨) जइ वि बाढं अवरद्धं कुमारेहि तुम्ह। (મહા પત્ર-૪૬ અ)
જો કુમારોએ તારો ખૂબ અપરાધ કર્યો છે.

**(૪૧૧.૪.૨.૧૭) મોકલવું** (જેને મોકલવું તેની ષષ્ઠી).
ઉદાહરણ તરીકે—

૧) पेसिओ दीहेण कडगाईण दूओ। (બંભ પત્ર-૮૦)
દીર્ઘે કડગ વગેરે પ્રતિ દૂત મોકલ્યો.

૨) पेसिओ भीमेण दहिवन्नस्स दूओ। (નલ પત્ર-૩૧)
ભીમે દધિપર્ણ પ્રતિ દૂત મોકલ્યો.

**(૪૧૧.૪.૨.૧૮) છુટવું**[૧] (જેનાથી છુટવું તેની ષષ્ઠી).
ઉદાહરણ તરીકે—

૧) मुच्चंति दुक्खाणं। पउम ૩૩.૫૫)
દુઃખથી છુટે છે.

૨) सव्वदुक्खाण मुच्चई। (ઉત્ત ૬.૮)
સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

**(૪૧૧.૪.૨.૧૯) પ્રભાવી હોવું** (જેના પર પ્રભાવ તેની ષષ્ઠી) ઉદાહરણ તરીકે—

---

૧ ઘણી વાર પંચમી લાગે છે.'પંચમીનો ઉપયોગ' જુઓ

१) कस्स उण एसो न पहवइ। (સમરા પત્ર-૭૨૪) કોના પર આ પ્રભાવી નથી ઠરતો?

२) न वि तस्स किंचि पहवइ। (સુપાસ ૫૯૨)
તેના પર કોઇનો પણ પ્રભાવ ચાલતો નથી

**(૪૧૧.૪.૨.૨૦) ઋણી હોવું** (જેના પર ઋણ તેની ષષ્ઠી) ઉદાહરણ તરીકે—
तुज्झ पिया मम पिउणो धारेइ अणूणगं सयसहस्सं। (ધર્મો. ૨૦૭)
તારા પિતાએ મારા પિતાને એક લાખ આપવા પડશે.

**(૪૧૧.૪.૨.૨૧) વિશ્વાસ[1] રાખવો** (જેના પર વિશ્વાસ તેની ષષ્ઠી)
ઉદાહરણ તરીકે—

१) जइ पत्तियह न मज्झं। (સુપાસ. ૫૯૪)
જો મારા પર વિશ્વાસ ન હોય તો.

२) अओ न इत्थीण वीससियव्वं। (ધર્મો. પત્ર-૧૪૭)
એટલે સ્ત્રીઓ પર વિશ્વાસ કરવો નહીં.

३) नियकलत्तस्स वि न वीससियव्वं। (કથા પત્ર-૧૭૬)
પોતાની પત્ની પર પણ વિશ્વાસ રાખવો નહીં.

**(૪૧૧.૪.૨.૨૨) સંતુષ્ટ થવું** (જેના પર સંતુષ્ટ તેની ષષ્ઠી). ઉદાહરણ તરીકે—

तुह तुट्ठाहं। (નલ પત્ર-૪૯)
તારા પર હું સંતુષ્ટ થયો છું.

**(૪૧૧.૪.૨.૨૩) નમસ્કાર[2] કરવા** (જેના નમસ્કાર તેની ષષ્ઠી) ઉદાહરણ તરીકે—

१) सिद्धाण नमुक्कारं काऊण। (પઉમ ૩.૧૩૬)
સિદ્ધોને નમસ્કાર કરીને.

---

૧ ક્યારેક સપ્તમી લાગે છે. સપ્તમીનો ઉપયોગ જુઓ.

૨ वंद, नमंस વગેરે ક્રિયાપદોને દ્વિતીયા લાગે છે. ઉદાહરણ—
१) समणं भगवं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ वंदइ नमंसइ। (નાયાસં પત્ર-૨૪)
२) नमंसइ अउज्झनयरीजिणहराइं। (નલ પત્ર-૩૫)

૨) जो कुणइ नमोक्कारं अरहंताणं। (પઉમ ૩૫.૩૭)

જે અરહંતોને નમસ્કાર કરે છે.

**(૪૧૧.૪.૨.૨૪) ઉપદેશ કરવો** (જેને ઉપદેશ કરવો તેની ષષ્ઠી).

ઉદાહરણ તરીકે—

૧) उवइसइ तस्स मंतं। (સુપાસ ૫૧૨)

તેને મંત્રનો ઉપદેશ કર્યો.

૨) तेण एगंते उवइट्ठो मम .. मंतो। (મહા પત્ર-૮૬ અ)

તેણે મને એકાંતમાં મંત્રનો ઉપદેશ કર્યો.

**(૪૧૧.૫.)** નીચે આપેલા અર્થોને અને તદર્થક નામોના વિશેષણોને ષષ્ઠીની અપેક્ષા રહે છે.

**(૪૧૧.૫.૧) તુલ્ય, સદશ :** ઉદાહરણ તરીકે—

૧) सरिसे णं तुमं तस्स अगडदद्दुरस्स। (નાયાસં પત્ર-૧૮૫)

તું તે કૂપમંડૂક જેવો છે.

૨) इंदगइंदस्स सारिच्छो। (અગડ પત્ર-૫૭)

ઈંદ્રના ઐરાવત જેવો.

૩) नत्थि मम समो पावी। (મહા પત્ર-૧૧૫ બ)

મારા જેવો પાપી નથી.

**(૪૧૧.૫.૨) પ્રિય, અપ્રિય, ઇષ્ટ અનિષ્ટ, વલ્લભ :**

ઉદાહરણ તરીકે—

૧) कुमरो सव्वेसिं वल्लहो जाओ। (કુમ્મા ૧૨૪)

રાજપુત્ર બધાને પ્રિય થયો.

૨) केसिं च पियं गज्जं। (જિન પત્ર-૧)

કેટલાકને ગદ્ય પ્રિય હોય છે.

૩) निच्चं पि अहं जिणरक्खियस्स इट्ठा। (નાયા ૯)

હું નિત્ય જિનરક્ષિતને પ્રિય હતી.

૪) निच्चं पि अहं जिणपालियस्स अणिट्ठा। (નાયાસ પત્ર-૧૨૯)

હું નિત્ય જિનપાલિતને અપ્રિય હતી.

૫) अवच्चरूवाणि कस्स वि न अप्पियाणि होंति।(અરી પત્ર-૮)

બાળકો કોઇને પણ અપ્રિય હોતા નથી.

**(૪૧૧.૫.૩) મિલન :** ઉદાહરણ તરીકે—

૧) तुमं मज्झ मिलिओ सि। (કુમ્મા ૩૧)

તારું મારી સાથે મિલન થયું છે.

૨) हवंति अवरस्स संजुत्ता। (પઉમ ૫.૧)

બીજા સાથે સંયુક્ત થાય છે.

**(૪૧૧.૫.૪) ભેદ, અંતર, ફરક :** ઉદાહરણ તરીકે—

૧) सावगाणं साहूणं किं अंतरं[૧]?

શ્રાવક (અને) સાધુઓમાં શું ભેદ?

૨) को विसेसो तुम्हाणमिमाण य? (કથા પત્ર-૧૧૫)

તમારામાં અને આમનામાં શું ફરક?

**(૪૧૧.૫.૫) યોગ્ય, અનુરૂપ, પ્રશસ્ત, ઉચિત :**ઉદાહરણ તરીકે—

૧) तुह जोग्गा। (વજ્જા ૨૨૪)

તને યોગ્ય.

૨) विवित्तवासो मुणिणं पसत्थो। (ઉત્ત. ૩૨.૧૬)

એકાંતવાસ મુનિને પ્રશસ્ત (છે).

૩) मज्झ अणुरूवं। (સિરિ ૧૩૯)

મને અનુરૂપ.

૪) ममावि एवं चेव उचियं। (જિન પત્ર-૫૫)

મને પણ આ જ ઉચિત છે.

---

૧ શાર્પે, પત્ર-૨૯૯

**(૪૧૧.૫.૬) છૂટકારો :** ઉદાહરણ તરીકે—

कडाण कम्माण न मोक्खु अत्थि। (ઉત્ત. ૪.૩)

કરેલા કર્મથી છૂટકો નથી.

**(૪૧૧.૫.૭) ભીતિ :** ઉદાહરણ તરીકે—

૧) नत्थि मे मच्चुभयं। (નલ પત્ર-૧૭)
   મને મૃત્યુભય નથી.
૨) पभीओ परलोगस्स। (ઉત્ત ૫.૧૧)
   પરલોકથી ખૂબ ડરેલો.
૩) नो भेयव्वं कस्स वि। (સુપાસ. ૫૮૪)
   કોઇથી પણ ડરવું નહીં.

**(૪૧૧.૫.૮) સ્વાગત :** ઉદાહરણ તરીકે—

सागयं ते। (સમરા પત્ર-૧૪)

તારું સ્વાગત થાઓ.

**(૪૧૧.૫.૯) કુશળ :** ઉદાહરણ તરીકે—

संपयं कुसलं सव्वेसिं। (નલ ૨૪)

હવે બધાનું કુશળ છે.

**(૪૧૧.૫.૧૦) વત્સલ :** ઉદાહરણ તરીકે—

दीणाणाहाण वच्छलो। (ધર્મો પત્ર-૩)

દીન અને અનાથ સાથે વત્સલ.

**(૪૧૧.૫.૧૧) ઉપકારી :** ઉદાહરણ તરીકે—

उवयारी तुमं अम्हाणं। (ધર્મો પત્ર-૬૮)

તું અમારો ઉપકારી છે.

**(૪૧૧.૫.૧૨) ઉત્કંઠિત :** ઉદાહરણ તરીકે—

उक्कंठिय म्हि दढं जणयजणणीणं। (જિન પત્ર-૧૨)

મને મા-બાપની ખૂબ જ ઉત્કંઠા થઇ છે.

**(૪૧૧.૫.૧૩) ટાળનાર** (બેધ્યાન કરનાર) : ઉદાહરણ તરીકે—

૧) गुणाणं च विवज्जओ। (દસ ૫.૨.૪૯)

ગુણ ટાળનાર.

૨) अगुणाणं विवज्जओ। (દસ ૫.૨.૪૪)

અગુણ ટાળનાર.

**(૪૧૧.૫.૧૪) संतिय** (સ્વામિત્વદર્શક). ઉદાહરણ તરીકે—

૧) मह संतिए मसाणम्मि। (જિન પત્ર-૨૦)

મારી માલિકીના સ્મશાનમાં.

૨) तुह संतियमेव सव्वमेयं। (જિન પત્ર-૨૪)

આ બધું તારું જ છે.

**(૪૧૧.૬)** કાળ દર્શાવતી વખતે ષષ્ઠીનો ઉપયોગ કરવામાં આવે છે[૧]. ઉદાહરણ તરીકે—

૧) सा सत्तरत्तस्स कालगया। (વસુ ૯૦.૧)[૨]

તેણી સાત દિવસ પહેલા મરી.

૨) राया पंचमदिणस्स तम्मि नगे वच्चइ। (ચઉ પત્ર-૪૬)

રાજા પાંચમા દિવસે તે પર્વત પર જાય છે.

૩) चिरस्स विउद्धा। (કથા પત્ર-૪૮)

ઘણા સમયે જાગી.

૪) चिरकालस्स पत्ताओ। (ધર્મો પત્ર-૧૯૯)

ઘણા સમયે આવી.

**(૪૧૧.૭)** અનેકમાંથી એક અથવા કેટલાક દર્શાવતી વખતે અનેકની ષષ્ઠી વાપરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) जो अम्हं समणो वा समणी वा। (નાયાસ પત્ર-૬૭)

આપણામાંથી જે શ્રમણ અથવા શ્રમણી.

---

૧ ઘાટગે પત્ર-૧૯૭

૨ ઘાટગે પત્ર-૧૭૮

૨) जह पव्वयाण मेरू नईण गंगा मियाण पंचमुहो।
पक्खीण जहा गरूडो सेसाही सयलभुयगाण।। (મહા પત્ર-૧૭૪ અ)
જવી રીતે પર્વતોમાં મેરુ, નદીઓમાં ગંગા, પશુઓમાં સિંહ, પક્ષીઓમાં ગરુડ, સર્વ સર્પોમાં શેષનાગ.

**(૪૧૧.૮)** તમ વાચકો અને શ્રેષ્ઠત્વ વાચકોને ષષ્ઠીની અપેક્ષા રહે છે.

**(૪૧૧.૮.૧) તમ વાચકો :** ઉદાહરણ તરીકે—

૧) इसीण सेट्ठे तह वद्धमाणे। (સૂય ૧.૬.૨૨)
તે પ્રમાણે ઋષિઓમાં વર્ધમાન શ્રેષ્ઠ (છે.)

૨) दाणाण सेट्ठं अभयप्पयाणं। (સૂય ૧.૬.૨૩)
દાનમાં અભયદાન શ્રેષ્ઠ.

૩) तेसिं जेट्ठो जण्हुकुमारो। (પાકમા પત્ર-૧૭)
તેઓમાં જણ્હુકુમાર શ્રેષ્ઠ.

૪) तिलुत्तमा उत्तमा सुरवहूणं। (ધૂર્તા ૧.૬૫)
દેવસ્ત્રીઓમાં તિલોત્તમા ઉત્તમ.

**(૪૧૧.૮.૨) શ્રેષ્ઠત્વવાચકો :** ઉદાહરણ તરીકે—

૧) सीहे मियाण पवरे। (ઉત્ત. ૧૧.૨૦)
પશુઓમાં સિંહ શ્રેષ્ઠ.

૨) पहाणो हं सेसराईणं। (ધર્મો પત્ર-૭૪)
બાકીના રાજાઓમાં હું પ્રધાન છું.

૩) अणायदुक्खा सुहीण ते पढमा। (લીલા ૫૭૧)
જેને દુઃખની ખબર જ નથી તે સુખીલોકમાં શ્રેષ્ઠ છે.

**(૪૧૧.૯)** કર્મણિ ભૂતકાલીન ધાતુસાધિત વિશેષણ[૧]નો ઉપયોગ નામ પ્રમાણે હોય તેને ષષ્ઠીની અપેક્ષા હોય છે. ઉદાહરણ તરીકે—

---

૧ કર્મણિ ભૂતકાલીન ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ વર્તમાનાર્થે હોય તેને પણ ષષ્ઠીની અપેક્ષા રહે છે. (કાળે પત્ર-૫૦૧) ઉદાહરણ— संमओ पयइलोयस्स। (મહા. પત્ર-૨૮ બ) પ્રજાજનોને સંમત. संमओ सामंतामच्चाणं। (કથા પત્ર-૧૨) સામંત, અમાત્યને સંમત.

૧) तं पुव्वजम्मपावस्स विलसियं। (સુપાસ ૫૧૦)

તે પૂર્વજન્મના પાપનું વિલાસિત.

૨) सोऊण जिणिंदस्स भासियं। (મહા પત્ર-૨૫૯ અ)

જિનેંદ્રનું ભાષણ સાંભળીને.

**(૪૧૧.૧૦)** 'ओ' પ્રત્યયાંત અવ્યયો, સ્થળદર્શક અવ્યયો વગેરેને ષષ્ઠીની અપેક્ષા રહે છે.

**(૪૧૧.૧૦.૧) ओ' પ્રત્યયાંત અવ્યયો :** ઉદાહરણ તરીકે—

૧) तस्स पुरओ। (બંભ પત્ર-૪૮)

તેની સામે.

**(૪૧૧.૧૦.૨) સ્થળદર્શક અવ્યયો :** ઉદાહરણ તરીકે—

૧) वडपायवस्स हेट्ठा। (બંભ પત્ર-૨૬)

વટવૃક્ષની નીચે.

૨) तुम्ह उवरि। (બંભ પત્ર-૨૬)

તમારા પર.

૩) नयरीए बहिया। (અંત-૬)

નગરીની બહાર.

**(૪૧૧.૧૦.૩) અન્ય**

૧) ताण समीवं। (બંભ પત્ર-૨૮)

તેની નજીક.

૨) मम सयासे। (અરી-૧૦)

મારી નજીક.

૩) रन्नो आसन्नो। (નલ પત્ર-૨૯)

રાજાની નજીક.

**(૪૧૧.૧૧.)** समक्खं, पच्चक्खं, परोक्खे આ શબ્દોને અને अलं, हद्धी धिरत्थु, नमो (नमोत्थु) कए આ અવ્યયોને ષષ્ઠીની અપેક્ષા રહે છે.

**(૪૧૧.૧૧.૧) समक्खं :** ઉદાહરણ તરીકે—

मम समक्खमेव। (સમરા પત્ર-૩૮)

મારી સમક્ષ જ.

**(૪૧૧.૧૧.૨) पच्चक्खं :** ઉદાહરણ તરીકે—

सव्वजणस्स पच्चक्खं। (નલ પત્ર-૪૧)

સર્વ લોકોની પ્રત્યક્ષ.

**(૪૧૧.૧૧.૩) परोक्खे :** ઉદાહરણ તરીકે—

मम परोक्खे। (બંભ પત્ર-૫૫)

મારી પરોક્ષ.

**(૪૧૧.૧૧.૪) अलं :** ઉદાહરણ તરીકે—

૧) अलं अप्पणो होइ अलं परेसिं। (દસ ૮.૬૨)
 પોતાનું અને બીજાનું રક્ષણ કરવા સમર્થ હોય છે.

૨) अलं पासायखंभाण। (દસ ૭.૨૭)
 પ્રાસાદ સ્તંભ માટે પર્યાપ્ત.

**(૪૧૧.૧૧.૫) हद्धी :** ઉદાહરણ તરીકે—

हद्धी तह मज्झ भागधिज्जाण। (સુપાસ ૬૦૩)

તેમ જ મારા નસીબને ધિક્કાર થાઓ.

**(૪૧૧.૧૧.૬) धिरत्थु :** ઉદાહરણ તરીકે—

૧) धिरत्थु विज्जुरेह व्व चंचलाणं रिद्धीणं। (ચઉ પત્ર-૨૬)
 વિજળીના ચમકારાની જેમ ચંચળ એવી રિદ્ધિનો ધિક્કાર થાઓ.

૨) धिरत्थु तेऽजसोकामी। (દસ ૨.૭)
 હે! અયશની ઇચ્છા કરનાર તારો ધિક્કાર થાઓ.

૩) धिरत्थु भोगाणं। (કથા પત્ર-૧૦૦)
 ભોગોનો ધિક્કાર થાઓ.

**(૪૧૧.૧૧.૭) नमो :** ઉદાહરણ તરીકે—

नमो अरिहंताण नमो सिद्धाणं नमो आयरियाणं

नमो उवज्झायाणं नमो लोए सव्वसाहूणं।

અરહંતોને, સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયોને,

અને જગતના સર્વ સાધુને નમસ્કાર થાઓ.

नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स। (ઓવ પત્ર-૧૪)

શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર.

**(૪૧૧.૧૧.૮) कए :** ઉદાહરણ તરીકે—

मह कए उवट्ठिओ एसो पलओ। (નલ પત્ર-૫)

મારા માટે આ પ્રલય નિર્માણ થયો.

**(૪૧૧.૧૨)** સત્ ષષ્ઠીનો[1] ઉપયોગ સહચારી ક્રિયા બતાવવા થાય છે. ઉદાહરણ તરીકે—

૧) परहत्थं संपत्ता ताव पिया मज्झ नियंतस्स। (સુર ૪.૨૨૬)

મારી નજર સામે જ પ્રિયા હવે બીજાના હાથમાં ગઇ.

૨) एवं विचिंतयंतस्स तस्स हत्थी अदंसणीभूओ। (સુર ૧૦.૧૨૦)

તે આવો વિચાર કરતો હતો ત્યારે હાથી અદશ્ય થયો.

**(૪૧૧.૧૨.૧)** ક્યારેક સત્ષષ્ઠીથી અનાદર બતાવવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

सो ताण रुदंतीणं नीओ सीहोयरो गुरुसमीवं। (પઉમ ૩૩.૧૨૨)

તેણી રડતી હતી ત્યારે તે સિંહોદર ગુરુ પાસે લઇ જવાયો.

**(૪૧૧.૧૨.૨)** સત્ષષ્ઠીમાં ક્યારેક ધાતુસાધિતની સાથે एवं (तहा, इत्थं) इइ (इति) નો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

---

૧ સત્ષષ્ઠી રચનાની માહિતીમાટે આગળ સતી સપ્તમી જુઓ.

१) इय तस्स भणंतस्स वि खणेण खयरो अद्दंसणं पत्तो। (નલ પત્ર-૪૭)
તે એવું કહેતો હતો ત્યારે જ ક્ષણમાં ખેચર અદશ્ય થયો.

२) एवं जंपंताणं नयणपहं वज्जिऊण दिवसयरो अद्दंसणमावन्नो।
(અગડ ૧૦૯)
તે એવું કહેતો હતો ત્યારે તેના દષ્ટિપથને છોડીને સૂર્ય અદશ્ય થયો. (અસ્ત થયો)

**(૪૧૧.૧૨.૩)** एव, मेत्त (मात्र) નો ધાતુસાધિતો સાથે ઉપયોગ હોય ત્યારે કેટલાક, તે જ, તત્કાળ એવો અર્થ થાય છે.

ઉદાહરણ તરીકે—

तुह नीहरियमेत्तस्स गामंतराउ अहमागया। (ધર્મો પત્ર-૬૯)

તું બહાર નીકળ્યો ન હતો ત્યારે હું ગામથી આવી.

**(૪૧૧.૧૩)** ઘણી વખત ઇતર વિભક્તિને બદલે ષષ્ઠીનો ઉપયોગ કરવામાં આવે છે[1]. ઉદાહરણ તરીકે—

**(૪૧૧.૧૩.૧) દ્વિતીયાને બદલે :** ઉદાહરણ તરીકે—

सीमंधरस्स वंदे। (હેમ ૩.૧૩૪) સીમંધરને વંદન કરું છું.

**(૪૧૧.૧૩.૨) તૃતીયાને બદલે :** ઉદાહરણ તરીકે—

१) तेसिं एयं अणाइण्णं निग्गंथाण महेसिणं। (દસ ૩.૧)
તે નિર્ગ્રંથ મહર્ષિ દ્વારા અનાચરણીય.

२) तस्स साहूणं दिन्नो जहोवएसो। (પઉમ ૩૩.૨૯)
સાધુઓએ તેને યોગ્ય ઉપદેશ કર્યો.

**(૪૧૧.૧૩.૩) પંચમીના બદલે :** ઉદાહરણ તરીકે—

१) विरत्तो भवदुहस्स। (સુપાસ ૬૪૦)
સંસારદુઃખથી વિરક્ત.

२) न विरमए कुसुमोच्चयस्स। (સમરા પત્ર-૩૪૯)
ફુલો વીણવા માટે રોક્યો નહીં.

---

૧ क्वचिद् द्वितीयादेः। (હેમ ૩.૧૩૪)

૩) इहपरलोगसुहाण चुक्कइ। (ધર્મો પત્ર-૭૨)

ઈહપરલોકનાં સુખથી વંચિત થાય છે.

**(૪૧૧.૧૩.૪) સપ્તમીને બદલે**

૧) सा य मूलदेवस्स रत्ता। (કથા પત્ર-૭૨)

અને તેણી મૂલદેવ પર આસક્તી હતી.

૨) संखाणं सिंगाणं[1]। (રાય પત્ર-૯૬)

**(૪૧૨.) સપ્તમી વિભક્તિનો ઉપયોગ**

**(૪૧૨.૧)** અંદર, ઉપર, વચ્ચે આ અર્થોમાં મુખ્ય અથવા ગૌણ સ્થળવાચક શબ્દો સપ્તમીમાં રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

**(૪૧૨.૧.૧) સ્થળ :** ઉદાહરણ તરીકે—

૧) न सरीरम्मि एयम्मि सुइत्तं किं पि विज्जए।(બંભ પત્ર-૩૭)

આ શરીરમાં કાંઇ પણ પવિત્ર નથી.

૨) सीहासणे निसीयइ। (મહા પત્ર-૧૩૮અ)

સિંહાસન પર બેસે છે.

૩) तुह धम्मे केत्तियाइं तत्ताइं? (જિન પત્ર-૩૦)

તારા ધર્મમાં કેટલાં તત્ત્વ છે?

**(૪૧૨.૧.૨) કાળ :** ઉદાહરણ તરીકે—

૧) आसाढे मासे। (ઉત્ત. પત્ર-૨૬.૧૩)

અષાઢ મહિનામાં.

૨) न लहइ सुक्खं दिणे निसाए वा। (નલ પત્ર-૪૧)

દિવસે કે રાત્રે સુખ પામતો નથી.

**(૪૧૨.૨)** જે મુખ્ય કે ગૌણ સ્થાન પર ક્રિયા થાય છે તેની સપ્તમી રાખવામાં આવે છે.

---

૧ षष्ठी सप्तम्यर्थे। (રાય મલયગિરિસૂ. પત્ર-૧૦૯)

ઉદાહરણ તરીકે—

૧) तं तं सिरम्मि निवडइ। (વજ્જા ૧૨૦)

તે તે માથા પર પડે છે.

૨) भोगी भमइ संसारे। (ઉત્ત ૨૫.૪૧)

ભોગી સંસારમાં ભ્રમણ કરે છે.

૩) दुत्तरदुक्खसमुद्दे निवडइ सो। (અગડ ૧૪૩)

દુસ્તર દુઃખરૂપી સમુદ્રમાં તે પડ્યો.

**(૪૧૨.૩)** જે પકડવામાં આવે તેની સપ્તમી થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) रोसेण कंठे घेत्तूण निद्धाडिओ दूओ अवद्दारेणं। (મહા પત્ર-૧૧ બ)

રોષથી ગળું પકડીને દૂતને અપદ્વારથી કાઢ્યો.

૨) घेत्तूणं केसेसुं भणियं अयलेण। (ધર્મો પત્ર-૧૦૩)

કેશ પકડીને અચલે કહ્યું.

**(૪૧૨.૪)** ગત્યર્થક ધાતુના ગંતવ્યની[૧] ક્યારેક ક્યારેક સપ્તમી વાપરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) जंति नरएसु। (કથા પત્ર-૯)

નરકમાં જાય છે.

૨) गओ गिरिसिहरे। (પાકમા. પત્ર-૬૭)

પર્વતશિખર પર ગયો.

૩) नेसु उयहिंमि गंगं। (પાકમા પત્ર-૨૭)

ગંગાને સમુદ્ર તરફ લઇ જા.

**(૪૧૨.૫)** અનેકમાંથી એક અથવા કેટલાક (કેટલુંક, કેટલીક) બતાવવા માટે સપ્તમીનો ઉપયોગ થાય છે[૨]. ઉદાહરણ તરીકે—

---

૧ ગંતવ્યની પ્રાયઃ દ્વિતીયા હોય છે.

૨ પ્રાયઃ ષષ્ઠીનો ઉપયોગ હોય છે.

सएसु जायए सूरो सहस्सेसु य पंडिओ। (વસુ[1] ૧૦૫.૮)

સોમાં (એકાદો) શૂર, હજારોમાં (એકાદો) પંડિત થાય છે.

**(૪૧૨.૬)** તમ વાચકોને સપ્તમીની અપેક્ષા[2] હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) गंधेसु वा चंदणमाहु सेट्ठं। (સૂય ૧.૬.૧૯)
સુગંધી પદાર્થોમાં ચંદનને શ્રેષ્ઠ કહેવાય છે.

૨) नागेसु वा धरणिंदमाहु सेट्ठं। (સૂય ૧.૬.૨૦)
નાગોમાં ધરણેંદ્રને શ્રેષ્ઠ કહે છે.

**(૪૧૨.૭)** 'કોશમાં' આ અર્થોમાં અને આ અર્થથી સપ્તમીનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) मोरे अल्लल्लो कुक्कुडे अलंपो। (દેનામા ૧૩)
અલ્લલ્લ એટલે મોર, અલંપ એટલે કુકડો.

૨) हालम्मि कुंतलो। (દેનામા ૩૬)
કુંતલ એટલે હાલ (સાતવાહન).

**(૪૧૨.૮)** ક્યારેક તુમંતના અર્થમાં હેતુ દર્શાવવા સપ્તમીનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) चिट्ठंति तत्थ पंच वि जोएंता मारणे छिद्दं। (અગડ ૩૦૫)
મારવા માટે દોષ (છિદ્ર) જોતા પાંચ (માણસ) ત્યાં જ રહ્યા.

૨) रक्खणपोसणे मणुस्सो सि। (સૂય ૧.૪.૧.૧૪)
રક્ષણ-પોષણ કરવા માટે (તું જ એક) માણસ છે.

**(૪૧૨.૯)** 'अलं' આ અવ્યયને ક્યારેક સપ્તમીની અપેક્ષા રહે છે. ઉદાહરણ તરીકે—

नालं दुक्खाउ मोयणे। (ઉત્ત ૬.૬)

દુઃખોથી છોડાવવા માટે અસમર્થ.

---

૧ ઘાટગે પત્ર-૧૭૯

૨ પ્રાયઃ ષષ્ઠીની અપેક્ષા જોવા મળે છે.

**(૪૧૨.૧૦)** નીચેના અર્થોના ધાતુ (અને નામ) ને સપ્તમીની અપેક્ષા રહે છે.

**(૪૧૨.૧૦.૧) રમમાણ થવું**[3] : ઉદાહરણ તરીકે—

૧) न मे इमंमि रमइ मणं। (નલ પત્ર-૩)
મારું મન આનામાં રમમાણ થતું નથી.

૨) रमसु धम्मम्मि। (સુપાસ ૫૧૮)
ધર્મમાં રત થાઓ.

**(૪૧૨.૧૦.૨) આસક્ત હોવું** (જેમાં આસક્ત તેની સપ્તમી) : ઉદાહરણ તરીકે—

૧) रूवे मुच्छिए। (નાયાસં પત્ર-૧૮૫)
રૂપમાં આસક્ત.

૨) उत्तिमपुरिसा...धम्मकहाए चेव अणुज्जंति।(સમરા પત્ર-૪)
ઉત્તમ પુરુષ ફક્ત ધર્મકથામાં આસક્ત થાય છે.

૩) अजुत्तो भवे पडिबंधो। (પાકમા પત્ર-૭૪)
સંસારમાં આસક્તિ અયોગ્ય છે.

**(૪૧૨.૧૦.૩) સાહચર્ય, સ્થિતિ** : ઉદાહરણ તરીકે—

૧) सुपुरिसमग्गम्मि ठिओ पुरिसो पावेइ कल्लाणं। (નાણ ૧૦.૭૩)
સત્પુરુષોના માર્ગ પર રહેનાર પુરુષ કલ્યાણ પ્રાપ્ત કરે છે.

૨) जोव्वणे वट्टमाणा। (ઓવ પત્ર-૩૦)
તારુણ્યમાં રહેનારા.

૩) ठिया अणसणे। (બંભ પત્ર-૩૪)
ઉપવાસ કરવા લાગ્યા.

**(૪૧૨.૧૦.૪) ક્રોધ કરવો**[4] (જેના પર ક્રોધ હોય તેની સપ્તમી).
ઉદાહરણ તરીકે—

---

૩ જેમાં રમાય તેની સપ્તમી.

૪ ઘણી વાર ષષ્ઠી હોય છે.

૧) अवरद्धे वि न कुप्पइ। (સમરા પત્ર-૪૮)
અપરાધી પર પણ ક્રોધ કરતો નથી.

૨) न तेसु कुज्झे। (સૂય ૧.૧૪.૯)
તેના પર ક્રોધ ન કરવો નહીં.

**(૪૧૨.૧૦.૫) વિશ્વાસથી**[૧] (જેના પર વિશ્વાસ તેની સપ્તમી).

ઉદાહરણ તરીકે—

૧) रमणीसु पत्तियसि। (મહા ૨૦૧ બ)
સ્ત્રીઓ પર વિશ્વાસ કરે છે.

૨) महिलियासु उ वीसंभो न य कायव्वो। (ધર્મો પત્ર-૧૪૮)
સ્ત્રીઓ પર વિશ્વાસ ન કરવો.

૩) कहं वा खणमेत्तं पि बज्झवत्थूसु विस्सासो? (મહા પત્ર-૬૮ અ)
બાહ્ય વસ્તુઓ પર ક્ષણમાત્ર પણ કેમ વિશ્વાસ (કરે)?

**(૪૧૨.૧૦.૬) (આસક્ત હોવું)** : ઉદાહરણ તરીકે—

मा रज्जह विसएसुं। (કથા પત્ર-૧૦)

વિષયમાં આસક્ત ન હોવું.

**(૪૧૨.૧૦.૭) પ્રેમ, અનુરાગ** (જેના પર પ્રેમ તેની સપ્તમી).

ઉદાહરણ તરીકે—

૧) सयणेसु सिणेहो। (સંપઇ ૧.૧૧૬)
સ્વજનો પર સ્નેહ.

૨) जाया एयस्स अम्हेसु पीई। (સમરા પત્ર-૨૫૨)
તેની અમારા પર પ્રીતિ થઇ.

૩) अत्थि से धम्मचरणम्मि अणुराओ। (સમરા પત્ર-૩૦૦)
તેનો ધર્માચરણ પર અનુરાગ છે.

---

૧ ઘણી વાર ષષ્ઠી હોય છે. ક્યારેક 'सद्दह' ધાતુ દ્વિતીયામાં હોય છે. सद्दहामि तुम्ह वयणं। (કથા પત્ર-૧૩૮) सद्दहामि निग्गंथं पावयणं। (નિરયા પત્ર-૭૧)

**(૪૧૨.૧૦.૮) પ્રમાદ કરવો** (જે બાબતમાં પ્રમાદ હોય તેની સપ્તમી). ઉદાહરણ તરીકે—

૧) जो धम्ममि पमायइ। (સુર ૮.૧૫૦)
જે ધર્મની બાબતમાં પ્રમાદ કરે છે.

૨) को पमायइ जिणिंदधम्मंमि सोक्खहेउम्मि? (મહા પત્ર-૬૨બ)
સુખના હેતુ એવા જિનેંદ્રના ધર્મમાં કોણ પ્રમાદ કરે?

**(૪૧૨.૧૦.૯) અપરાધ કરવો** (જેનો અપરાધ, તેની સપ્તમી) :
ઉદાહરણ તરીકે—
जो अणगारे ... अवरज्झइ। (વસુ પત્ર-૨૨૭)
જે અનગારનો અપરાધ કરે છે.

**(૪૧૨.૧૦.૧૦) મૂઢ હોવું :** ઉદાહરણ તરીકે—

૧) मुज्झंति हियाहिएसु। (સમરા પત્ર-૨૭૫)
હિત અને અહિત વિષે મૂઢ હોય છે.

૨) मा माणुस्सएसु भोगेसु ... मुज्झह। (નાયાસ પત્ર-૧૧૪)
માનવી ભોગવિષયમાં (ભોગોમાં) મૂઢ ન થાય.

**(૪૧૨.૧૦.૧૧) પ્રવૃત્ત હોવું :** ઉદાહરણ તરીકે—
भोगेसु को पयट्टेज्जा? (મહા પત્ર-૭૩૭ બ)
ભોગો વિષે કોણ પ્રવૃત્ત થશે?

**(૪૧૨.૧૦.૧૨) પ્રયત્ન કરવો**

૧) जइयव्वं परोवयारे। (સમરા પત્ર-૭૩૨)
પરોપકાર બાબત પ્રયત્ન કરવો.

૨) जत्तो गुणेसु कायव्वो। (સમરા પત્ર-૨૧)
ગુણોની (પ્રાપ્તિની) બાબતમાં યત્ન કરવો.

૩) तुम्हेहिं चित्तसुद्धिए जइयव्वं। (કથા પત્ર-૧૦૭)
તમે ચિત્તશુદ્ધિની બાબતમાં યત્ન કરો.

**(૪૧૨.૧૦.૧૩) લોભ :** ઉદાહરણ તરીકે—

जसंसि निम्मले लोहो। (સમરા પત્ર-૭)

નિર્મળ યશ બાબતે લોભ.

**(૪૧૨.૧૦.૧૪) પ્રભાવ[૧] :** ઉદાહરણ તરીકે—

सुरासुरेसु वि पहवइ विही। (નલ પત્ર-૨૫)

સુર અને અસુર પર પણ ભાગ્યનો પ્રભાવ છે.

**(૪૧૨.૧૦.૧૫) પ્રહાર :** ઉદાહરણ તરીકે—

૧) को तुमं जो सुत्तेसु पहरसि। (નલ પત્ર-૫૦)
 સુતેલા પર પ્રહાર કરનાર તું કોણ?

૨) ते किवाणो किं न लज्जए इमेसु पसुपाएसु पहरंतो। (નલ પત્ર-૧૨)
 આ પશુપ્રાયઃ (લોકો પર) પ્રહાર કરતા તારા કૃપાણને લાજ નથી આવતી શું?

**(૪૧૨.૧૦.૧૫.૧)** નીચે કહેલાં કેટલાંક નામોને પણ સપ્તમીની અપેક્ષા રહે છે.

ઉદાહરણ તરીકે—

૧) संसारे मे धिई नत्थि। (જિન પત્ર-૩૮)
 સંસારમાં મારી આસ્થા નથી.

૨) इमस्स विजए वि मज्झ संदेहो। (મહા પત્ર-૯૩ બ)
 આના વિજયની બાબતમાં પણ મને સંદેહ છે.

૩) सुहाभिमाणो तेसु। (બંભ પત્ર-૩૬)
 તેઓના સ્થાને સુખાભિમાન

૪) भत्ती जिणेसु मित्ती जिएसु। (સુપાસ. ૫૬૬)
 જિનો પર ભક્તિ જીવો પર મૈત્રી.

---

૧ ઘણી વાર ષષ્ઠી હોય છે.

૫) को गुणेसु मच्छरो। (ધર્મો પત્ર-૧૭૮)
ગુણો બાબતે કેવો મત્સર?

૬) पुव्वदुक्कडेसु अच्चंतं अणुभावो। (સમરા પત્ર-૨૭૪)
પૂર્વ દુષ્કૃત્ય બાબત અત્યંત અનુતાપ.

૭) जइ पुत्त तुज्झ रज्जे नत्थि रुई। (કથા પત્ર-૧૨૪)
પુત્ર! જો તારી રાજ્યના સ્થાને રુચિ ન હોય તો.

**(૪૧૨.૧૧.)** નીચેના અર્થોનાં વિશેષણોને સપ્તમીની અપેક્ષા રહે છે.

**(૪૧૨.૧૧.૧) વ્યાપૃત :** ઉદાહરણ તરીકે—

गुरुजणणिजणयकज्जम्मि वावडत्तणं। (ધર્મો પત્ર-૩)

ગુરુ, માતા, પિતાનાં કાર્ય બાબતે વ્યાપૃતતા.

**(૪૧૨.૧૧.૨) આસક્ત**

૧) आसत्तो जिणधम्मे। (સુપાસ ૫૪૧)
જિનધર્મમાં આસક્ત.

૨) जे गिद्धए कामभोगेसु। (ઉત્ત. ૫.૫)
કામભોગમાં જે આસક્ત.

૩) जे विसएसु पसत्ता। (પઉમ ૩૩.૩૬)
જે વિષયોમાં આસક્ત.

**(૪૧૨.૧૧.૩) અનુરક્ત :** ઉદાહરણ તરીકે—

जिणवयणे गाढमणुरत्तो। (સુર ૧.૧૧૩)

જિનવચનો પર ગાઢ અનુરક્ત.

**(૪૧૨.૧૧.૪) કુશળ :** ઉદાહરણ તરીકે—

जाओ एसो कलासु कुसलो। (મહા પત્ર-૯૦ અ)

આ (વ્યક્તિ) કળામાં કુશળ થયો.

**(૪૧૨.૧૧.૫) નિપુણ :** ઉદાહરણ તરીકે—

गीयाइसु निउणा। (સિરિ ૫૯)

ગાવું વગેરેમાં નિપુણ.

**(૪૧૨.૧૧.૬) વિચક્ષણ :** ઉદાહરણ તરીકે—

वियक्खणो मणिपरिक्खाए। (કુમ્મા ૭૪)

રત્ન પરીક્ષામાં વિચક્ષણ.

**(૪૧૨.૧૧.૭) રત :** ઉદાહરણ તરીકે—

૧) धम्मंमि रओ। (સુપાસ ૫૯૦)

ધર્મમાં રત.

૨) निरओ परोवयारे। (અગડ ૧૩)

પરોપકારમાં નિરત.

**(૪૧૨.૧૧.૮) લુબ્ધ**

णवरं गुणेसु लुद्धा। (ધર્મો પત્ર-૧૦૨)

ફક્ત ગુણોમાં લુબ્ધ.

**(૪૧૨.૧૧.૯) પ્રમત્ત :** ઉદાહરણ તરીકે—

जिणधम्मंमि पमत्ता। (સુપાસ ૬૨૯)

જિનધર્મ બાબત પ્રમાદ કરનારી.

**(૪૧૨.૧૧.૧૦) ઉદ્વિગ્ન :** ઉદાહરણ તરીકે—

उव्विग्गा सयलकज्जेसु। (સુર ૧૦.૩૧)

સર્વ કાર્યમાં ઉદ્વિગ્ન.

**(૪૧૨.૧૧.૧૦.૧)** નીચે કહેલાં વિશેષણોને પણ સપ્તમીની અપેક્ષા રહે છે. ઉદાહરણ તરીકે—

૧) समो निंदापसंसासु। (ઉત્ત ૧૯.૯૦)

નિંદા-પ્રશંસાની બાબતે સમ.

૨) छेओ परचित्तपरिण्णाणे। (મહા પત્ર-૨૩ અ)

બીજાનું ચિત્ત જાણવામાં હોશિયાર.

૩) तवोकम्मंसि उज्जुत्तो। (ઉત્ત ૧૯.૮૦)
તપ કર્મમાં ઉદ્યુક્ત.

૪) मंदो सद्धम्मकज्जम्मि। (સુપાસ ૫૦૭)
સદ્ધર્મકાર્યમાં મંદ.

૫) परंमुहो परकलत्ते। (સમરા ૫ત્ર-૪૦૬)
પરસ્ત્રીથી પરાઙ્મુખ.

૬) असंतुट्ठो परोवयारे। (સમરા ૫ત્ર-૪૦૬)
પરોપકાર કરવામાં અસંતુષ્ટ.

૭) अणुकूला सव्वकज्जेसु। (નાણ ૧૦.૧૫)
સર્વ કાર્યમાં અનુકૂળ.

૮) संजमम्मि य जुत्ताणं। (દસ ૩.૧૦)
સંયમમાં યુક્ત રહેનારનું.

૯) आयाणनिक्खेवे संजओ। (ઉત્ત૧૨.૨)
આદન-નિક્ષેપની બાબત સંયત.

**(૪૧૨.૧૨)** સમકાલીન ક્રિયા અથવા સહચાર સ્થિતિ દર્શાવતી વખતે સતિ સપ્તમીનો[૧] ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) संते पाइयकव्वे को सक्कइ सक्कयं पढिउं। (વજ્જા ૨૯)
પ્રાકૃત કાવ્ય હોય તો સંસ્કૃતનો અભ્યાસ કોણ કરી શકશે?

---

૧ સતી સપ્તમી-જ્યારે ગૌણ ઘટના અને ક્રિયા દ્વારા પ્રધાન ઘટના અને ક્રિયાકાળના સમકાલીન અથવા કિંચિત્ ઉત્તરકાલીન બોધ થાય છે ત્યારે સતિ સપ્તમીનો ઉપયોગ કરવામાં આવે છે. ૧) સમકાલીન ઘટના હોય ત્યારે, ગૌણ ઘટનાના ક્રિયાપદનું વર્તમાન કાલીન ધાતુ વિશેષણ અને ઘટના ભિન્નકાલીન હોય ત્યારે ધાતુના કર્મણિ.ભૂત કાલીન ધાતુ વિશેષણનો ઉપયોગ કરવામાં આવે છે. ૨) કર્તરિ ધાતુસાધિત વિશેષણ અને કર્તાને સપ્તમીમાં રાખવામાં આવે છે, કર્મણિ ધાતુસાધિત વિશેષણ હોય તો તેનું કર્મ અને તે ધાતુસાધિતની સપ્તમી વિભક્તિ થાય છે. ૩) આ સપ્તમ્યંત શબ્દ સાથે 'अस' નું સપ્તમ્યંત વર્તમાન કાલીન ધાતુ વિશેષણ ક્યારેક ઉક્ત અથવા અનુક્ત હોય છે. સત્ષષ્ઠીની રચનામાં સપ્તમીના બદલે ષષ્ઠીનો ઉપયોગ કરવામાં આવે છે.

૨) थणियसद्दकुणमाणेसु सजलजलहरेसु, मंदं मंदं निवडंतीसु वारिधारासु, नियनियगेहं अणुवच्चंतेसु पहियजणेसु, माणससरं सरंतेसु रायहंसेसु, सामी पडिनियत्तिऊण समागओ तत्थेव। (મહા પત્ર-૧૪૬ બ)

જલપૂર્ણ મેઘ ગર્જના કરતો હતો ત્યારે, (વરસાદના) પાણીની ધારા મંદ મંદ પડતી હતી ત્યારે, પથિકો પોત પોતાને ઘરે (પાછા) ચાલ્યા હતા ત્યારે, રાજહંસ માનસ સરોવરનું સ્મરણ કરતા હતા ત્યારે સ્વામી પાછા ફરીને તે જ સ્થાને આવ્યા.

૩) तम्मि य गए भणियं जण्हुकुमारेण। (પાકમા પત્ર-૨૦)

અને તેના જવા પછી જણ્હુકુમારે કહ્યું.

૪) एवं च कए समाणे लोयवाओ वि परिहरिओ होइ। (સમરા પત્ર-૧૦૬)

અને આવું કરવાથી લોકાપવાદને પણ દૂર કર્યો એવું થશે.

**(૪૧૨.૧૨.૧)** ધાતુસાધિત સાથે ક્યારેક एवं, इत्थं, इह, तहा નો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) तहा कए खुब्भइ सामंतवग्गो। (મહા પત્ર-૩૨ અ)

તેમ કરવાથી સામંત વર્ગ ક્ષુબ્ધ થશે.

૨) इय भणिए सो चिंतेउ आरद्धो। (મહા ૧.૮૨)

એવું કહેવાથી તેણે વિચાર કરવાની શરુઆત કરી.

**(૪૧૨.૧૨.૨)** ધાતુસાધિત સાથે एव, मेत्त (માત્ર) નો ઉપયોગ થયો હોય ત્યારે 'તત્ક્ષણમાં, ના એ જ' એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) एवं च भणियमेत्ते गणहरवसहो कहेइ भूयत्थं। (પઉમ ૪.૬૭)

એવું કહેવાયું તેટલામાં શ્રેષ્ઠ ગણધરોએ સાચો અર્થ બતાવે છે.

૨) कुमारे दिट्ठमेत्ते चेव तीए महंतो अणुबंधो आसि। (કથા પત્ર-૧૪૮)

કુમારને જોતા જ તેણીમાં ખૂબ પ્રેમ ઉત્પન્ન થયો.

**(૪૧૨.૧૩)** ક્યારેક અન્ય કેટલીક વિભક્તિના બદલે સપ્તમીનો ઉપયોગ કરેલો જોવા મળે છે.

**(૪૧૨.૧૩.૧) દ્વિતીયાને બદલે**[૧] : ઉદાહરણ તરીકે—

तिलजंतम्मि वहंतो अहोनिसिं दुब्बलो जाओ। (સુર ૧૬.૧૯૦)

અહર્નિશ તિલ-યંત્રનું વહન કરીને દુર્બળ થયો.

**(૪૧૨.૧૩.૨) તૃતીયાને બદલે**[૨] : ઉદાહરણ તરીકે—

૧) तिसु तेसु अलंकिया पुहवी। (વજ્જા ૮૭)
તે ત્રણેથી પૃથ્વી અલંકૃત થાય છે.

૨) जइ वि य गएसु अंगं पेल्लिज्जइ। (પઉમ ૨.૧૦૯)
અને જો હાથી દ્વારા અંગને કષ્ટ અપાય.

૩) पुप्फेसु होज्ज उम्मीसं बीएसु हरिएसु वा। (દસ ૫.૧.૫૭)
ફૂલો અથવા બીજ અથવા હરિત સાથે મિશ્ર થશે.

**(૪૧૨.૧૩.૩) પંચમીને બદલે** : ઉદાહરણ તરીકે—

૧) चंदेसु निम्मलयरा आइच्चेसु अहियं पयासयरा सिद्धा। (સામા પત્ર-૧૩)
ચંદ્ર કરતા અધિક નિર્મળ, સૂર્ય કરતા અધિક પ્રકાશ દેનાર સિદ્ધ.

૨) विणिअट्टंति भोगेसु। (દસ ૨.૧૧)
ભોગોથી નિવૃત્ત થાય છે.

૩) विरमह विसएसुं। (કથા પત્ર-૧૫૫)
વિષયોથી નિવૃત્ત થાઓ.

૪) पाणेसु पियतरी। (વસુ પત્ર-૨૩૬)
પ્રાણ કરતા અધિક પ્રિય.

**(૪૧૨.૧૩.૪) ષષ્ઠીને બદલે** : ઉદાહરણ તરીકે—

अज्जसुहम्मे थेरे तिक्खुत्तो आयहिणं पयाहिणं करेइ।[૩] (નાયાસ પત્ર-૨)

માનનીય વૃદ્ધ આર્ય સુધર્માને ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે.

---

૧ द्वितीयातृतीययोः सप्तमी। (હેમ ૩.૧૩૫)

૨ द्वितीयातृतीययोः सप्तमी। (हेम ૩.૧૩૫)

૩ अज्जसुहम्मे थेरे इत्यत्र षष्ठ्यर्थे सप्तमी। (આ.અભયદેવસૂ. નાયા પોથી પત્ર-૧૦ બ)

**(૪૧૩.) સંબોધન વિભક્તિનો ઉપયોગ**

**(૪૧૩.૧) બોલાવતી વખતે :** ઉદાહરણ તરીકે—

૧) पुत्तय! तुह साहसेण तुट्ठ म्हि। (મહા પત્ર-૧૬૩ બ)

પુત્ર! તારા સાહસથી હું સંતુષ્ટ છું.

૨) भयवइ कुलदेवए!। (સમરા પત્ર-૨૪૯) ભગવતી કુળદેવતા!

**(૪૧૩.૨)** ક્યારેક 'ધી' અવ્યય સાથે સંબોધનનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) धी धी पुरोहियाहम! (મહા પત્ર-૫૮ બ)

અધમ પુરોહિત! ધિક્કાર (તારો).

૨) धि धि उज्जहकारिए। (ધર્મો પત્ર-૮૬)

માલિન્ય લાવનાર સ્ત્રીઓ! ધિક્કાર (તમારો).

• • •

## પ્રકરણ ૨૫

# કાળ અને અર્થનો ઉપયોગ

### (૪૧૪) વર્તમાનકાળનો ઉપયોગ

**(૪૧૪.૧) વર્તમાનકાલીન ક્રિયા બતાવવા વર્તમાનકાળનો ઉપયોગ થાય છે.** ઉદાહરણ તરીકે—

૧) एसो सुमिणो सुपुत्तलाभं फुडं कहइ। (સુપાસ ૫૩૫)

આ સ્વપ્ન સારા પુત્રનો લાભ સ્પષ્ટ પણે બતાવે છે.

૨) एयं पि नो वियाणइ। (મહા પત્ર-૧૪૭ અ)

આ પણ જાણતો નથી.

**(૪૧૪.૧.૧)** વર્તમાનકાલીન ચાલુ (અપૂર્ણ) ક્રિયા દર્શાવવા. ઉદાહરણ તરીકે—

૧) संखउरे वच्चामि तित्थाणं दंसणनिमित्तं। (અગડ ૨૧૦)

તીર્થોના દર્શન માટે હું શંખપુર જઉં છું.

૨) सो एसो आगच्छइ। (સિરિ ૧૧૯)

તે આ આવે છે.

**(૪૧૪.૨) નિત્ય ક્રિયા દર્શાવવા વર્તમાનકાળનો ઉપયોગ થાય છે.**

ઉદાહરણ તરીકે—

૧) फरुसं न भणसि। (વજ્જા ૪૦)

કઠોર બોલતો નથી.

૨) परवसणंमि सुहेणं संसारानिच्चयं कहइ लोओ। (પાકમા પત્ર-૨૬)

બીજાના સંકટ સમયે લોકો સંસારની અનિત્યતા સરળતાથી કહે છે.

**(૪૧૪.૩)** નિસર્ગના નિયમો અને રચના, સજીવ પ્રાણીઓનું વૈશિષ્ટ્ય, ટેવ વગેરે જે કાઇ નિત્ય, નિયમિત એકરૂપ છે તેને બતાવવા તેમ જ સામાન્ય સત્ય બતાવવા વર્તમાનકાળનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૪૧૪.૩.૧) નિસર્ગના નિયમો :** ઉદાહરણ તરીકે—

૧) संति पंच महब्भूया। (સૂય ૧.૧.૧૭)

પાંચ મહાભૂતો છે.

૨) निसाविरामे दिअहो समेइ दिणावसाणे च उवेइ राई। (પાઇ પત્ર-૭૭)

રાત્રિ પૂરી થયા પછી દિવસ આવે છે. દિવસના અંતે રાત્રિ આવે છે.

૩) कालस्सद्धं हरई दिवायरो सव्वरी वि तस्सद्धं। (સુપાસ ૪૯૧)

સમયનો અર્ધો ભાગ સૂર્ય અને અર્ધો ભાગ રાત હરે છે.

**(૪૧૪.૩.૨) સજીવ પ્રાણીઓનું વૈશિષ્ટ્ય :** ઉદાહરણ તરીકે—

૧) सव्वे सत्ता सुहं अहिलसंति न दुक्खं। (સમરા પત્ર-૪૦૩)

સર્વ પ્રાણી સુખની ઇચ્છા કરે છે, દુઃખની નહીં.

૨) नियपक्खबलेणं चिय पडइ पयंगो पइवम्मि। (પાકમા પત્ર-૨૦)

પોતાની પાંખના બળથી જ પતંગિયું દીપ પર પડે છે.

**(૪૧૪.૩.૩) ટેવ વગેરે નિત્ય, નિયમિત એકરૂપ**

ઉદાહરણ તરીકે—

૧) सोक्खं न होइ कस्स वि निरंतरं एत्थ संसारे। (વજ્જા ૧૯૩)

અહીં સંસારમાં કોઇને પણ હંમેશા માટે સુખ મળતું નથી.

૨) कोहो पीइं पणासेइ। (દસ ૮.૩૮)

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે.

**(૪૧૪.૪)** કથનમાં ભૂતકાળ અર્થે વર્તમાનકાળનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) रायगिहे नयरे सुदंसणो नाम गाहावई परिवसइ। (નિરયા પત્ર-૬૪)

રાજગૃહ નગરમાં સુદર્શન નામનો ગૃહસ્થ રહે છે.

૨) जाव पुराओ बाहि निगच्छइ नरवरो सपरिवारो। (સિરિ ૧૧૧)

જ્યારે રાજા પરિવાર સાથે બહાર નીકળ્યો.

**(૪૧૪.૪.૧)** અપૂર્ણ અથવા રીતિ ભૂતકાળ બતાવવા માટે પણ વર્તમાનકાળનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) दिवसे कीलइ पमयाजणेण। (સુપાસ ૪૯૨)

દિવસે સ્ત્રીઓ સાથે ક્રીડા કરે છે.

૨) पडिवरिसं सो गच्छइ उज्जेणिनिवस्स सेवाए। (સિરિ ૭૯)

પ્રતિવર્ષ તે ઉજ્જયિનીના રાજાની સેવામાં જાય છે.

**(૪૧૪.૫)** ભવિષ્યકાલીન ક્રિયા બતાવવા માટે પણ વર્તમાનકાળનો ઉપયોગ થાય છે.

**(૪૧૪.૫.૧)** વિચાર અથવા ઇચ્છા ગર્ભિત હોય તો પ્રશ્નાર્થક સર્વનામ સાથે વર્તમાનનો ઉપયોગ ભવિષ્ય અર્થમાં થાય છે. ઉદાહરણ તરીકે—

૧) किं करेमि? कत्थ गच्छामि? (ચઉ પત્ર-૧૮)

શું કરું? ક્યાં જઉં?

૨) को तुह सासणं अइक्कमइ? (મહા પત્ર-૧૬૫ અ)

તારી આજ્ઞાનું ઉલ્લંઘન કોણ કરે?

**(૪૧૪.૫.૨) સંદર્ભથી :** ઉદાહરણ તરીકે—

૧) वच्च तुमं एस आगच्छामि। (સમરા પત્ર-૫૧૭)

તું જા આ હું આવ્યો. (આવીશ)

૨) मोत्तूण इमं ठाणं देसंतरं वच्चामि। (મહા પત્ર-૨૪ અ)

આ સ્થાન છોડીને દેશાંતર જઇશ.

**(૪૧૪.૫.૩)** ભવિષ્યકાલીન સંકેત વાક્યમાં પણ વર્તમાનનો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) जइ अत्थि मज्झ पुन्नं ता होही निग्गुणो वि गुणी। (સિરિ ૧૦૬)

જો મારું પુણ્ય હશે તો ગુણરહિત પણ ગુણી થશે.

૨) तं धणवंतं जइ कहमवि गंतुं मग्गेसि सो वि धुवं एयं कज्ज पसाहइस्सइ। (મહા પત્ર-૧૫૯ બ)

જો કોઇ શ્રીમંત પાસે જઇને માગીશ તો તે પણ તારું આ કાર્ય સિદ્ધિ પ્રાપ્ત કરાવશે.

**(૪૧૪.૫.૪)** સંકેત વાક્યમાં વર્તમાનકાળનો અર્થ ભવિષ્યઅર્થી[1] હોય છે. ઉદાહરણ તરીકે—

૧) जइ मम जं मग्गियं देह तो अहमवि मउडं देमि। (ચઉ પત્ર-૨૫)

હું જે માંગીશ તે જો આપીશ તો હું પણ મુકુટ આપીશ.

૨) जइ तुमं पि तत्थ वच्चसि ता पावेसि कणगदक्खिणं। (મહા પત્ર-૧૬૦ બ)

તું પણ જો ત્યાં જઇશ તો તને સુવર્ણ દક્ષિણા મળશે.

**(૪૧૪.૫)** ક્યારેક આજ્ઞાર્થથી બતાવવામાં આવેલી ઇચ્છા બતાવવા માટે વર્તમાનકાળનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) सा जयई सरस्सई देवी। (સુર ૧.૧૫)

તે સરસ્વતી દેવી વિજયી થાઓ.

૨) जयइ जयपसिद्धो वद्धमाणो जिणिंदो।(મહા પત્ર-૩૪૦ બ)

જગપ્રસિદ્ધ જિનેંદ્ર વર્ધમાન વિજયી થાઓ.

**(૪૧૪.૬)** નિષેધ બતાવવા માટે ક્યારેક 'मा' સાથે વર્તમાનકાળનો ઉપયોગ[2] કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

मा भायसि। (વસુ પત્ર-૨૨૧)

ડર નહીં.

**(૪૧૪.૭)** વર્તમાનકાળનો અસંબંધિત (Parenthetical) ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) तिलोक्कंमि वि मन्ने एरिसरूवा न इत्थिया अत्थि। (સુર ૧.૯૨)

હું માનું છું-ત્રૈલોક્યમાં પણ આવા રૂપવાળી સ્ત્રી નથી.

---

૧ આપટે, પત્ર-૧૨૯.

૨ ઘાટગે, પત્ર-૨૦૪ જુઓ.

૨) मे मन्ने पुव्वभवे दिट्ठपुव्वो त्ति। (સુપાસ ૫૭૨)

મને લાગે છે (આને) મેં પૂર્વજન્મમાં જોયો હતો.

### (૪૧૫) ભૂતકાળનો ઉપયોગ

સંસ્કૃતમાં ત્રણ ભૂતકાળ પૈકી અદ્યતન ભૂતકાળથી (Arrist) અર્ધમાગધીમાં ભૂતકાળ ઉદ્‌ભવ્યો છે. ક્યારેક ક્યારેક અર્ધમાગધીમાં અનદ્યતન અને પરોક્ષ આ પ્રકારનાં રૂપો જોવા મળે છે.

પ્રત્યક્ષ અપ્રત્યક્ષ ધાતુના ભૂતકાલીન રૂપોનો ઉપયોગ અર્ધમાગધીમાં ખૂબ ઓછા પ્રમાણમાં છે. વર્તમાનકાળ વર્તમાન કાલીન ધાતુવિશેષણના યોગથી ભૂતકાળનું બહુધા કાર્ય કરવામાં આવે છે. ભૂતકાળનો[1] ઉપયોગ આગળ પ્રમાણે છે.

**(૪૧૫.૧)** ભૂતકાલીન ક્રિયા બતાવવા ભૂતકાળનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) अहं एयं अकासि। (સૂય ૨.૧.૧૨)

મેં આ કર્યું.

૨) से पुरिसे एवं वयासी। (સૂય ૨.૧.૨)

તે પુરુષ આમ બોલે છે.

૩) तत्थ आसी पिया मज्झ। (ઉત્ત ૨૦૧૮)

ત્યાં મારા પિતા હતા.

૪) अहोत्था विउलो डाहो। (ઉત્ત ૨૦.૧૯)

ખૂબ દાહ થયો.

૫) इमाइं वयणाइमुदाहरित्था। (ઉત્ત ૧૨.૮)

આ પ્રમાણે વચનો બોલ્યો.

**(૪૧૫.૨)** ક્યારેક ભવિષ્યકાળાર્થે ભૂતકાળનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

---

૧ ક્યારેક વર્તમાનકાળાર્થે ભૂતકાળનો ઉપયોગ જોવા મળે છે.૧) इच्चाहंसु पुढो जणा। (સૂય ૧.૩.૧.૬.) સામાન્ય માણસ આવું કહે છે.૨) एस मए तुज्झ अप्पिओ अप्पा। (નલ ૫ત્ર-૧૭) આ હું મારો દેહ તને અર્પણ કરું છું.

૧) तं किं णं देवाणुप्पिया विउलं असणं पाणं खाइमं साइमं पुप्फवत्थमल्लालंकारं ते इहं हव्वमाणिज्जउ उदाह सयमेव गच्छित्था। (વિવાગ પત્ર-૨૭)

ત્યારે હે ભલા માણસ!, વિપુલ અન્ન, પાન, ખાદિમ, સ્વાદિમ( તેમ જ) ફૂલો, વસ્ત્રો, માળા, અલંકાર તારા માટે જલ્દી અહીં લાવે કે (તું જ ત્યાં) પોતે જઇશ?

૨) अहं पि दूय! आगओ एसो। (નલ પત્ર-૮)

દૂત! આ હું પણ આવ્યો જ (આવીશ).

**(૪૧૫.૩)** 'मा' એ નિષેધ દર્શક સાથે ઉપયોગ થયો હોય ત્યારે ભૂતકાળનો અર્થ આજ્ઞાર્થી હોય છે. ઉદાહરણ તરીકે—

૧) मा य चंडालियं कासि। (ઉત્ત ૧.૧૦) દુષ્ટ કૃત્ય ન કર.

૨) मा कासि कम्माइं महाभयाइं। (ઉત્ત ૧૩.૨૬)

ખરાબ (ભયંકર) કર્મ ન કર.

**(૪૧૫.૪)** સંકેતમાં સંકેતનું પરિણામ દર્શાવવા ક્યારેક ભૂતકાળનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

दगस्स फासेण सिया य सिद्धी सिज्झिंसु पापा बहवे दगंसि।

(સૂય ૧.૭.૧૪)

પાણીના સ્પર્શથી જો સિદ્ધિ (પ્રાપ્ત થવાની હોય તો) પાણીમાં રહેલા ઘણા પ્રાણિઓને સિદ્ધિ પ્રાપ્ત થઇ હોત.

**(૪૧૬.) ભવિષ્યકાળનો ઉપયોગ**

**(૪૧૬.૧) ભવિષ્યકાલીન ક્રિયા બતાવવા ભવિષ્યકાળનો ઉપયોગ થાય છે.**

ઉદાહરણ તરીકે—

૧) को करिस्सइ उज्जोयं? (ઉત્ત ૨૩.૭૫)

પ્રકાશ કોણ કરશે?

૨) समणो होहामि तुह अणुन्नाए। (સુપાસ ૫૮૯)

તારી આજ્ઞા (અનુજ્ઞા) લઇને હું શ્રમણ થઇશ.

**(૪૧૬.૨)** ક્યારેક સંશય, અનિશ્ચિતતા દર્શાવવા ભવિષ્યકાળનો ઉપયોગ[1] થાય છે. ઉદાહરણ તરીકે—

किं नाम काहामि सुएण भंते? (ઉત્ત ૧૭.૨)

મહારજ વિદ્વત્તાથી હું શું કરું?

**(૪૧૬.૩)** વિનય દ્વારા આજ્ઞા, અનુજ્ઞા, ઉપદેશ કરતી વખતે ભવિષ્યકાળનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) मं तुमं खाहिसि सुहेण। (નલ પત્ર-૧૭)

તું મને સુખપૂર્વક ખા.

૨) पच्छा धम्मं चरिस्ससि। (ઉત્ત ૧૯.૪૩)

પછી ધર્માચરણ કર.

૩) पच्छा अगाराओ अणगारियं पव्वइस्सासि। (નાયાસ પત્ર-૨૬)

પછી ઘર છોડીને સંન્યાસ લે.

**(૪૧૬.૪)** કર્મણિ ભૂતકાલીન ધાતુવિશેષણ સાથે ભવિષ્યકાલીન ક્રિયાપદોનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) अहवा पहाए मह वयणसुद्धिसलिलाणयत्थं कत्थ वि जलासए गओ भविस्सइ पिययमो। (નલ પત્ર-૧૪)

અથવા પ્રભાતે મારું મુખ ધોવા માટે પાણી લેવા માટે કોઇ સરોવર પર (મારો) પ્રિયતમ ગયો હશે.

૨) एएहिं चोरेहिं निहयचेयणा कया भविस्संति। (મહા પત્ર-૨૪ અ)

આ ચોરોએ (તેઓને) બેશુદ્ધ કર્યા હશે.

**(૪૧૬.૫)** 'मा' એ નિષેધદર્શક સાથે આજ્ઞાર્થના અર્થે ઘણી વખત ભવિષ્યકાળનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) मा भमिहिसि घोरे संसारसागरे। (ઉત્ત ૨૫.૪૦)

ઘોર સંસાર સાગરમાં ભ્રમણ કર નહીં.

---

૧ ઘાટગે, પત્ર-૨૦૫

૨) मा हु तुब्भं सरीरस्स वावत्ती भविस्सइ। (પત્ર-૧૨૧)

તમારા શરીરનો નાશ થવા ન દો.

૩) एयंमि मा पमायं काहिसि। (મહા ૧.૯૨)

આ બાબતે પ્રમાદ ન કરો.

**(૪૧૬.૬)** સંકેતના બન્ને વાક્યોમાં ભવિષ્યકાળનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) जइ मम जाउयाओ जाणिस्संति तो मम खिंसिस्संति। (સેયંસ પત્ર-૧૬૨)

મારી દેરાણી જેઠાણીને ખબર પડશે તો તેઓ મારી નિંદા કરશે.

૨) जइ तुम्होवरि राओ भविस्सइ एयासिं तो हं पासाओवरिं रत्तं पडागं चालिस्सामि। (બંભ પત્ર-૫૨)

જો તારા પર આનો પ્રેમ હોય તો હું પ્રાસાદ પર લાલ ધ્વજ હલાવીશ.

**(૪૧૭.) આજ્ઞાર્થનો ઉપયોગ**

**(૪૧૭.૧.)** ત્રણ પુરુષોમાં આજ્ઞાર્થના આગળ પ્રમાણે અર્થો થાય છે.

**(૪૧૭.૧.૧)** પ્રથમ પુરુષમાં પ્રશ્નપૂર્વક અનુજ્ઞા (અથવા અનુમતી), ઇચ્છા, હેતુ, આવશ્યકતા વગેરેનો બોધ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) किं पच्छाहुत्तं नियत्तामो उयाहु तत्थेव अत्ताणं खिवामो।

(મહા પત્ર-૨૭૭ અ)

પાછા આવીશું કે ત્યાં જ પોતાને ફેંકીશું?

૨) एहि नरवइसमीवं गच्छम्हा। (સમરા પત્ર-૨૯૭)

ચાલ, રાજાપાસે જઇએ.

૩) भद्दे! एहि भुंजाओ ताव भोगे। (ધર્મો પત્ર-૨૦)

ભદ્રે! આવ, પહેલાં ભોગ તો ભોગવીએ.

**(૪૧૭.૧.૨.)** દ્વિતીય પુરુષમાં આજ્ઞા, વિનંતિ, આશીર્વાદ, ઉપદેશ વગેરેનો બોધ થાય છે. ઉદાહરણ તરીકે—

**(૪૧૭.૧.૨.૧) આજ્ઞા :** ઉદાહરણ તરીકે—

१) भिक्खू जायाहि अन्नओ। (ઉત્ત ૨૫.૬)
ભિક્ષુ! બીજા પાસે યાચના કર.

२) अन्नत्थ कुणसु गमणं। (અગડ ૮)
અન્યત્ર ગમન કર.

**(૪૧૭.૧.૨.૨) વિનંતિ :** ઉદાહરણ તરીકે—

१) निसुणसु नरवर! अक्खाणयं इमं रम्मं। (સિરિ ૩૬)
રાજા! આ રમ્ય આખ્યાન સાંભળ.

२) सामिय! कुणसु पसाय। (પઉમ ૩૪.૧૧)
સ્વામી! પ્રસાદ કરો.

**(૪૧૭.૧.૨.૩) આશીર્વાદ :** ઉદાહરણ તરીકે—

१) चिरं जीव। (સમરા પત્ર-૨૪૫)
લાંબા સમય સુધી જીવો.

२) वच्छ! जीव नंद चिर कालं। (સિરિ ૨૬૧)
પુત્ર! લાંબા સમય સુધી જીવો અને સુખી રહો.

**(૪૧૭.૧.૨.૪) ઉપદેશ :** ઉદાહરણ તરીકે—

करेह जिणिंदपणीयं साहुधम्मं। (બંભ પત્ર-૩૧)
જિનેંદ્ર પ્રણીત સાધુધર્મનું આચરણ કરો.

**(૪૧૭.૧.૨.૫) જયજયકાર :** ઉદાહરણ તરીકે—

१) जय तिहुयणनाह! सणंकुमार। (પાકમા પત્ર-૫૨)
હે ત્રિભુવનનાથ સનત્કુમાર! વિજયી બનો.

२) जय सयलजीववच्छल! (સમરા પત્ર-૨૪૭)
હે સકલ જીવો પર વત્સલ રહેનાર! વિજયી બનો.

**(૪૧૭.૧.૩.)** તૃતીય[૧] પુરુષમાં વિનયપૂર્વક આજ્ઞા, અનુજ્ઞા, વિનંતિ, આશીર્વાદ, આશા, પ્રાર્થના વગેરેનો બોધ થાય છે. ઉદાહરણ તરીકે—

---

૧ ધાતુના કર્મણિ રૂપના આજ્ઞાર્થમાં તૃ. પુ.માં ઉપયોગ હોય ત્યારે તે એક ઉપચાર હોય છે. ઉદાહરણ— अओ पढमं दूयपेसणेण से मुणिज्जउ मणं। पच्छा जहाजुत्तं किज्जउ। (નલ પત્ર-૭-૮); कीरउ अम्हाणं समीहियं। (બંભ પત્ર-૭૨) पसाओ कीरउ आसणगहणेण। (બંભ પત્ર-૬૯)

**(૪૧૭.૧.૩.૧) આજ્ઞા :** ઉદાહરણ તરીકે—

૧) जक्खो मम अंगरक्खओ होउ। (સુપાસ ૪૯૩)

યક્ષ મારો અંગરક્ષક થવા દો.

૨) जो विज्जाबलेण गंतुं समत्थो सो वच्चउ। (ધર્મો પત્ર-૧૭૩)

જે વિદ્યાબળથી જવા માટે સમર્થ છે તેને જવા દો.

**(૪૧૭.૧.૩.૨) અનુજ્ઞા :** ઉદાહરણ તરીકે—

दोसग्गहणेण खलो जइ तूसइ तूसउ वराओ। (જિન ૧)

દોષ કાઢીને જો દુષ્ટ સંતુષ્ટ થાય તો થવા દો બિચારો.

**(૪૧૭.૧.૩.૩) વિનંતિ :** ઉદાહરણ તરીકે—

૧) संदिसंतु णं देवाणुप्पिया! किं आगमणप्पओयणं। (વિવાગ પત્ર-૫૩)

મહારાજ! આગમનનું પ્રયોજન શું છે તે કહે.

૨) निउणबुद्धिए परिचिंतउ सामी। (મહા પત્ર-૨૩૬ બ)

નિપુણ બુદ્ધિથી સ્વામી વિચાર કરે.

**(૪૧૭.૧.૩.૪) પ્રાર્થના :** ઉદાહરણ તરીકે—

૧) सिद्धा सिद्धिं मम दिसंतु। (સામા પત્ર-૧૩)

મને સિદ્ધો સિદ્ધિ આપો.

૨) तित्थयरा मे पसीयंतु। (સામા પત્ર-૧૩)

તીર્થંકરો મારા પર પ્રસન્ન થાય.

**(૪૧૭.૧.૩.૫) આશીર્વાદ :** ઉદાહરણ તરીકે—

૧) दिसउ जिणसुपासो मंगलं वो सया सो। (સુપાસ ૬૫૭)

તે સુપાર્શ્વ જિન તમને સદા મંગલ આપે.

૨) रक्खंतु वो सेसस्स फणमणिप्पहा। (લીલા ૫)

શેષની ફેણનાં મણિ કિરણ તમારું રક્ષણ કરે.

**(૪૧૭.૧.૩.૬) ઇચ્છા :** ઉદાહરણ તરીકે—

एयं सच्चं तुह भासियं होउ। (સુપાસ ૫૩૫)
આ તારું કહેવું સાચું પડે.

**(૪૧૭.૧.૩.૭) (શક્યતા, સંશય) ઇત્યાદિ અન્ય**

૧) रमउ थोवदिवसे। (જિન ૧૦)
થોડા દિવસો રમવા દો.

૨) एवं होउ। (સંપઇ ૨.૭૨)
આવું થવા દો.

૩) होऊ को वि। (જિન ૩૨)
કોઇ પણ હોવા દો.

૪) वच्छे! तुज्झ वरो केरिसो होउ? (સિરિ ૮૨)
હે છોકરી!, તારો પતિ કેવો હોવો જોઇએ?

**(૪૧૭.૨.)** 'मा' સાથે આજ્ઞાર્થનો ઉપયોગ હોય તો નિષેધ દર્શાવવામાં આવે છે.

**(૪૧૭.૨.૧) પ્રથમ પુરુષ :** ઉદાહરણ તરીકે—

मा कुले गंधणा होमो। (દસ ૨.૮)
કુળમાં અગંધન (સાપ) પ્રમાણે આપણે હોઇએ કે ન હોઇએ.

**(૪૧૭.૨.૨) દ્વિતીય પુરુષ :** ઉદાહરણ તરીકે—

૧) मा लज्ज मुद्धे! (ઉસા ૧.૨૧)
મુગ્ધે! લાજ નહીં.

૨) मा एएण पहेण वच्चह। (મહા પત્ર-૧૫૯ )
આ માર્ગથી જા નહીં.

**(૪૧૭.૨.૩) તૃતીય પુરુષ :** ઉદાહરણ તરીકે—

૧) मा होउ सुयमरणं। (પાઇ પત્ર-૬૧)
છોકરાનું મૃત્યુ ન થવા દો.

૨) मा वहउ कोइ गव्वं। (સિરિ ૩૨૯)
કોઇ પણ ગર્વ કરે નહીં.

**ટીપ-** ક્યારેક 'मा'ને બદલે 'अलाहि'નો ઉપયોગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

अलाहि जूरावसु तवस्सिं। (भार्ड ८.3)

તપસ્વીને ઠગ નહીં.

**(૪૧૭.૩)** ક્યારેક ક્યારેક સંકેત વાક્યમાં પણ આજ્ઞાર્થનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) सुणसु जइ अत्थि कोऊहलं। (મહા પત્ર-૨૩ બ)

જો કુતૂહલ હોય તો સાંભળ.

૨) एयं सरणं उवेह...जइ इच्छह जीवियं वा धणं वा। (ઉત્ત ૧૨.૨૮)

જો જીવનની અથવા ધનની ઇચ્છા હોય તો મારે શરણે આવ.

**(૪૧૮.) વિધ્યર્થનો[1] ઉપયોગ**

**(૪૧૮.૧.)** વિધિ (કર્તવ્ય, આજ્ઞા), વિનયપૂર્વક આજ્ઞા, પ્રાર્થના, ઇચ્છા, આશિર્વાદ, વિનંતિ વગેરેનો બોધ વિધ્યર્થથી થાય છે.

**(૪૧૮.૧.૧) વિધિ (કર્તવ્ય, આજ્ઞા) :** ઉદાહરણ તરીકે—

૧) मुसं परिहरे भिक्खू। (ઉત્ત ૧.૨૪)

ભિક્ષુએ જૂઠનો ત્યાગ કરવુ જોઇએ.

૨) नाणी नो परिदेवए। (ઉત્ત ૨.૧૩)

જ્ઞાનીઓએ શોક કરવો નહીં.

**(૪૧૮.૧.૨) નમ્ર આજ્ઞા :** ઉદાહરણ તરીકે—

૧) तुमं पुण एयस्स सोहणं परिरक्खणं करेज्जासि। (અરી પત્ર-૫)

તું માત્ર આનું સારું રક્ષણ કર.

૨) अणाहओ य मा पयमवि चलेज्जासि। (મહા પત્ર-૭૫ બ)

બોલાવે નહીં તો એક ડગલું પણ હલ નહીં.

**(૪૧૮.૧.૩) પ્રાર્થના :** ઉદાહરણ તરીકે—

---

૧ સંદર્ભાનુરૂપ વિધ્યર્થના અર્થો કેટલાક સ્થળે આજ્ઞાર્થ પ્રમાણે થાય છે.

१) सुमरिज्जासि मं। (મહા પત્ર-૧૭૦ બ)

મારી યાદ રાખ.

२) नियजणणिं च सरिज्जसु ...मं पि नियदासिं। (સિરિ ૩૫૭)

આપણી માતાની અને આપણી દાસીની-આ યાદ રાખ.

**(૪૧૮.૧.૪) ઇચ્છા :** ઉદાહરણ તરીકે—

अन्नजम्मंमि वि महं तुमं चेव नाहो होज्जसु। (પાકમા પત્ર-૫૯)

બીજા જન્મમાં પણ તું જ મારો નાથ હોવો જોઇએ.

**(૪૧૮.૧.૫) આશીર્વાદ :** ઉદાહરણ તરીકે—

भद्दस्स वो भत्तिगुणल्लिआणं भवेज्ज णिच्चं भअवं गणेसो। (ઉસા ૧.૧)

ભક્તિગુણોથી યુક્ત એવા તમારું ભગવાન ગણેશ સદા કલ્યાણ કરે.

**(૪૧૮.૧.૬) વિનંતિ :** ઉદાહરણ તરીકે—

तुब्भे पएसिस्स रन्नो धम्ममाइक्खेज्जाह। (પએસિ પરિ ૧૮)

તમે પ્રદેશી રાજાને ધર્મ કહે.

**(૪૧૮.૨)** કર્તૃરહિત વિધ્યર્થનો ઉપયોગ પ્રાયઃ વિધિ અને નિયમ બતાવવા માટે કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

नापुट्ठो वागरे किंचि पुट्ठो वा नालियं वए। (ઉત્ત ૧.૧૪)

પૂછ્યા વિના બોલવું નહીં, પુછ્યા પછી ખોટું બોલવું નહીં.

**(૪૧૮.૩.)** શક્યતા, શક્તતા, સંભવતા, અશક્યતા, અસંભવના, શંકા, સંશય વગેરેનો પણ બોધ વિધ્યર્થથી થાય છે.

**(૪૧૮.૩.૧) શક્યતા :** ઉદાહરણ તરીકે—

१) एवंविहरूवेणं हविज्ज एसो फुडं चोरो। (અગડ ૧૦૪)

આવાં રૂપમાં આ ચોર હોવાની સ્પષ્ટ શક્યતા છે.

२) गामाणुगामं रीयंतं अणगारं ... अरई अणुप्पवेसेज्जा। (ઉત્ત ૨.૧૪)

ગામે ગામ ફરનાર અણગારમાં અરુચિ પ્રવેશ કરશે.

**(૪૧૮.૩.૨) સંભવતા :** ઉદાહરણ તરીકે—

૧) नूणं होज्ज विलुक्को कत्थइ परिहासकज्जेण। (જિન પત્ર-૧૫)
ગમ્મત કરવા ક્યાંક તો છૂપાયો હશે.

૨) एयंमि घेप्पमाणे कयाइ नरवई अवगच्छे। (સમરા પત્ર-૧૫૨)
આ ગ્રહણ કરીશ તો ક્યારેક રાજાને ખબર પડશે.

**(૪૧૮.૩.૩) શક્તતા :** ઉદાહરણ તરીકે—

लोगं पि एसो कुविओ डहेज्जा। (ઉત્ત ૧૨.૨૮)

ગુસ્સે થશે તો આ જગ પણ બાળશે.

**(૪૧૮.૩.૪) અશક્યતા :** ઉદાહરણ તરીકે—

ता कि ससिबिंबाओ अंगाराण पि होज्ज इह वुट्ठी। (સુપાસ ૬૦૦) ચંદ્રબિંબમાંથી અંગારની વૃષ્ટિ થશે શું?

**(૪૧૮.૩.૫) અસંભવતા :** ઉદાહરણ તરીકે—

૧) किंकरनारीण को तस्स करेज्ज परिसंखा? (પઉમ. ૪.૬૦)
તેના સેવક-સેવિકાની ગણતરી કોણ કરશે?

૨) को किर मच्चूए रक्खिज्जा? (સુપાસ ૬૪૦)
મૃત્યુથી કોણ રક્ષણ કરશે?

**(૪૧૮.૩.૬) શંકા, સંશય :** ઉદાહરણ તરીકે—

૧) किमेयं मंगलगेण ववसियं भवे। (સમરા પત્ર-૧૪૭)
આ મંગલગીત શું કર્યું હશે?

૨) को अम्हं दिज्ज भत्तं। (ધૂર્તા ૧.૧૧)
અમને કોણ અન્ન આપશે?

**(૪૧૮.૩.૭)** એક વાર અશક્ય વાત શક્ય થશે, આવું ગૃહીત વિધાન કહેવા માટે પણ વિધ્યર્થનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) सुवण्णरुप्पस्स उ पव्वया भवे। (ઉત્ત ૯.૪૮)
સોનાં રૂપાના પર્વત હશે.

૨) होज्जा खीरं पि गोविसाणाओ। (સમરા પત્ર-૪૦૦)
ગાયના શિંગડાથી પણ દૂધ મળી શકે છે.

**(૪૧૮.૪)** પરસ્પરાવલંબી વાક્યમાં પરિણામદર્શક વાક્ય ક્યારેક વિધ્યર્થમાં રાખવામાં[૧] આવે છે. ઉદાહરણ તરીકે—

किं नाम होज्ज तं कम्मयं जेणाहं न दोग्गइं गच्छेज्जा? (ઉત્ત ૮.૧)

તે કયું કર્મ હશે કે જેનાથી હું દુર્ગતિમાં નહીં જાવ?

**(૪૧૮.૫)** સંકેત વાક્યમાં વિધ્યર્થનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) जइ अरिट्ठणेमी ... नंदणवणे विहरेज्जा तएणं अहं अरिट्ठणेमिं वंदिज्जा। (નિરયા પત્ર-૭૩)

જો અરિષ્ટનેમિ નંદનવનમાં વિહાર કરશે તો (ત્યાર પછી) હું તેમને વંદન કરીશ.

૨) को वि ण लभेज्ज मोक्खं रागद्दोसा जइ न होज्जा। (વસુ પત્ર-૩૨૨)

રાગદ્વેષ જો ન હોય તો કોને મોક્ષ ન મળે.

**(૪૧૮.૬)** કર્મણિ ભૂતકાલીન ધાતુવિશેષણ સાથે વિધ્યર્થનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) सट्ठाणं गओ होज्जा। (મહા પત્ર-૨૩૦ અ)

સ્વસ્થાને ગયો હશે.

૨) केण पुण होज्ज छिण्णा एस रज्जू? (જિન પત્ર-૨૭)

આ રજ્જૂ કોણે તોડી હશે?

**(૪૧૮.૭)** ક્યારેક વિધ્યર્થનો ઉપયોગ ભવિષ્યકાળ અર્થે થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) नो खलु अहं सागरदत्तस्स गिहं गच्छेज्जा। (નાયાસ પત્ર-૧૭૧)

બિલકુલ સાગરદત્તના ઘરે જઇશ નહીં.

૨) न हविज्ज धम्मबुद्धी मूढस्स उ लोभमोहेणं। (પઉમ ૨.૭૮)

લોભ-મોહના કારણે મૂઢને ધર્મબુદ્ધિ નહીં મળે.

---

૧ [illegible] [illegible]-[illegible]

(૪૧૮.૮) નિષેધ દર્શાવવા ઘણીવાર 'मा' સાથે વિધ્યર્થનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) मा णं तुब्भे दक्खिणिल्लं वणसंडं गच्छेज्जाह। (નાયાસ પત્ર-૧૨૫)

દક્ષિણ તરફ વનની વૃક્ષરાજીમાં ન જાવ.

૨) मा पुण एवं करेज्जासु। (મહા પત્ર-૨૯૯ બ)

ફરી આવું ન કર.

## (૪૧૯) સંકેતાર્થનો ઉપયોગ

'જો-તો' આ અર્થ બતાવવા સંકેતાર્થનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) जइ एस विज्जासिद्धो मम भइणी चंदकंताए न बंभचेरभंगं करेंतो ता इमीए सयंपभा नाम महाविज्जा साहिया हुंता। (મહા પત્ર-૧૬૪)

જો આ વિદ્યાસિદ્ધથી મારી બહેન ચંદ્રકાતાનું બ્રહ્મચર્યભંગ થયું ન હોત તો તેણે સ્વયંપ્રભા નામની મહાવિદ્યા સાધી હોત.

• • •

## પ્રકરણ ૨૬

# કેટલાંક ધાતુસાધિત વિશેષણોનો ઉપયોગ

### (૪૨૦) પ્રારંભિક

અહીં બધાં જ ધાતુસાધિત વિશેષણોના ઉપયોગનો વિચાર કર્યો નથી. ધાતુવિશેષણોમાં મુખ્ય એટલે કર્તરિ અને કર્મણિ વર્તમાનકાલીન ધાતુસાધિત વિશેષણ, કર્તરિ ભૂતકાલીન ધાતુસાધિત અને વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિતના ઉપયોગનો વિચાર ક્રમશઃ આવ્યો છે.

### (૪૨૧) કર્તરિ વર્તમાનકાલીન ધાતુસાધિત વિશેષણનો[1] ઉપયોગ

**(૪૨૧.૧)** કર્તા એક મુખ્ય ક્રિયા કરતો હોય તો, તે જો તે જ સમયે બીજી ગૌણ ક્રિયા પણ કરતો હોય તો તે ગૌણ ક્રિયા કર્તરિ વર્તમાનકાલીન ધાતુસાધિત વિશેષણથી નિર્દિષ્ટ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) उड्डिओ वियंभमाणो। (બંભ પત્ર-૬૬)

બગાસુ ખાતો ઉઠ્યો.

૨) हसंतो नाभिगच्छेज्जा। (દસ ૫.૧.૧૪)

હસતા હસતા જાવું નહીં.

૩) गज्जंतो उड्डिओ केसरी। (મહા પત્ર-૪૮ અ)

ગર્જના કરતો કરતો સિંહ ઉઠ્યો.

૪) वेवमाणी निसीयई। (ઉત્ત.૨૨.૩૫)

કાંપતી કાંપતી (નીચે) બેઠી.

**(૪૨૧.૨)** ટેવ, રીત, સ્વભાવ અને સ્થિતિ દર્શાવવા વર્તમાનકાલીન

---

૧ અર્ધમાગધીમાં ક્રિયાપદ અને તેનાં જ વર્તમાનકાલીન ધાતુસાધિત વિશેષણનો એક સાથે ઉપયોગ કરેલો જોવા મળે છે. अडमाणे अडइ। (વિવાહ ૧૯૧), फुसमाणे फुसइ। (વિવાહ ૩૫૪), हणमाणे हणइ। (વિવાહ ૮૪૯), पेइह पेहमाणे। (પણ્ણવણ્ણા ૪૩૫), सुणमाणे सुणेइ। (આચારાંગ ૧.૧.૫.૩) (પિશેલ પત્ર-૩૮૨-૩૮૩)

ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) दुक्खाणि अणुहवंता अणंतकालं परिभमंति।(પઉમ ૪.૨૮)

દુઃખાનુભવ કરતાં કરતાં ઘણો સમય ભમે છે.

૨) तत्थ देवसुहं निसेवमाणा गमेंति कालं। (ચઉ પત્ર-૩૨)

ત્યાં દેવસુખનું સેવન કરતાં કરતાં કાળ વિતાવે છે.

**(૪૨૧.૨.૧)** વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણ સાથે चिट्ठ (स्था) (અથવા अस) નો ઉપયોગ હોય ત્યારે ક્રિયાનું સાતત્ય નિર્દિષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) जग्गंतो ठिओ राया। (નલ પત્ર-૫૦)

રાજા જાગતો રહ્યો.

૨) अमरिसेणं पलोयंतो अच्छइ। (મહા પત્ર-૧૭૫ અ)

રાગપૂર્વક જોતો રહ્યો.

**(૪૨૧.૩)** વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ વિશેષણો પ્રમાણે થાય છે. ઉદાહરણ તરીકે—

૧) अत्थं गच्छंतस्स वि रविणो। (વજ્જા ૧૦૨)

અસ્ત પામતા સૂર્યને પણ.

૨) तं रुयमाणिं दट्ठुं। (સિરિ ૩૦૧)

રડનારીને તેને જોઇને.

**(૪૨૧.૪)** કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણ સાથે 'अस'ના વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ હોય તો 'ત્યારે' આ અર્થમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) पडिबुद्धा समाणी। (નલપત્ર-૧૪)

જાગી ત્યારે.

૨) बंधेहिं पीडिओ संतो। (સુપાસ ૫૯૬)

બંધનોથી પીડિત હોય ત્યારે.

**(૪૨૧.૫)** ક્યારેક વર્તમાન કાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ

ક્રિયાવિશેષણ અવ્યય પ્રમાણે કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) जयं चरे जयं चिट्ठे जयं आसे जयं सए। (દસ ૪.૮)

જયણાપૂર્વક ફરવું જોઇએ, ઉભા રહેવું જોઇએ, બેસવું જોઇએ, સૂવું જોઇએ.

૨) ते जाणमजाणं वा न हणे नो व घायए। (દસ ૬.૧૦)

જાણતા કે અજાણતા તેઓને ઠાર મારવા નહીં અને મરાવવા નહીં.

**(૪૨૧.૬)** સંકેત વાક્યમાં વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

जइ जिणधम्मं सेविज्ज हं तया तो सुही होंतो। (જિન પત્ર-૨૧)

ત્યારે જો મેં જિનધર્મનું આચરણ કર્યું હોત તો હું સુખી થયો હોત.

**(૪૨૧.૭)** સંકેતાર્થ કરવા માટે વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણ નો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) नूणमियाणिं गच्छंतओ सि जइ मं न पेच्छंतो। (મહા પત્ર-૧૪૪ અ)

જો મને દેખ્યો ન હોત તો તું અત્યારે સાચે જ ગયો હોત.

૨) जइ तुहाभिप्पायं मुणिंतो ता अहं पि बंभचेरं करिंतो। (મહા પત્ર-૧૬૫ અ)

જો તારો અભિપ્રાય સમજાયો હોત તો મેં પણ બ્રહ્મચર્યનું પાલન કર્યું હોત.

**(૪૨૧.૮)** સત્ષષ્ઠી અને સત્સપ્તમી રચનામાં વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે.

**(૪૨૧.૮.૧) સત્ષષ્ઠી** : ઉદાહરણ તરીકે—

मंतसाहणं मम कुणंतस्स एगो महापिसाओ सहस च्चिय उट्ठिओ भीमो। (મહા ૨.૨૫૭)

હું મંત્રસાધના કરતો હતો ત્યારે એક ભયંકર મહાપિશાચ અચાનક ઉઠ્યો.

**(૪૨૧.૮.૨)** સતિ સપ્તમી

मइ विज्जमाणे मा उव्वेयभायणं होसु। (જિન પત્ર-૧૦)

મારા રહેતા ઉદ્વેગ ન કર.

**(૪૨૧.૯)** સંબંધી ગૌણ વાક્ય વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણના ઉપયોગથી સંક્ષિપ્ત કરી શકાય છે. ઉદાહરણ તરીકે—

૧) जग्गंतस्स भयं नत्थि। (નલ પત્ર-૫૦)
જાગતા રહેનારને ભય હોતો નથી.

૨) अहम्मं कुणमाणस्स अफला जंति राइओ।
धम्मं च कुणमाणस्स सफला जंति राइओ।(ઉત્ત.૧૪.૨૪-૨૫)
અધર્મ કરનારની રાત્રિ નિષ્ફળ થાય છે. ધર્મ કરનારની રાત્રિ સફળ થાય છે.

**(૪૨૧.૧૦)** ક્યારેક વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ પ્રત્યક્ષ ક્રિયાપદના બદલે[1] કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) मा हं परेहिं दम्मंतो। (ઉત્ત ૧.૧૬)
હું બીજા દ્વારા દમન ન થતો.

૨) मम ताओ कहं जीवंतो। (ધર્મો પત્ર-૧૫૯)
મારા પિતા કેવી રીતે જીવતા હશે?

૩) सो सव्वो तुह गुणनिवहं मह कहिंतो। (સુર ૧૧.૧૪૮)
તે બધા તારા ગુણગણ વિષે મને કહેતા હતા.

## (૪૨૨) કર્મણિ વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ

**(૪૨૨.૧)** કર્મણિ વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો વિશેષણો પ્રમાણે[2] ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) ते डज्झमाणा कलुणं थणंति। (સૂય ૧.૫.૧.૭)
બળી રહેલા તેઓ કરુણતાથી રાડો પાડે છે.

૨) काले च्चिय कीरंतो ववसाओ कज्जसाहगो होइ। (મહા પત્ર-૨૮૮ બ)
(યોગ્ય) સમયે કરવામાં આવતો વ્યવસાય જ કાર્યસાધક બને છે.

---

૧ ઘાટગે પત્ર-૨૦૯

૨ સમાસમાં-छिज्जमाणहियओ (નલ પત્ર-૪૧) दूमिज्जमाण माणसेण (કથા પત્ર-૧૦૭) વગેરે.

**(૪૨૨.૨)** સત્સપ્તમીની રચનામાં કર્મણિ વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण।(ઉત્ત ૯.૧૪)
મિથિલા બાળવામાં આવે ત્યારે મારું કાંઇ બળતું નથી.

૨) एवं पि कीरमाणे कयावि गुणो होज्जा। (મહા પત્ર-૧૨૯ બ)
આવું કરવામાં આવે તો કદાચ ગુણ આવશે.

## (૪૨૩) કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ

**(૪૨૩.૧)** (ક્રિયાપદના બદલે) ભૂતકાળ દર્શાવવા માટે.

**(૪૨૩.૧.૧)** સકર્મક ક્રિયાપદનાં કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ કરતી વખતે (કર્મ ઉક્ત હોય તો)[૧] કર્મણિ પ્રયોગ થાય છે[૨]. કર્તૃપદ તૃતીયામાં જાય છે, કર્મ પ્રથમામાં આવે છે અને આ પ્રથમાંત કર્મના લિંગ, વચન, વિભક્તિ પ્રમાણે કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણના લિંગ, વચન વિભક્તિ હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) को इत्थीहिं न खुहिओ। (ધૂર્તા ૧.૬૨)
સ્ત્રીઓ દ્વારા કોને ક્ષુબ્ધ નથી કરાયો?

૨) दिट्ठा निवेण सा बाला। (સિરિ ૮૨)
રાજાએ તેણી બાળાને જોઇ.

૩) पवणेण वत्थाइं हियाइं सव्वाइं। (ધૂર્તા ૫.૪૬)
વાયુએ સર્વ વસ્ત્ર હરી લીધા.

**(૪૨૩.૧.૨)** પછીનું વાક્ય આ વાક્યમાં સકર્મક ક્રિયાપદનું કર્મ હોય તો કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ કરતી વખતે ભાવે પ્રયોગ થાય

---

૧ જુઓ પ્રયોગવિચાર

૨ ક્યારેક કર્મણિ પ્રયોગના બદલે કર્તરિ પ્રયોગ જ જોવા મળે છે. ઉદાહરણ—

૧) भुत्तो दिव्वाहारं सभारिओ राया। (ચઉ પત્ર-૪૬)

૨) राया ... एयं भणिउं आढत्तो। (અગડ ૭. ૩) सीहोयरो पउत्तो। (પઉમ ૩૩.૧૪૦) ત્યારે લક્ષ્મણ બોલ્યો

છે. કર્તૃપદ તૃતીયમાં જાય છે અને કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણ નિત્ય નપુંસક દ્વિતીયા એકવચનમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) गुरुणा वुत्तं-सुण। (નલ પત્ર-૧) ગુરુએ કહ્યું 'સાંભળ'

૨) चिंतियं राइणा उत्तमपुरिसो एसो। (અગડ પત્ર-૨૯)
રાજાએ વિચાર કર્યો આ ઉત્તમ પુરુષ છે.

**(૪૨૩.૧.૩)** ગત્યર્થક અને અકર્મક ધાતુના કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ કર્તરિમાં[1] થાય છે. કર્તૃપદ પ્રથમામાં અને કર્તાના લિંગ, વચન, વિભક્તિ પ્રમાણે કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનું લિંગ, વચન, વિભક્તિ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) निसण्णो राया (ચઉ પત્ર-૧૯)
રાજા બેઠો.

૨) संतत्था लोया। (નલ પત્ર-૧૬)
લોકો સંત્રસ્ત થયા.

૩) पणट्ठं तिमिरं। (ધર્મો પત્ર-૩૦)
તિમિર નષ્ટ થયું.

૪) वोलीणाइं बहूइं वरिसाइं। (મહા પત્ર-૧૨ બ)
ઘણા વર્ષો નીકળી ગયાં.

**(૪૨૩.૨)** કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણ સાથે अस् અથવા भू (भव हव) નો ઉપયોગ હોય તો પૂર્ણ ભૂતકાળ નિર્દિષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) आगओ आसि अहं। (ચઉ પત્ર-૩૧)
હું આવ્યો છું.

૨) जं तए पुच्छियं पुरा आसि। (મહા પત્ર-૮૬ બ)
જે તેં પહેલા પૂછ્યું હતું.

---

૧ આ સમયે ક્યારેક ભાવે પ્રયોગ વાપરેલો જોવા મળે છે. ઉદાહરણ—૧) वियसियं लोयणेहिं। पणट्ठं पावेणं। ऊससियं अंगेहिं। (સમરા પત્ર-૮૩) ૨) गज्जिमं मेहेहि। (સમરા પત્ર-૩૭૦) ૩) रोइयं नगरनारीहिं। (નલ પત્ર-૧૧) નગરની સ્ત્રીઓ રડી. ૪) हसियं राइणा। (ધર્મો પત્ર-૨૦૪) ૫) चलिं महचित्तेणं। (નલ પત્ર-૨૩) ૬) मए चिरं रुण्णं। (લીલા ૬૪૩) હું ઘણી વાર રડી.

**(૪૨૩.૩)** કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણ સાથે 'चिट्ठ' (स्था) ના ઉપયોગથી ક્રિયાસાતત્યનો નિર્દેશ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) मउरा य पंजरंसि संनिरुद्धा चिट्ठंति। (વિવાગ પત્ર-૪૬)

અને પાંજરામાં મોર બાંધીને રાખ્યા છે.

૨) सो ... आगओ दुवारंमि चिट्ठइ। (સુર ૨.૧૦૮)

તે દરવાજેથી આવીને ઊભો રહ્યો છે.

**(૪૨૩.૪)** ક્યારેક 'अस्'નાં વર્તમાનકાળ ધાતુસાધિત વિશેષણ સાથે કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) कह कह वि पट्ठविया संती। (ધર્મો પત્ર-૪૮)

કોઇ પણ રીતે મોકલેલી હોય તો.

૨) मओ समाणो। (ધર્મો પત્ર-૮૧)

મર્યો હોય તો.

**(૪૨૩.૫)** ક્યારેક કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણથી ભવિષ્યકાળનો નિર્દેશ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) एसो अहं आगओ। (સમરા પત્ર-૩૮૧)

આ હું આવ્યો (આવીશ).

૨) एसो हं आगओ सिग्घं। (નાણ ૪.૭૨)

આ હું શીઘ્ર આવ્યો જ (આવીશ).

**(૪૨૩.૬)** मन्न (मन्) અને તદર્થક ધાતુનાં કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ[1] વર્તમાન અર્થમાં થાય છે. ઉદાહરણ તરીકે—

बहुमओ नरवइस्स। (મહા પત્ર-૧૭૮ બ)

રાજાને ખૂબ માન્ય.

**(૪૨૩.૭)** કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ વિશેષણ

---

૧ આપટે પત્ર-૧૦૫

પ્રમાણે[1] થાય છે. ઉદાહરણ તરીકે—

૧) एवं भुत्ताण भोगाणं परिणामो न सुंदरो। (ઉત્ત ૧૯.૧૭)
આ રીતે ભોગવેલા ભોગોનું પરિણામ સારું હોતું નથી.

૨) वग्घो दिट्ठो मए सुत्तो। (સુપાસ ૫૯૩)
મેં સૂતેલો વાઘ જોયો.

૩) जायस्स जंतुणो धुवो मच्चू। (નલ પત્ર-૧૭)
જન્મેલા જંતુનું મૃત્યુ નિશ્ચિત છે.

**(૪૨૩.૮)** કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ નામ પ્રમાણે થાય છે[2]. ઉદાહરણ તરીકે—

૧) छज्जइ पहुस्स ललियं जाणंतस्स य भणियं। (વજ્જા ૧૪૭)
પ્રભુનું લલિત અને જાણકારનું બોલવું શોભે છે.

૨) अइसुंदरं पि भणियं कोवं वड्ढेइ मूढपुरिसस्स। (ધર્મો પત્ર-૧૭૩)
બહુ સારું બોલવું એ મૂર્ખ માણસનો કોપ વધારે છે.

**(૪૨૩.૯)** ક્યારેક ક્રિયાવિશેષણ અવ્યયપ્રમાણે કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે.[3] ઉદાહરણ તરીકે—

मए नायं अनायं वा सा बाला नेव भुंजइ। (ઉત્ત.૨૦.૨૯)
મારા જાણતાં કે અજાણતાં તે બાળા જમતી નથી.

**(૪૨૩.૧૦)** સત્ષષ્ઠી અને સત્સપ્તમી રચનામાં કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) अन्नया सव्वेसिं पि भीमसहाए ठियाणं पत्तो ... अत्तोरो। (નલ પત્ર-૩૪)
એક વાર ભીમરાજાની સભામાં બધા બેઠા હતા ત્યારે (એક) દેવ (ત્યાં) આવ્યો.

---

૧ સમાસાંત-कुवियमणो (સંપઇ ૨.૧૩), भत्तितुट्ठेण (બંભ પત્ર-૬૪) વગેરે.

૨ સમાસાંત-जिणवरकहियं (પઉમ ૪.૩૧) सुभासिय (પઉમ ૩૩.૩૫) વગેરે.

૩ ઘાટગે પત્ર ૨૧૦

૨) सव्वं अप्पे जिए जियं। (ઉત્ત.૯.૩૬)

પોતાને જિતવાથી બધું જ જિતાયું છે. (એવું છે)

**(૪૨૩.૧૧)** સંકેત વાક્યમાં કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થયેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

जइ तुमं न वरिओ दमयंतीए ता किं दूमिओ सि। (નલ પત્ર-૫)

જો દમયંતીએ તારું વરણ નથી કર્યું તો દુઃખી કેમ થાય છે?

## (૪૨૪) કર્તરિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ

અર્ધમાગધીમાં કર્તરિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ નહીં બરાબર છે. કેટલાકના મતે, પ્રયોગ બદલતી વખતે આ વિશેષણોનો ઉપયોગ કરવો જોઇએ. તો કેટલાકના મતે આવો ઉપયોગ અર્ધમાગધી ભાષાની પ્રકૃતિ મુજબ ન થઇ શકે.

પ્રયોગ બદલતી વખતે આ વિશેષણોનો ઉપયોગ કરવો હોય તો આગળ કહ્યા પ્રમાણે થશે. કર્મણિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ ધરાવતા કર્મણિનું કર્તરિ કરતી વખતે આ વિશેષણોનો ઉપયોગ થશે. ત્યારે તૃતીયાંત કર્તા પ્રથમામાં, પ્રથમાંત કર્મ દ્વિતીયામાં અને પ્રથમાંત કર્તાનાં લિંગ, વચન, અને વિભક્તિ પ્રમાણે કર્તરિ ભૂતકૃદંત ધાતુસાધિત વિશેષણનાં લિંગ, વચન અને વિભક્તિ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) लज्जा मए चत्ता। (જિન પત્ર-૨૫) - लज्जं अहं चत्तवंतो।

૨) देवीए पेसियाइं फलाइं। (સુપાસ ૫૧૮)

देवी पेसियवंती फलाइं।

૩) अम्हेहिं सुया निवस्स कित्ती। (સિરિ ૧૨૮)

अम्हे सुयवंता निवस्स कित्ती।

૪) सा वग्घेण हया। (સુપાસ ૫૯૫) तं वग्घो हयवंतो।

## (૪૨૫) વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ

**(૪૨૫.૧)** વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ વિશેષણો[૪] પ્રમાણે

---

૪ અ) વિશેષણો પ્રમાણે સમાસાંત-असंभावणी दंसणं (બંભ પત્ર-૫૫), माणणेज्जजणं (સુર ૧.૨૩૭)
આ) વિશેષણો પ્રમાણે પૂરક-माया इव वंदणिज्जासि। (નાણ ૭.૬૦) માતાની જેમ વંદનીય છે.

થાય છે. ઉદાહરણ તરીકે—

बहुपुन्नपावणिज्जो मणी। (સુર ૯.૧૪૨)

પુષ્કળ પુણ્યથી પ્રાપ્ય એવો મણિ.

**(૪૨૫.૨)** વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ નામ પ્રમાણે થાય છે. ઉદાહરણ તરીકે—

૧) सुणह सोयव्वाइं। (સમરા પત્ર-૧)

સાંભળવા યોગ્ય વાત સાંભળ.

૨) अखमो समहिगभासियव्वे वि। (મહા પત્ર-૧૪૮ બ)

વધારે બોલવામાં પણ અસમર્થ.

૩) जेण रुसियव्वं जुत्तं। (કથા પત્ર-૧૧૫)

જે કારણે કોપ કરવો યોગ્ય છે.

**(૪૨૫.૩)** ક્રિયાપદો પ્રમાણે વિધ્યર્થના અર્થમાં વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે.

**(૪૨૫.૩.૧)** વાક્યમાં સકર્મક ક્રિયાપદોનું કર્મ ઉક્ત હોય તો, વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ કરતી વખતે કર્મણિ પ્રયોગ થાય છે. કર્તૃપદ તૃતીયા અને કર્મ પ્રથમામાં આવે છે. અને વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણ પ્રથમાંત કર્મના લિંગ, વચન વિભક્તિ પ્રમાણે થાય છે. ઉદાહરણ તરીકે—

૧) सीलं रक्खियव्वं मए। (ચઉ પત્ર-૩૧)

મારે શીલનું રક્ષણ કરવું જોઇએ.

૨) वयाइयारो कायव्वो नेय बुद्धिमंतेहिं। (સુપાસ ૬૩૪)

બુદ્ધિમાનોએ વ્રતોમાં અતિચાર કરવો ન જોઇએ.

**(૪૨૫.૩.૨)** અન્યત્ર બધે જ ભાવે પ્રયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) तुम्हेहि वि जिणधम्मे जइयव्वं। (સુપાસ ૫૬૬)

તમારે પણ જિનધર્મનું આચરણ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ

२) तुमए कत्थ गंतव्वं। (સુપાસ ૬૧૦)
તમારે ક્યાં જવાનું છે?

**(૪૨૫.૪)** વિધ્યર્થથી બતાવવામાં આવતા અર્થો દર્શાવવા માટે વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે.

**(૪૨૫.૪.૧) આવશ્યકતા** : ઉદાહરણ તરીકે—

૧) साहेयव्वा नरेण पुरिसत्था। (અરી પત્ર-૬)
માણસોએ પુરુષાર્થ સાધવો.

२) एसो खु मज्झ वइरी विणासियव्वो मएऽवस्सं। (મહા પત્ર-૮૦ અ)
આ ખરેખર મારો વેરી છે. તેનો નાશ મારે અવશ્ય કરવો જોઇએ.

**(૪૨૫.૪.૨) કર્તવ્ય** : ઉદાહરણ તરીકે—

मुणिणा सच्चं भणेयव्वं। (સુપાસ ૬૦૮)
મુનિએ સત્ય બોલવું જોઇએ.

**(૪૨૫.૪.૩) વિનંતિ** : ઉદાહરણ તરીકે—

૧) न रुसियव्वं बुहजणेणं। (પઉમ ૧.૧૧)
ડાહ્યા માણસે ગુસ્સો ન કરવો.

२) तेसिं वयणं न सोयव्वं। (ધર્મો પત્ર-૧૫૫)
તેમનું વચન ન સાંભળવું.

**(૪૨૫.૪.૪)** વિનયપૂર્વક પ્રશ્ન : ઉદાહરણ તરીકે—

किमेत्थ कायव्वं। (ચઉ પત્ર-૩૧)
હવે આ બાબતમાં શું કરવું?

**(૪૨૫.૪.૫) નમ્ર આજ્ઞા** : ઉદાહરણ તરીકે—

૧) तुम्हेहिं तत्थ मोणेण ठायव्वं। (સંપ ૩.૨.૯)
તમારે ત્યાં મૌન થઇને રહેવું.

२) न हु एयं भोत्तव्वं एएण समाणियं भत्तं। (અગડ ૨૨૨)
આમણે લાવેલું અન્ન બિલકુલ ન ખાવું.

**(૪૨૫.૪.૬) પ્રાર્થના** : ઉદાહરણ તરીકે—

खमियव्वं तुमए दुच्चिट्ठियं इमं। (ચઉ પત્ર-૪૫)

આ ખરાબ કૃત્યની આપે ક્ષમા કરવી.

**(૪૨૫.૪.૭) ઉપદેશ** : ઉદાહરણ તરીકે—

दमियव्वो साहुणा णिओ देहो। (ધર્મો પત્ર-૫૩)

સાધુએ પોતાનાં દેહનું દમન કરવું

**(૪૨૫.૫)** શું હોવું જોઇએ, શું કરવું જોઇએ એ દર્શાવવા પણ વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) भासियव्वं हियं सच्चं। (ઉત્ત.૧૯.૨૬)
   હિતકર સત્ય બોલવું જોઇએ.

૨) पयंपियव्वं न दुव्वयणं। (સુપાસ ૫૫૨)
   દુર્વચન ન બોલવું જોઇએ.

**(૪૨૫.૬)** ભાવે પ્રયોગમાં 'भवियव्व' અથવા 'होयव्व'નો ઉપયોગ થયો હોય ત્યારે (પ્રાયઃ) 'હોવું જોઇએ' એવો અર્થ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) विज्जासु पुरिसेण असंतुट्ठेण होयव्वं। (ધર્મો પત્ર-૪૬)
   વિદ્યાની બાબતે માણસે અસંતુષ્ટ થવું જોઇએ.

૨) भवियव्वं अणेण नरवइसुएणं। (સમરા પત્ર-૫૪૮)
   આ રાજપુત્ર હોવો જોઇએ.

**(૪૨૫.૭)** ભવિષ્યકાળ દર્શાવવા વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) तुब्भेहिं कंमि नयरंमि गंतव्वं? (સુપાસ ૫૦૧)
   તમારે કઇ નગરીમાં જવું છે?

૨) अज्ज मए एत्थेव वसियव्वं। (સમરા પત્ર-૫૩૩)
આજે હું અહીં જ રહેવાનો છું.

**(૪૨૫.૭.૧)** ભવિષ્યકાળની અનિશ્ચિતતા દર્શાવવા વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) भुत्तव्वा तए नलेण सह भोगा। (નલ પત્ર-૨૦)
તારે નળ સાથે ભોગ ભોગવવાના છે.

૨) जाएण जीवलोएण मरियव्वं तावा। (સુપાસ ૫૦૧)
જન્મેલા જીવોએ મરવાનું જ છે.

**(૪૨૫.૮)** સંકેતવાક્યમાં વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) अह अवस्सं मारेयव्वा ता पढमं ममं मारेह। (ધર્મો પત્ર-૪૦)
જો (આને) નક્કી મારવાની જ હોય તો પહેલા મને મારો.

૨) जइ अवस्सं सोयव्वं ता गंतूण पुच्छह। (મહા પત્ર-૧૫૭ અ)
જો નક્કી સાંભળવું જ હોય તો પહેલા (તમે જ) જઇને પૂછો.

• • •

## પ્રકરણ ૨૭

# લ્યબંત(ક્ત્વાંત) અને તુમંતનો ઉપયોગ

**(૪૨૬) લ્યબંતનો ઉપયોગ**

**(૪૨૬.૧)** એક કર્તાએ[૧] કરેલી અનેક ક્રિયાઓ એક પછી એક હોય ત્યારે પૂર્વક્રિયા બતાવનાર ધાતુનું લ્યબંત રૂપ વપરાય છે[૨]. ઉદાહરણ તરીકે—

૧) गंतूण पणमिऊण य भणइ। (પઉમ ૩૪.૪)
જઇને પ્રણામ કરીને કહે છે.

૨) खवित्तु कम्मं गइमुत्तमं गया। (દસ ૯.૨.૨૩)
કર્મનો ક્ષય કરીને ઉત્તમ ગતિમાં ગયા.

**(૪૨૬.૨)** કેટલાક લ્યબંતોનો ઉપયોગ ક્રિયાવિશેષણ અવ્યય પ્રમાણે થયેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

पेच्च (પરલોકમાં), पसज्झ (બળાત્કારે), आरुस्स (ક્રોધથી),
आहच्च (એકાએક) વગેરે.

**(૪૨૬.૩)** કેટલાક લ્યબંતનો ઉપયોગ શબ્દયોગી અવ્યય પ્રમાણે થયેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

उद्दिस्स (ઉદ્દેશીને), पडुच्च (બદલે, સંબંધી વગેરે), मोत्तूण (વગર, વિના) વગેરે.

**(૪૨૬.૪)** સંસ્કૃત પ્રમાણે અર્ધમાગધીમાં પણ ક્યારેક 'णमुल्' નો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हाहि। (વિવાગ પત્ર-૨૫)
અભગ્નસેન ચોરસેનાપતિને જીવતો પકડ.

---

૧ ક્યારેક ભિન્ન કર્તૃક ક્રિયાઓ દર્શાવવા લ્યબંતનો ઉપયોગ થયેલો જોવા મળે છે. सिद्धाण नमो किच्चा अत्थधम्मगइं सुणेह मे। (ઉત્ત ૨૦.૧)
સિદ્ધોને નમસ્કાર કરીને અર્થ અને ધર્મની ગતિ કહું છું, તે સાંભળો.

૨ ક્યારેક સમકાલીન ક્રિયાઓ દર્શાવવા લ્યબંતનો ઉપયોગ થયેલો જોવા મળે છે.
दारं अवलंबिया न चिट्ठेज्जा। (દસ ૫.૨.૯) દરવાજાને ટેકીને ઊભા રહેવું નહીં.

૨) अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हंति। (વિવાગ પત્ર-૨૮)

અભગ્નસેન ચોરસેનાપતિને જીવતો પકડે છે.

**(૪૨૬.૫)** લ્યબંતનો ક્યારેક તુમંત પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) इंदो अहिसिंचिऊण आढत्तो। (પઉમ ૩.૯૪)

ઇંદ્રે અભિષેક કરવાની શરુઆત કરી.

૨) न हु सी पभू तुमं पुत्ता! सामण्णमणुपालिया। (ઉત્ત ૧૯.૩૪)

પુત્ર! શ્રામણ્યનું પાલન કરવા તૂં ખરેખર સમર્થ નથી.

૩) चिंतेऊण पवत्तो। (પઉમ ૨.૧૦૪)

વિચાર કરવા લાગ્યો.

**(૪૨૬.૬)** ક્યારેક ક્યારેક 'છતાં' આ અર્થમાં અસંગતિ દર્શાવવા લ્યબંતનો ઉપયોગ થયેલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) तुमं विज्जाहरो होऊण केण कारणेण भूमिगोयरधूयं उव्वोढुमिच्छसि। (મહા પત્ર- ૬૦ અ)

તું વિદ્યાધર હોવા છતાં કયા કારણે પૃથ્વી પરની કન્યા સાથે લગ્ન કરવાની ઇચ્છા કરે છે?

(૨) जो होइ दुट्ठचित्तो एयस्साराहगो वि होऊण। तस्स न सिज्झइ एयं।

(સિરિ ૨૧૪)

આનો આરાધક હોવા છતાં જે દુષ્ટચિત્તવાળો હોય છે. તેને આ સિદ્ધ થતું નથી.

**(૪૨૬.૭)** કર્મણિ અર્થમાં-કર્મણિ પ્રયોગમાં કર્તૃપદ તૃતીયામાં થયા પછી પણ તેનાથી સંબંધિત લ્યબંત તેમ જ રહે છે.

ઉદાહરણ તરીકે—

૧) अग्गओ गंतूण भणियं तीए। (નલ પત્ર- ૩)

આગળ જઇ તેણીએ કહ્યું.

२) हसिऊण तेहिं भणियं। (નલ પત્ર- ૪૨)
તેમણે હસીને કહ્યું.

૩) भीमेणावि नलो नाऊण निवेसिओ नियसिंहासणे। (નલ પત્ર- ૩૪)
ભીમે પણ નળને ઓળખીને પોતાના સિંહાસન પર બેસાડ્યો.

**(૪૨૬.૮)** 'इति' પહેલા આવે ત્યારે 'कर' ધાતુના લ્યબંતનો એક વિશિષ્ટ વાક્યાંશ બને છે. ઉદાહરણ તરીકે—त्ति (ति) किच्चा, ति (ति) कट्टु.

**(૪૨૬.૯)** ક્રિયાપદ પછી તેનું જ લ્યબંત તરત આવે ત્યારે અર્ધમાગધી આગમમાં એક વિશિષ્ટ વાક્યપ્રયોગ થાય છે. (ત્યારે મોટે ભાગે ક્રિયાપદ પછી ૨ આ અંક હોય છે.) ઉદાહરણ તરીકે—

૧) पयाहिणं करेइ २ त्ता वंदइ। (ઉવા પરિ. ૧૦)
પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણા કરીને વંદન કરે છે.

२) जेट्ठपुत्तं सद्दावेइ २ त्ता एवं वयासी। (ઉવા પરિ. ૬૬)
જ્યેષ્ઠ પુત્રને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે.

## (૪૨૭) તુમંતના ઉપયોગ

**(૪૨૭.૧)** ક્રિયાનો હેતુ, ઉદ્દેશ, પ્રયોજન દર્શાવવા તુમંતનો ઉપયોગ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) जिमिउं उवविट्ठो। (અરી પત્ર-૭)
જમવા બેઠો.

२) सो वच्चउ तमाणेउं। (સંપઇ ૨.૫૮)
તેને લાવવા તેને જવા દે.

૩) तुमं दट्ठुं आगओ हं। (નલ પત્ર- ૧૯)
તને મળવા (જોવા) હું આવ્યો છું.

**(૪૨૭.૨)** ક્યારેક તુમંતનો લ્યબંત પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) सुणसु तुमं अवहिओ होउं। (સુપાસ ૪૮૮)
એકચિત્ત થઇને તું સાંભળ.

૨) को दट्ठुं परलोगमागए? (સૂય ૧.૨.૩.૧૦)

પરલોક જોઇને કોણ (પાછું) આવ્યું છે?

**(૪૨૭.૩)** કર્મણિ અર્થમાં (કર્મણિ પ્રયોગમાં) તુમંત તેમ જ રહે છે. ઉદાહરણ તરીકે—

૧) न हि तक्करो रक्खिउं जुज्जइ। (નલ પત્ર-૨૨)

ચોરનું રક્ષણ કરવું યોગ્ય નથી.

૨) न य सक्किया बोहिउं मए सजणा। (સપઇ ૧.૧૦)

સ્વજનોને બોધ કરવો મારાથી શક્ય બન્યું નહીં.

**(૪૨૭.૪)** 'अलं' અવ્યયને[૧] તુમંતની અપેક્ષા રહે છે.

ઉદાહરણ તરીકે—

૧) नालं तण्हं विणेत्तए। (દસ ૫.૧.૭૮)

તૃષ્ણા દૂર કરવા માટે પૂરતું (સમર્થ) નથી.

૨) तं दुट्ठं विसविगारं अवि हणिउं अलं। (મહા પત્ર- ૩૧૭ બ)

ઝેરના તે દુષ્ટ પરિણામને પણ નહીંવત્ કરવામાં પૂરતું (સમર્થ) છે.

**(૪૨૭.૫)** નીચે આપેલા કેટલાંક ક્રિયાપદોને અર્થપૂર્તિ માટે તુમંતની અપેક્ષા હોય છે.

**(૪૨૭.૫.૧) ઇચ્છવું :** ઉદાહરણ તરીકે—

૧) जइ गंगं महसि दट्ठुं। (નલ પત્ર-૩)

જો ગંગા (નદી) જોવાની ઇચ્છા હોય તો.

૨) नेच्छंति वंतयं भोत्तुं। (દસ ૨.૬)

વમેલું (પાછું) ખાવાની ઇચ્છા કરતા નથી.

**(૪૨૭.૫.૨) ઉત્સુક હોવું :** ઉદાહરણ તરીકે—

अन्नत्थ गंतुं न उच्छहइ मे मणं। (નલ પત્ર-૧૪)

બીજે જવા માટે મારું મન ઉત્સુક નથી.

---

૧ ક્યારેક 'अलाहि' અવ્યયને તુમંતની અપેક્ષા રહે છે. पहिआ अलाहि गंतुं। (કુમાર ૪.૮) પથિકો, જાઓ નહીં.

**(૪૨૭.૫.૩) શરુ કરવું :** ઉદાહરણ તરીકે—

૧) कहिउं पारद्धो सूरिणा धम्मो। (મહા પત્ર- ૭૧ બ)
   સૂરિએ ધર્મ કહેવાની શરુઆત કરી.

૨) रोगो वड्ढिउमारद्धो। (પાકમા પત્ર-૪૯)
   રોગ વધવા લાગ્યો.

**(૪૨૭.૫.૪) પ્રવૃત્ત થવું :** ઉદાહરણ તરીકે—

૧) वरिसिउं पयट्टो मेहो। (નલ પત્ર- ૧૮)
   મેઘ વરસવા લાગ્યો.

૨) अह वाइउं पवत्तो वाओ। (પઉમ ૪.૧૩)
   પછી પવન વહેવા લાગ્યો.

**(૪૨૭.૫.૫) ઉતાવળ કરવી** ઉદાહરણ તરીકે—

अभितुर पारं गमित्तए। (ઉત્ત ૧૦.૩૪)

પાર જવાની ઉતાવળ કર.

**(૪૨૭.૫.૬) લાગવું :** ઉદાહરણ તરીકે—

सो पुव्वभवं साहिउं लग्गो। (સુપાસ ૪૯૪)

તે પૂર્વભવ કહેવા લાગ્યો.

**(૪૨૭.૫.૭) હોવું :** ઉદાહરણ તરીકે—

जइ उत्तममग्गेण विहरिउं विज्जए इच्छा। (મહા પત્ર- ૧૬૯ અ)

જો ઉત્તમ માર્ગથી જવાની ઇચ્છા હોય.

**(૪૨૭.૫.૮) યોગ્ય હોવું :** ઉદાહરણ તરીકે—

૧) तम्हा न जुज्जइ इह निवसिउं। (મહા પત્ર-૩૧૦ અ)
   તેથી અહીં રહેવું યોગ્ય નથી.

૨) न य दिट्ठं सुयं सव्वं भिक्खू अक्खाउमरिहइ। (દસ ૮.૨૦)
   જોયેલું અથવા સાંભળેલું બધું જ ભિક્ષુએ કહેવા યોગ્ય નથી.

**(૪૨૭.૫.૯) શક્ય હોવું, સમર્થ હોવું :** ઉદાહરણ તરીકે—

૧) नं सक्केमो ते मग्गं दंसिउं। (નલ પત્ર-૨૧)

તને માર્ગ બતાવવા અમે સમર્થ નથી.

૨) को सक्कइ मं मारेउ। (અગડ ૧૪૮)

મને કોણ મારી શકશે.

**(૪૨૭.૬)** નીચે આપેલા કેટલાક શબ્દો સાથે પણ તુમંતનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૪૨૭.૬.૧)** सेयं-सेयं पव्वइउं मम। (ઉત્ત ૨૨.૨૯)

મારા માટે સંન્યાસ લેવો શ્રેષ્ઠ છે.

**(૪૨૭.૬.૨)** पकामं नो संचाएमि सम्मं पकामं वियरित्तए।

(પએસિ પરિ.૧૯)

યોગ્ય રીતે ભરપૂર ફરવું મારા માટે શક્ય થતું નથી.

**(૪૨૭.૬.૩) શક્ય, સમર્થ, પ્રભુ :** ઉદાહરણ તરીકે—

૧) तुब्भे समत्था उद्धत्तुं परमप्पाणमेव या। (ઉત્ત ૨૫.૩૯)

પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવા માટે તમે સમર્થ છો.

૨) पंचाणणो न सक्को समीवदेसं पि अक्कमिउं। (નલ પત્ર-૧૫)

નજીક જવા સિંહ પણ સમર્થ થયો નહીં.

૩) पहू कण्हे वासुदेवे गंगं महानइं बाहाहिं उत्तरित्तए उदाहु नो।

(નાયાસ ૧૯૫-૧૯૬)

ગંગા મહાનદી બાહુથી તરીને જવા કૃષ્ણ વાસુદેવ સમર્થ છે કે નહી?

**(૪૨૭.૬.૪) યુક્ત :** ઉદાહરણ તરીકે—

ता न जुत्तं मे इह अत्थिउं। (સમરા પત્ર-૧૩૬)

ત્યારે મારું અહીં રહેવું યોગ્ય નથી.

**(૪૨૭.૬.૫) સજ્જ :** ઉદાહરણ તરીકે—

सज्जो होहि जुज्झिउं। (વસુ પત્ર-૨૪૨)

યુદ્ધ કરવા સજ્જ થા.

**(૪૨૭.૭)** ક્રિયાદર્શક કાળવાચક શબ્દ સાથે તુમંતનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) कालो य मे... अत्थं उवज्जिउं। (સમરા પત્ર-૧૯૬)
પૈસા મેળવવાનો (આ) મારો કાળ છે.

૨) साहूणं विहरिउं कालो। (ધર્મો પત્ર-૬૮)
સાધુઓનો વિહરવાનો કાળ.

**(૪૨૭.૮)** સંસ્કૃત પ્રમાણે 'काम' અને 'मण' આ શબ્દો સાથે સમાસમાં પૂર્વપદમાં તુમંતનો ઉપયોગ થાય છે.

**(૪૨૭.૮.૧)** काम : ઉદાહરણ તરીકે—

૧) परमपयं गंतुकामेहि। (સુપાસ ૬૪૯)
પરમપદે જવાની ઇચ્છા કરનારાઓએ

૨) नियत्तिउकामो हं इयाणि। (મહા પત્ર-૧૭૦ અ)
હવે મારી પાછા ફરવાની ઇચ્છા છે.

**(૪૨૭.૮.૨)** मण : ઉદાહરણ તરીકે—

૧) दइयं दट्ठुमणा देइ दाणं। (નલ પત્ર-૨૨)
પ્રિયતમને જોવાને ઇચ્છતી તે દાન દેવા લાગી.

૨) वेगेणं उसिउमणो पहाविओ। (મહા પત્ર- ૧૭૫ અ)
ચાવવાની ઇચ્છાથી વેગથી દોડ્યો.

• • •

## પ્રકરણ ૨૮

# સંવાદિત્વ

### (૪૨૮) સંવાદિત્વ

વાક્યમાં જ્યારે વિકારી શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તેના પરસ્પર સંબંધમાં વિશિષ્ટ પ્રકારનું સંવાદિત્વ (Agreement concor) હોવું આવશ્યક છે. ઉદાહરણ તરીકે—

નામ જો એકવચનમાં વપરાયું હોય તો તેનો ગુણ વિશેષણ પણ એકવચનમાં હોવું આવશ્યક છે. કર્તા પ્રથમપુરુષી હોય તો ક્રિયાપદ પણ પ્રથમપુરુષી હોવું જરુરી છે વગેરે[1].

આ પ્રકારના સંવાદિત્વનો વિચાર હવે કરવામાં આવે છે.

વિકારી શબ્દોના સંવાદિત્વનો વિચાર લિંગ, વચન, વિભક્તિ અને પુરુષને અનુલક્ષીને કરવામાં આવે છે.

સંવાદિત્વનો વિચાર આગળ પ્રમાણે ત્રણ મુખ્ય વિભાગમાં કરી શકાય છે.

**(૧)** ઉદ્દેશ્ય-વિધેય-સંવાદ

**(૧.૧)** ઉદ્દેશ્ય-ક્રિયાપદ સંવાદ

**(૧.૨)** ઉદ્દેશ્ય-વિધિવિશેષણ સંવાદ (સાદા તેમ જ ધાતુસાધિત વિશેષણ)

**(૧.૩)** ઉદ્દેશ્ય સંવાદ વિધિનામ

**(૨)** વિશેષણ-વિશેષ્ય સંવાદ

**(૨.૧)** ગુણવિશેષણ-વિશેષ્ય સંવાદ

**(૨.૨)** સંખ્યાવિશેષણ-વિશેષ્ય સંવાદ

**(૩)** નામ-સર્વનામ સંવાદ

---

૧ ક્યારેક આ સંવાદિત્વનું પાલન નહીં થયેલું જોવા મળે છે. ઉદાહરણ તરીકે—૧) अहं पुण गिहत्थधम्मे अभिरमामो। (પઉમ ૩૩.૪૮) ૨) स इमीए सह विसयसुहं अणुहविंसु। (સમરા પત્ર ૬૦૦) ૩) संपज्जलिया घोरा अग्गी चिट्ठइ गोयमा। (ઉત્ત ૨૩.૫૦) ૪) अभू जिणा अत्थि जिणा अदुवा वि भविस्सई। (ઉત્ત ૨.૪૫)

(૩.૧) નામ-સંબંધી સર્વનામ સંવાદ

(૩.૨) નામ અને અન્ય સર્વનામોનો સંવાદ

**ઉદ્દેશ્ય-વિધેય-સંવાદ**

**(૪૨૯) ઉદ્દેશ્ય-ક્રિયાપદ સંવાદ**

**(૪૨૯.૧)** વિધેય ક્રિયાપદ હોય ત્યારે ઉદ્દેશ્યના પુરુષ[૧] અને વચન પ્રમાણે ક્રિયાપદના પુરુષ અને વચન હોય છે. ઉદાહરણ તરીકે—

૧) अहमवि तं कन्न जीवावेमि। (અરી પત્ર-૮)

હું પણ તે કન્યાને જીવંત કરીશ.

૨) जइ न कुप्पह तुब्भे। (બંભ પત્ર-૫૭)

જો તમે ક્રોધ ન કરો તો.

૩) रक्खिंसु नराहिवा। (માહા પત્ર-૪૭ બ)

રાજાઓએ રક્ષણ કર્યું.

**(૪૨૯.૧.૧)** દ્વિવચનના બદલે બહુવચનનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) कंपंति दो वि हत्था। (જિન પત્ર-૫૧)

બન્ને હાથ કાંપે છે.

૨) दो वि गच्छंति सोग्गइं। (દસ ૫.૧.૧૦૦)

બન્ને સદ્ગતિમાં જાય છે.

**(૪૨૯.૧.૨)** ઉદ્દેશ આદરાર્થે બહુવચનમાં હોય તો ક્રિયાપદ પણ બહુવચનમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) देव वीसत्था होह। (મહા પત્ર-૩૨ અ)

મહારાજ! સ્વસ્થ રહે.

૨) तुब्भे नो मुणह देव किं एयं। (મહા પત્ર-૧૯૮ બ)

મહારાજ! આ તમને ખબર નથી શું?

---

૧ च અધ્યાહૃત હોય તો પણ ક્રિયાપદ અનેકવચનમાં હોય છે. धम्मो अत्थो कामो मोक्खो चत्तारि होंति पुरसित्था। (ધર્મો પત્ર-૧૭) ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર પુરુષાર્થ છે.

**(૪૨૯.૧.૨) ઉદ્દેશ્ય-ક્રિયાપદ વચન સંવાદ**

**(૪૨૯.૧.૨.૧)** અનેક ઉદ્દેશ્યો 'च' (વગેરે)[૧] સમુચ્ચયાર્થક અવ્યયોથી જોડવામાં આવે ત્યારે ક્રિયાપદ અનેકવચનમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) विज्जा मंता य सिज्झंति। (મહા પત્ર-૧૭૨ બ)

વિદ્યા અને મંત્ર સિદ્ધ થાય છે.

૨) से पंडूराया कोंती य देवी पंच य पांडवा कच्छुल्लनारयं आढंति।

(નાયાસં પત્ર-૧૮૪)

તે પંડુ રાજા, રાણી કુંતી અને પાંચ પાંડવ તેમણે કચ્છુલ્લ નારદનો આદર કર્યો.

**(૪૨૯.૧.૨.૧.૧)** અનેક ઉદ્દેશ્યો 'च' થી જોડેલા હોય તો પણ ક્રિયાપદ ક્યારેક સંધિના ઉદ્દેશ્ય પ્રમાણે વચન લે છે.

ઉદાહરણ તરીકે—

जाण फलाण नामं तुमं अन्नो य न जाणइ। (ધર્મો પત્ર-૬૮)

જે ફળોના નામ તું અને બીજા કોઇ પણ જાણતા નથી.

**(૪૨૯.૧.૨.૧.૨)** અનેક ઉદ્દેશ્યો 'च' થી જોડેલા[૨] હોય તો પણ, પ્રત્યેક ઉદ્દેશ્ય સ્વતંત્ર પણે વિચારમાં લીધેલા હોય કે બધા મળીને એક સંયુક્ત કલ્પના હોય તો પણ ક્રિયાપદ એકવચનમાં આવી શકે. ઉદાહરણ તરીકે—

૧) छारो धूली उदगाइयं च खिप्पइ। (ધર્મો પત્ર-૧૫૯)

રાખ, ધૂળ, પાણી વગેરે ફેકવામાં આવે છે.

૨) वज्जं नट्टं गेयं अइरम्मं तह य गंधमाईयं हरइ मणं। (નાણ ૧૦.૨૯૩)

વાદ્ય, નૃત્ય (નાટ્ય), ગીત અને અતિરમ્ય ગંધ વગેરે મનને હરે છે.

---

૧ च અધ્યાહૃત હોય ત્યારે ક્રિયાપદ એકવચનમાં હોય છે.
विहवो जिणवरधम्मो रोगाभावो पिएण संजोगो।
अंते समाहिमरणं पाविज्जइ परमपुन्नेहिं॥ (ના ૭.૧૫૭)

૨ ક્યારેક અપવાદ-न तस्स माया व पिया व भाया कालम्मि कम्मंसहरा भवंति। (ઉત્ત ૧૩.૨૨) મરણ સમયે તેની માતા અથવા પિતા અથવા ભાઇ તેના કર્મનો ભાગ લેતા નથી.

**(૪૨૯.૧.૨.૧.૩)** અનેક ઉદ્દેશ્યો-પ્રત્યેક ઉદ્દેશ્ય પોતે એકવચનમાં 'च' થી જોડેલા હોય તો[1] ક્રિયાપદ ક્યારેક એકવચનમાં તો ક્યારેક બહુવચનમાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) हाणी वुड्ढी य होइ। (પઉમ ૩.૩૩)

હાનિ અને વૃદ્ધિ થાય છે.

૨) थुई निंदा य पयट्टइ। (કથા પત્ર-૪૧)

સ્તુતિ અને નિંદા શરુ થાય છે.

૩) तओ नलो दमयंती य कयाइ जलकीलं कुणंति। (નલ પત્ર-૭)

પછી નળ અને દમયંતી ક્યારેક જળક્રીડા કરતાં હતાં.

**(૪૨૯.૧.૨.૧.૪)** 'च' થી જોડેલા અનેક ઉદ્દેશ્યો બહુવચનમાં હોય તો ક્રિયાપદ સાહજિક રીતે બહુવચનમાં હોય છે. ઉદાહરણ તરીકે—

समणं भगवं महावीरं निग्गंथा य निग्गंथीओ य वंदंति। (સૂય ૨.૧.૭)

શ્રમણ ભગવાન મહાવીરને ભિક્ષુ અને ભિક્ષુણીઓ વંદન કરે છે.

**(૪૨૯.૧.૨.૧.૫)** અનેક ઉદ્દેશ્યો ભિન્ન વચનમાં હોય, 'च' થી જોડેલા હોય તો ક્રિયાપદ પ્રાયઃ બહુવચન માં હોય છે. (ક્યારેક એકવચનમાં હોય છે.)

ઉદાહરણ તરીકે—

देवा मंता तंता बंधुजणो तह य मित्तवग्गो य।

लोयाणं कज्जेसु निमित्तमित्तं चिय हवंति।। (નાણ ૩.૬૬)

લોકોની કાર્યસિદ્ધિની બાબતે દેવ, મંત્ર, તંત્ર, બંધુજન અને મિત્રવર્ગ માત્ર નિમિત્ત હોય છે.

**(૪૨૯.૧.૨.૧.૨)** અનેક ઉદ્દેશ્યો-પ્રત્યેક ઉદ્દેશ્ય પોતે એકવચનમાં-વિકલ્પદર્શક અવ્યયોથી જોડેલા હોય તો ક્રિયાપદ એકવચન માં હોય છે. ઉદાહરણ તરીકે—

---

૧ 'च' અધ્યાહૃત હોય તો પણ ક્રિયાપદ એકવચનમાં હોય છે.૧) महिलापुत्तो सुही होऊ। (ધર્મો પત્ર- ૨૦૮) પત્ની અને પુત્ર સુખી થાઓ. ૨) वड्ढइ तेओ कित्ती माहप्पं सयलसत्थविण्णाणं।

૧) कहं णं पुत्ता ममं तुट्ठी वा हरिसे वा आणंदे वा भविस्सइ। (નિરયા ૧૬)

પુત્ર! મને કેવી તુષ્ટિ અથવા હર્ષ અથવા આનંદ થશે!

૨) कोवो पसादो वा भवइ। (વસુ પત્ર-૨૫૩)

કોપ અથવા પ્રસાદ હોય છે.

**(૪૨૯.૧.૨.૧.૨.૧)** અનેક ઉદ્દેશ્યો પ્રત્યેક પોતે બહુવચનમાં 'वा' થી જોડેલા હોય તો ક્રિયાપદ બહુવચન માં જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

एयं महाणुभावं ... नो धम्मज्झाणाओ खमंति संखोहिउं केई। देविंदा तियसा वा जक्खा रक्खा व खयरवग्गा वा भूया महोरगा वा। (મહા પત્ર-૩૩૬ બ)

દેવશ્રેષ્ઠ, દેવ, યક્ષ, રાક્ષસ, ખેચરવર્ગ, ભૂતો અથવા મહાસર્પ એ કોઇ પણ આ મોટા માણસને ધર્મધ્યાનથી વિચલિત કરવા સમર્થ નથી.

**(૪૨૯.૧.૨.૧.૨.૨)** અનેક ઉદ્દેશ્યો ભિન્ન વચનમાં હોય, 'वा' થી જોડેલા હોય તો ક્રિયાપદ નિકટના ઉદ્દેશ્ય પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) भवियव्वया सहावो, दव्वाईया सहाइणो वा वि।

पायं पुव्वोवज्जियकम्माणुगया फलं दिंति।। (સિરિ ૯૭)

પ્રાયઃ પૂર્વ કરેલાં કર્મને લઇને જ ભવિતવ્યતા, સ્વભાવ, દ્રવ્ય વગેરે અથવા મિત્ર ફળ આપે છે.

૨) न तस्स माया व पिया व भाया भज्जा व पुत्ता न हु हुंति सरणं।

(કથા પત્ર-૧૫૯)

તેના માતા, પિતા, ભાઇ, ભાર્યા અથવા પુત્ર તેનું આશ્રય સ્થાન બનતા નથી.

### (૪૨૯.૧.૩) ઉદ્દેશ્ય-ક્રિયાપદ-પુરુષ-સંવાદ

**(૪૨૯.૧.૩.૧)** ભિન્ન પુરુષમાં રહેલાં ઉદ્દેશ્ય 'च' થી જોડેલા હોય તો ક્રિયાપદ દ્વિતીય (અને તૃતીય પુરુષ સિવાય) પ્રથમ પુરુષમાં (અને તૃતીય પુરુષ સિવાય દ્વિતીય પુરુષમાં) હોય છે. ઉદાહરણ તરીકે—

૧) अहं च तुमं च दो वि जुज्झामो। (નલ પત્ર-૯)

તું અને હું બન્ને યુદ્ધ કરીએ.

૨) वच्चामो चंपाउर्रिं। (જિન પત્ર-૧૨) (તું અને હું)

ચંપા નગરી જઇએ.

**(૪૨૯.૧.૩.૨)** ભિન્ન પુરુષમાં રહેલાં ઉદ્દેશ્યો 'वा' થી જોડેલા હોય તો ક્રિયાપદ નિકટના ઉદ્દેશ્ય પ્રમાણે હોય છે.

ઉદાહરણ તરીકે—

किं भणिही रुट्ठो जणो अहं वा भइणी वा मज्झ जणणी वा। (કથા પત્ર-૧૦૧)

ક્રોધિત લોક અથવા હું અથવા બહેન અથવા મારી માતા શું કહેશે?

**(૪૩૦) ઉદ્દેશ્ય વિધિવિશેષણ સંવાદ**

**(૪૩૦.૧) ઉદ્દેશ્ય-ગુણ વિશેષણ**

**(૪૩૦.૧.૧)** ઉદ્દેશ્યનાં લિંગ, વચન, વિભક્તિ પ્રમાણે ગુણવિશેષણ હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) सव्वतिहुयणसाहारणं इमं मरणं। (પાક પત્ર-૨૩)

આ મરણ સર્વ ત્રિભુવન માટે સાધારણ છે.

૨) उत्तमधम्मसुई हु दुल्लहा। (ઉત્ત ૧૦.૧૮)

ઉત્તમ ધર્મ સાંભળવા મળવો તે ખરેખર દુર્લભ છે.

૩) नूणं मियभासिणो गरुया। (મહા પત્ર-૧૪૫ અ)

આ મોટા લોકો ખરેખર મિતભાષી હોય છે.

**(૪૩૦.૧.૧.૧)** અનેક ઉદ્દેશ્યો 'च' થી જોડેલા હોય તો વિધિવિશેષણ નિકટનાં ઉદ્દેશ્ય પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च। (દસ ૪.૨૮)

જેને તપ, સંયમ, શાંતિ અને બ્રહ્મચર્ય પ્રિય છે.

૨) संसग्गी संभासो य सुहयरो पुन्नपुरिसाण। (સુપાસ ૫૪૬)

પુણ્ય પુરુષનો સહવાસ અને સંભાષણ સુખકર હોય છે.

### (૪૩૦.૧.૨) ઉદ્દેશ્ય-ધાતુસાધિતવિશેષણ-સંવાદ

(૧) ઉદ્દેશ્યનાં લિંગ, વચન[૧] વિભક્તિ પ્રમાણે ધાતુસાધિત વિશેષણ[૨] હોય છે. ઉદાહરણ તરીકે—

૧) मए भोगा भुत्ता। (ઉત્ત ૧૯.૧૧)
મેં ભોગ ભોગવ્યા.

૨) चलियं सेन्नं समत्थं पि। (અગડ પત્ર-૧૮૦)
સર્વ સૈન્ય પણ ચાલ્યું.

૩) तओ सा किंचि सत्था जाया। (બંભ પત્ર-૬૧)
ત્યારબાદ તેણી થોડી સ્વસ્થ બની.

૪) अलंघणीया आणा तायस्स। (સુર ૧૧.૧૪૧)
પિતાની આજ્ઞા અલંઘ્ય છે.

**(૪૩૦.૧.૨.૧)** ધાતુસાધિતવિશેષણ ક્યારેક ઉદ્દેશ્યના એકવિભક્તિક નામ પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

छज्जीवणिया नाम अज्झयणं पवेइया। (દસ ૪)

'છ જીવસમૂહ' નામનું અધ્યયન બતાવવામાં આવ્યું છે.

**(૪૩૦.૧.૨.૨)** ધાતુસાધિત વિશેષણ ક્યારેક ઉદ્દેશ્યના એકવિભક્તિક પૂરક પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) मुच्छा परिग्गहो वुत्तो। (દસ ૬.૨૧)
આસક્તિને પરિગ્રહ કહેવાય છે.

૨) सूरसेणा जाओ देवो। (કથા પત્ર-૩૩)
સુરસેના દેવ થઇ.

---

૧ દ્વિવચનના બદલે અનેકવચન હોય છે. ઉદાહરણ તરીકે—
૧) परिसुक्काओ भुयाओ... मिलाणाइं लोयणाइं। (સમરા પત્ર-૪૮૦)
૨) दो वि केवलिणो जाया। (ધર્મો પત્ર-૨૧)

૨ ક્યારેક લિંગ ભિન્નતા જોવા મળે છે.
मह मणो उव्विग्गं संसाराओ। (કથા પત્ર-૧૭૬) મારું મન સંસારથી ઉદ્વિગ્ન થયું છે. वाऊ चित्तमंतमक्खाया। (દસ ૪) વાયુ સજીવ છે એવું કહેવાય છે.

## (૪૩૦.૧.૨.૩) ઉદ્દેશ્ય-ધાતુસાધિત વિશેષણ વચન સંવાદ

**(૪૩૦.૧.૨.૩.૧)** અનેક ઉદ્દેશ્યો 'च' થી જોડેલા હોય તો ધાતુસાધિત વિશેષણ બહુવચનમાં હોય છે[૧]. ઉદાહરણ તરીકે—

૧) हक्कारिया रायाणो रायपुत्ता य। (નલ પત્ર-૨)
રાજાઓ અને રાજપુત્રને બોલાવ્યા.

૨) मए सोढाणि भीमाणि जम्माणि मरणाणि य। (ઉત્ત ૧૯.૪૬)
મેં ભયંકર એવાં જન્મ અને મૃત્યુ સહન કર્યાં.

**(૪૩૦.૧.૨.૩.૧.૧)** અનેક ઉદ્દેશ્યો 'च' થી જોડેલા હોય તો પણ ધાતુવિશેષણ ક્યારેક નિકટના ઉદ્દેશ્ય પ્રમાણે હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) गहियं उयगं नारंगफलाणि य। (સમરા પત્ર-૩૫૬)
પાણી અને નારંગ ફળ લીધા.

૨) आणंदिओ मुणिचंदो देवीओ सामंता य।(સમરા પત્ર-૭૯૦)
મુનિચંદ્ર, રાણીઓ અને સામંત આનંદિત થયાં.

## (૪૩૦.૧.૨.૪) ઉદ્દેશ્ય-ધાતુસાધિત વિશેષણ લિંગ સંવાદ

**(૪૩૦.૧.૨.૪.૧)** ઉદાહરણ તરીકે—

૧) अणुवेहणिज्जा खलु रोगा सत्तुणो य। (મહા પત્ર-૨૦૩ અ)
રોગ અને શત્રુ ખરેખર અનુપ્રેક્ષનીય છે.

૨) पत्ता देवा णरा सट्ठाणे। (ધર્મો પત્ર-૧૫)
દેવો અને માણસો પોતપોતાના સ્થાને ગયા.

**(૪૩૦.૧.૨.૪.૨)** અનેક ઉદ્દેશ્યો સ્ત્રીલિંગી હોય તો ધાતુસાધિત વિશેષણ સ્ત્રીલિંગમાં હોય છે. ઉદાહરણ તરીકે—

आगयाओ साहुणीओ कंतिमई य। (સમરા પત્ર-૧૧૨)
સાધુ સ્ત્રીઓ અને કાંતિમતી આવ્યા.

---

૧ અપવાદ-संपयं च दव्वहरणं परिमोसो य केण विकयं। (ઘાટગે પત્ર-૧૬૧ જુઓ) હમણાં જ કોઇએ તો દ્રવ્યહરણ અને ચોરી કરી.

**(૪૩૦.૧.૨.૪.૩)** ઉદ્દેશ્યો પુલ્લિંગી અને સ્ત્રીલિંગી હોય તો ધાતુસાધિત વિશેષણ પ્રાયઃ પુલ્લિંગમાં જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

૧) उट्ठिओ कुमारो संतिमई य। (સમરા પત્ર-૫૩૩)
   કુમાર અને શાંતિમતી ઉઠ્યા.

૨) ताहे राया य सा य जयहत्थिम्मि आरूढा। (ચઉ પત્ર-૧૭)
   ત્યારબાદ રાજા અને તેણી જયાવહ હાથી પર બેઠા.

૩) अणुरूवो ते विवेगो अलुद्धया य। (સમરા પત્ર-૪૬૫)
   તને વિવેક અને અલુબ્ધતા અનુરૂપ છે.

**(૪૩૦.૧.૨.૪.૩.૧)** ક્યારેક સંનિધિના ઉદ્દેશ્ય પ્રમાણે ધાતુસાધિત વિશેષણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

एवंविहा य देवा देवीओ कत्थ दिट्ठाओ। (સુર ૬.૧૩૧)

આવા પ્રકારના દેવ અને દેવી ક્યાં જોયા હશે?

**(૪૩૦.૧.૨.૪.૩.૨)** અભિનવ પ્રાકૃતમાં ધાતુસાધિત વિશેષણ પ્રાયઃ નપુંસકલિંગમાં જોવા મળે છે.

૧) समाइट्ठाणि वज्झाणि मेंठो देवी करी य। (ધર્મો પત્ર-૫૦)
   મહાવત, હાથી, અને રાણી વધ્ય છે એવી આજ્ઞા કરી.

૨) तत्थ वसुदेवो रोहिणी देवई य आरोवियाणि। (કથા પત્ર-૮૬)
   ત્યાં વસુદેવ રોહિણી અને દેવકીને બેસાડ્યા.

### (૪૩૧.) ઉદ્દેશ્ય-વિધિનામ-સંવાદ

**(૪૩૧.૧)** વિધેય નામનાં સ્વરૂપ પ્રમાણે આ સંવાદ ભિન્ન રૂપી હોય છે. વિભક્તિ તે જ રહે છે. માત્ર લિંગ-વચનની બાબતમાં ફરક હોય છે.

**(૪૩૧.૧.૧)** ક્યારેક લિંગ-વચન સંવાદ હોય છ.

ઉદાહરણ તરીકે—

૧) सव्वे आभरणा भारा। (ઉત્ત ૧૩.૧૬)
   સર્વ અલંકાર (એટલે) ભાર.

૨) जम्मं दुक्खं। (ઉત્ત ૧૯.૧૫)

જન્મ એટલે દુઃખ

૩) महिला जोणी अणत्थाणं। (બંભ પત્ર-૪૨)

સ્ત્રી એ અનર્થનું મૂળ છે.

૪) मोक्खो पहाणपुरिसत्थो। (કથા પત્ર-૧૬૯)

મોક્ષ એ પ્રધાન પુરુષાર્થ (છે.)

**(૪૩૧.૧)** ક્યારેક લિંગભિન્નતા હોય છે તો પણ વચન સંવાદ હોય છે. ઉદાહરણ તરીકે—

૧) धम्मो मंगलमुक्कट्ठं। (દસ ૧.૧)

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ.

૨) संपयं दमयंती चेव तुह भज्जा मंती मित्तं पाइक्को य। (નલ પત્ર-૧૧)

હવે દમયંતી એ જ તારી પત્નિ, મંત્રી, મિત્ર અને પાયદળ.

૩) धम्मो दीवो पइट्ठा य गई सरणमुत्तमं। (ઉત્ત ૨૩.૬૮)

ધર્મ એ જ દીપ, પ્રતિષ્ઠા, ગતિ અને ઉત્તમ આશ્રયસ્થાન છે.

**(૪૩૧.૩)** ક્યારેક લિંગ અને વચનનો સંવાદ નથી હોતો. ઉદાહરણ તરીકે—

૧) सल्लं कामा विसं कामा। (ઉત્ત ૯.૫૩)

કામ એ શલ્ય અને વિષ છે.

૨) सम्मदंसणनाणचरित्ताणि निव्वाणमग्गो। (ધર્મો પત્ર-૧૪૨)

સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર એ મોક્ષમાર્ગ છે.

**(૪૩૧.૨)** અનેક ઉદ્દેશ્યો 'च' થી જોડેલા હોય તો વિધિનામ બહુવચનમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) माया अलियं लोहो मूढत्तं साहसं असोयत्तं।

निस्संसया तह च्चिय महिलाण सहावया दोसा॥(અગડ ૧૪૦)

કપટ, અસત્ય, લોભ, મૂઢત્વ, સાહસ, અશુચિતા અને ક્રૂરતા એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે.

૨) ताणं च दो पहाणसीसा धम्मघोसो धम्मजसो य। (ધર્મો પત્ર-૨૧૫)

તેમના ધર્મઘોષ અને ધર્મયશ એ બન્ને મુખ્ય શિષ્ય છે.

**(૪૩૧.૨.૧)** અનેક ઉદ્દેશ્યો 'च' થી જોડેલા હોય તો, એકાદ (સમૂહવાચક) સંયુક્ત કલ્પના નિર્દિષ્ટ હોય તો વિધિનામ એકવચન માં આવે છે. ઉદાહરણ તરીકે—

सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो। (સમરા પત્ર-૪૬)

સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય એ યતિધર્મ.

**(૪૩૧.૨.૩)** પ્રમાણ, ભાજન, સ્થાન, પદ, શરણ એ નામો વિધેય હોય તો તે નિત્ય નપુંસક પ્રથમા એકવચનમાં હોય છે. ત્યારબાદ ઉદ્દેશ્યનું લિંગ-વચન કોઇ પણ હોય[1]. ઉદાહરણ તરીકે—

૧) गिहेसु महिलाओ पमाणं। (પાઇ પત્ર-૨૮)

ઘરમાં મહિલા પ્રમાણ.

૨) भायणं तुमं कल्लाणाणं। (સમરા પત્ર-૭૩૨)

તું (એટલે) કલ્યાણસ્થાન.

૩) जीवो जोइट्ठाणं। (ઉત્ત ૧૨.૪૪)

જીવ એ વેદી (અગ્નિનું સ્થાન).

૪) अवमाणपयं तओ जाओ। (સુપાસ ૫૦૯)

અને તે અપમાનસ્થાન થયો.

૫) धम्मो च्चिय संसारे सरणं। (સુપાસ ૫૭૪)

સંસારમાં ધર્મ એ આશ્રયસ્થાન છે.

## (૪૩૧.૩) વિભક્તિસંવાદ

**(૪૩૧.૩.૧)** હોવું, થવું, લાગવું વગેરે અકર્મક ક્રિયાપદોના પૂરક તરીકે આવનારાં વિધિનામો ઉદ્દેશ્ય પ્રમાણે પ્રથમા વિભક્તિમાં હોય છે. ઉદાહરણ તરીકે—

---

૧ અહીં હોવું તે ક્રિયાપદ યોજ્યું છે તે માત્ર ઉદ્દેશ્ય પ્રમાણે હોય છે.

ઉદાહરણ તરીકે— अहमेव दुहभायणं होमि। (નલ પત્ર ૧૪) હું જ દુઃખનું આશ્રયસ્થાન થઇશ.

जाया सव्वे वि केवलिणो। (મહા પત્ર-૨.૭૧)

સર્વ કેવલી થયા.

**(૪૩૧.૩.૨)** કહેવું, કરવું, સમજવું વગેરે સકર્મક પરંતુ અપૂર્ણ વિધેયનાં ક્રિયાપદોના કર્મણિ પ્રયોગમાં પૂરક-કર્મ ઉદ્દેશ્ય પ્રમાણે પ્રથમા વિભક્તિમાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) भवतण्हा लया वुत्ता। (ઉત્ત ૨૩ .૪૮)

સંસાર, તૃષ્ણાલતા કહેવાય છે.

૨) कया जिणयत्तेण साविगा सिरिमई। (જિન ૨૪)

જિનદત્તે શ્રીમતીને શ્રાવિકા બનાવી.

**(૪૩૧.૩.૩)** જ્યારે અનેક ઉદ્દેશ્ય કોઇ નામ અથવા સર્વનામ સાથે એકવિભક્તિમાં હોય ત્યારે વિધિનામ, નામ અને સર્વનામ પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) तं गेहं सो विभवो सा लीला सो य वल्लहो कंतो... सव्वं खणेण नट्ठं।

(નાણ ૧.૩૧૮)

તે ઘર, તે વૈભવ, તે લીલા, તે પ્રિયપતિ, આ બધું ક્ષણમાં નષ્ટ થયું.

૨) दुकलत्तं दालिद्दं वाही तह कन्नयाण बाहुल्लं पच्चक्खं नरयमिणं।

(નાણ ૭.૬)

ખરાબ પત્નિ, દારિદ્રય, વ્યાધી અને કન્યાનું બાહુલ્ય એટલે પ્રત્યક્ષ નરક.

## (૪૩૨) વિશેષણ-વિશેષ્ય સંવાદ

### (૪૩૨.૧) ગુણવિશેષણ[૧]-વિશેષ્ય-સંવાદ

**(૪૩૨.૧.૧)** વિશેષણનાં[૨] લિંગ, વચન, વિભક્તિ પ્રમાણે ગુણવિશેષણ હોય છે[૩]. ઉદાહરણ તરીકે—

---

૧ સમાસાંત વિશેષણો પોતાના મૂળ રૂપમાં હોય છે. तिव्वोवसग्ग, दिव्वाभरण, दीहकाल, परमसंतोस વગેરે.

૨ यल्लिङ्गं यद्वचनं या च विभक्तिर्भवेद् विशेष्यस्य।
तल्लिङ्गं तद्वचनं सा च विभक्तिर्विशेषणस्यापि॥

૩ અર્ધમાગધીમાં ક્યારેક લિંગભિન્નતા જોવા મળે છે. ઉદાહરણ— बहवे (પું.) वावीओ। અને વિભક્તિ ભિન્નતા પણ જોવા મળે છે.ઉદાહરણ— सइ अन्नेण मग्गेण। (દસ. ૫.૧.૬) બીજો માર્ગ હોય તો.

૧) ईइसो चेव असारो संसारो। (પાકમા પત્ર-૨૧)

અસાર સંસાર આ એવો જ છે.

૨) महावीरस्स भगवओ सीसे। (ઉત્ત ૨૧.૧)

ભગવાન મહાવીરના શિષ્ય.

૩) एयारिसे सरीरम्मि। (બંભ પત્ર-૩૮)

આવા પ્રકારના દેહમાં.

**(૪૩૨.૧.૧.૧) વચન સંવાદ**

**(૪૩૨.૧.૧.૧.૧)** અનેક વિશેષ્યોને વિશેષણ એક જ હોય તો તે બહુવચનમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) राया समणो मंती दूओ तह चेव धम्म-अहिगारी।

नियसत्थेण विहीणा कयं पि कज्जं विणासेंति॥(નાણ ૯.૧૦૯)

સ્વશાસ્ત્ર વિહીન એવો રાજા, શ્રમણ, મંત્રી, દૂત તેમ જ ધર્માધિકારી તેઓ કરેલા કાર્યોનો પણ નાશ કરે છે.

૨) बहवे वेज्जा य वेज्जपुत्ता य। (વિવાગ પત્ર-૮)

પુષ્કળ વૈદ્ય અને વૈદ્યપુત્ર.

**(૪૩૨.૧.૧.૧.૨)** અનેક વિશેષ્યો 'च' થી જોડેલા હોય[૧] તો તેમનું વિશેષણ ક્યારેક વિધિવિશેષણ પ્રમાણે નિકટના વિશેષ્ય પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) पाइओ मि जलंतीओ वसाओ रुहिराणि य। (ઉત્ત ૧૯.૭૦)

જ્વલંત વસા અને રક્ત મને પીવડાવવામાં આવ્યાં.

૨) अन्ने देवा य देवीओ य। (મહા પત્ર-૧૩૭)

અન્ય દેવ અને દેવી.

**(૪૩૨.૨) સંખ્યા-વિશેષણ[૨]-વિશેષ્ય-સંવાદ**

**(૪૩૨.૨.૧)** 'एग' એ વિશેષ્યનાં લિંગ-વચન-વિભક્તિ પ્રમાણે હોય છે.

---

૧ 'वा' થી જોડેલા હોય તો-केरिसो सुद्दो माहणो वा भवइ। (કથા પત્ર-૧૭૪)

૨ સંખ્યાવાચકોના સમાસાંતમાં થનારા ફરક માટે પ્રકરણ ૧૨, પૂરવણી-૨ જુઓ.

ઉદાહરણ તરીકે—

૧) मम एगो भाया। (કથા પત્ર-૬૦)

મારો એક ભાઇ

૨) संपाएहि ... मे एगं पत्थणं। (સમરા પત્ર-૧૬૪)

મારી એક પ્રાર્થના પૂર્ણ કર.

૩) एगेण साहुणा। (સમરા પત્ર-૧૮૫)

એક સાધુએ.

**(૪૩૨.૨.૨)** બે થી અઢાર સંખ્યાવિશેષણ નિત્ય બહુવચનમાં હોય છે. ત્રણે લિંગોમાં તેમનાં રૂપો સમાન હોય છે. માત્ર વિભક્તિ વિશેષ્ય પ્રમાણે રહે છે.

ઉદાહરણ તરીકે—

૧) चोद्दस महारयणा नव निहिओ। (પઉમ ૪.૬૧)

ચૌદ મહારત્ન નવ નિધીઓ.

૨) दस अज्झयणा। (વિવાગ પત્ર-૨)

દશ અધ્યયનો.

૩) अट्ठेव य कम्माइं एगारस पडिमाओ बारस वयाइं। (સિરિ ૬૪)

આઠ જ કર્મ, અગિયાર પ્રતિમા, બાર વ્રત.

૪) सोलस वरवावीओ। (પઉમ ૨.૫૨) સોળ સુંદર વાવડી.

**(૪૩૨.૨.૩)** ઓગણીસથી[1] અડતાલીસ સંખ્યાવિશેષણ નિત્ય એકવચનમાં હોય છે. તેમની વિભક્તિ માત્ર વિશેષ્ય પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) एगूणवीसं अज्झयणा। (નાયાસં પત્ર-૨)

૧૯ અધ્યયનો.

૨) वीसं वासाइं।

વીસ વર્ષ.

---

૧ વીસ પછીનાં સંખ્યાવાચકો પણ વિશેષ્ય પ્રમાણે હોવાથી તે ક્યારેક વિશેષ્યની ષષ્ઠી વિભક્તિ લે છે. ઉદાહરણ— वरगामाण सहस्सं सयं गइंदाण पाइक्काणं लक्खं तुरयाणं दस सहस्साइं। (અગડ ૧૫૩) એક હજાર સુંદર ગામો, સો ઉત્કૃષ્ટ હાથી, એક લાખ પાયદળ, દશ હજાર ઘોડા.

૩) छव्वीसं वासाइं। (નિરયા પત્ર-૧૦)

૨૬ વર્ષ.

૪) तीसं महासुमिणा।

૩૦ મહાસ્વપ્નો.

૫) सत्ततीसं वासंइं। (વિવાગ પત્ર-૨૮)

૩૭ વર્ષ.

૬) बायालीसं सुमिणा।

૪૨ સ્વપ્ન.

૭) अउणतीसं दिणाणि (કથા પત્ર-૧૨૦)

૨૯ દિવસ.

**(૪૩૨.૨.૪)** ઓગણપચાસથી અટ્ઠાવન સંખ્યાવિશેષણ ફક્ત એકવચનમાં હોય છે તેમની વિભક્તિ વિશેષ્ય પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) एगूणपन्नासं पुत्तजुयलगाणि। (મહા પત્ર-૮ અ)

૪૯ પુત્રોની જોડી.

૨) चउपन्नं अज्झयणा। (નાયાસં ૨૨૭) ૫૪ અધ્યયનો.

૩) सत्तावन्नाए दंतिसहस्सही। (નિરયા પત્ર-૨૭)

૫૭ હજાર હાથીથી.

**(૪૩૨.૨.૫)** ૫૯ થી ૯૯ સંખ્યાવિશેષણ માત્ર એકવચનમાં હોય છે. તેમની વિભક્તિ વિશેષ્ય પ્રમાણે હોય છે. ઉદાહરણ તરીકે—

૧) सट्ठिं वासाइं। (વિવાગ પત્ર-૩૯)

૬૦ વર્ષ.

૨) बावत्तरिं वासाइं। (વિવાગ પત્ર-૪૫)

૭૨ વર્ષ.

૩) असीइं वासाइं (વિવાગ પત્ર-૫૬)

૮૦ વર્ષ.

૪) नउइ वासाइं। (વિવાગ પત્ર-૫૮)
૯૦ વર્ષ.

**(૪૩૨.૨.૬)** सय, सहस्स વગેરે સંખ્યાવિશેષણ વિશેષ્ય પ્રમાણે જ હોય તો તે એકવચનમાં તેમ જ બહુવચનમાં વપરાય છે[૧]. વિભક્તિ[૨] વિશેષ્ય પ્રમાણે હોય છે.

**(૪૩૩) નામ-સર્વનામ સંવાદ**

**(૪૩૩.૧)** નામોનાં લિંગ[૩]-વચન-વિભક્તિ પ્રમાણે સર્વનામ હોય છે. ઉદાહરણ તરીકે—

૧) न सामन्नपुरिसो एसो। (નલ પત્ર-૫)
આ સામાન્ય પુરુષ નથી.

૨) तम्मि चेव जम्मे। (સમરા પત્ર-૪૫)
તે જ જન્મમાં.

૩) इमस्स सत्तंगरज्जस्स। (નલ પત્ર-૮)
આ સપ્તાંગ રાજ્યના.

**(૪૩૩.૧.૧)** ભિન્નલિંગી અનેક નામોને બદલે સર્વનામ આવે તો ક્યારેક તે (સર્વનામ) ક્યારેક પુલ્લિંગમાં તો ક્યારેક નપુંસકલિંગમાં જોવા મળે[૪] છે.

**(૪૩૩.૧.૧.૧)** ઉદાહરણ તરીકે—

૧) कसाया इंदियाणि य ते जिणित्तु। (ઉત્ત ૨૩.૩૮)
કષાય અને ઇંદ્રિયોનું દમન કરીને.

---

૧ પાછળ 'મોટી સંખ્યા સાધવી' પ્રકરણ ૧૨, પુરવણી ૧ જુઓ.

૨ અ) ક્યારેક આ વિશેષણો વિશેષ્યની ષષ્ઠી લે છે.
૧) पुत्ताणं सट्ठीसहस्सा। ૬૦ હજાર પુત્ર.
૨) अट्ठसयं खत्तियदारगाणं। ૮૦૦ ક્ષત્રિય પુત્ર વગેરે.
આ) ક્યારેક આ વિશેષણોનો વિશેષ્ય સાથે સમાસ જ થાય છે. अट्ठसहस्सलक्खणधरो। (ઉત્ત ૨૨.૫) આઠ હજાર લક્ષણો ધારણ કરનાર.

૩ ક્યારેક લિંગ ભિન્નતા જોવા મળે છે-जावंति (નપુંસક) लोए पाणा (પુ.)। (દસ ૬.૧૦)

૪ ભિન્નલિંગી નામો 'च' થી અથવા 'वा' થી જોડેલા હોય તો સર્વનામ ક્યારેક નિકટના નામ પ્રમાણે હોય છે.
૧) सव्वे देवा देवीओ य उव्विग्गा अच्छंति। (મહા પત્ર-૨૩૦ બ)
૨) सो पुरिसो इत्थिया वा। (સમરા પત્ર-૨૦૪)
૩) जो पुरिसो इत्थी वा। (કથા પત્ર-૪૦)

૨) नाणं च दसणं चेव चरित्तं च तवो तहा... एस मग्गो। (ઉત્ત ૨૮.૨)

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આ માર્ગ.

**(૪૩૩.૧.૧.૨)** ઉદાહરણ તરીકે—

नाणं च दंसणं चेव चारित्तं च तवो तहा।

वीरियं उवओगो य एयं जीवस्स लक्खणं।। (ઉત્ત ૨૮.૧૧)

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

**(૪૩૩.૨) નામ-સંબંધી સર્વનામ સંવાદ**

**(૪૩૩.૨.૧)** પૂર્વગામી નામો પ્રમાણે સર્વનામોનાં પુરુષ, લિંગ અને વચન હોય છે[૧].

**(૪૩૩.૨.૧.૧)** વિભક્તિ ક્યારેક તે જ હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) ते धन्ना कयपुण्णा जे जिणधम्मं धरंति नियहियए। (કુમ્મા ૮૯)

જે જિનધર્મ હૃદયમાં ધારણ કરે છે તે ધન્ય અને પુણ્યવાન છે.

૨) जा निरस्साविणी नावा सा उ पारस्स गामिणी। (ઉત્ત ૨૩.૭૧)

જે નાવ ફૂટેલી નથી તે જ પેલે પાર જાય છે.

**(૪૩૩.૨.૧.૨)** ક્યારેક આગળના વાક્યમાં સંબંધી સર્વનામની જે વિભક્તિ હોય છે તે જ વિભક્તિ હોય છે. ઉદાહરણ તરીકે—

૧) मुसं न वयई जो उ तं वयं बूम माहणं। (ઉત્ત ૨૫.૨૪)

જે ખોટું બોલતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૨) जीवाइया पयत्था जाणिज्जंति इह जेण तं नाणं। (સુપાસ ૫૫૧)

જેના યોગથી અહીં જીવ વગેરે પદાર્થો જાણવામાં આવે છે તે જ્ઞાન.

**(૪૩૩.૨.૨)** સંપૂર્ણ વાક્યના બદલે સંબંધી સર્વનામ આવે તો તે નિત્ય નપુંસકલિંગ દ્વિતીયા એકવચનમાં જ હોય છે.

ઉદાહરણ તરીકે—

---

૧ અપવાદ-अच्छंदा जे न भुंजंति न से चाइ त्ति वुच्चइ। (દસ ૨.૨)

૧) अजुत्तं कयं इमीए जं तुमं वरिओ। (નલ પત્ર-૫)

તારું વરણ કર્યું તે આણે અયોગ્ય કર્યું.

૨) जुत्तं तुमए कयं जं पारद्धिं मंसं च परिचत्ताणि। (નલ, ટીપા, પત્ર-૧)

મૃગયા અને માંસ વર્જ્ય કર્યું એ તેં સારું કર્યું.

**(૪૩૩.૨.૩)** જે વાક્યમાં સંબંધી સર્વનામ છે તેનું વિધેય નામ હોય અને તેનું લિંગ પૂર્વગામી નામની અપેક્ષા ભિન્ન હોય તો સંબંધી સર્વનામ પ્રાયઃ નિકટનાં નામ પ્રમાણે હોય છે.

जे माहणा जाइविज्जाविहूणा ताइं तु खेत्ताइं सुपावयाइं।

(ઉત્ત ૧૨.૧૪)

જેઓ જાતિ-વિદ્યાહીન બ્રાહ્મણ છે. તે પાપી ક્ષેત્ર છે.

• • •

## પ્રકરણ ૨૯

# વાક્યો જોડવાં

### (૪૩૪) વાક્યો જોડવાં

એક વાક્યથી પ્રાયઃ પૂર્ણ અર્થબોધ થતો હોય તો પણ ઘણી વખત વાક્ય પરસ્પરાવલંબી હોય છે. તેમાંથી એક વાક્ય પ્રધાન અને અન્ય વાક્ય ગૌણ હોય છે. ઘણી વખત બન્ને સ્વતંત્ર વાક્યો પણ કોઇ વિશિષ્ટ કારણથી જોડવામાં આવે છે. અહીં માત્ર ગૌણ-પ્રધાન ભાવ હોતો નથી. પહેલાં પ્રકારનાં વાક્યને મિશ્રવાક્ય અને બીજા પ્રકારનાં વાક્યને સંયુક્ત વાક્ય કહેવામાં આવે છે.

મિશ્રવાક્યોમાંથી ગૌણવાક્યો જે પ્રકારનું કાર્ય કરે છે તે પ્રમાણે તેને નામવાક્ય, વિશેષણવાક્ય, ક્રિયાવિશેષણવાક્ય વગેરે સંજ્ઞા આપવામાં આવે છે.

નીચેના શબ્દોની સહાયતાથી આ વાક્યો જોડવામાં આવે છે.

### (૪૩૪.૧) નામવાક્ય

ति (इति), जहा, जं (यद्) किं, तं जहा (तद् यथा), जइ (यदि).

### (૪૩૪.૨) વિશેષણવાક્ય

ज (यद्) त (तद्), जारिस (यादृश), तारिस (तादृश).

### (૪૩૪.૩) ક્રિયાવિશેષણ વાક્ય

#### (૪૩૪.૩.૧) સ્થળદર્શક

जत्थ (तत्थ), जत्थ जत्थ (तत्थ तत्थ), जहिं (तहिं), जहिं जहिं (तहिं तहिं), जत्तो (तत्तो)

#### (૪૩૪.૩.૨) કાળદર્શક

जया, जइया, जाहे (तया, तइया, ताहे), जया जया (तया तया), जाव (ताव), जाव न (ताव), जप्पभिंइ (तप्पभिइं)

#### (૪૩૪.૩.૩) રીતિદર્શક

इव, जहा (तहा), हि, जेण/णं (तेण/णं), ति (इति), जाव

**(૪૩૪.૩.૪) કાર્યકારણ**

जं, जेण/णं, इति, जाव

**(૪૩૪.૩.૫) સંકેત**

जइ, अह (तो, ता, तओ), चे[૧] (चेत्) तरिहि[૨] (तर्हि)

સંયુક્ત વાક્યો નીચે દર્શાવ્યા પ્રમાણે જોડવામાં આવે છે.

**(૧) સમુચ્ચય**- च, य; न च, न य; तदणु, तयणु; इओ य, तहा य, अवि (अपि), अवि य, केवलं - अवि, किं पुण, अह (अथ), पुव्वं - तओ; अणंतरं, अणंतरं च, तओ य (ततः च), अन्नं च, अवरं च, किं च, यावि (चापि), तयणंतरं, पढमं-पच्छा, तओ परं (ततः पर), ताव (प्रथम) तओ.

**(૨) વિકલ્પ**- वर, व; वा वा; किंवा, अहवा, न वा; उय (उत), उदाहु, उयाहु, उदाहो; अन्नहा; इयरहा, इहरा.

**(૩) વિરોધ**-तु, उ; किंतु, परंतु; परं, पुण, केवलं, तहवि

**(૪) કાર્યકારણ**- ता, तो, तओ; अओ (अतः) तम्हा (तस्मात्)

આ બધાનાં ઉદાહરણો અહીં ગ્રંથ વિસ્તારના ભયના કારણે આપવામાં આવ્યાં નથી[૩]. આગળ માત્ર કેટલાક ઉદાહરણ આપેલાં છે.

**(૪૩૫) નામવાક્યો જોડવાં**

**(૪૩૫.૧)** 'इति' થી અપરોક્ષ[૪] વિધાન, એકાદ વિચાર અથવા (એકાદ શબ્દનું) સ્પષ્ટીકરણ દર્શાવવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) अहो मम सामत्थं एस न मुणइ त्ति विगप्पिऊण। (મહા પત્ર-૧૭૫ અ)
   અરે! આ મારું સામર્થ્ય જાણતો નથી, એવો વિચાર કરીને

૨) अज्जेयव्वं धणं ति मह इच्छा। (જિન પત્ર-૧૪)
   ધન પ્રાપ્ત કરું એવી મારી ઇચ્છા છે.

---

૧ 'चे' નો ઉપયોગ અર્ધમાગધીમાં ક્યારેક જોવા મળે છે.

૨ 'तरिहि' નો ઉપયોગ પણ ક્યારેક જોવા મળે છે. (સુર ૧.૧૩૨)

૩ 'અવ્યયોનો ઉપયોગ' આ પ્રકરણમાં ઘણા ઉદાહરણો મળશે.

૪ 'इति' એ અપરોક્ષ વિધાન, ઇત્યાદિ પછી આવે છે.

૩) मम साहुवादो होइ त्ति बुद्धिए निग्गओ। (કથા પત્ર-૧૦૯)

મને સાધુ કહેશે આ બુદ્ધિથી નીકળ્યો.

**(૪૩૫.૨)** 'जहा' થી અપરોક્ષ[૧] વિધાન, એકાદ શબ્દનું સ્પષ્ટીકરણ, તેમ જ સાંભળવું, જાણવું ઇત્યાદિ ક્રિયાપદોનાં વાક્યરૂપ કર્મ નિર્દિષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે—

૧) तेण भणिया सा जहा-मयच्छि! भगिणी तुमं मे होसि। (મહા પત્ર-૧૬૨ અ)

તેણે તેને એવું કહ્યું 'મૃગાક્ષી! તું મારી બહેન છે'.

૨) जाणामि जहा सो धुत्तो। (પાકમા પત્ર-૪૫)

મને ખબર છે કે તે ધૂર્ત છે.

૩) जाया य पसिद्धी जहा-चंडकोसिओ उववणं अवलोइउं पि न देइ। (મહા પત્ર-૧૭૪ અ)

અને પ્રસિદ્ધિ થઇ કે ચંદ્રકૌશિક ઉપવન પણ જોવા નથી દેતો.

૩) जं-मा भणह जं न भणियं। (સુર ૨.૧૪)

(એવું) ન કહો કે કહ્યું ન હતું.

૪) जइ[૨]-पेच्छ जइ मम पासे संति। (કથા પત્ર-૧૧૧)

મારી પાસે છે કે નહીં તે જુઓ.

**(૪૩૫.૨.૧)** ક્યારેક પહેલા વાક્યમાં આગળનાં વાક્ય બાબત એકાદ શબ્દ આવીને વાક્ય જોડવામાં આવે છે.ઉદાહરણ તરીકે—

૧) सच्चं खु एयं-जो खीरं पाएइ सो वि डसिज्जइ तुह जाईए। (નલ પત્ર-૨૭)

આ સાચે જ સાચું છે કે જે દૂધ પિવડાવે છે તેને પણ તારી જાતિ કરડે છે.

૨) ताहे तुब्भे एवं वयह-अम्हे तारयाहि। (નાયાસં ૧૨૭)

ત્યારે તું એવું કહે 'અમને તાર'.

## (૪૩૬) વિશેષણવાક્ય જોડવાં

---

૧ 'जहा' થી અપરોક્ષ વિધાન, ઇત્યાદિ પહેલા આવે છે.

૨ If, whether ની જેમ.

**(૪૩૬.૧) ज** : ઉદાહરણ તરીકે—

૧) तं नत्थि जं न कुव्वंति पाणिणो साहसं दविणकज्जे। (સુપાસ ૫૨૩)
પૈસા માટે પ્રાણી જે ન કરે એવું કોઇ પણ સાહસ નથી.

૨) आणेह दव्वाणि जाणि अहं उवदिसामि। (વસુ પત્ર-૨૧૮)
હું કહું તે દ્રવ્ય લાવ.

**(૪૩૬.૨)** जारिस : ઉદાહરણ તરીકે—

૧) मूलदेवेण वि एरिसो सुमिणो दिट्ठो जारिसो मए[૧]।
જેવું સ્વપ્ન મેં જોયું તેવું મૂલદેવે પણ જોયું.

૨) जारिसं कल्ले परिविट्ठं तारिसं अणुदिणं दायव्वं। (ધર્મો પત્ર-૨૦૦)
કાલે જેવું પિરસ્યું તેવું રોજ આપવું.

૩) जारिसए मम ओरोहे तारिसए नो अन्नस्स।(નાયાસં ૧૧૦)
જેવું મારું અંતઃપુર છે તેવું બીજાનું નથી.

## (૪૩૭) ક્રિયાવિશેષણવાક્ય જોડવાં

### (૪૩૭.૧) કાલદર્શક

**(૪૩૭.૧.૧) जया, जाहे, जइया** : ઉદાહરણ તરીકે—

૧) जया अहं अगारवासं वसामि तया अहं अप्पवसा। (નિરયા પત્ર-૫૩)
જ્યારે હું ઘરે હતી ત્યારે હું સ્વતંત્ર હતી.

૨) सव्वे वि निवा जइया आयत्ता होंति एगनरवइणो।
तदणुन्नाएण तया सयंवरो होइ कायव्वो॥ (સુર ૧.૧૨૮)
જ્યારે સર્વ રાજા એક રાજાના આધીન હોય છે ત્યારે તેની અનુજ્ઞાથી સ્વયંવર કરવાનો હોય છે.

૩) जाहे से जक्खे एवं वएज्जा ताहे तुब्भे एवं वयह। (નાયાસં ૧૨૭)
જ્યારે તે યક્ષ આવું કહેશે ત્યારે તમે આવું કહો.

---

૧ ઘાટગે પત્ર-૨૧૬

**(૪૩૭.૨) સ્થળદર્શક**

**(૪૩૭.૨.૧) जत्थ**[૧] : ઉદાહરણ તરીકે—

૧) वच्चामि तत्थ कत्थ य जत्थ न पेच्छामि नियलोयं। (જિન પત્ર-૩)
જ્યાં આપણા લોકો નહીં દેખાઇ ત્યાં ક્યાંક તો જઇશ.

૨) जत्थ वच्चसि अणुगंतव्वं मए वि तत्थेव। (સુર ૭.૧૭૬)
જ્યાં તું જઇશ ત્યાં હું પાછળ-પાછળ આવીશ.

**(૪૩૭.૨.૨) जत्थ जत्थ** : ઉદાહરણ તરીકે—

जत्थ जत्थ आयरिओ ठायइ तत्थ तत्थ नावा जले बुड्डइ। (ધર્મો પત્ર-૪૬)
જ્યાં જ્યાં આચાર્ય ઊભા રહે છે ત્યાં ત્યાં નાવ ડૂબવા લાગી.

**(૪૩૭.૩) રીતિદર્શક**

**(૪૩૭.૩.૧) इव** : ઉદાહરણ તરીકે—

कोवो जलणो व्व वणं दहइ तवं। (સંપઇ ૨.૭૯)
અગ્નિ જેવી રીતે વન બાળે છે તેવી રીતે કોપ તપને બાળે છે.

**(૪૩૭.૩.૨) जहा** : ઉદાહરણ તરીકે—

जं जह भवियव्वं होइ तं तहा देव्वजोएणा। (લીલા ૩૧૧)
જે જેવું થવાનું છે તે દૈવયોગથી તેવું જ થાય છે.

**(૪૩૭.૩.૩) जहा जहा** : ઉદાહરણ તરીકે—

जह जह वड्ढइ गब्भो तह तह सुंदरिमणंमि संतावो। (નાણ ૧.૬૩)
જેમ જેમ ગર્ભ વધવા લાગ્યો તેમ તેમ સુંદરીનો મનઃસંતાપ વધવા લાગ્યો.

**(૪૩૭.૩.૪) કાર્યકારણ** : ઉદાહરણ તરીકે—

**(૪૩૭.૩.૪.૧) जं** : ઉદાહરણ તરીકે—

૧) एत्तियकालं णणु वंचिउ म्हि जं सेविओ ण मे धम्मो। (ધર્મો પત્ર-૨૬)
એટલો સમય હું વંચિત રહ્યો કારણ કે મેં ધર્મનું આચરણ ન કર્યું.

---

૧ ક્યારેક વિશેષણવાક્ય-पत्तो तमुद्देसं जत्थ निहाणं। (સમરા પત્ર-૧૪૪) જ્યાં ખજાનો હતો તે પ્રદેશમાં પહોચ્યો.

૨) फलिअं सुकएण बहुणा ... चलणा तुह जं णिभालिआ। (ઉસા ૨.૪)
જેનાથી તારાં ચરણદર્શન થયાં તેનાથી પુષ્કળ સુકૃત ફલિત થયું.

**(૪૩૭.૩.૪.૨) जेण/णं** : ઉદાહરણ તરીકે—

૧) एसा जणणीतुल्ला जेणं जिट्ठस्स बंधुणो भज्जा। (સુપાસ ૪૮૭)
આ માતૃવત છે, કારણ કે તે જ્યેષ્ઠ ભાઇની પત્ની છે.

૨) जेणं चिय उद्दामो हिंडइ एसो जयंमि अक्खलिओ।
तेणं चिय सप्पुरिसा लग्गा परलोगमग्गंमि॥ (સમરા પત્ર-૧૮૬)
કારણ આ ઉદ્દામ અસ્ખલિતપણે જગતમાં ફરે છે તેથી સત્પુરુષો પરલોક માર્ગે લાગેલા છે.

**(૪૩૭.૩.૪.૩) इति** : ઉદાહરણ તરીકે—

૧) अलाभो त्ति न सोयए। (આચારાંગ ૧.૨.૫.૩)
લાભ ન થયો તેથી શોક ન કરો.

૨) तुमं भणसि त्ति वच्चामो। (વસુ પત્ર-૨૪૩) તું કહે છે તો જઇએ.

**(૪૩૭.૩.૪.૪) जाव** : ઉદાહરણ તરીકે—

विसज्जेह मं जाव णं जाणामि।[૧] (વસુ ૯.૧૨)
મને જવા દો એટલે હું સમજી લઇશ.

**(૪૩૭.૩.૪.૫) સંકેત**

**(૪૩૭.૩.૪.૫.૧) अह** : ઉદાહરણ તરીકે—

अह जाणासि तो भण। (ઉત્ત ૨૫.૧૨) જો ખબર હોય તો કહે.

**(૪૩૭.૩.૪.૫.૨) चे** : ઉદાહરણ તરીકે—

तं कहं इति चे। (ઉત્ત ૧૬.૨) તે કેવો એવો જો (કહેશે તે સાંભળ).

**(૪૩૭.૩.૪.૫.૩) तरिहि** : ઉદાહરણ તરીકે—

जइ एवं तरिहि सुंदरतरं। (સુર ૧૧.૭૧) જો એવું હોય તો ઘણું જ સારું.

**(૪૩૮) સમુચ્ચયદર્શક વાક્યો જોડવાં**

**(૪૩૮.૧) अवि (अपि)** : ઉદાહરણ તરીકે—

---

૧ ઘાટગે પત્ર-૧૯૬

न वि रुट्ठो न वि तुट्ठो। (ઉત્ત ૨૫.૯)

ગુસ્સે પણ ન થયો અને સંતુષ્ટ પણ ન થયો.

**(૪૩૮.૨) किं पुण** : ઉદાહરણ તરીકે—

एएसिं एक्केक्कं पि नूण वेरग्गकारणं गरुयं। किं पुण सव्वेसिं समवाओ॥ (મહા પત્ર-૬૯ બ)

આમાંથી એક એક પણ વૈરાગ્ય માટે મોટું કારણ છે તો બધા એક સાથે આવે તો શું કહીશું?

**(૪૩૮.૩) किं च** : ઉદાહરણ તરીકે—

किं च पंचवीसहि वि तत्ते हि एगं जीवतत्तं न सिज्झइ। (જિન પત્ર-૩૦)

અને એવું કે પચ્ચીસ તત્ત્વોથી પણ એક જીવતત્ત્વ સિદ્ધ થતું નથી.

**(૪૩૮.૪) न य** : ઉદાહરણ તરીકે—

न य हाणी न य वुड्ढी होइ। (પઉમ ૩.૪૧)

હાનિ પણ થતી નથી અને વૃદ્ધિ પણ થતી નથી.

**(૪૩૮.૫) तयणु** : ઉદાહરણ તરીકે—

अइकोउहल्लेणं गहिया मंजरी राइणा तयणु समत्थखंधावारेण वि। (ધર્મો પત્ર-૧૨૧)

અતિ કુતૂહલથી રાજાએ મંજરી લીધી અને સર્વ સૈન્યે પણ.

**(૪૩૮.૬) तओ परं** : ઉદાહરણ તરીકે—

तओ परं सोगमुवगओ कालसेणो। (સમરા પત્ર-૪૨૨)

તે પર કાલસેન ખૂબ શોક કરવા લાગ્યો.

**(૪૩૮.૭) तयणंतरं** : ઉદાહરણ તરીકે—

परिचत्तो म्हि तीए। तयणंतरं निग्गओ हं वेसाघराओ। (મહા પત્ર-૨૬ અ)

તેણે મારો ત્યાગ કર્યો પછી હું વેશ્યાગૃહથી બહાર નીકળ્યો.

**(૪૩૮.૮) पढमं-पच्छा**: ઉદાહરણ તરીકે—

अओ पढमं दूयपेसणेण से मुणिज्जउ मणं। पच्छा जहाजुत्तं किज्जउ त्ति। (નલ પત્ર-૭)

એટલે પ્રથમ દૂતને મોકલીને તેનું મન જાણી લે પછી યોગ્ય હોય તે કર.

**(૪૩૮.૯) अन्नं च, अवरं** : ઉદાહરણ તરીકે—

एगं हीणजाईओ अण्णं च दारिद्दं अवरं पुण एरिसं सरीरं। (કથા પત્ર-૧૭૫)

એક (હું) હીનજાતીય અને દારિદ્રય અને આવું શરીર.

**(૪૩૮.૧૦) ताव (પ્રથમ) तओ** : ઉદાહરણ તરીકે—

ताव राया निद्दाए सुवउ तओ कहिस्सं। (ચઉ પત્ર-૪૧)

પહેલા રાજાને સૂવા દો પછી કહીશ.

## (૪૩૯) વિકલ્પદર્શક વાક્યો જોડવાં

**(૪૩૯.૧) अन्नहा** : ઉદાહરણ તરીકે—

ता देह मह करं इण्हिं अन्नह मह भूमिं सिग्घं परिच्चयह। (સુપાસ ૪૯૩)

તો હવે મને કર દે નહીંતર તરત જ મારી ભૂમિ છોડ.

**(૪૩૯.૨) इहरा, इयरहा** : ઉદાહરણ તરીકે—

૧) वयं चरह, इहरा इहलोए वि हु पाविस्सह तिक्खदुक्खाइं॥ (સુપાસ ૬૨૮)
   વ્રતનું આચરણ કર, નહીંતર ઇહલોકમાં પણ તીક્ષ્ણ દુ:ખ પ્રાપ્ત થશે.

૨) मरणं चिय मज्झ होइ सेयं तु।
   इयरह लोयावाओ आजम्मो दूसहो नियमा॥ (નાણ ૧.૯૧)
   મરણ જ મારે શ્રેયસ્કર છે નહીંતર જન્મ સુધી દુ:સહ એવો લોકાપવાદ નક્કી થશે.

૩) जइ रहियं जीवेहिं तो भुंजइ इयरहा वज्जं। (સુપાસ ૪૯૧)
   જો (અન્ન) નિર્જીવ હોય તો તે ખાશે નહીં તો (તે) વર્જ્ય.

**(૪૩૯.૩) अहव, अहवा** : ઉદાહરણ તરીકે—

वेहल्लं कुमारं पेसेहि अहव जुद्धसज्जो चिट्ठाहि। (નિરયા પત્ર-૨૪)

વેહલ્લ કુમારને મોકલ અથવા યુદ્ધ માટે તૈયાર રહે.

**(૪૩૯.૪) उदाहु** : ઉદાહરણ તરીકે—

तं दारगं एगंते उज्झामि उदाहु मा। (વિવાગ પત્ર-૧૦)

તે બાળકને એકાંતમાં છોડું કે નહીં?

**(૪૩૯.૫) वा** : ઉદાહરણ તરીકે—

दारयमाणेहि ममं वा तत्थ नेहि। (ચઉ પત્ર-૩૧)

બાળકને લાવ અથવા મને ત્યાં લઇ જા.

**(૪૩૯.૬) न वा** : ઉદાહરણ તરીકે—

इच्छइ वा न वा अन्नं पुरिसं। (સુર ૪.૧૨૩)

(તેણી) બીજા પુરુષની ઇચ્છા કરે છે કે નહીં.

## (૪૪૦) વિરોધદર્શક વાક્યો જોડવાં

**(૪૪૦.૧) परं** : ઉદાહરણ તરીકે—

૧) अच्छसु एत्थं परमत्तणो य गुज्झं कस्स वि मा पयडेसु। (અગડ ૧૭)
અહીં રહો પરંતુ પોતાનું ગુહ્ય કોઇ સામે પ્રગટ ન કરો.

૨) अप्पवहो वि न जुत्तो देसच्चाओ परं जुत्तो। (સુર ૨.૧૯૬)
આત્મહત્યા એ યોગ્ય નથી, પરંતુ દેશત્યાગ યોગ્ય છે.

**(૪૪૦.૨) तु, उ** : ઉદાહરણ તરીકે—

૧) तुमं तु परत्थीपरंमुहो। (નલ પત્ર-૫૦)
પરંતુ તું પરસ્ત્રી પરાઙ્મુખ છે.

૨) चइज्ज देहं न उ धम्मसासणं। (દસ ૧૧.૧૭)
દેહત્યાગ કરીશ પરંતુ ધર્માજ્ઞા ત્યાગીશ નહીં.

**(૪૪૦.૩) किंतु** : ઉદાહરણ તરીકે—

न देवया किंतु माणुसी एसा। (નલ પત્ર-૪૨)

આ દેવતા નથી, પરંતુ માનુષી છે.

**(૪૪૦.૪) पुण** : ઉદાહરણ તરીકે—

पुन्नक्खएण झिज्जइ रिद्धी न उण चाएण। (નલ પત્ર-૪૫)

રિદ્ધિ પુણ્યના ક્ષયથી ઓછી થાય છે, પરંતુ ત્યાગથી નહીં.

## (૪૪૧.) કાર્ય-કારણદર્શક વાક્યો જોડવાં

**(૪૪૧.૧) ता, तो, तओ** : ઉદાહરણ તરીકે—

૧) एत्थ आसमे दिट्ठीविसो सप्पो अभिद्दवेइ ता मा एएण पहेण वच्चह। (મહા પત્ર-૧૫૯ અ)

અહીં આશ્રમમાં દૃષ્ટિવિષ એવો સાપ ત્રાસ આપે છે તેથી આ માર્ગથી ન જાઓ.

૨) न सोहणं सरीरं कणगमईए तओ अहं पेसिया। (કથા પત્ર-૧૪૪)

કનકમતિની પ્રકૃતિ બરાબર નથી તેથી મને મોકલી છે.

**(૪૪૧.૨) अओ** : ઉદાહરણ તરીકે—

૧) एसो खु रायाहिरायस्स पहाणदूओ अओ सामि व्व दट्ठव्वो। (મહા ૪૫ અ)

આ રાજાધિરાજનો પ્રધાન દૂત છે. તેથી તેને સ્વામી પ્રમાણે માનવો.

૨) सुहुमो...य सो वत्तए अओ न दीसइ। (સમરા પત્ર-૧૬૮)

તે સૂક્ષ્મ છે તેથી દેખાતો નથી.

**(૪૪૧.૩) तम्हा** : ઉદાહરણ તરીકે—

सूसइ कंठो महं अइतिसाए...तम्हा उदयं समाणेह। (પઉમ ૩૫.૩)

ખૂબ તરસથી મારું ગળું સુકાય છે તેથી પાણી લાવો.

## (૪૪૨) એકત્ર રાખીને વાક્યો જોડવાં

ઘણીવાર જોડનાર શબ્દો વિના વાક્યો માત્ર એકત્ર રાખીને તેનો પરસ્પર સંબંધ સૂચિત કરવામાં આવે છે.

**(૪૪૨.૧.) મિત્રવાક્ય** : ઉદાહરણ તરીકે—

**(૪૪૨.૧.૧) કારણ** : ઉદાહરણ તરીકે—

अलं बालस्स संगेण वेरं वड्ढइ अप्पणो। (આચારાંગ ૧.૧.૨.૪)

જેનાથી પોતાનું વેર વધે તેવા મૂર્ખનો સંગ ન કરો.

**(૪૪૨.૧.૨) સંકેત** : ઉદાહરણ તરીકે—

नियधूयं मे नरवर! न देसि पविसामि जलणंमि। (ચઉ પત્ર-૨૬)

હે રાજા! જો તું તારી દીકરી મને નહીં આપે તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ.

**(૪૪૨.૧.૩) નામવાક્ય** : ઉદાહરણ તરીકે—

को जाणइ परे लोए अत्थि वा नत्थि वा पुणो। (ઉત્ત ૫.૬)

પરલોક છે કે નહીં તે કોણ જાણે?

**(૪૪૨.૧.૪) વિશેષણવાક્ય** : ઉદાહરણ તરીકે—

धी संसारसहावो, पुत्तो वि हु दारुणो हवइ वइरी। (સુર ૧૬.૧૫૮)

પુત્ર પણ જ્યાં ભયંકર વેરી હોય એવા સંસારને ધિક્કાર.

**સંયુક્ત વાક્યો**

**(૧.૧) સમુચ્ચય** : ઉદાહરણ તરીકે—

राया वडरुक्खं पेच्छइ देविं भणइ। (ચઉ પત્ર-૧૭)

રાજા વટવૃક્ષ જુએ છે. (અને) રાણીને કહે છે.

**(૧.૨) બે આજ્ઞાર્થી વાક્યો** : ઉદાહરણ તરીકે—

एह भुंजह। (બંભ પત્ર-૪૫) આવ (અને) ભોજન કર.

**(૧.૩) વસ્તુસ્થિતિ વર્ણવતા** : ઉદાહરણ તરીકે—

घोरा मुहुत्ता अबलं सरीरं। (ઉત્ત ૪.૬)

મુહૂર્ત (સમય) ભયંકર છે, શરીર દુબળું છે.

**(૧.૪) ક્રિયાસંતતિ બતાવતા** : ઉદાહરણ તરીકે—

पाडियाइं फलाइं भग्गा कलसगा फोडिया कमंडलु। (મહા પત્ર-૧૭૪ બ)

ફળો પાડ્યાં, કળશ ભગ્ન કર્યા (અને) કમંડલું ફોડ્યું.

**(૨) વિકલ્પ** : ઉદાહરણ તરીકે—

૧) किमेत्थ उदगं अत्थि नत्थि। (સમરા પત્ર-૧૦૦)

અહીં પાણી છે કે નથી?

૨) समणो वज्झो अवज्झो। (વસુ પત્ર-૨૭૨)

શ્રમણ વધ્ય કે અવધ્ય?

**(૩) વિરોધ** : ઉદાહરણ તરીકે—

देवो उदायणं बोहेइ न संबुज्झइ। (પાકમા પત્ર-૪૦)
દેવે ઉદયનને બોધ આપ્યો (પરંતુ) તે જાગૃત ન થયો.

**(૪) કાર્યકારણ** : ઉદાહરણ તરીકે—

૧) बीहेमि एहि तुरयं। (જિન પત્ર-૩૧)
મને ડર લાગે છે (તેથી) જલ્દી આવ.

૨) पेसह कुमारं नत्थि भयं। (કથા પત્ર-૩૦)
કુમારને મોકલ, (કારણ) ભય નથી.

• • •

## પ્રકરણ ૩૦

# વાક્યોમાં શબ્દક્રમ અને વાક્યક્રમ

### (૪૪૩) વાક્યોમાં શબ્દક્રમ

વસ્તુતઃ અર્ધમાગધીમાં વાક્યોમાં શબ્દક્રમનું વધારે મહત્ત્વ નથી. આનું મુખ્ય કારણ એ છે કે-વાક્યોના શબ્દોનો પરસ્પર સંબંધ એ તેનાં વિશિષ્ટ રૂપથી નિશ્ચિત જ છે. તેથી જો શબ્દક્રમ બદલાય તો પણ અર્થ બદલાતો નથી.

છતાં પણ તેનો અર્થ એવો નથી કે વાક્યમાં તમે ગમે તેવા શબ્દોનો પ્રયોગ કરો. પરંતુ ઘણીવાર કોઇ વિશિષ્ટ ક્રમથી[1] જ વાક્યમાં શબ્દોનો ઉપયોગ કરવો મહત્ત્વપૂર્ણ હોય છે. અર્ધમાગધીનાં વાક્યોમાં શબ્દક્રમ ઘણો ખરો સંસ્કૃત પ્રમાણે છે. ક્યારેક તે થોડો નિર્બંધ છે તેથી શબ્દક્રમના વિષયમાં કેટલાક સામાન્ય[2] નિયમો બતાવવામાં આવે છે[3].

**(૪૪૩.૧)** વાક્યના આરંભમાં ઉદ્દેશ્ય, વાક્યના અંતે ક્રિયાપદ, વચ્ચે અન્ય શબ્દો હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) सो य मुणियवइयरो तुम्हमम्हं च समागमणं सुंदरं मन्निस्सइ।

(બંભ પત્ર-૬૫)

અને હકીકત સમજાયા પછી તે તમારું અને અમારું મિલન સુંદર સમજશે.

૨) एसा लज्जंती न किं वि तुज्झ साहिउं सक्कइ। (બંભ પત્ર-૬૧)

આ લજ્જાથી તને કાંઇ પણ કહી શકતી નથી.

---

૧ પદ્યોનો શબ્દક્રમ એ વૃત્તનિયંત્રણના કારણે લગભગ અનિર્બંધ હોય છે. તેથી અહીં ઉલ્લેખિત એવો વિશિષ્ટ શબ્દક્રમ એ ગદ્યવાક્યને ઉદ્દેશીને છે એ ધ્યાન રાખવું જરુરી છે.

૨ વક્તાની અથવા લેખકની ઇચ્છા પ્રમાણે કે વાક્યના એક ભાગ પર ભાર આપવો હોય તો આ સામાન્ય નિયમોને પણ ઘણીવાર બાજુમાં રાખવામાં આવે છે.

૩ સામાન્યપણે વાક્યોનો શબ્દક્રમ આ પ્રમાણે છે-સ્થળકાળદર્શક ક્રિયાવિશેષણો અથવા ક્રિયાવિશેષણાત્મક વાક્યાંશ પ્રારંભમાં. ત્યારબાદ વિશેષણો અથવા વિશેષણાત્મક વાક્યાંશ અથવા ઉદ્દેશ્યાવલંબી સંબંધી વાક્યો તેની સાથે ઉદ્દેશ્ય અને વિશેષણો અથવા વિશેષણાત્મક વાક્યાંશ હોય છે. જો કર્માવલંબ સંબંધી વાક્યો હોય તો તેની સાથે કર્મ, ત્યારબાદ ક્રિયાવિશેષણ અવ્યયો અને છેવટે ક્રિયાપદ.

**(૪૪૩.૧.૧)** ક્યારેક ભાર આપવા માટે ક્રિયાપદ વાક્યના આરંભમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) सद्दहामि णं भंते! निग्गंथं पावयणं। (પએસિ પરિ.૯)

ભગવન્! નિર્ગ્રંથ પ્રવચન પર હું વિશ્વાસ રાખું છું.

૨) इच्छामि...तुज्झं अंतिए...धम्मं निसामित्तए। (અંત ૮૦)

તમારી પાસે ધર્મ સાંભળવાની મારી ઇચ્છા છે.

**(૪૪૩.૧.૨)** કથનમાં 'अत्थि' ક્રિયાપદ ઘણીવાર વાક્યના આરંભમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

अत्थि कंचणपुरं नाम नयरं। (પાકમા પત્ર-૬૩)

કંચનપુર નામનું નગર હતું.

**(૪૪૩.૨)** વિશેષણો પ્રાયઃ તેમનાં વિશેષ્યોની પૂર્વે રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) चउव्विहा देवा आगया। (અંત ૧૦)

ચાર પ્રકારના દેવ આવ્યા.

૨) चंपाए नयरीए तओ माहणा भायरो परिवसंति।

ચંપા નગરીમાં ત્રણ બ્રાહ્મણ બંધુ રહેતા હતા.

**(૪૪૩.૨.૧)** સર્વનામાત્મક અને અન્ય વિશેષણો હોય ત્યારે સર્વનામાત્મક વિશેષણો પ્રાયઃ પ્રથમ હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) एसा वि मम जेट्ठा भइणी। (મહા પત્ર-૧૬૩ અ)

આ જ મારી જ્યેષ્ઠ બહેન છે.

૨) एस एक्को चेव मे सुओ। (પાકમા પત્ર-૨૩)

આ મારો એક જ પુત્ર.

**(૪૪૩.૨.૨)** એકાદ વિશેષ્યને પુષ્કળ વિશેષણો હોય ત્યારે તે વિશેષ્ય પછી રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) एक्कं पुरिसं पासइ जुण्णं जराजज्जरियदेहं। (અંત ૫૯)
એક વૃદ્ધ, જરાજર્જરિત દેહી પુરુષને જોએ છે.

૨) एगं गोवच्छं थोरगत्तं सेयं पेच्छइ। (ચઉ પત્ર-૨૨)
એક સફેદ, ભરાવદાર અંગવાળી ગાયનાં વાછડાંને જુએ છે.

**(૪૪૩.૨.૩)** વિધિવિશેણ પ્રાયઃ ઉદ્દેશ્ય પછી આવે છે.

ઉદાહરણ તરીકે—

सव्वं चेव संसारियं वत्थुं विवागदारुणं। (સમરા ૧૭૬)
સંસારમાં બધી જ વસ્તુ પરિણામે ભયંકર છે.

**ટીપ-** ક્યારેક ભાર આપવા વિધિવિશેષણ પહેલા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) विचित्ताणि खु विहिणो विलसियाणि। (સમરા પત્ર-૨૦૩)
નસીબનો ખેલ ખરેખર વિચિત્ર હોય છે.

૨) सोहणो एक अवसरो। (ચઉ પત્ર-૨૮) આ સમય સારો છે.

**(૪૪૩.૩)** એક વિભક્તિમાં રહેલ શબ્દ પોતાના વિશેષ્ય પહેલા હોય છે.

ઉદાહરણ તરીકે—

एयाओ तस्स तुह वइरिणो नट्टुमत्तस्स भगिणीओ। (બંભ પત્ર-૨)
તે તારા નટ્ટુમત્ત (નામના) શત્રુની આ બહેનો.

**(૪૪૩.૩.૧)** વિશેષનામ પ્રાયઃ સામાન્યની નામ પહેલા આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) चंपाए नयरीए। (નાયાસં પત્ર-૧૬૨)
ચંપા નગરીમાં.

૨) मोग्गरपाणिस्स जक्खस्स। (અંત પરિ ૧૦૦)
મુદ્‌ગરપાણિ (નામના) યક્ષનું.

**(૪૪૩.૩.૨)** 'नामं'નો ઉપયોગ હોય ત્યારે વિશેષનામ સામાન્ય નામની પહેલા રહે છે. ઉદાહરણ તરીકે—

नंदणवणे नामं उज्जाणे होत्था। (અંત ૬)

નંદનવન નામનું ઉદ્યાન હતું.

**(૪૪૩.૩.૩)** વિધિનામ પ્રાયઃ ઉદ્દેશ્યની પછી આવે છે.

ઉદાહરણ તરીકે—

इह परलोए विज्जा कल्लाणहेऊ। (અરી પત્ર-૧૦)

ઇહ પરલોકમાં વિદ્યા કલ્યાણનું કારણ છે.

ટીપ-ભાર આપવા વિધિનામ ક્યારેક ઉદ્દેશ્યની પહેલા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) दुक्खहेयवो विसया। (સમરા પત્ર-૧૬૦)
   વિષય એટલે દુઃખનું કારણ.

૨) उवाओ य एस। (સમરા પત્ર-૧૬૩)
   અને આ ઉપાય છે.

**(૪૪૩.૪)** પ્રાયઃ સર્વનામનાં રૂપો વાક્યના આરંભમાં હોય છે. ઉદાહરણ તરીકે—

तस्स रन्नो धारिणी नामं देवी होत्था। (અંત ૮)

તે રાજાની ધારિણી નામની રાણી હતી.

**(૪૪૩.૪.૧)** પ્રશ્નાર્થક સર્વનામ વાક્યના આરંભમાં હોય છે.

ઉદાહરણ તરીકે—

केहिं पुण कम्मेहिं पाणिणो णरएसु वच्चंति। (ધર્મો પત્ર-૪૪)

અને કયા કર્મથી પ્રાણી નરકમાં જાય છે?

**(૪૪૩.૪.૨)** દર્શક સર્વનામ વિશેષનામની પૂર્વે હોય છે.

ઉદાહરણ તરીકે—

से अज्जुणए अणगारे। (અંત ૧૨૦)

તે અર્જુન અણગાર.

**(૪૪૩.૫.૧)** દ્વિતીયાંત કર્મ પ્રાયઃ ક્રિયાપદની પહેલા હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) अन्नं न गच्छावेज्जा। (દસ ૪)

બીજાને જવાનું ન કહેવું.

૨) सो जत्थ सुरूवं दारियं पासइ। (પાકમા પત્ર-૩૧)

તેણે જ્યાં સુરૂપ છોકરીને જોઇ.

**(૪૪૩.૫.૧.૧)** ક્યારેક ભાર આપવા ક્રિયાપદ પહેલા રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) जिणेमि रज्जं नलं। (નલ પત્ર-૯)

નલ અને રાજ્ય જિતીશ.

૨) सगरो वि पालेइ रज्जं। (પાકમા પત્ર-૧૭)

સગર પણ રાજ્યનું પાલન કરવા લાગ્યો.

**(૪૪૩.૫.૨)** બે દ્વિતીયાંત કર્મમાંથી વ્યક્તિવાચક કર્મ પહેલા હોય છે. ઉદાહરણ તરીકે—

एयं कन्नगं इयाणिं न किं पि भणिस्सामि।(મહા પત્ર-૨૪૩ બ)

આ કન્યાને હું હવે કાંઇ પણ નહીં કહું.

**(૪૪૩.૫.૨.૧)** ક્યારેક વ્યક્તિવાચક કર્મ પછી રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

तं नियमायरं मग्गेइ। (કથા પત્ર-૨૫)

તે પોતાની માતાને માંગે છે.

**(૪૪૩.૬.૧)** તૃતીયાંત સાધનવાચક પદ ઉદ્દેશ્ય અને વિધેયમાં રહે છે. ઉદાહરણ તરીકે—

૧) तेसिं च एगो मंततंतभूइकरणेहिं जीवइ। (મહા પત્ર-૧૫૫ બ)

તેમાંથી એક મંત્ર, તંત્ર, ભૂતિ કરીને જીવન જીવે છે.

૨) आहओ दढं निसियरवग्गेण कंधराए। (ચઉ પત્ર-૨૮)

ગરદન પર તીક્ષ્ણ ખડગથી જોરથી પ્રહાર કર્યો.

**(૪૪૩.૬.૨)** કારણદર્શક તૃતીયાંત પદ પહેલા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

रुहिरनिवहनिग्गमेण धवलीहूयं सरीरं। (ચઉ પત્ર-૨૯)

રક્તનો પ્રવાહ બહાર આવ્યા પછી શરીર સફેદ થયું.

**(૪૪૩.૬.૩)** તૃતીયાંત ઉદ્દેશ્ય વિધેયની પહેલા હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) ता अप्पमत्तेण मया अप्पा रक्खियव्वो। (જિન પત્ર-૫૩)

તેથી કાળજીપૂર્વક મારું મારું રક્ષણ કરવું જોઇએ.

૨) तुमे निच्चं रायकुले समागंतव्वं। (કથા પત્ર-૧૦૩)

તારે રોજ રાજકુળમાં આવવું જોઇએ.

**(૪૪૩.૬.૩.૧)** તૃતીયાંત ઉદ્દેશ્ય ક્યારેક વિધેયની પછી રાખવામાં આવે છે.

૧) तओ मुक्को तक्करो रन्ना। (નલ પત્ર-૨૩)

ત્યારબાદ રાજાએ ચોરને છોડ્યો.

૨) तत्थ इमं चिंतियव्वं साहुणा। (કથા પત્ર-૧૩૨)

ત્યાં સાધુએ આવો વિચાર કરવો.

**(૪૪૩.૭.૧)** હેતુ કે પ્રયોજનદર્શક ચતુર્થ્યંત પદ અર્ધમાગધી આગમમાં પ્રાય: વાક્યના અંતે જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—तए णं अहं गोयमा! कुम्मगामं नयरं संपइट्ठिए विहाराए।

(ભગ પત્ર-૮)

ગૌતમ! પછી હું વિહાર માટે કૂર્મગામ નગર તરફ નીકળ્યો.

**(૪૪૩.૭.૧.૧)** આ ચતુર્થ્યંત પદ ક્યારેક વચ્ચે જ જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

महावीरस्स वहाए सरीरगंसि तेयं निसिरइ। (ભગ પત્ર-૨૪)

મહાવીરના વધ માટે શરીરમાંથી તેજ છોડ્યું.

**(૪૪૩.૭.૨)** સ્થિતિદર્શક ચતુર્થ્યંત પદ પછી તરત જ વિધેય હોય છે.

૧) देवत्ताए उववन्नो। (ભગ પત્ર-૧૯)

દેવ તરીકે જન્મ્યા.

૨) पुत्तत्ताए उववज्जिही। (સમરા પત્ર-૪૪)

પુત્ર તરીકે જન્મીશ.

**(૪૪૩.૭.૨.૧)** આ ચતુર્થ્યંત પદ ક્યારેક વાક્યના અંતે જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

समुप्पण्णो तीसे गब्भंमि पुत्तत्ताए। (મહા પત્ર-૨૮ બ)

પુત્ર તરીકે તેણીના ગર્ભમાં ઉત્પન્ન થયો.

**(૪૪૩.૮)** તુલનામાં પંચમ્યંત પદ પ્રથમ આવે છે.

ઉદાહરણ તરીકે—विम्हिया सक्कवण्णियरूवसिरीओ वि अहिययरं रूवाइसंपयं दट्ठुं। (પાકમા પત્ર-૭૨)

ઈંદ્રે વર્ણવેલી રૂપ શોભાથી અધિક રૂપાતિશય જોઇને વિસ્મિત થયા.

**(૪૪૩.૮.૧)** ભાર આપવા પંચમ્યંત પદ ક્યારેક પછી રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

मूढतराए णं तुमं पएसी! ताओ कट्ठहारयाओ। (પએસિ પરિ ૨૮)

હે પ્રદેશી! તે કઠિયારા કરતાં તું અધિક મૂર્ખ છે.

**(૪૪૩.૯.૧)** ષષ્ઠ્યંત પદ વિશેષ્યની પહેલા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે— रन्नो जेट्ठे पुत्ते। (પએસિ પરિ.૩)

રાજાનો જ્યેષ્ઠ પુત્ર.

**(૪૪૩.૯.૧.૧)** ભાર આપવા ક્યારેક ષષ્ઠ્યંત પદ ત્યાર બાદ રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—खणभंगुरयाए सरीरस्स, चंचलयाए जीवियस्स।

(જિન પત્ર-૨)

શરીરની ક્ષણભંગુરતાથી (અને) જીવિતની ચંચલતાથી.

**(૪૪૩.૯.૧.૨)** સંખ્યાવાચક સંબંધી ષષ્ઠ્યંત પદ પણ ક્યારેક વિશેષ્ય બાદ આવે છે. ઉદાહરણ તરીકે—

सहस्सं सहस्सं काहावणाणं। (અરી પત્ર-૬)

હજાર-હજાર કાર્ષાપણ.

**(૪૪૩.૯.૧.૩)** એકાદ વિશેષ્યને અન્ય સર્વનામાત્મક વિશેષણ હોય તો પહેલા તે આવે છે અને ત્યાર બાદ વિશેષણાત્મક ષષ્ઠ્યંત પદ આવે છે.

ઉદાહરણ તરીકે— इमो मम तणओ। (ચઉ પત્ર-૪૪)

આ મારો પુત્ર.

**(૪૪૩.૯.૨)** સત્ષષ્ઠી પ્રાયઃ ઉદ્દેશ્યની પહેલા હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) नलस्स वच्चंतस्स अत्थंगओ गयणमणी। (નલ પત્ર-૬)
   નળ જ્યારે જાય છે ત્યારે સૂર્ય અસ્ત થયો.

૨) तत्थ तथा तुम्ह नियंताण चेव अस्सेणावहरिओ कुमारो।(પાકમા પત્ર-૫૪)
   ત્યારે ત્યાં તમારાં દેખતાં ઘોડો કુમારને દૂર લઇ ગયો.

**(૪૪૩.૯.૨.૧)** ક્યારેક સત્ષષ્ઠી ઉદ્દેશ્ય બાદ આવે છે.

ઉદાહરણ તરીકે—

जं कुमारा एक्कपए चेव पेच्छंताण चेव अम्ह दड्ढा। (પાકમા પત્ર-૨૨)

જ્યારે અમારાં દેખતાં જ કુમાર એકદમ બળી ગયો.

**(૪૪૩.૧૦.૧)** સ્થળદર્શક સપ્તમ્યંત પદ વાક્યના આરંભમાં હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) चरिमजामंमि य विउद्धा लच्छी। (સમરા પત્ર-૪૨૬)
   અંતિમ પ્રહરમાં લક્ષ્મી જાગી ગઇ.

૨) अवंतीजणवए उज्जेणी नाम नयरी। (કથા પત્ર-૧૧૭)

અવંતી દેશમાં ઉજ્જેની નામની નગરી હતી.

**(૪૪૩.૧૦.૨)** સત્સપ્તમી પ્રાયઃ ઉદ્દેશ્યની પહેલા હોય છે.

ઉદાહરણ તરીકે—

अरण्णपरिसरे गच्छंतेसु तावसकुमारेसु सो वि कोऊहलेण... गओ रण्णं। (બંભ પત્ર-૪૮)

અરણ્ય પરિસરમાં તાપસકુમાર જતો હતો ત્યારે કુતૂહલપૂર્વક તે પણ અરણ્યમાં ગયો.

**(૪૪૩.૧૦.૨.૧)** ક્યારેક સત્સપ્તમી ઉદ્દેશ્ય બાદ રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) अहं पि पत्थिओ दक्खिणामुहो तासु गयासु। (વસુ પત્ર-૨૬૫)

તેના ગયા પછી હું દક્ષિણ તરફ નીકળ્યો.

૨) न एसा जुगबाहुंमि जीवमाणे अन्नं पुरिसमिच्छेइ। (ચઉ પત્ર-૨૭)

યુગબાહુ જીવંત હતા ત્યારે અન્ય પુરુષની ઇચ્છા કરતા નથી.

**(૪૪૩.૧૧)** સંબોધનનાં રૂપો પ્રાયઃ વાક્યના આરંભમાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) पुत्ति! मा रुयसु। (નલ પત્ર-૨૫)

પુત્રી! રડ નહીં.

૨) सामिणि! किं वा एत्थ असंबद्धं? (સમરા પત્ર-૭૦)

અને સ્વામિની! અહીં શું અસંબદ્ધ છે?

**(૪૪૩.૧૧.૧)** સંબોધનનાં રૂપો ક્યારેક વચ્ચે પણ રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—तए णं अहं गोयमा! (ભગ પત્ર-૮)

ગૌતમ! ત્યારબાદ હું.

**(૪૪૩.૧૧.૧.૨)** 'देवाणुप्पिया' અને 'भंते' આ સંબોધનનાં રૂપો ક્યારેક વાક્યના આરંભમાં તો ક્યારેક વચ્ચે જોવા મળે છે.

**વચ્ચે**- ઉદાહરણ તરીકે—

૧) से णं भंते! पुरिसे पुव्वभवे के आसी। (વિવાગ પત્ર-૬)

મહારાજ પૂર્વજન્મે તે પુરુષ કોણ હતા?

૨) अहं णं देवाणुप्पिए! तव पुत्तं पासिउं हव्वमागए। (વિવાગ પત્ર-૪)

દેવાનુપ્રિયે! તારા પુત્રને જોવા માટે હું અહીં આવ્યો છું.

**વાક્યના આરંભમાં** - ઉદાહરણ તરીકે—

૧) भंते! को देवो तुम्ह? (કથા પત્ર-૩૮)

ભગવન્! તમારો દેવ કોણ?

૨) भंते! विरत्तो हं विसयाणुसंगाओ। (કથા પત્ર-૪૯)

ભગવન્! હું વિષય સંગથી વિરક્ત થયો છું.

૩) भगवया भणियं-देवाणुप्पिया! एगपत्ती। (ધર્મો પત્ર-૧૪૪)

ભગવાને કહ્યું, 'દેવાનુપ્રિય ! (તે) પતિવ્રતા છે.'

**(૪૪૩.૧૨)** વિધેય ધાતુસાધિત વિશેષણો પ્રાયઃ પોતપોતાના વાક્યના અંતે હોય છે. ઉદાહરણ તરીકે—

नंदे धम्मं सोच्चा समणोवासए जाए। (નાયાસં પત્ર-૧૪૧)

ધર્મ સાંભળીને નંદ શ્રમણોપાસક થયો.

**(૪૪૩.૧૨.૧)** ભાર આપવા ધાતુસાધિત વિશેષણ વાક્યના આરંભમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) चिंतियं च तेणं। (સમરા પત્ર-૨૬)

તેણે વિચાર કર્યો.

૨) परिकुविओ खु एसो तावसो। (સમરા પત્ર-૩૧)

આ તાપસ સાચે જ ઘણો ગુસ્સે થયો છે.

**(૪૪૩.૧૨.૨)** ક્યારેક વચ્ચે જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—राया गओ तमुज्जाणं। (સમરા પત્ર-૩૬)

રાજા તે ઉદ્યાનમાં ગયો.

**(૪૪૩.૧૩)** લ્યબંત પ્રાયઃ વાક્યાંશના અંતે હોય છે.

ઉદાહરણ તરીકે—

ताण संलावं सोऊण संपत्ता तत्थ के वि तावसा (નલ પત્ર-૧૭)

તેમનો સંવાદ સાંભળીને કેટલાક તાપસ ત્યાં ગયા.

**(૪૪૩.૧૩.૧)** ભાર આપવા લ્યબંત પોતાના વાક્યાંશના આરંભે રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

पणमिऊण कुलवइं पयट्टो नयरिं। (સમરા પત્ર-૩૪)

કુલપતિને પ્રણામ કરીને નગરી તરફ ગયો.

**(૪૪૩.૧૪)** તુમંત પ્રાયઃ પોતાના વાક્યાંશના અંતે હોય છે.

ઉદાહરણ તરીકે—

एत्थंतरे थूलधाराहिं वरिसिउं पयट्टो मेहो। (નલ પત્ર-૧૮)

એટલામાં મેઘ સ્થૂળ ધારાથી (મૂશળધાર) વરસવા લાગ્યો.

**(૪૪૩.૧૪.૧)** તુમંત ક્યારેક વાક્યના અંતે રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) तं सेयं खलु अम्हं चेडगस्स रन्नो जत्तं गिण्हित्तए। (નિરયા પત્ર-૨૫)

ત્યારે ચેટક રાજા પર સવારી કરવી એ આપણને શ્રેયસ્કર છે.

૨) असमत्था य अम्हे... भवओ मरणं निवारेउं। (સમરા પત્ર-૫૫)

અને તારાં મરણનું નિવારણ કરવા માટે અમે અસમર્થ છીએ.

**(૪૪૩.૧૪.૨)** ભાર આપવા તુમંત ક્યારેક વિધેયની પહેલા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

काउमारद्धं नियाणं संभूएणं। (બંભ પત્ર-૩૫)

સંભૂતિએ નિદાન કરવાની શરુઆત કરી.

**(૪૪૩.૧૪.૩)** ક્યારેક વિધેયની પહેલા તરત જ તુમંત હોય છે. ઉદાહરણ તરીકે—

तं सुणिय सोयनिब्भराओ रोविउं पयत्ताओ। (બંભ પત્ર-૭૧)

તે સાંભળીને શોકનિર્ભર એવી તેણીઓ રડવા લાગી.

**(૪૪૩.૧૫)** સ્થળદર્શક ક્રિયાવિશેષણો અથવા વાક્યાંશ વાક્યના આરંભમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) तत्थ विक्कमजसो नाम राया। (પાકમા પત્ર-૬૩)

ત્યાં વિક્રમયશ નામનો રાજા હતો.

૨) अज्जवि तं लोए विक्खायं। (પાકમા પત્ર-૨૮)

અત્યારે પણ તે જગમાં વિખ્યાત છે.

૩) अन्नया तीए नयरीए उच्छवो जाओ। (કથા પત્ર-૯૪)

એકવાર તે નગરીમાં ઉત્સવ થયો.

**(૪૪૩.૧૫.૧)** ઉભયાન્વયી અવ્યયોનો ઉપયોગ થયો હોય તો તે અવ્યયો આ ઉભયાન્વયી અવ્યયોની પછી રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

निसन्ना य तत्थ कुसुमावली। (સમરા પત્ર-૬૭)

અને કુસુમાવલી ત્યાં બેઠી.

**(૪૪૩.૧૬)** પ્રશ્નાર્થક અવ્યયો વાક્યના આરંભમાં હોય છે. ઉદાહરણ તરીકે—

कत्थ संपयं सो महावसभो। (ધર્મો પત્ર-૧૨૦)

હવે તે મોટો બળદ ક્યાં છે?

**(૪૪૩.૧૭)** સ્થળ-કાળ-રીતિ દર્શક ક્રિયાવિશેષણો વિધેયની પહેલા હોય છે. ઉદાહરણ તરીકે—

૧) अहं तत्थेव चिट्ठामि। (સમરા પત્ર-૩૮)

હું ત્યાં જ રહેતો હતો.

૨) ता लहुं आगंतव्वं। (સમરા પત્ર-૬૫)

ત્યારે તરત આવવું.

૩) दयापरवसमणाए मए एवं कयं। (નલ પત્ર-૨૩)

દયાયુક્ત મન થયું છે તેથી મેં આવું કર્યું.

**(૪૪૩.૧૭.૧)** ભાર હોય ત્યારે પણ અવ્યયો વિધેયની પહેલા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) दढं दहइ मं संतावाणलो। (સમરા પત્ર-૨૩)
સંતાપરૂપી આગ મને ખૂબ બાળે છે.

૨) सिग्घं निव्विसओ गच्छसु। (કથા પત્ર-૧૧૧)
તરત જ દેશ છોડીને જા.

**(૪૪૩.૧૮)** च, वा, तु, हि, चे (चेत्) આ અવ્યયો વાક્યના આરંભમાં હોતા નથી, પરંતુ अह, एवं, अवि, अहवा, अविय, किंच આ અવ્યયો વાક્યના આરંભમાં આવી શકે છે.

ઉદાહરણ તરીકે—

૧) एवं च तत्थ सायंदिणं अभिरममाणस्स सरंति वासरा। (મહા પત્ર-૩૦ બ)
અને આ પ્રકારે ત્યાં સવાર સાંજ રમમાણ એવા તેમના દિવસો વિતવા લાગ્યા.

૨) एत्थंतरंमि य गलिओ कम्मसंघाओ। (સમરા પત્ર-૯૭)
અને તે દરમિયાન કર્મસમૂહ નષ્ટ થયો.

**(૪૪૩.૧૯)** કેવલ પ્રયોગી અને સંબોધનાર્થી અવ્યયો વાક્યના આરંભમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) अहो दारुणया संसारस्स। (સમરા પત્ર-૭૫૮)
અરે આ સંસારની દારુણતા.

૨) भो महाराय! सागयं ते। (સમરા પત્ર-૧૫)
અરે મહારાજ! તમારું સ્વાગત છે.

**(૪૪૩.૨૦)** સહાર્થી અવ્યયો, 'જેની સાથે' આ અર્થનો નિર્દેશ કરનાર શબ્દ પછી હોય છે. ઉદાહરણ તરીકે—

૧) रन्ना सह। (કથા પત્ર-૧૬૦)
રાજા સાથે.

૨) तीए सहा। (કથા પત્ર-૧૬૦)

તેણી સાથે

**(૪૪૩.૨૦.૧)** ક્યારેક તે શબ્દની પહેલા સહાર્થી અવ્યય રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) सह तेहिं तिहिं सीसेहिं। (કથા પત્ર-૧૪૧)

તે ત્રણ શિષ્યો સાથે.

**(૪૪૩.૨૧)** ઔપમ્યદર્શક 'इव' ઉપમાની પછી હોય છે. ઉદાહરણ તરીકે—

૧) सीहो इवा मेरु व्वा। (કથા પત્ર-૧૫૧)

સિંહ પ્રમાણે, મેરુ પ્રમાણે.

૨) नरगवासं पिवा। (કથા પત્ર-૧૭૬)

નરકવાસ પ્રમાણે.

**(૪૪૩.૨૨)** ભારદર્શક અવ્યયો જેના પર ભાર આપવાના હોય તે શબ્દોની પછી આવે છે. ઉદાહરણ તરીકે—

૧) नलो चेव भविस्सइ। (નલ પત્ર-૧૨)

નળ જ હશે.

૨) जाणह च्चिय तुब्भे। (કથા પત્ર-૨૦)

તમે જાણો જ છો.

૩) सहस च्चिय आगओ। (બંભ પત્ર-૫૧)

અચાનક જ આવ્યો.

**(૪૪૩.૨૩)** જે નામને અથવા સર્વનામને શબ્દયોગી અવ્યય જોડીને આવે છે તે નામ અથવા સર્વનામ પછી શબ્દયોગી અવ્યય આવે છે. ઉદાહરણ તરીકે—

कीइसो तेण विणा आणंदो। (સમરા પત્ર-૫૨૮)

તેના વિના આનંદ કેવો?

**(૪૪૩.૨૪)** जहा-तहा, जाव-ताव, जओ-तओ વગેરે અવ્યયો પોતપોતાના વાક્યના આરંભમાં આવે છે. ઉદાહરણ તરીકે—

मा मा एवं जंपसु जओ वेरपरंपरा न कोसल्लं आवहइ। (મહા પત્ર-૧૬૮ અ)

એવું ન કહો, કારણ કે વેરપરંપરા કૌશલ્ય લાવી શકતી નથી.

**(૪૪૩.૨૫)** 'मा' એ નિષેધદર્શક અવ્યય વાક્યના આરંભમાં આવે છે.

ઉદાહરણ તરીકે—मा मा एवं भणह। (કથા પત્ર-૧૧૨)

એવું ન કહો.

**(૪૪૩.૨૬.૧)** જેનું અકરણરૂપ કરવાનું હોય તેની પહેલા 'न' અવ્યય આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) न कहिं चि हिंडियव्वं। (બંભ પત્ર-૫૬)

ક્યાંય પણ ન ફરવું.

૨) देहमित्तेण न चित्तेण। (નલ પત્ર-૧૫)

માત્ર દેહથી મનથી નહીં.

**(૪૪૩.૨૬.૧.૧)** ક્રિયાપદની પહેલા 'न' રાખીને વાક્યને નકારાર્થી કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) तुमं अन्नस्स दिज्जंति न सहिस्सइ। (નલ પત્ર-૩૧)

તને બીજાને આપીશ તો તે સહન નહીં કરે.

૨) तस्स वत्तावि न कया। (નલ પત્ર-૧૯)

તેની વાત પણ ન કરી.

**(૪૪૩.૨૬.૧.૨)** ભાર આપવા 'न' પહેલા રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

निच्छइ णं विजए खत्तिए मम नामं गिण्हित्तए। (વિવાગ પત્ર-૯)

વિજય ક્ષત્રિય મારું નામ લેવાની પણ ઇચ્છા કરતો નથી.

**(૪૪૩.૨૬.૨)** કરણાત્મક અથવા અકરણાત્મક વાક્ય બીજા અકરણાત્મક વાક્ય સાથે જોડતી વખતે ઉભયાન્વયી અવ્યય 'न' ની પછી આવે છે. ઉદાહરણ તરીકે—

૧) न माणुसीए एरिसं रूवं न वा एरिसी सत्ती। (નલ પત્ર-૧૮)

માનવી સ્ત્રીનું રૂપ આવું ન હોય શકે અથવા શક્તિ પણ આવી ન હોય શકે.

૨) आसि य अहं एत्तियं कालं रइविरहिओ न उण संपयं। (સમરા પત્ર-૬૪)

એટલો સમય હું રતિ વગરનો હતો, પરંતુ હવે નથી.

**(૪૪૩.૨૭.૧)** ક્રિયાપદ વાક્યના અંતે હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) वच्छे! धीरा होहि। (બંભ પત્ર-૬૧)

પુત્રી! ધીરજ ધર.

૨) तं च पज्जोयस्स वि दिज्जइ। (પાકમા પત્ર-૪૪)

અને તે પ્રદ્યોતને જ આપવામાં આવે છે.

**(૪૪૩.૨૭.૧.૧)** ભાર આપવા ક્રિયાપદ વાક્યના આરંભમાં રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) जाणामि अहं एयं। (પાકમા પત્ર-૨૪)

આને હું જાણું છું.

૨) वेवइ मे हिययं। (નલ પત્ર-૪)

મારું હૃદય કાંપે છે.

**(૪૪૩.૨૭.૧.૨)** ક્યારેક ક્રિયાપદ વચ્ચે જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

अहं साहेमि राइणो इमं वइयरं। (પાકમા પત્ર-૨૨)

રાજાને હું આ હકીકત કહીશ.

**(૪૪૩.૨૭.૨)** આજ્ઞાર્થી ક્રિયાપદ ક્યારેક વાક્યના આરંભમાં તો ક્યારેક વાક્યના અંતે હોય છે.

**વાક્યના આરંભમાં**-ઉદાહરણ તરીકે—

૧) वच्च तुमं सट्ठाणे। (નલ પત્ર-૧૭)

તું સ્વસ્થાને જા.

૨) पालेह पुव्वपडिवन्नं सावयव्वयं। (નલ પત્ર-૧૯)

પહેલા સ્વીકારેલું શ્રાવકવ્રત પાળ.

**વાક્યના અંતે**-ઉદાહરણ તરીકે—

૧) एयं मउडरयणं मम पेसेहि। (ચઉ પત્ર-૨૫)

આ મુકુટરત્ન મારી પાસે મોકલ.

૨) मम करं देह। (ચઉ પત્ર-૧૯)

મને કર આપ.

**(૪૪૩.૨૭.૨.૧)** ક્યારેક આજ્ઞાર્થી ક્રિયાપદ વચ્ચે જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

ता तुमं निब्भया गच्छ एयंमि नयरे। (ચઉ પત્ર-૧૮)

તેથી તું નિર્ભયપણે આ નગરમાં જા.

**(૪૪૩.૨૭.૨.૨)** બે આજ્ઞાર્થી ક્રિયાપદોમાંથી એક આરંભે અને એક અંતે હોય છે તો ક્યારેક બન્ને પોતપોતાના વાક્યના આરંભમાં હોય છે. ઉદાહરણ તરીકે—

૧) गच्छह तुमं एयं दारगं एगंते उकुरुडियाए उज्झाहि। (નિરયા પત્ર-૧૩)

જા તું આ બાળકને એક ઠેકાણે ઉકરડામાં ફેંક.

૨) परिच्चयसु सोगं करेसु परलोगहियं। (પાકમા પત્ર-૨૪)

શોક છોડ પરલોક હિત કર.

**(૪૪૪) વાક્યક્રમ**

વાક્યક્રમની બાબતમાં પણ શબ્દક્રમ પ્રમાણે નીચે આપેલા સામાન્ય નિયમો કહી શકાય.

**(૪૪૪.૧) મિશ્રવાક્ય-**

મિશ્રવાક્યમાં પ્રાયઃ ગૌણ વાક્ય પ્રથમ અને પછી પ્રધાન વાક્ય આવે છે.

**(૪૪.૧.૧)** 'ज' સંબંધી સર્વનામથી શરુ થતું વાક્ય પ્રથમ હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) जो मे सह जलणंमि पविसइ तस्साहं भारिया हवामि। (ધર્મો પત્ર-૧૩૮)
   જે મારી સાથે અગ્નિમાં પ્રવેશ કરશે તેની હું પત્નિ થઇશ.

૨) जं भे रुच्चइ तं करेसु। (કથા પત્ર-૧૭૮) જે તને ગમે તે કર.

**(૪૪.૧.૧)** ભાર આપવા ક્યારેક 'ज'નું વાક્ય પછી રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—सो वि धन्नो जो तस्स अन्नपाणाइगं देइ। (જિન પત્ર-૩)

જે તેને અન્ન પાણી વગેરે આપે છે તે પણ ધન્ય છે.

**(૪૪.૧.૨)** 'इति' થી નિર્દિષ્ટ અપરોક્ષ કથનાત્મક વાક્ય પ્રાયઃ પ્રથમ હોય છે.

ઉદાહરણ તરીકે—एसो वि न मे मणमाणंदइ त्ति कहियं कुमरीए। (નલ પત્ર-૪)

આ પણ મારા મનને આનંદ આપતો નથી એવું રાજકન્યાએ કહ્યું.

**(૪૪.૧.૨.૧)** ક્યારેક 'इति' થી નિર્દિષ્ટ વાક્ય પછી રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

जंपिय मए - भागधेयाणि मे पुच्छह त्ति। (સમરા પત્ર-૫૧૦)

મારાં નસીબને પૂછો એવું મેં કહ્યું.

**(૪૪.૧.૩)** 'जहा' અને 'एवं' આ શબ્દો હોય તેવા વાક્ય પછી અપરોક્ષ કથનાત્મક વાક્ય આવે છે. ઉદાહરણ તરીકે—

૧) वत्तव्वं च तए जहा - महाराय सक्को तुम्हं वत्तं पुच्छइ। (પાકમા પત્ર-૭૦)
   તારે એવું કહેવું જોઇએ મહારાજ! ઇંદ્ર તમારી વાર્તા પૂછે છે.

૨) भणंति धीवरा वि एवं अम्हं वित्ती परिकप्पिया पयावइणा, नत्थि अम्हाण दोसो। (કથા પત્ર-૧૩૬)
   ધીવર પણ આવું કહે છે પ્રજાપતિએ અમારી વૃત્તિ નિશ્ચિત કરી છે. અમારો દોષ નથી.

**(૪૪૪.૧.૪)** 'जं' થી શરુ થતું વાક્ય પ્રાયઃ પછી હોય છે.

ઉદાહરણ તરીકે—

अहो सुंदरं जायं जं मे जणओ पव्वइओ। (ધર્મો પત્ર-૧૫૩)

મારા પિતા પ્રવ્રજિત થયા એ સારું થયું.

**(૪૪૪.૧.૫)** जत्थ, जत्थ-जत्थ થી આરંભ થનાર વાક્ય પહેલા આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) जत्थ य सागरे मिलिया गंगा तत्थ गंगासागरतित्थं जायं। (પાકમા પત્ર-૨૮)
 જ્યાં ગંગા સાગરને મળી ત્યાં ગંગાસાગર તીર્થ થયું.

૨) जत्थ जत्थ वच्चामि तत्थ तत्थ एयाइं आणेयव्वाइं। (સમરા પત્ર-૨૬૫)
 જ્યાં જ્યાં હું જઉં ત્યાં ત્યાં આને લાવો.

**(૪૪૪.૧.૫.૧)** ભાર આપવા આ વાક્ય ક્યારેક પછી રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

तत्थ वच्चामि जत्थ न कोइ जाणइ। (ધર્મો પત્ર-૨૧૭)

જ્યાં કોઇ ઓળખનાર ન હોય ત્યાં હું જઇશ.

**(૪૪૪.૧.૬)** 'जया'થી શરુ થનાર વાક્ય પહેલા આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) जया महावीरो इहं आगच्छेज्जा तया ममं एयमट्ठं निवेदिज्जासि। (ઓવ પત્ર-૧૪)
 જ્યારે મહાવીર અહીં આવશે ત્યારે મને તે કથા મને કહે.

૨) जया अवरज्झिही तया अणुसासिस्सामि। (કથા પત્ર-૧૦૭)
 જ્યારે અપરાધ કરીશ ત્યારે હું શિક્ષા કરીશ.

**(૪૪૪.૧.૬.૧)** ભાર આપવા 'जया'નું વાક્ય ક્યારેક પછી રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) जाणिहिसि एवमुल्लवंती जाहे रायकुले ढोइज्जसि। (કથા પત્ર-૧૦૮)

આવું કહેનાર તને જ્યારે રાજદરબારમાં લઇ જશે ત્યારે તને સમજાશે.

૨) कहिस्सामो जया तुमं सपसाया भविस्ससि। (ધર્મો પત્ર-૩૪)

જ્યારે તું પ્રસન્ન થઇશ ત્યારે કહીશ.

**(૪૪૪.૧.૭.૧)** 'जाव'થી શરુ થતું વાક્ય પહેલા આવે છે.

ઉદાહરણ તરીકે—

एवं च जाव... चिट्ठंति ताव आगया उज्जाणवाली पल्लविया।

(સમરા પત્ર-૭૦)

આ પ્રમાણે જ્યારે હતો ત્યારે ઉદ્યાનપાલિકા પલ્લવિત થઇ.

**(૪૪૪.૧.૭.૧.૧)** ભાર આપતી વખતે 'जाव'નું વાક્ય ક્યારેક પછી રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) तीए समं ताव अच्छियव्वं जाव मह रज्जलाभो होइ। (બંભ પત્ર-૭૨)

મને રાજ્યલાભ થાય ત્યાં સુધી તેની સાથે રહો.

૨) अच्छाहि ताव जाव अम्हे जीवामो। (કથા પત્ર-૧૫૩)

અમે જીવંત છીએ ત્યાં સુધી રહો.

**(૪૪૪.૧.૮)** 'जइ'થી પ્રારંભ થનાર વાક્ય પહેલા હોય છે.

ઉદાહરણ તરીકે—जइ पुण अम्हेहिं सह आगच्छसि ता तुमं किं पि पट्टणं पराणेमो। (નલ પત્ર-૨૧)

જો તું અમારી સાથે આવીશ તો તને કોઇ નગરીમાં લઇ જઇશું.

**(૪૪૪.૧.૮.૧)** ભાર આપવા માટે 'जइ' નું વાક્ય ક્યારેક પછી રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

अहं तुमं जीवावेमि जइ मे वयणं सुणेसि। (સમરા પત્ર-૫૨૭)

જો મારું વચન સાંભળીશ તો હું તને બચાવીશ.

**(૪૪૪.૧.૯)** जहा, जहा-जहाथी આરંભ થનાર વાક્ય પહેલા હોય છે.

ઉદાહરણ તરીકે—

૧) जहा तुमं भणिहिसि तहा करिस्सामि।(મહા પત્ર-૨૪૯ અ)
જેવું તું કહીશ તેવું કરીશ.

૨) जहा जहा य अयगरो कुररं गसइ तहा तहा सो वि जुण्णभुयंगमं।
(સમરા પત્ર-૧૨૧)
અને જેમ જેમ અજગર કુરર (પક્ષી)ને ગળવા લાગ્યો તેમ તેમ તે પણ જીર્ણ સાપને ગળવા (ખાવા) લાગ્યો.

**(૪૪૪.૧.૯.૧)** ભાર આપવા માટે આ વાક્ય ક્યારેક પછી આવે છે.

ઉદાહરણ તરીકે—

૧) भंते! तहा काहं जहा भे वयबाहा न होइ। (કમા પત્ર-૯૯)
ભગવન્! એવું કરીશ કે જેનાથી તમારી વ્રતબાધા નહીં થાય.

૨) तहा करेह जहा पुणरवि तं दुक्खं न लहामि। (કથા પત્ર-૧૭૮)
એવું કરો કે જેનાથી મને ફરીથી તે દુઃખ ન થાય.

**(૪૪૪.૧.૧૦)** 'जेण'નું વાક્ય પહેલા આવે છે.

ઉદાહરણ તરીકે—

अम्हे वि सुया कावि पउत्ती तेण पुच्छामो। (કથા પત્ર-૧૧૨)
અમે પણ કોઇ આ હકીકત સાંભળી છે તેથી પૂછીએ છીએ.

**(૪૪૪.૧.૧૦.૧)** ભાર આપવા માટે 'जेण'નું વાક્ય ક્યારેક પછી રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

अओ मंदपुण्णा वयं जेण दीणारा इंगाला जाया। (ધર્મો પત્ર-૨૦૬)
તેથી અમે ઓછા પુણ્યવાન છીએ કેમ કે દીનારો કોલસા થયા.

**(૪૪૪.૨) સંયુક્ત વાક્ય**

जओ, उयाहु, किंतुથી શરુ થતું વાક્ય પછી આવે છે. ઉદાહરણ તરીકે—

૧) न जुत्तो सयमारंभो कुमारस्स। जओ सो नीयतरो। (કથા પત્ર-૧૬૧)
કુમાર પોતે પ્રયત્ન કરે એ યોગ્ય નથી, કારણ કે તે ખૂબ જ નીચ છે.

૨) किमेयं तीरं उयाहु दीवं? (કથા પત્ર-૧૪૫)
આ કિનારો છે કે દ્વીપ છે?

૩) सद्दहामि तुम्ह वयणं। किंतु एयं न सक्कुणोमि काउं। (કથા પત્ર-૧૩૮)
મને તમારાં વચન પર વિશ્વાસ છે પરંતુ તે કરવું મારા માટે શક્ય નથી.

• • •

## પ્રકરણ ૩૧

# વિરામચિહ્ન અને લેખન વૈશિષ્ટ્ય

### (૪૪૫) વિરામચિહ્નો

વાક્યની સમાપ્તિ દર્શાવનાર દંડ[૧] (એક નાની ઊભી રેખા) આ એક જ વિરામચિહ્ન અર્ધમાગધીમાં[૨] છે. તેમ જ એક દંડથી શ્લોકાર્ધ સમાપ્તિ અને બે દંડથી શ્લોકસમાપ્તિ દર્શાવવામાં આવે છે[૩]. સિવાય અર્ધમાગધીમાં કેટલાક શબ્દો જ વિરામચિહ્નનું કાર્ય કરે છે.

**(૪૪૫.૧)** 'इति' થી અપરોક્ષ વિધાનની સમાપ્તિ દર્શાવવામાં આવે છે તો 'जहा' અને 'एवं' આ શબ્દને અપરોક્ષ વિધાનની શરુઆતમાં નિર્દિષ્ટ કરવામાં આવે છે.

**(૪૪૫.૨)** 'किं' આ પ્રશ્નાર્થક સર્વનામનાં એકાદ રૂપથી[૪] અને પ્રશ્નાર્થક અવ્યયથી વાક્ય પ્રશ્નાર્થક છે તે દર્શાવવામાં આવે છે.

**(૪૪૫.૩)** કેવલપ્રયોગી અવ્યયોના ઉપયોગથી વાક્ય ઉદ્‌ગારવાચી છે તે સૂચિત કરવામાં આવે છે.

### (૪૪૬) લેખન વૈશિષ્ટ્ય

**(૪૪૬.૧)** અર્ધમાગધી વાઙ્મયમાં શબ્દોનું લાઘવ દર્શાવવા નીચે કહેલા માર્ગનું અવલંબન કરેલું જોવા મળે છે.

**(૪૪૬.૧.૧) वण्णओ**

**वण्णओ** એટલે દીર્ઘ ઠરાવેલ ઢાંચાના-રાજા, રાણી, નગર, ઉદ્યાન વગેરેનો-વર્ણનાત્મક પરિચ્છેદ. ઉદાહરણ તરીકે—

---

૧ હિંદી ભાષા આ દંડનો ઉપયોગ કરે છે.

૨ છાપેલાં પુસ્તકમાં આધુનિક સંપાદક હવે વધારે પડતો અંગ્રેજીમાંથી આવેલાં વિરામચિહ્નોનો ઉપયોગ કરે છે.

૩ જુનાં મરાઠી પદ્યોમાં દંડનો ઉપયોગ જોવા મળે છે.

૪ વાક્યમાં 'किं' નો ઉપયોગ ન હોય તો પણ વક્તાની ઉચ્ચાર પદ્ધતિથી વાક્ય પ્રશ્નાર્થક છે એ નક્કી કરી શકાય છે.

૨) चंदणपायवे नामं उज्जाणे होत्था। वण्णओ (વિવાગ પત્ર-૨)

**(૪૪૬.૧.૨) जाव**

પહેલા આવેલો પરિચ્છેદ ફરી એકાદા આગળનાં સ્થળે અભિપ્રેત હોય તો તે દર્શાવવા 'जाव'નો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

परिसा निग्गया जाव पडिगया। (અંત ૨)

**(૪૪૬.૧.૩) બે થી છ સુધીનાં સંખ્યાવાચકો-**

શબ્દોની પુનરાવૃત્તિનું નિવારણ કરવા માટે બે થી છ સુધીનાં સંખ્યાવાચકોનો નીચે પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે.

**(૪૪૬.૧.૩.૧) બે**

ક્રિયાપદોનાં રૂપો પછી ૨ આવે તો ક્રિયાપદનું લ્યબંત નિર્દિષ્ટ થાય છે. ક્યારેક ૨ વાર એમ પણ લખવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

૧) आपुच्छइ २। (વિવાગ પત્ર-૬)

૨) गिण्हाहि २ ममं उवणेहि। (વિવાગ પત્ર-૯૫)

**(૪૪૬.૧.૩.૧.૧)** વિશેષણ બાદ અથવા ક્રિયાવિશેષણ અવ્યય પછી ૨ આવે તો બે વાર પુનરાવૃત્તિ સૂચિત થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) पडिजागरमाणी २ (વિવાગ પત્ર-૩)

૨) अईव २। (ભગ ૮)

૩) उद्दाइत्ता २। (વિવાગ પત્ર-૧૧) (જન્મ પ્રાપ્ત કરીને)

**(૪૪૬.૧.૩.૧.૨)** ક્યારેક ૨ થી બે સમાનાર્થક વાક્યો નિર્દિષ્ટ થાય છે.

ઉદાહરણ તરીકે—तेणं कालेणं २। (तेणं कालेणं तेणं समएणं।)

**(૪૪૬.૧.૩.૨) ત્રણ**

૩ થી ત્રણ સમાનાર્થક શબ્દો અથવા ત્રણ વિશિષ્ટ શબ્દો નિર્દિષ્ટ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) संताइ३। (संता, तंता, परितंता)

૨) समणेणं३। (समणेणं भगवया महावीरेणं।)

**(૪૪૬.૧.૩.૩) ચાર**

૪ થી ચાર સમાનાર્થક[1] અથવા વિશિષ્ટ શબ્દો સૂચિત થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) असणं४। (असणं पाणं, खाइमं साइमं)

૨) आसाएमाणी४। (आसाएमाणी, विसाएमाणी, परिभुंजेमाणी, परिभाएमाणी)

૩) सडइ४। (सडइ, पडइ, गलइ, विद्धंसइ)

૪) साडित्तए४। (साडित्तए, पाडित्तए, गालित्तए, विद्धंसित्तए)

**(૪૪૬.૧.૩.૪) પાંચ**

**(૪૪૬.૧.૩.૪.૧)** ૫થી પાંચ સમાનાર્થક[2] અથવા વિશિષ્ટ શબ્દો નિર્દિષ્ટ થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) भीए५। (भीए, तत्थे, तसिए, उव्विग्गे, संजायभए)

૨) सिज्झिहिइ५।(सिज्झिहिइ, बुज्झिहिइ, मुच्चिहिइ, परिनिव्वहिइ, सव्वदुक्खाणं अंतं करेहिइ)

**(૪૪૬.૧.૩.૪.૨)** ૫થી પાંચ વિશિષ્ટ શબ્દો અથવા વાક્યાંશ સૂચિત થાય છે.

ઉદાહરણ તરીકે—

૧) पुप्फ५। (पुप्फ, वत्थ, गंध, मल्ल, अलंकार)

૨) सुमुहे गाहावई५। (धन्ने णं सुमुहे गाहावई, पुण्णेणं सुमुहे गाहावई, कयत्थेणं सुमुहे गाहावई, कयलक्खणेणं सुमुहे गाहावई, सुलद्धेणं सुमुहस्स गाहावइस्स जम्मजीवियफले।)

**(૪૪૬.૧.૩.૫) છ**

**(૪૪૬.૧.૩.૫.૧)** ૬થી છ સમાનાર્થક શબ્દ નિર્દિષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે—

---

૧ જેનો હંમેશા આવા પ્રકારનો પ્રયોગ મળે છે એવા.

૨ જેનો હંમેશા આવા પ્રકારનો પ્રયોગ મળે છે એવા.

इट्ठा ६। (इट्ठा, कंता, पिया, अभिरामा, मणुन्ना, मणामा)

**(૪૪૬.૧.૩.૫.૨)** ૬થી ૭ વિશિષ્ટ શબ્દ સૂચિત થાય છે. ઉદાહરણ તરીકે—

इड्ढीद। (इड्ढी, जुई, जसो, बलं, वीरियं, पुरिसक्कारपरक्कमे)

**(૪૪૬.૨) અન્ય વૈશિષ્ટ્યો**

**(૪૪૬.૨.૧)** એક જ વાક્યમાં સ્વતંત્રપણે અથવા સમાસમાં સમાનાર્થક શબ્દોની આવૃત્તિ જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

૧) सक्कारेइ सम्माणेइ। (વિવાગ પત્ર-૨૮)

૨) सिग्घं तुरियं। (ભગ.૧૭)

૩) पुव्वावरण्हकालसमयंसि।

**(૪૪૬.૨.૨)** णं तए[૧]णं નો વારંવાર અને ભરપૂર ઉપયોગ જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

૧) से णं तत्थ सीहे भविस्सइ। (વિવાગ પત્ર-૧૧)

તે ત્યાં સિંહ થશે.

૨) तए णं से भगवं गोयमे। (વિવાગ પત્ર-૪)

ત્યારબાદ તે ભગવાન ગૌતમ.

**(૪૪૬.૨.૩)** જે પ્રમાણે, જેવું આ અર્થમાં[૨] जहानामए શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે[૩]. ઉદાહરણ તરીકે—

जहा नामए सप्पकडेवरे। (વિવાગ પત્ર-૫)

જેવું સાપનું કલેવર.

**(૪૪૬.૨.૪)** વિધેય કર્મણિ ભૂતકાલીન ધાતુવિશેષણ બાદ 'यावि होत्था' એ

---

૧ तए णं- ततः (णं) (રાય પત્ર-૫૪), णं इति अलङ्कारे। (આ.અભયદેવસૂ., નાયા પોથી પત્ર-૯ બ)

૨ વૈદ્ય નાયાસં, ટીપ પત્ર-૭

૩ से जहानामए નો વિગ્રહ આ.મલયગિરિસૂ. અને આ.અભયદેવસૂ. આ પ્રમાણે કરે છે तत् सकललोकप्रसिद्धं, यथा इति दृष्टान्तोपदर्शने, नाम इति शिष्यामन्त्रणे, ए इति वाक्यालङ्कारे। (મલય રાય પત્ર-૬૫) से इति अथार्थः- अथ शब्दश्च वाक्योपक्षेपार्थः-यथा दृष्टान्तार्थः-नामेति सम्भावनायाम्, एवेति वाक्यालङ्कारे। (આ.અભયદેવસૂ. નાયા પોથી પત્ર-૮૧ બ)

શબ્દસમૂહનો ઉપયોગ જોવા મળે છે.

ઉદાહરણ તરીકે—

जुवराया जाए यावि होत्था। (વિવાગ પત્ર-૩૮)

**(૪૪૬.૨.૫)** ગત્યર્થક ક્રિયાપદોનાં ગંતવ્યની દ્વિતીયા (અથવા સપ્તમી) ન વાપરતા 'जेणेव-तेणेव, जेणामेव-तेणामेव' ના ઉપયોગથી વિશ્લેષણાત્મક વાક્યરચના કરેલી જોવા મળે છે. ઉદાહરણ તરીકે—

जेणेव सेणिए तया तेणेव उवागच्छंति। (નિરયા પત્ર-૯)

જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં ગયા.

**(૪૪૬.૨.૬)** 'જ્યાંથી જે ઠેકાણેથી-ત્યાં, તે ઠેકાણે' આ અર્થમાં 'जामेव दिसिं-तामेव दिसि' આવો વાક્યાંશ વાપરવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया[૧]। (નિરયા પત્ર-૭)

જે તરફથી આવી તે તરફ પાછી ગઇ.

● ● ●

૧ यस्या दिशः सकाशात् प्रादुर्भूता (आविर्भूता) तामेव दिशं प्रतिगता। (આ.અભયદેવસૂ. નામા પોથી પત્ર-બ)

# પુરવણી

અર્ધમાગધી વાઙ્મયમાં કેટલાક વિશિષ્ટ વાક્યાંશ અને વાક્યપ્રયોગ મળે છે તેમાંથી કેટલાંક આગળ આપવામાં આવ્યાં છે તેમ જ કેટલાંક વિશિષ્ટ પ્રકારનાં વાક્યો આગળ આપેલા છે અને ત્યારબાદ કેટલાંક સુભાષિતો આપવામાં આવ્યાં છે.

**(૧)** વાક્યાંશ, વાક્યપ્રયોગ વગેરે.

**(અ) કાળદર્શક**

(૧) **પ્રભાત**-

| | |
|---|---|
| जाए पभाए। | जाए पभायसमए। |
| पत्ते पभायसमए। | पहायाए रयणीए। पाउप्पभायाए रयणीए। पहाया रयणी। |
| जायम्मि पभायसमए। | पभायसमए। |
| पभायकाले। | अरुणवेलाए। |
| पच्चूसकालसमयंसि। | उइए रविम्मि। |
| अणुट्ठिए चेव सूरे। | सूरो आरूढो। |
| उदयगिरिसिहरं उग्गओ सूरो। | |

(૨) **બપોર, મધ્યાહન વગેરે**-

| | |
|---|---|
| मज्झण्हस्स समए। | पुव्वावरण्हकालसमयंसि। |
| पच्चावरण्हकालसमयंसि। | अवरण्हसमए। |

(૩) **સંધ્યાકાળ વગેરે**-

| | |
|---|---|
| संझाकालसमयंसि। | समागया संझा। |
| विगालसमयम्मि वियालवेलाए। | वोलीणम्मि दिवसे। |

(૪) **સૂર્યાસ્ત**-

| | |
|---|---|
| अत्थमिए दिणनाहे। | अत्थंगयम्मि आइच्चे। |
| एत्थंतरे अत्थंगओ सूरिओ। | |

**(૫) સવાર-સંધ્યાકાળ-**

सायं च पायं च।

**(૬) દિવસ-**

| | |
|---|---|
| तम्मि चेव दियहे। | कल्लदिणे अज्ज वा। |
| इओ दिणाओ तइज्ज-दिवसम्मि। | अइक्कंते बारसाहे। |
| कइवयदिवसेहिं। | जंति दियहा। |
| अइक्कंतेसु कइसु वि दिवसेसु। | अइक्कंता कइ वि दियहा। |
| एवं गच्छंति वासरा। | एवं वच्चंति वासरा। |
| कल्लाकल्लिं। | एवं वच्चंति दिवसाइं। |

**(૭) શુભ દિવસ વગેરે-**

सोहणम्मि दियहे।

सोहणवेलामुहुत्तम्मि पसत्थे तिहिकरणमुहुत्तजोगे।

सोहणम्मि तिहिकरणदिवसनक्खत्तमुहुत्तंसि।

**(૮) રાત્રિ-**

| | |
|---|---|
| पत्ताए रयणीए। | समागमा रयणी। |
| आगया रयणी। | रयणीए पढमजामम्मि। |
| | पुव्वरत्तावरत्तकालसमयंसि। |
| मज्झरत्ते। | अद्धरत्तकालसमयंसि। |
| अड्ढरत्तसमए। | रयणीए पच्छिमे जामे। रयणीचरिमजामे। |
| | रयणीए चरिमजामम्मि। |
| | निसाचरमसमयंसि। |
| | वीइक्कंता रयणी। |
| वोलिया कह वि राई। | कह कह वि वोलीया रयणी। |

**(૯) દિવસ-રાત્રિ-**

| | |
|---|---|
| रत्तिं दिवा य। | अहोरत्तं। |

| | |
|---|---|
| राइंदियं। | राओ दिवसं। |
| अहोणिसं। | अहोनिसिं। |
| सायं दिणं। | दिया वा राओ वा। |

(१०) મહિનો-

| | |
|---|---|
| अद्धमासं-अद्धमासेणं। | मासं मासेणं। |
| मासं मासाउ। | दिवड्ढमासे वोलीणे। |
| छम्मासा वोलीणा। | कइ वि मासा वोलीणा। |

(११) ઋતુ-

| | |
|---|---|
| पढमसरयकालसमयंसि। | गिम्हकालम्मि। |
| गिण्हकालसमयंसि। | पत्ते पाउसकाले। |

(१२) વર્ષ-

| | |
|---|---|
| एवं गयाणि बारस संवच्छराणि। | वरिसवरिसं। |

(१३) જીવન-

| | | |
|---|---|---|
| इह भवे। | जावज्जीवं। | जावज्जीवाए। |
| | आमरणं। | |

(१४) મરણ-

| | | |
|---|---|---|
| मरणकालसमयंसि। | मरणे उवट्ठिए वि। | |
| कालं किच्चा। | कालं काऊण। | |
| कालमासे कालं किच्चा। | कालधम्मुणा संजुत्ते। | |
| कालगओ। | पंचत्तं गओ। | |
| पंचत्तं उवगओ। | पंचत्तं संपत्तो। | निहणं गओ। |

(१५) સામાન્યપણે-

| | | |
|---|---|---|
| १) खणमेत्तेण। | तक्खणं चिय। | |
| २) थेववेलाए। | थेवकालेण। | कालेण अप्पेण। |
| ३) उचियसमयंसि। | उचियम्मि समयम्मि। | |

४) अन्नया कयाइ। अह अन्नया कयाइ।

५) दोहलकालसमयंसि।

६) पत्ते भिक्खाकाले।

७) तेणं कालेणं तेणं समएणं। अईयसमयम्मि।

८) इय काले वच्चंते। एवं च काले वच्चंतम्मि।

एवं च वोलंतम्मि काले। वोलीणो बहु कालो।

एवं पभूयकालो वोलीया। अइक्कंतो कोइ कालो।

गओ कोइ कालो। एवं च अइक्कंतो कोइ कालो।

एवं कालो वच्चइ। कालक्कमेण।

**(આ) સ્થળદર્શક-**

१) नासन्ने नाइदूरम्मि। नच्चासन्ने नाइदूरे।

२) विसमे पएसे। कत्थ वि विसए। अन्नत्थ कत्थ वि।

३) इहेव जंबुद्दीवे दीवे भारहे वासे।

४) अस्सिं लोए। इह परलोए। अस्सिं लोए परत्थ य।
घोरे संसारे।

५) नयरीए बहिया। नयरस्स बहिया। पुरस्स बाहिं।

६) उत्तरपुरत्थिमे दिसीभाए। दाहिणपुरत्थिमे दिसीभाए।
पुव्वुत्तरदिसाभाए।

७) सव्वओ समंतेणं। सव्वओ समंता। सव्वओ समंताओ।

८) उभओ पासिं।

९) चउदिसिं। दससु वि दिसासु। दिसोदिसं। दिसोदिसिं। दिसि दिसि।

**(ઇ) રીતિદર્શક-**

१) जहिच्छं। जहिच्छाए।

२) अवरोप्परपीईए।

૩) तुरियतुरियं।

૪) मणसा वयसा कायसा। मणेण वायाए काएणं।

૫) जहाविहीए। जहोचिएण विहिणा। जहुत्तविहिणा।

૬) महया इड्ढीसक्कारसमुदएणं।

૭) केणइ उवाएण।

૮) पायाविहारचारेण।

૯) सुहं सुहेणं। दुहं दुहेणं। जीवं जीवेणं। उग्गं उग्गेणं। वारं वारेणं। मज्झं मज्झेणं। उरं उरेणं। तिलं तिलेणं।

**(ई) નમસ્કાર, પ્રણામ વગેરે-**

काऊण सिरपणामं।

नमिऊण पायकमले।

चलणपणामं काऊण।

करमलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु।

पणमइ अंजलिमउलं सिरे काउं।

तिपयाहिणीकाऊण। कयाओ तिण्णि पयाहिणाओ।

तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ।

आलोए पणामं करेइ।

काऊण जिणपणामं।

काऊण नमोक्कारं सिद्धाणं।

**(ઉ) અન્ય કેટલાક-**

**(ક)**

૧) अंतेउरस्स पढमा।

૨) सुहभोगकारणनिमित्तं।

૩) अप्पाणं भावेमाणे।

४) पुव्वाणुपुव्विं चरमाणे।

५) गामाणुगामं दूइज्जमाणे।

६) आहेवच्चं कुणमाणे।

७) उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे।

८) कयत्थं अप्पाणं मण्णमाणे।

९) कुडुंबजागरियं जागरमाणे।

१०) धम्मजागरियं जागरमाणे।

११) सवणपरंपरेण। सवणपरंपराए। कण्णपरंपराए।

१२) भवियव्वयावसेणं।

१३) एवं वुत्ते समाणे। इमीसे कहाए लद्धट्ठे समाणे।

इमीसे कहाए लद्धट्ठस्स समाणस्स।

१४) उच्चट्ठाणट्ठिएसु गहेसु।

**(ખ) પૂર્વકાળ વાચક ધાતુ અવ્યયોનો ઉપયોગ હોય તેવા-**

१) चयं चइऊण।

२) एवं संपेहेत्ता।

३) करे करेऊण पहरणं।

४) ति कट्टु। त्ति कट्टु। ति किच्चं। ति किच्चा।

५) अगारवासमज्झे वसित्ता।

६) कवडकलहं काऊण।

७) इमं वइयरं ओहिणा आभोइऊण।

८) तिवलियं भिउडिं निडाले साहट्टु।

९) अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता।

१०) रज्जम्मि ठविऊण। अहिसिंचिय रज्जे। रज्जे ठविऊण नियपुत्तं।

११) मासियाए संलेहणाए अप्पाणं झूसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेइत्ता।

## (૨) કહેવતો વગેરે-

૧) मा दिट्ठं परिच्चइय अदिट्ठे रइं करेहि। (સમરા ૮૪)
દશ્ય છોડીને અદશ્ય પાછળ ન ભાગવું.

૨) इत्थट्ठियं कंकणयं को भण जोएइ आरिसए?(નાણ ૩.૯૦)
અથવા हत्थट्ठियकंकणस्स किं दप्पणेण परिमिणणं? (મહા ૧૨૫ અ)
हत्थत्थे कंकणे किं दप्पणेणं? (પાઇ ૮૧)
હાથનાં કંકણને દર્પણથી શું પ્રયોજન?

૩) खयम्मि मा खिवसु खारयं। (નાણ ૯.૧૧૭)
ઘા પર મીઠું ન નાખ.

૪) न हु सक्करसित्तो वि चयइ कडुयत्तणं निंबो। (સુર ૧.૨૪)
કડવાં કારેલા, સાકરમાં નાખો તો પણ કડવાં તે કડવાં.

૫) जहा राया तहा पया। (કથા ૧૩૦)
જેવો રાજા તેવી પ્રજા.

૬) बहुरयणा वसुंधरा। (જિન ૧૬)
બહુરત્ના વસુંધરા

૭) एत्थ तडी एत्थ वग्घो (સુર ૨.૧૧૫);
एगत्तो किल वग्घो अण्णत्तो दुत्तडीओ। (કથા ૧૦૧)
અહીં કુવો ત્યાં કુવી.

૮) बुड्डंताण तणाइँ वि हत्थावलंबत्तणमुवेंति। (લીલા ૧૯૩)
ડૂબનારને તળખલાંનો આધાર

૯) जारिसओ होइ गुरू तारिसओ होइ सीसगुणजोगो। (સિરિ ૬૦)
જેવો ગુરુ તેવો શિષ્ય.

૧૦) जीवो जं किर कम्मं करइ हसंतो...तं वेयइ रोयंतो। (નાણ ૩.૫૫)
હસતા-હસતા કર્મ કરો અને પરિણામ રડતા-રડતા ભોગવો.

११) जीवंतो नरो कल्लाणं पावइ। (धर्मो १८९)

મસ્તક સલામત તો પાઘડી પચાસ.

**(૩) વાક્યો-**

१) एवं होऊ।

२) जं होइ तं होउ।

३) इण्हिं जं होउ तं होउ।

पच्छा जं होउ तं होउ।

४) गओ थेरं भूमिभागं।

५) सामित्तं कुणइ सव्वेसिं।

६) उट्ठाए उट्ठेइ।

७) सयमेव पंचमुट्ठियं लोयं करेइ

८) सरणं उवेइ।

९) सो तुह आणं न मन्नेइ।

वट्टंति आणाए।

आणं करेंति।

१०) अज्ज वि न हु किंचि वि विणट्ठं।

तह वि न किं पि विणट्ठं अज्ज वि।

११) न किंचि अवरज्झइ।

१२) अंगुलिं गलए दाऊण वमियमणेण।

१३) किमित्थ अइक्कंतत्थसोयणे।

१४) सत्तट्ठ पयाइं अणुगच्छइ।

१५) जहागया पडिगमा सव्वे।

१६) जुवईण न गुज्झं साहियव्वं।

१७) जइस्समहं जहासत्तीए।

१८) महया महया सद्देणं आरसइ।

१९) जएणं विजएणं वद्धावेइ।

२०) आगया तस्स निद्दा।

२१) चिंतिउं पयत्तो हं। लग्गो परिभाविउं।

२२) तह वि न को वि गुणो जाओ।
न उणो (पुन:) को वि गुणो ताण संजाओ।
बहुएहिं पि कएहिं उवयारो हं गुणो न से जाओ।

२३) मे समुप्पन्नो पमोओ।
गरुयपमोओ मणम्मि संजाओ।
बहुएहिं पि कएहिं उवयारो हं गुणो न से जाओ।

२४) मे समुप्पन्नो पमोओ।
गरुयपमोओ मणम्मि संजाओ।
जाओ हिययस्स आणंदो।

२५) बहुजणो अन्नमन्नस्स एवमाइक्खइ।
परोप्परं एवं जंपंति। मा एवं भण। सुणसु मह वयणं।

२६) न भूयं एयं नो भवइ न भावि कइया वि।

२७) मा वहउ को वि गव्वं एत्थ जए (જગમાં) पंडिओ अहं चेव।

२८) बहूइं वासाइं सामण्णपरियागं पाउणइ।

२९) एयमट्ठं नो आढाइ नो परियाणाइ तुसिणीया संचिट्ठइ।

३०) पत्ता ते जोव्वणं।
कमेण पत्ता जोव्वणं।

३१) को दोसो एत्थ तुम्हाणं।
को ममावराहो।

३२) धस त्ति धरणीयलम्मि सो पडिओ।

निबद्धं दंतसंपुडं।

३३) लोए अववाओ जायइ।

३४) तेण असमंजसं विहियं।

३५) अंगे न मायंति।

३६) खंडाखंडिं करेइ।

पाणेहिं कड्ढावेइ।

जीवियाओ ववरोवेइ।

३७) तेण सुओ नियरज्जे ठविओ।

ठाविओ जुवरायपए पिउणा।

३८) पविट्ठो भिक्खट्ठा तत्थ नयरम्मि।

३९) अगाराओ अणगारियं पव्वयइ।

४०) गवेसिउं आरद्धो।

४१) सासंकं मह हिययं।

४२) न एत्थ संदेहो।

४३) वत्तं पाणिग्गहणं महाविभूईए।

४४) न एत्थ अच्छरियं।

४५) उवविट्ठा सव्वे वि उचियठाणेसु।

४६) धम्मलाभो दिण्णो।

४७) ईहापोहं करेंतस्स जायं जाईसरणं।

४८) जाओ कालेण गयसोगो।

४९) न हु जुत्तं मज्झ एरिसयं।

५०) एसो च्चिय निच्छओ मज्झ।

५१) कुणसु मा चिंतं।

५२) को वि हु दोसो।

५३) कहेमि कोऊहलं जइ ते।

૫૪) सव्वो वुत्तंतो साहिओ।

૫૫) अज्ज वि वइरी पट्ठिं न छड्डेइ।

૫૬) वामकरयलंसि कवोलं निवेसिऊण ठिया अहोमुही।

૫૭) लग्गो अग्गी चउसु वि दिसासु।

૫૮) कओ मे हवइ निद्दा? (મને નિદ્રા કઇ રીતે આવે?)

૫૯) किं मओ जीवइ कोइ?

(૪) સુભાષિતો-

૧) सव्वपणासम्मि अद्धं पि हु जुज्जए लेउं। (નાણ ૧.૨૪૫)

૨) अप्पेण समं सव्वो वि हु मन्नए अन्नं। (નાણ ૧૦.૨૩૫)

૩) जूयाभएण परिहणविमोयणं हंदि न हु जुत्तं। (સુર ૧.૨૫)

૪) सवणरमणीया खलु दूरदेसवत्ता। (મહા પત્ર-૧૬૦ બ)

૫) मडहो वि मइंदो करिवराण कुंभत्थलं दलइ। (જિન પત્ર-૬૧)

૬) सूरस्स पुरो खज्जोयगाण का होइ देहपहा। (મહા પત્ર-૧૩૫ બ)

૭) वायाए जो विवज्जइ विसेण किं तस्स दिण्णेण। (લીલા ૧૫૫)

૮) भिच्चवराहे सामिणो दंडो। (મહા પત્ર-૪૬ અ)

૯) कम्माणि बलवंति। (ઉત્ત ૨૫.૩૦)

૧૦) उच्चाराओ वि कणयं गिण्हेयव्वं। (સુપાસ ૬૧)

૧૧) को कणयरयणमालं बंधइ कागस्स कंठम्मि।(સિરિ ૧૩૭)

૧૨) जस्स वणो (વ્રણ) वेयणा हवइ तस्स।(મહા પત્ર-૨૪૮ બ)

૧૩) दुक्खेण विणा न सोक्खाइं। (કથા પત્ર-૧૪૫)

૧૪) को जुन्नमज्जरिं कंजिएण पवियरिउं तरइ। (સુર ૧૩૩)

૧૫) जं जह भवियव्वं होइ तं तहा देव्वजोएण। (લીલા ૩૧૧)

૧૬) दिव्वम्मि विहडियम्मि विग्घसहस्साइं जायंति। (કથા પત્ર-૮૮)

૧૭) वल्लीसमं हि पिम्मं जं आसन्नं तहिं चडइ।(સુર ૨.૧૭૨)

१८) सव्वहा अच्चंततण्हाणुगओ वि ण रमए एरावणो अच्चंतसुंदरे व गामतलायम्मि। (धर्मो પત્ર-૧૫)

१९) चिरकालाउ वि पावइ भद्दाइं जणो हि जीवंतो। (નલ પત્ર-૨૬)

२०) नियकज्जसिद्धिहेउं कुणंति लोगा पराण कज्जाइं। (धर्मो પત્ર-૩૯)

२१) सओ नत्थि विणासो असओ नत्थि संभवो। (સૂય ૨.૧.૧૦)

२२) जो जेत्तियस्स जोग्गो स लहइ तत्तियं अत्थं। (સુપાસ ૪૯૬)

२३) न देइ कोइ कस्स वि सुक्खं दुक्खं च निच्छओ एसो। (સિરિ ૩૨૮)

२४) को देइ हरइ को वा सुहासुहं जस्स जं विहियं। (લીલા ૫૭૩)

२५) निक्कारणा पवित्ती (प्रवृत्ति) न होइ। (સુર ૭.૨૨૬)

२६) नत्थि अकरणिज्जं विसियाउराणं। (સમરા પત્ર-૩૧૭)

२७) न सव्वे वि एगसहावा भवंति। (કથા પત્ર-૧૧૧)

२८) विचित्तसहावा पाणिणो। (કથા પત્ર-૧૧૧)

२९) महिलाणुरागरत्तो किं न कुणइ साहसं पुरिसो। (પઉમ ૩૩.૬૯)

३०) किं कुणइ पुरिसयारो पुरिसयारो पुरिसस्स विहिम्मि विवरीए। (નલ પત્ર-૧૨)

३१) आवयाए वज्जकढिणहियया चेव महापुरिसा हवंति। (સમરા પત્ર-૨૦૮)

३२) पुव्वकयं सुकयं चिय जीवाणं सुक्खकारणं होइ।
दुकयं च कयं दुक्खाण कारणं होइ निब्भंतं।। (સિરિ ૧૦૦)

३३) जस्सत्थो तस्स सुहं जस्सत्थो पंडिओ य सो लोए।
जस्सत्थो सो गुरुओ अत्थविहूणो य लहुओ उ।। (પઉમ ૩૫.૬૬)

३४) न य परलोए निव्वाहो धम्मं विणा। (કથા ૯૬)

३७) संसारे रे सुहं कत्तो। (અગડ ૩૨૮)

३८) कण्णकडुयं पि सच्चं हियं परिणामसुंदरं भासियव्वं। (કથા પત્ર-૧૬૩)

३९) नियहिययनिम्मलाइं सुयणा पेच्छंति सव्वहिययाइं। (જીન પત્ર-૨૦)

४०) सप्पुरिससंगाउ णरो इह परलोए य लहइ कल्लाणं। (धर्मो પત્ર-૬૬).

• • •

## પરિશિષ્ટ ૧

# અન્ય પ્રાકૃતોનાં કેટલાંક વૈશિષ્ટ્યો

### (૧)

### શૌરસેની

**(અ) વર્ણ-**

(૧) મધ્ય અસંયુક્ત त्, थ् નો અનુક્રમે द्, ध् થાય છે.

ઉદાહરણ તરીકે—रजत-रजद, नाथ-नाध.

(૨) र्य નો વિકલ્પથી य्य થાય છે.

ઉદાહરણ તરીકે—आर्य-अय्य, अज्ज.

**(આ) રૂપવિચાર-**

(૧) અકારાંત શબ્દોનાં પંચમી એકવચનમાં दो, दु એ પ્રત્યયો લાગે છે.

ઉદાહરણ તરીકે—जिणादो, जिणादु।

(૨) વર્તમાનકાલીન તૃતીય પુરુષ એકવચનનાં दि, दे પ્રત્યય.

ઉદાહરણ તરીકે—हसदि, हसदे।

(૩) ભવિષ્યકાળનું ચિહ્ન 'स्सि' છે.

ઉદાહરણ તરીકે—हसिस्सिदि।

(૪) इअ, त्ता, दूण આ લ્યબંતોનાં પ્રત્યયો છે.

ઉદાહરણ તરીકે—पढिअ, पढित्ता, पढिदूण।

कृ અને गम् ના લ્યબંતો

ઉદાહરણ તરીકે—कडुअ, गडुअ એ રીતે પણ થાય છે.

**(ઇ) સંધિ**

અંત્ય મકાર પછી इ અથવા ए આવે તો તેની વચ્ચે વિકલ્પથી ण् આવે છે.

ઉદાહરણ તરીકે—युक्तम् इदम्-जुत्तं णिमं, जुत्तमिमं।

**(ઈ) અવ્યયો-**

(૧) इह-इध, इदानीम्-दाणिं, एव-य्येव એવા વિકારો થાય છે.

(૨) हंजे-ચેટીને બોલાવવા માટે, अम्महे-આનંદ દર્શાવવા માટે, ही ही વિદુષકનો આનંદ દર્શાવવા માટે.

## (૨)

## માગધી

**(અ) વર્ણ-**

(૧) र् ના બદલે ल्, અને ष्, स् ના બદલે श् થાય છે.
ઉદાહરણ તરીકે—(૧) कर-कल, पुरुष-पुलिश, सारस-सालश।

(૨) ष्ट, ष्ठ, ट्ट नो स्ट થાય છે.
ઉદાહરણ તરીકે—कष्ट-कस्ट, सुष्ठु-शुस्टु, पट्ट-पस्ट।

(૩) स्त અને र्थ નો स्त થાય છે.
ઉદાહરણ તરીકે—सार्थ-शस्त, उपस्थित-उवस्तिद।

(૪) च्छ ના બદલે श्च આવે છે.
ઉદાહરણ તરીકે—गच्छ-गश्च।

(૫) ज નો य થાય છે.
ઉદાહરણ તરીકે—जानाति-याणदि।

(૬) र्ज, द्य નો य्य થાય છે.
ઉદાહરણ તરીકે—दुर्जन-दुय्यण, मद्य-मय्य।

(૭) न्य, ण्य, ज्ञ, ञ्ज નો ञ्ञ થાય છે.
ઉદાહરણ તરીકે—अन्य-अञ्ञ, पुण्य-पुञ्ञ, प्रज्ञा-पञ्ञा, अंजलि-अञ्ञलि।

**(આ) રૂપવિચાર-**

(૧) અકારાંત શબ્દોનું પ્રથમા એકવચન एકારાંત હોય છે.
ઉદાહરણ તરીકે—पुलिशे।

(૨) અકારાંત શબ્દોના ષષ્ઠી એકવચનમાં स्स છે અને ષષ્ઠી અનેકવચનમાં आण, आहँ એ પ્રત્યયો લાગે છે.
ઉદાહરણ તરીકે—यिणस्स, यिणाह, यिणाण, यिणाहं।

(૩) પ્રથમ પુરુષી સર્વનામનું પ્રથમા એકવચન અને અનેકવચન 'हगे' થાય છે.

## (૩)

## પૈશાચી

**(અ) વર્ણ-**

(૧) ण् નો न्, द् નો त्, श्, ष् નો स् થાય છે.
ઉદાહરણ તરીકે—गुण-गुन, मदन-मतन, शशरी-ससी, कृष्ण-किसान।

(૨) ट् નો त् થાય છે.
ઉદાહરણ તરીકે—कुटुंबक-कुतुंबक, (કુટુંબક).

(૩) 'हृदय' નું हितप, हितपक થાય છે.

(૪) आदृश વગેરે શબ્દોમાં 'दृ' નો ति થાય છે.
ઉદાહરણ તરીકે—यादृश-यातिस।

(૫) ल નો ळ થાય છે.
ઉદાહરણ તરીકે—कुल-कुळ।

(૬) ज्ञ, न्य, ण्य નો ञ्ञ થાય છે.
प्रज्ञा-पञ्ञा, कन्यका-कञ्ञाका, पुण्य-पुञ्ञ।

**(આ) રૂપવિચાર-**

(૧) અકારાંત શબ્દોને પંચમી એકવચનમાં आतो, आतु એ પ્રત્યયો લાગે છે.
ઉદાહરણ તરીકે—जिनातो, जिनातु।

(૨) વર્તમાન તૃતીય પુરુષ એકવચન ના ति,ते એ પ્રત્યયો છે.
ઉદાહરણ તરીકે—रमति, रमते।

(૩) ભવિષ્યકાળમાં 'सि' ના બદલે 'एय' પ્રત્યય છે.
ઉદાહરણ તરીકે—हुवेय्य।

(૪) કર્મણિ અંગ કરવાનો પ્રત્યય 'इय्य' છે.
ઉદાહરણ તરીકે—पठिय्यते।

(૫) લ્યબંતના तून, त्थून, द्धून એ પ્રત્યયો છે.
ઉદાહરણ તરીકે—पठितून, नत्थून, तद्धून।

## (૪)

## અપભ્રંશ

**(અ) વર્ણ-**

(૧) મધ્ય અસંયુક્ત क् ख् त् थ् प् फ ના બદલે ग् घ् द् ध् ब् भ् આવે છે.

(૨) મધ્ય અસંયુક્ત म् ના બદલે વિકલ્પથી वँ આવે છે.
ઉદાહરણ તરીકે—कमल-कमल, कवँल।

(૩) સંયુક્ત વ્યંજનમાં र् નો વિકલ્પથી લોપ થાય છે.
ઉદાહરણ તરીકે—चंद्र — चंद्र, चंद।

**(આ) રૂપવિચાર-**

(૧) પ્રાયઃ આગળના પ્રત્યયો લાગે છે.

| **વિભક્તિ** | **એકવચન** | **અનેકવચન** |
|---|---|---|
| **પ્રથમા** | उ, हो | ० |
| **દ્વિતીયા** | उ, हो | ० |
| **તૃતીયા** | एं | हिं |
| **પંચમી** | हे, हु | हुं |
| **ષષ્ઠી** | सु, हो, स्सु | हं, ० |

(૨) વર્તમાનકાળના પ્રત્યયો આગળ પ્રમાણે છે.

| **પુરુષ** | **એકવચન** | **અનેકવચન** |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | उं | हुं |
| **દ્વિતીય પુરુષ** | हि | हु |

**તૃતીય પુરુષ** इ, ए हिं

(૩) આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનમાં 'इ, उ, ए' આ પ્રત્યયો છે.

ઉદાહરણ તરીકે—करि, करु, करे।

(૪) ભવિષ્યકાળનું 'स' એ ચિહ્ન છે.

ઉદાહરણ તરીકે—होसइ।

**(ઇ) ધાતુસાધિતો-**

(૧) વિધ્યર્થ કર્મણિ ધાતુસાધિત વિશેષણના इएव्वउं, एव्वउं, एवा આ પ્રત્યયો છે.

ઉદાહરણ તરીકે—करिएव्वउं, करेव्वउं, करेवा।

(૨) લ્યબંતના इ, इउ, इवि, अवि, एप्पि, एप्पिणु, एवि, एविणु, આ પ્રત્યયો છે.

(૩) તુમંતના एवं, अण, अणहं, अणहिं, આ પ્રત્યયો છે.

(૪) કર્તૃવાચક तृ પ્રત્યયનો अणअ થાય છે.

ઉદાહરણ તરીકે—कर्तृ-करणअ।

**(ઈ) તદ્ધિતો-**

(૧) ભાવવાચક નામ કરવા માટે प्पण એ પ્રત્યય લાગે છે.

ઉદાહરણ તરીકે—देवत्व-देवप्पण।

(ઉ) કેટલાક અવ્યયો આ પ્રમાણે છે —

एत्थु (अत्र), जणु (इव), पुणु (पुनः),

एम्वहि (इदानीम्),

ध्रुवु (ध्रुवम्), जि, ज (एव), एम्व, एम्वइ (एवं),

नाही (न हि), केत्थु (कुत्र) વગેરે.

## પરિશિષ્ટ ૨

# સંક્ષેપ

| | |
|---|---|
| પરિ. | પરિચ્છેદ |
| પ્રસ્તા. | પ્રસ્તાવના |

## પરિશિષ્ટ ૩

## (અ)

# સંદર્ભ ગ્રંથ અને તેના સંક્ષેપ


| | નામ | સંક્ષેપ |
|---|---|---|
| (૧) | આપટે વા. વેં.<br>પાઠ્યવ્યાકરણદીપિકા, સાંગલી, ૧૯૩૨ | વા. વેં. આપટે. |
| (૨) | ઉપાધ્યે એ. ટી.<br>પ્રાકૃતભાષાપ્રવેશ, બેળગાવ, ૧૯૪૬ | ઉપાધ્યે |
| (૩) | ત્રિવિક્રમ<br>પ્રાકૃત વ્યાકરણ (સં-વૈદ્ય પી.એલ.), સોલાપુર, ૧૯૫૪ | ત્રિવિ |
| (૪) | પાવણી<br>ભારતીય સામ્રાજ્ય, ઉત્તરાર્ધ,<br>પ્રાકૃત અને મરાઠી<br>ભાષાનો ઇતિહાસ પુણે (શકે ૧૮૨૩) | પાવણી |
| (૫) | પુપ્ફભિક્ખુ<br>સુત્તાગમ (ખંડ ૧-૨), ગુડગાવ (પૂર્વ પંજાબ), ૧૯૫૩-૫૪ | સુત્તા |
| (૬) | બેચરદાસ દોશી<br>પ્રાકૃત વ્યાકરણ, અમદાવાદ, ૧૯૨૫ | બેચર |
| (૭) | માર્કંડેય પ્રાકૃત સર્વસ્વ | માર્ક |
| (૮) | વરરુચિ પ્રાકૃતપ્રકાશ પ્રાકૃતમંજરી સહ, પ્રામં<br>નિર્ણયસાગર, મુંબઈ | |
| (૯) | હેમચંદ્ર<br>પ્રાકૃત વ્યાકરણ (સં-વૈદ્ય પી.એલ.), પુના, ૧૯૫૮ | હેમ |

## પરિશિષ્ટ ૩

## (આ)

# અંગ્રેજી સંદર્ભ ગ્રંથ અને તેના સંક્ષેપ


1) Apte V.S. — આપટે
Student's Guide to Sanskrit Composition, Poona 1945

2) Bhandarkar — ભાંડારકર
Wilson Philoogical Leetures, Bombay, 1914

3) Charpentier — શાર્પે
Uttāradhyayana-Sūtra, Uppsala, 1922

4) Chokshi — ચોક્ષી
A comparative Prakrit Grammar, Ahmedabad, 1934

5) Gandhi Hiralal — ગાંધી
A Study of Ardhamagadhi Grammar, Surat, 1938

6) Gune P.D. — ગુણે
Introduction to Comparative Pholology

7) Ghatage A. M. — ઘાટગે
Introduction to Ardhamagadhi, Kolhapur, 1941

8) Hoernle — ચંડ
Prāṛta-Lakṣaṇa of Canada, Calcutta, 1880

9) Jacobi Erja, 1886 — યાકોબી

10) Jacobi — યાકોબી
Kalpasūtra, Leipjig, 1879

11) Jain Banarasidas — જૈન
Ardhamagadhi Reader, Lahore, 1923

12) Kale M. R. કાળે
A Higher Sanskrit Grammar, Bombay

13) P. Kumar પી.કુમાર
A Way to Ardhamagadhi Grammar, Bombay

14) Nesfield નેસફીલ્ડ
Idiom, Grammar and Synthesis, 1909

15) Patwardhan M. V. પટવર્ધન
Daśavaikālikasūtra (I - VI) : A Study, Sangli, 1933

16) Pischel, Grammatik der પિશેલ
Prakrit Sprachen, Strassburg, 1900

17) Pischel, Comparative Grammar of the પિશેલ (ઇં)
Prakrit Languages (English Translation), Delhi

18) Sen A comparative Grammar સેન
of Middle Indo-Aryan

19) Seth પાસમ
Pāia-sadda-mahannava, calcutta, 1924

20) Vaidya P. L. વૈદ્ય
A Mannal of Ardhamagadhi Grammar, Poona, 1933

21) Vaidya P. L. પ્રાપ્ત
Prāṛkta prakāśa of Vararuci, Poona, 1931

22) Woolner વૂલ્નર
Introduction to Prāṛkta, Culcutta, 1928

## પરિશિષ્ટ ૪

# ઉદ્ધરણ ગ્રંથ નામો અને તેના સંક્ષેપ

| નામ. | | સંક્ષેપ |
|---|---|---|
| (૧) | અગડદત્તચરિય<br>સં-ઉપાધ્યે એ. ટી., બેળગાવ, ૧૯૪૦ | અગડ |
| (૨) | અંતગડદસાઓ<br>સં-વૈદ્ય પી.એલ. | અંત |
| (૪) | આચારાંગસૂત્ર<br>સુત્તાગમ, ખંડ ૧, સં-પુપ્ફભિક્ખુ, ગુડગાવ (પૂર્વ પંજાબ), ૧૯૫૩ | આચારાંગ |
| (૫) | ઉત્તરાધ્યયનસૂત્ર<br>સં-વૈદ્ય-વાડેકર, પુના, ૧૯૫૯ | ઉત્ત |
| (૬) | ઉવાસગદસાઓ<br>સં-વૈદ્ય પી.એલ., પુના, ૧૯૩૦ | ઉવા |
| (૭) | ઉવાસગદસાઓ<br>સં-હોએર્ન્લે | ઉવા |
| (૮) | ઉસાણિરુદ્ધ (સર્ગ ૧-૨)<br>સં-વૈદ્ય એન.વી., પુના, ૧૯૫૪ | ઉસા |
| (૯) | ઓવવાઇયસુત્ત<br>સં-સુરુ એન.જી., પુના, ૧૯૩૧ | ઓવ |
| (૧૦) | કથાકોશપ્રકરણ<br>જિનેશ્વરકૃત, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૪૯ | કથા |
| (૧૧) | કુમારપાલચરિત<br>સં-વૈદ્ય પી.એલ., પુના, ૧૯૩૦ | કુમાર |
| (૧૨) | કુમ્માપુત્તચરિય<br>સં-વૈદ્ય પી.એલ., પુના, ૧૯૩૦ | કુમ્મા |

| | | |
|---|---|---|
| (૧૩) | ચઉપન્નેગબુદ્ધચરિયાણિ<br>(પાઇયકહામાલા, દ્વિતીય ભાગ)<br>સં-ઉપાધ્યે એ. ટી. બેળગાવ, ૧૯૩૯ | ચઉ |
| (૧૪) | જિનદત્તાખ્યાનદ્વય<br>ભારતીય વિદ્યાભવન, મુંબઈ | જિન |
| (૧૫) | દસવેયાલિયસુત્ત<br>સં-અભ્યંકર કે. વી., અમદાવાદ, ૧૯૩૨ | દસ |
| (૧૬) | દેશીનામમાલા<br>હેમચંદ્રકૃત, દ્વિતીય આવૃત્તિ, પુના, ૧૯૩૮ | દેનામા |
| (૧૭) | ધર્મોપદેશમાલાવિવરણ<br>જયસિંહકૃત, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૪૯ | ધર્મો |
| (૧૮) | ધૂર્તાખ્યાન<br>હરિભદ્રકૃત, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૪૪ | ધૂર્તા |
| (૧૯) | નલકહા વરુણકહા ય<br>સં-ગોરે એન.એ., પુના | નલ |
| (૨૦) | નાણપંચમીકહાઓ<br>મહેશ્વરકૃત, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૪૯ | નાણ |
| (૨૧) | નાયાધમ્મકહાઓ (૯ અને ૧૬) (ભાગ ૨)<br>(પ્રસ્તાવના, અંગ્રેજી ભાષાંતર, ટીપા)<br>સં-વૈદ્ય એન. વી., પુના ૧૯૪૦ | નાયા |
| (૨૨) | નાયાધમ્મકહાઓ<br>અભયદેવકૃત ટીકા સહ | નાયા |
| (૨૩) | નાયાધમ્મકહાઓ (૪-૮)<br>(અંગ્રેજી ભાષાંતર, ટીપા) સં-વૈદ્ય એન. વી., સાંગલી | નાયાએ |
| (૨૪) | નાયાધમ્મકહાઓ (સંપૂર્ણ)<br>સં-વૈદ્ય એન. વી., પુના, ૧૯૪૦ | નાયાસં |

(૨૫) નિરયાવલિયાઓ — નિરયા
સં-વૈદ્ય પી.એલ., પુના, ૧૯૩૨

(૨૬) પઉમચરિય (૧-૪) — પઉમ
સં-ચૌગુલે-વૈદ્ય, બેળગાવ, ૧૯૩૬

(૨૭) પઉમચરિય (૩૩-૩૫) — પઉમ
સં-ચૌગુલે-વૈદ્ય, બેળગાવ, ૧૯૪૧

(૨૮) પએસિ કહાણય (ભાગ ૧) — પએસિ
સં-વૈદ્ય પી.એલ., પુના,

(૨૯) પાઇયકહામાલા (ભાગ ૧) — પાકમા
સં-ઉપાધ્યે એ. ટી. બેળગાવ, ૧૯૪૯

(૩૦) પાઇયગજ્જસંગહ — પાઇ
સં-ગાંધી હિરાલાલ, મુંબઈ, ૧૯૪૦

(૩૧) બંભદત્તચરિય — બંભ
સં-ઉપાધ્યે એ. ટી., બેળગાવ, ૧૯૪૦

(૩૨) ભગવતીસૂત્ર (પ્ર.૧૫) — ભાગ
સં-વૈદ્ય પી. એલ.

(૩૩) મહાવીરચરિય — મહા
ગુણચંદ્રકૃત, દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ગ્રંથાંક ૭૫

(૩૪) રાયપસેણઇજ્જ (મલયગિરિકૃત વિવૃતિસહિત) — રાય
સં-વૈદ્ય એન. વી., અમદાવાદ.

(૩૫) લીલાવઈ — લીલા
સં-ઉપાધ્યે એ. એન., ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૪૯

(૩૬) વજ્જાલગ્ગ (૧-૩૦૦) — વજ્જા
સં-ગોરે એન. એ., પુના, ૧૯૪૫

(૩૭) વસુદેવહિંડિ (પ્રથમ ખંડ, દ્વિતીય અંશ) — વસુ
સંઘદાસગણિકૃત, જૈન આત્માનંદ સભા, ભાવનગર, ૧૯૩૧

| | | |
|---|---|---|
| (૩૮) | વિવાગસુય<br>સં-ઉપાધ્યે એ. ટી., સાતારા, ૧૯૩૫ | વિવાગ |
| (૩૯) | સમરાઇચ્ચકહા<br>સં-યાકોબી, કલકત્તા, ૧૯૨૬ | સમરા |
| (૪૦) | સંપઇનિવકહા વિણ્હુકુમારકાહ ય<br>સં-દીક્ષિત, બેળગાંવ, ૧૯૫૩ | સંપઇ |
| (૪૧) | સામાયિકસૂત્ર<br>સેઠિયા જૈન ગ્રંથાલય ક્રમાંક ૩૩ | સામા |
| (૪૨) | સિરિસિરિવાલકહા (ભાગ૧, ૧-૩૭૭)<br>સં-સુરુ એચ. જી., પુના, ૧૯૩૨ | સિરિ |
| (૪૩) | સુપાસનાહચરિઅ (ખંડ ૩)<br>લક્ષ્મણગણિકૃત, સં-સેઠ હ.ગો., બનારસ | સુપાસ |
| (૪૪) | સુરસુંદરીચરિય<br>ધનેશ્વરકૃત, વારાણસી, ૧૯૧૬ | સુર |
| (૪૫) | સૂયગડ<br>સં-વૈદ્ય પી.એલ. | સૂય |

## પરિશિષ્ટ ૫
## (અ)

# અર્ધમાગધી વ્યાકરણના વિશેષ નિયમો

- ડૉ.કે.આર.ચંદ્ર

---

અર્ધમાગધીનું બીજું નામ આર્ષ પ્રાકૃત છે. આ શ્વેતાંબર જૈન આગમ સાહિત્યની ભાષા છે જેનો કેટલોક અંશ પ્રાચીનતમ પ્રાકૃત સાહિત્ય માનવામાં આવે છે. તેના લક્ષણો આ પ્રમાણે છે—

(૧) **મધ્યવર્તી વ્યંજનનો લોપ થતા 'य' અથવા 'त' શ્રુતિ જોવા મળે છે.**

सेणित, सेणिय (श्रेणिक), लोय (लोक), कूणित (कूणिक)।

(૨) **મધ્યવર્તી ग् મોટે ભાગે યથાવત રહે છે**

नगरी, आगम, भगवं, भगिणी।

(૩) **મધ્યવર્તી क् નો ग् પણ થાય છે.**

एग (एक), असोग (अशोक), लोग (लोक), सावग (श्रावक)।

(૪) **મધ્યવર્તી त् અને द् વૈકલ્પિક યથાવત રહે છે.**

णेता, णेया: भेद, भेय (नेता, भेद)।

(૫) **પ્રારંભિક અને મધ્યવર્તી न् નો વૈકલ્પિક ण् થાય છે.**

नगर णगर, अनल अणल, सव्वन्नु सव्वण्णु (सर्वज्ञ)।

(૬) **મધ્યવર્તી भ् અને य्ની સ્થિતિ પ્રાયઃ યથાવત રહે છે.**

लाभ, सोभा, विभव, पयोग।

(૭) **મધ્યવર્તી प् ક્યારેક ક્યારેક व् અથવા म् માં પરિવર્તન પામે છે.**

सुविण, सुमिण (स्वप्न), नीव, नीम (नीप)।

(૮) **મધ્યવર્તી र् નો ક્યારેક-ક્યારેક ल् થાય છે.**

कलुण (करुण), चलण (चरण)।

**(૯) કેટલાક શબ્દોમાં પ્રારંભિક તાલવ્ય વ્યંજનનું દંત્ય વ્યંજનમાં પરિવર્તન જોવા મળે છે.**

तिगिच्छा (चिकित्सा), दुगुंछा (जुगुप्सा)।

**(૧૦) यथा અને यावत् શબ્દોમાં પ્રારંભિક य નો अ મળે છે.**

अहक्खाय (यथाख्यात), अहाजात (यथाजात), अहासुहं (यथासुखम्), आवकहा (यावत्कथा)।

**(૧૧) સંયુક્ત રૂપે અથવા રેફ સાથેના દંત્ય વ્યંજન અધિકતર મૂર્ધન્ય વ્યંજનમાં પરિવર્તન પામે છે.**

पट्टण (पत्तन), कविट्ठ (कपित्थ), उट्ठा (उत्था), नट्टग (नर्तक), अट्ट (आर्त), नियंठ (निर्ग्रन्थ), सड्ढा (श्रद्धा)।

**(૧૨) ક્યારેક-ક્યારેક म् સંધિ વ્યંજન રૂપે મળે છે.**

निरयंगामी (नरकगामी), एगमेअ (एकैक), गयमादि (गज + आदि)।

**(૧૩) एव ની પહેલાં अम् નું आम् પણ થાય છે.**

खिप्पामेव (क्षिप्रम् + एव), एवामेव, तामेव, पुव्वामेव, जेणामेव, तेणामेव (एवम् + एव), (तम् + एव), (पूर्वम् + एव), (जेणम् + एव), (तेणम् + एव)।

**(૧૪) પુલ્લિંગ અકારાંતમાં પ્રથમા એકવચનમાં ए અથવા ओ વિભક્તિનો પ્રયોગ થાય છે.**

देवे, देवो (देवः), से, सो (सः), तुमे, एसे, इमे, के, एगे, आदि।

**(૧૫) તકારાંત નામ શબ્દોમાં પ્રથમા એકવચનમાં त् નો લોપ થઇને વિભક્તિ પ્રત્યયનાં રૂપમાં અનુસ્વારનો પ્રયોગ થાય છે.**

जाणं (जानन्), विज्जं (विद्वान्), चक्खुमं (चक्षुमान्)।

**(૧૬) તૃતીયા એકવચનમાં કેટલાક શબ્દોનાં રૂપો આ પ્રમાણે મળે છે.**

मणसा (मनसा), वयसा (वचसा), कायसा (कायेन), जोगसा (योगेन), णियमसा, पयोगसा, भयसा, बलसा, कम्मुणा (कर्मणा), વગેરે.

**(૧૭) અકારાંત પુલ્લિંગમાં ચતુર્થી એકવચનમાં आए વિભક્તિ પણ લગાડવામાં આવે છે.**

देवाए, जिणाए, अट्ठाए।

**(૧૮) પુલ્લિંગમાં સપ્તમી એકવચનનો વિભક્તિ પ્રત્યય अंसि અને स्सिं (स्मिन्) પણ જોવા મળે છે.**

पुत्तंसि, अग्गिंसि, वाउंसि, भित्तिंसि, धेणुंसि, ममंसि, तुमंसि, तंसि, एयंसि, इमंसि, एगंसि, अस्सिं, कस्सिं, तस्सिं, आदि।

**(૧૯) અકારાંત પુલ્લિંગમાં સંબોધન એકવચનમાં आ વિભક્તિ પણ મળે છે.**

हे देवा, हे गोयमा।

**(૨૦) આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એકવચનમાં आहि (धि) પ્રત્યય પણ મળે છે.**

वट्टाहि, गेण्हाहि, विरहाहि।

**(૨૧) ભવિષ્યકાળ પ્રથમ પુરુષ એકવચનના પ્રત્યયો इस्सं અને हं (ष्यम्) છે.**

करेस्सं, करिस्सं, काहं, दाहं, पाहं।

**(૨૨) ભૂતકાળમાં અનેક પ્રાચીન પ્રત્યયોનો ઉપયોગ અર્ધમાગધીમાં ચાલતો રહ્યો તેમ છતા પુરુષ અને વચન સંબંધી ભેદ બંધ થતો ગયો અને નિમ્નલિખિત પ્રત્યયોનો ઉપયોગ પ્રાયઃ બધા પુરુષો અને વચનોમાં થાય છે.**

(૨૨.૧) आसी, आसि (आसीः)—वयासी, वयासि (अवादीः), कासि (अकार्षीः)।

(૨૨.૨) इत्थ, इत्था, त्था (इष्ट)—विहरित्था, सेवित्था, होत्था, लभित्थ, पहारेत्था।

(૨૨.૩) अ(-)इस्सं (ष्यम्)—પ્રથમ પુરુષ એક વચન—अकरिस्सं (अकार्षम्)।

(૨૨.૪) अ(-)आसि—દ્વિતીય પુરુષ એક વચન—अकासि, अकासी (अकार्षीः)।

(૨૨.૫) सी, ही (सीत्)—તૃતીય પુરુષ એક વચન—कासी, कासि, ठासी, पासी, होसी, काही, ठाही, पाही।

(૨૨.૬) ईअ (इत्)—તૃતીય પુરુષ એક વચન—वंदीअ, हसीअ, करीअ, गेण्हीअ, हुवीअ।

(૨૨.૭) इंसु, अंसु (इषुः)— તૃતીય પુરુષ બહુ વચન—गच्छिंसु, पुच्छिंसु, आहंसु।

**(૨૩) કર્મણિ-ભૂત-કૃદંત ड**

**ऋકારાંત ધાતુઓમાં કર્મણિ-ભૂત-કૃદંત त નો ड થાય છે.**

कड (कृत), मड (मृत), संवुड (संवृत), आहड (आहृत)।

**(૨૪) હેત્વર્થક કૃદંત**

(૨૪.૧) इत्तए, एत्तए, त्तए (-तवे, -तवै, त्वायै)—गमित्तए, पुच्छित्तए, करेत्तए, होत्तए।

(૨૪.૨) इत्तु, ट्टु—सुणित्तु, जाणित्तु, कट्टु।

**(૨૫) સંબંધક ભૂતકૃદંતના અનેક પ્રાચીન પ્રત્યયો મળે છે.**

(૨૫.૧) इत्ता, एत्ता, त्ता (त्वा)—करित्ता, आगमेत्ता, होत्ता, गंता (गत्वा)।

(૨૫.૨) च्चा (त्वा)—होच्चा (भूत्वा), पेच्चा (प्रेत्य), किच्चा (कृत्वा), सोच्चा (श्रुत्वा)।

(૨૫.૩) इत्ताणं, एत्ताणं (त्वा + न)—पासित्ताणं, पासेत्ताणं, लहित्ताणं, लहेत्ताणं।

(૨૫.૪) च्चाण, च्चाणं (त्वा + न)—नच्चाण, नच्चाणं (ज्ञात्वा)।

(૨૫.૫) इत्तु, ट्टु (त्व)—वंदित्तु, जाणित्तु, कट्टु (कृत्वा)।

(૨૫.૬) इय, इया, ए (य, या)—वियाणिय, दुरुहिय, पासिया, परिजाणिया अणुपालिया, आयाए (आदाय), परिन्नाए (परिज्ञाय)।

(૨૫.૭) याण, याणं (या + न)—लहियाण (लब्ध्वा), आरुसियाणं (आरुष्य)।

## પરિશિષ્ટ ૫

## (આ)

# અર્ધમાગધી ભાષા વિષયક નવી વિશેષતાઓ

- ડૉ.કે.આર.ચંદ્ર

અર્ધમાગધી પ્રાકૃત ભાષાની અન્ય વિશેષતાઓ (પ્રો. હર્મન યાકોબી, આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી, પં. બેચરદાસજી દોશી એવં પ્રો. એ. એમ. ઘાટગેના નિષ્કર્ષપૂર્ણ મંતવ્યોના આધારે પ્રસ્તુત).

અર્ધમાગધીમાં મધ્યવર્તી વ્યંજનોનું માહારાષ્ટ્રી પ્રાકૃત પ્રમાણે પ્રાયઃ ધ્વનિ-પરિવર્તન (લોપ) થતું નથી. તેમાં આ પરિવર્તન ક્યારેક-ક્યારેક થાય છે અને એ સિવાય પદ-રચનાના અન્ય લક્ષણોના આધારે આને (આ ભાષાને) પાલિ ભાષા સાથે અધિક નિકટતા રાખનારી ભાષા કહેવામાં આવી છે. તેથી આ (ભાષા) અન્ય પ્રાકૃતોથી પ્રાયઃ અલગ પડી જાય છે. જેવી રીતે અપભ્રંશ 'ह'કાર બહુલા માનવામાં આવે છે બિલકુલ તે રીતે અર્ધમાગધી 'ए'કાર બહુલા કહી શકાય છે અને માગધીની પ્ર. એ. વ. પુલ્લિંગ 'ए' વિભક્તિનો જ આ પ્રભાવ છે. અશોક પહેલા ભારતના શિલાલેખોની ભાષામાં પણ આવું જ જોવા મળે છે.

**૧. (અ) આ ભાષામાં ऋકારનું 'इ'માં પરિવર્તન અધિક પ્રમાણમાં જોવા મળે છે.**

गिह (गृह), हिदय (हृदय), अलंकिय (अलङ्कृत)।

**(બ) શબ્દની વચ્ચે અને અંતે પણ 'ए'કારના પ્રયોગ મળે છે.**

अधे (अधः), ने (नः), धम्मे (धर्मः), करेति (करोति), सुणेति (श्रृणाति)।

**૨. મધ્યવર્તી વ્યંજન क, ख, त અને થનું ક્યારેક-ક્યારેક ઘોષમાં પરિવર્તન મળે છે.**

एग (एक), आघाति (आख्याति), पाद (पात-पात्र), पादगं (पातकम्), जधा, तधा, (यथा, तथा) गोरधग (गोरथक), मेधुण (मैथुन)।

**૩. માહારાષ્ટ્રી પ્રાકૃતની જેમ મધ્યવર્તી વ્યંજનોનો પ્રાયઃ લોપ ન થવાથી**

**આ ભાષામાં વ્યંજન યથાવત સ્થિતિમાં પણ મળે છે.**

**(અ) અલ્પપ્રાણ**

**क** = अनेक, आकुल, एकदा, एकारस, घडिकं, लोक।

**ग** = अनगार, पूगफलं, भगवता, भगिणी।

**च** = अचलं, अचिरेण, सूचिं।

**ज** = ओज, पूजन, भोजनं, वीजितुं।

**त** = अणुमत, अरति, अहित, आतुर, एतं, एते, एतेण, गति, गीत, गच्छति, जीवितुं, ततिय, पवेदित, बितिय, सोत।

**द** = अदत्तादण, आदंसग, (आदर्शक), आदाय, उदग, उदर, उपदेस, एगदा, खादति, चोदित्ता, छन्नपदेण, छेदणं, जवोदनं, पमाद, पवेदित, पादछेज्जाइं, वदासी, वदित्ताणं।

**प** = उपकसंति, उपजाति, उपदेस, उपयार, उपागत।

**(બ) મહાપ્રાણ**

**घ** = पडिघात।

**थ** = पव्वथित।

**ध** = अधे, इध, ओसध, कोध, मेधावी, वधेन्ति, सन्निधान।

**भ** = अभि-(ઉપસર્ગ), नाभि, पभू, विभूसा।

(મધ્યવર્તી 'भ' પ્રાયઃ યથાવત રહે છે.)

**(સ)** મધ્યવર્તી દંત્ય નકારને મૂર્ધન્ય ણકારમાં બદલવાની પ્રક્રિયા ઘણી પાછળની છે. ઈ. સ. પૂર્વની પ્રાકૃત ભાષામાં તેને આટલું મોટું સ્થાન પ્રાપ્ત ન હતું. આ તો ઈ. સ. પછીની પ્રાકૃતોનું લક્ષણ છે. અર્ધમાગધી પ્રાકૃતમાં શબ્દની શુરૂમાં દંત્ય નકાર પ્રાયઃ યથાવત (પાલિ ભાષા પ્રમાણે) જ રહે છે પરંતુ મધ્યવર્તી નકાર પણ ક્યારેક-ક્યારેક (યથાવત) મળે છે. આ ભાષામાં મધ્યવર્તી દંત્ય નકારને મૂર્ધન્ય ણકારમાં બદલવાની જે પ્રથા ચાલુ થઇ છે તે પણ માહારાષ્ટ્રી પ્રાકૃતના અત્યંત પ્રભાવમાં આવવાથી પ્રચલિત થઇ છે અને લેખન (orthography) પદ્ધતિની ત્રુટિ અથવા ભ્રમના કારણે પણ આવું થયું છે.

ઉદાહરણ—अनियाण, अनिल, अनुगच्छंति, अनुच्चे, इंदनील, खने, जवोदनं, धनुक्खंडं, भोजनं, परिनिव्वुड, मारुदिना, मोनं, सन्निधान, सिनाणं, सुनिट्ठिय, सुमिनं, सुहुमेनँ (सूक्ष्मेण)।

**(૬) નાસિક્ય વ્યંજન યુક્ત નિમ્ન સંયુક્ત વ્યંજનોનું પરિવર્તન न्न માં જોવા મળે છે,**

**ज्ञ = न्न**—धम्मपन्नत्ती (धर्मप्रज्ञप्तिः), अन्नाणी (अज्ञानी), खेतन्न, (क्षेत्रज्ञ), पन्ना (प्रज्ञा), रन्नो (राज्ञः), विन्नाण (विज्ञान)।

**न्न = न्न**—आवन्न, उप्पन्न, छिन्न, पडिवन्न, भिन्न, संपन्न।

**न्य = न्न**—अन्न (अन्य), कन्ना (कन्या), जहन्न (जघन्य), धन्न (धन्य), मन्ने (मन्ये)।

**પ્રારંભિક ज्ञ નો न થાય છે.**

नच्चा (ज्ञात्वा), नाण (ज्ञान), नात (ज्ञात), नायव्व (ज्ञातव्य)।

**પદરચનાનાં રૂપોનાં કેટલાંક ઉદાહરણ—**

**(અ) નામ-સર્વનામ**

પ્ર. એ. વ. पिता, माता।

પ્ર. બ. વ. पितरो, मातरो।

દ્વિ. એ. વ. पितरं, मातरं।

**નપુંસક**

પ્ર. દ્વિ. બ. વ. एताणि, कम्माणि, फलाणि, मधूणि, सप्पीणि।

તૃ. એ. વ. अरहता, भगवता, चेतसा, मणसा।

તૃ. બ. વ. थीभि (स्त्रीभिः)।

પં. એ. વ. कतो, कुतो, कन्नातो, देवीतो, धम्मतो, भगवतो, सव्वतो।

સ. એ. વ. भगवति।

**સપ્તમી એકવચનના પ્રાચીન વિભક્તિ પ્રત્યય—'म्हि, म्हिं'**—अग्गिम्हि, भिक्खुम्हि, कम्हिं।

(બ) ક્રિયા-રૂપ

**વર્તમાનકાળ તૃતીય પુરુષ એકવચન**

अभिहणति, इच्छति, करेति, गच्छति, जाणति, सुणेति, चरते, सेवते।

**આજ્ઞાર્થ તૃતીય પુરુષ એકવચન**

गच्छतु।

**વિધિલિંગનાં પ્રાચીન રૂપો**

अच्छे, अब्भे, इच्छे, लभे, समारंभे, हणे।

**ભૂતકૃદંત**

अक्खात, नात (ज्ञात), पवेदित, सुत।

**પ્રેરક રૂપો**

कारेति, कारावेति।

**કર્મણિ પ્રયોગ**

छिज्जति, वुच्चति।

# ડૉ. કે.વા.આપટેનો સંક્ષિપ્ત પરિચય

૧. **નામ** - કેશવ વામન આપટે

૨. **જન્મસ્થાન** - સાંગલી (મહારાષ્ટ્ર)

૩. **જન્મ** - ૯ સિતંબર ૧૯૨૯

૪. **શિક્ષા** - વિલિંગ્ડન કૉલેજ, સાંગલી.

૫. **અનુગ્રહ** - ઇસવીસન ૧૯૪૨માં શ્રીદાસરામમહારાજજીનો

૬. **પરીક્ષા પારિતોષિક આદિ**

અ) પી.એમ.હાઇસ્કૂલમાં કરંદીકર શિષ્યવૃત્તિ

આ) મેટ્રીક (મુબઈ વિદ્યાપીઠ), ડિસ્ટિંક્શન, અકબરનવીસ સંસ્કૃત શિષ્યવૃત્તિ.

ઇ) વિલિંગ્ડન કૉલેજમાં અભ્યંકર શિષ્યવૃત્તિ, મુજુમદાર શિષ્યવૃત્તિ, બંડો ગોવિંદ શિષ્યવૃત્તિ. પી.ડી.ગુપ્તે પારિતોષિક.

ઈ) ઇંટર આર્ટસ્ (પુણે વિદ્યાપીઠ), લોકમાન્ય ટિળક સંસ્કૃત શિષ્યવૃત્તિ.

ઉ) બી.એ. (સંસ્કૃત ઑનર્સ), પ્રથમ વર્ગ (પુણે વિદ્યાપીઠ)

ઊ) એમ.એ. (પુણે વિદ્યાપીઠ), પ્રથમ વર્ગ, બી.ડી. નાતૂ વેદાંત પારિતોષિક

એ) પી.એચ.ડી. (મુંબઈ વિદ્યાપીઠ)

૭. **અધ્યાપન** -

અ) કીર્તિ કૉલેજ (મુંબઈ) અને વિલિંગ્ડન કૉલેજ (સાંગલી)માં પદવીપૂર્વ અને પદવી સુધી સંસ્કૃત, અર્ધમાગધી ભાષાનો અધ્યાપન.

આ) મુંબઈ વિદ્યાપીઠ અને શિવાજી વિદ્યાપીઠમાં પદવ્યુત્તર કક્ષામાં સંસ્કૃત, અર્ધમાગધી ભાષાનો અધ્યાપન.

ઇ) એમ.એ. અને પી.એચ.ડી. વિદ્યાર્થીઓનો માર્ગદર્શક તરીકે શિવાજી વિદ્યાપીઠની માન્યતા.

• • •

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે
## સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

### શ્રુતસમુદ્ધારક

શ્રીમતી ચંદ્રકલાબેન સુંદરલાલ શેઠ પરિવાર (માંગરોળ હાલ-પુણે)

### શ્રુતરત્ન

શ્રી ભાઈશ્રી (ઇંટરનેશનલ જૈન ફાઉંડેશન-મુંબઈ)

### શ્રુતસંરક્ષક

શ્રી હસમુખભાઈ દીપચંદભાઈ ગાર્ડી (દુબઈ)

શ્રી ભવાનીપુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (કોલકાતા)

શ્રી દીપકભાઈ વિનોદકુમાર શહા (તળેગાવ દાભાડે, પુણે)

પૂજ્ય સા. શ્રી **જિનરત્નાશ્રીજી** મ.ની પ્રેરણાથી

શ્રી અંકલેશ્વર શ્વે.મૂ.જૈન સંઘ (અંકલેશ્વર)

શ્રીમતી જ્યોતિબેન નલિનભાઈ દલાલ પરિવાર

શ્રી માણેકચંદ નેમચંદ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ)

### શ્રુતસ્તંભ

પૂ.સા.શ્રી **હર્ષરેખાશ્રીજી** મ.ની પ્રેરણાથી

શ્રીમતી વસંતપ્રભાબેન કાંતિલાલ શાહ (પુણે)

પૂ.આ.શ્રી **વિશ્વકલ્યાણ સૂ.**મ.ની પ્રેરણાથી

શ્રી પદ્મમણિ જૈન શ્વે. મૂ. ટ્રસ્ટ

પૂ.આ.શ્રી **રાજરત્નસૂ.**મ.ની પ્રેરણાથી

શ્રી જવાહરનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (ગોરેગાવ, મુંબઈ)

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (ગોરેગાવ, મુંબઈ)

શ્રી હિતેન નલિનભાઈ દલાલ

## શ્રુતભક્ત

પૂ.આ.શ્રી **યોગતિલકસૂ.**મ.ની પ્રેરણાથી
શ્રી શાંતિકનક શ્રમણોપાસક ટ્રસ્ટ (સુરત)
શ્રી હસમુખલાલ ચુનિલાલ મોદી ચેરિટેબલ ટ્રસ્ટ (તારદેવ, મુંબઈ)
શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (મુંબઈ)
શ્રી ઋષભ અપાર્ટમેંટ મહિલા મંડલ, (પ્રાર્થના સમાજ, મુંબઈ)
વર્ધમાનપુરા જૈન સંઘ (પુણે)
જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (દહાણુકરવાડી, કાંદીવલી, મુંબઈ)
સુજય ગાર્ડન જૈન સંઘ (પુણે)
શ્રી રવિકાંત ચૌધરી (વેપેરી-ચેન્નઈ)
પૂજ્ય મુ.શ્રી **પ્રશમરતિવિજયજી** મ.ની પ્રેરણાથી શ્રી સુમતિનાથસ્વામી
જૈન શ્વે.મૂ.સંઘ (રામદાસ પેઠ, નાગપુર)
પૂ.સા.શ્રી **તત્ત્વરક્ષિતાશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી
શ્રી સીમંધર શાંતિસૂરિ શ્રાવિકા સંઘ (વ્હી.વ્હી.પુરમ્, બેંગલોર)
પૂ.પં.શ્રી **મોક્ષરતિ-તત્ત્વદર્શનવિ.**ગ.ની પ્રેરણાથી
શ્રી અલકાપુરી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (વડોદરા)
શ્રીમતી કલ્પનાબેન અને સુધીરભાઈ એસ. કાપડિયા પરિવાર (મુંબઈ)
શ્રી મરચંટ સોસાયટી જૈન સંઘ, અમદાવાદ

## શ્રુતપ્રેમી

શ્રી ગોડીજી ટેમ્પલ ટ્રસ્ટ (પુણે)
શ્રી ગોડીજી ટેમ્પલ ટ્રસ્ટ (પાયધુની-મુંબઈ)
શ્રી રતનચંદજી તારાચંદજી પરમાર (પુણે)
શ્રી મોહનલાલજી ગુલાબચંદજી બાંઠીયા (પુણે)
શ્રી નગરાજજી ચંદનમલજી ગુંદેચા (પુણે)
શ્રી નેમીચંદજી કચરમલજી જૈન (પુણે)
શ્રી ભરતભાઈ કે. શાહ (સુયોગ ગ્રુપ-પુણે)
શ્રી સોહનલાલજી ટેકચંદજી ગુંદેચા (પુણે)

શ્રી સુખીમલજી ભીમરાજજી છાજેડ (પુણે)

શ્રી જૈન આશાપુરી ગ્રુપ (પુણે)

શ્રી મહેન્દ્ર પુનાતર (મુંબઈ)

શ્રી સુધીરભાઈ ચંદુલાલ કાપડિયા (મુંબઈ)

શ્રી સંજયભાઈ મહેન્દ્રજી પુનાતર (મુંબઈ)

પ્રો. શ્રીમતી વિમલ બાફના (પુણે)

પૂ.સા.શ્રી **નંદીયશાશ્રીજી** મ.ની પ્રેરણાથી શ્રી આંબાવાડી જૈન સંઘ (અમદાવાદ)

શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ (મુંબઈ)

શ્રી મોતીશા લાલબાગ રિલીજીયસ ચેરિટેબલ ટ્રસ્ટ (ભાયખલા, મુંબઈ)

પૂ.આ.શ્રી **તીર્થભદ્રસૂ.**મ.ની પ્રેરણાથી

જે. સી. કોઠારી દેરાસર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (મલાડ, મુંબઈ)

શ્રી અશોક કાલિદાસ કોટેચા (અમદાવાદ)

શ્રી વિમલનાથસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (બિબવેવાડી, પુણે)

શ્રી મુનિસુવ્રતસ્વામી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (લેકટાઉન સો., પુણે)

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (સોલાપુર બજાર, પુણે)

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ગુજરાતી પંચ (માલેગાંવ, નાશિક)

સાયન જૈન સંઘ (મુંબઈ)

શ્રુતોપાસિકા સા. **ચંદનબાલાશ્રીજી** મ.ની શુભપ્રેરણાથી

માતુશ્રી સરસ્વતીબહેન કાનજી વોરા (દાદર, મુંબઈ)

પૂ. આ. દે. શ્રી **વિશ્વકલ્યાણસૂ.**મ.ની પ્રેરણાથી

શ્રી આદિનાથ જિન મંડળ, કર્વે રોડ, પુણે

પૂ.આ.ભ.શ્રી **વિજયયશોવર્મસૂરીશ્વરજી** મ.ની પ્રેરણાથી

હ્રીઁ શ્રી અરનાથ ગ્રીનરોઝ જૈન ટ્રસ્ટ સંઘ, બોરીવલી (વે.) ચીકુવાડી

પૂ.સા. શ્રી **સૂર્યમાલાશ્રીજી** મ.ની પ્રેરણાથી

શ્રી સમ્યક્ સાધના રત્નત્રય આરાધક ટ્રસ્ટ (અમદાવાદ)

શ્રી નાકોડા ભૈરવ રાજસ્થાની જૈન ટેમ્પલ અને

જૈન ફિલૉસૉફી રિસર્ચ ટ્રસ્ટ, આળંદી

શ્રી આદેશ્વર મહારાજ જૈન ટેમ્પલ ટ્રસ્ટ (ગોટીવાલા ધડા), પુણે

શ્રી ઓમપ્રકાશજી નગરાજજી રાંકા, રાંકા જ્વેલર્સ, પુણે

શ્રી સિદ્ધશિલા ગ્રુપ

શ્રી વિલાસજી રાઠોડ

ડૉ. સુમતીલાલ સાકળચંદ ગુજરાથી, હસ્તે - કલ્યાણી મેડિકલ, પુણે

શ્રી જૈન શ્વેતામ્બર દાદાવાડી ટેમ્પલ ટ્રસ્ટ, પુણે

શ્રી વ્હી. એલ. જૈન (પુણે)

વીરવિભુના ૭૯મા પટ્ટધર ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી **હેમભૂષણસૂરિજી** મ.સા.ની પુણ્યસ્મૃતિમાં સંઘવી વીરચંદ હુકમાજી આયોજિત ચાતુર્માસ સમિતિ (પાલીતાણા)

ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી મહોદયસૂરિજી મ.સા.ના અનન્ય પટ્ટધર ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી **હેમભૂષણસૂરિજી** મ.સા.ની પુણ્યસ્મૃતિમાં સંઘવી વીરચંદ હુકમાજી પરિવાર આયોજિત ચાતુર્માસ સમિતિ (પાલીતાણા)

## શ્રુતોપાસક

શ્રી અર્થપ્રાઈડ જૈન સંઘ (મુંબઈ)

પૂ.આ.શ્રી **કલાપ્રભસાગર સૂ.**મ.ની પ્રેરણાથી

શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (મુંબઈ)

પૂ.મુ.શ્રી **જિનરત્નવિ.**મ.ની પ્રેરણાથી શ્રી આદિનાથ સોસાયટી જૈન સંઘ (પુણે)

પૂ. ઉપા. શ્રી **જિતેંદ્રમુનિજી** મ.ની પ્રેરણાથી

શ્રીમતી સીમા જૈન (હોશિયારપુર, પંજાબ)

શ્રી વર્ધમાનસ્વામી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ (સદાશિવ પેઠ, પુણે)

પૂ.આ.શ્રી **તીર્થભદ્રસૂ.**મ.ની પ્રેરણાથી

માતુશ્રી કમળાબેન ગિરધરલાલ વોરા પરિવાર

(ખાખરેચી-મુંબઈ) આયોજિત ઉપધાન તપ સમિતિ

પૂ. આ. શ્રી **તીર્થભદ્રસૂ.**મ.ની પ્રેરણાથી

માતુશ્રી માનુબેન માડણ ગુણસી ગડા પરિવાર

(થોરીયારી-મુંબઈ) આયોજિત ઉપધાન તપ સમિતિ

પ્રતાપ બી. શાહ, વડોદરા

પૂજ્ય આ.શ્રી **દેવચંદ્રસાગરજી** મ.ની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્ધિ જૈન આગમ મંદિર ટ્રસ્ટ (પુણે)

શ્રી ગોવાલિયા ટૅંક જૈન સંઘ (મુંબઈ)

શ્રી મરીન ડ્રાઇવ્હ જૈન આરાધક ટ્રસ્ટ (મુંબઈ)

પૂ.મુ.શ્રી **શુક્લધ્યાનવિ.**મ.સા.ની પ્રેરણાથી રિદ્ધિ સિદ્ધિ આદર્શ

શ્વે. મૂ. જૈન સંઘ (મલાડ, મુંબઈ)

પૂ.આ.શ્રી **યશપ્રેમસૂરિજી** મ.સા.ની પ્રેરણાથી ભાવવર્ધક

શ્રી સુપાર્શ્વનાથ સ્વામી શ્વે. મૂ. જૈન સંઘ (અમદાવાદ)

પૂ.મુ.શ્રી **પુણ્યરક્ષિતવિ.**મ.સા.ની પ્રેરણાથી

શ્રી ધન્નાશાલિભદ્ર તપાગચ્છ શ્વે. મૂ. જૈન સંઘ (મલાડ, મુંબઈ)

શ્રી વર્ધમાન સ્વામી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ (સદાશિવ પેઠ, પુણે)

પૂ.ઉપા.શ્રી **ભુવનચંદ્રવિ.**મ.સા.ની પ્રેરણાથી

શ્રી કચ્છ દુર્ગાપુર વિશા ઓસવાલ મૂ. જૈન મહાજન (મુંબઈ)

## શ્રુતાનુરાગી

શ્રી મુનિસુવ્રતસ્વામી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (ફાતિમાનગર, પુણે)

શ્રી જૈન આત્માનંદ સભા (ફરિદાબાદ-પંજાબ)

પૂ.મુ.શ્રી **જિનરત્ન વિ.**મ.ની પ્રેરણાથી શ્રી જિનરત્ન આનંદ ટ્રસ્ટ

ગોત્રીરોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (વડોદરા)

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (ગોરેગાવ, મુંબઈ)

શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય (મલાડ, મુંબઈ)

માતોશ્રી શ્રીમતી લીલાબાઈ અચલચંદજી જૈન, હસ્તે - અશોક જૈન (હિંગડ)

ચિ. સાંચી સાગર ચોરડિયા

હસ્તે-સૌ સુનંદા સંજય ચોરડિયા (જૈન જાગૃતિ, પુણે)

અરિહંત વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વે. ટ્રસ્ટ (સુરત)

# નોંધ

२६

॥ सुयं मे आउसं ॥

श्रुतदीप रिसर्च फाउंडेशन संचालित
श्रुतभवन संशोधन केंद्र, पुणे